ૐ

શ્રી સદ્‌ગુરુભ્યો નમઃ

ગુરુ-શિષ્ય પરંપરાનું જ્ઞાન-વિજ્ઞાન



લેખન - સંકલન

દિલસુખ ભડાણિયા

GURU SHISHYA PARAMPARA NU GYAN - VIGYAN

Edited And Writen by : Shree Dilsukhbhai K. Bhadania
Published by : Shree Dilsukhbhai K. Bhadania

:: પ્રથમ આવૃતિ ::
તા.૦૧-૧૧-૨૦૨૫, શનિવાર

:: મૂલ્ય ::
સાધકને માટે માર્ગદર્શક અને પ્રેરણારૂપ થાય એજ આ પુસ્તકનું મૂલ્ય છે.

:: પ્રકાશક ::
શ્રી દિલસુખભાઇ કે. ભડાણિયા

:: પરામર્શક ::
શ્રી ભુપતભાઇ એન. ઢઢાણિયા તથા શ્રી પ્રફૂલ એલ. પટેલ (C.A.)

:: ટાઇટલ ક્રિએશન, ગ્રાફિકસ અને ટાઇપ સેટીંગ ::
શ્રી અલ્પેશ ટાંક (કલાકાર)

:: ભાષા શુધ્ધિકરણ ::
શ્રી પ્રફૂલ એલ. પટેલ (C.A.)

:: લે-આઉટ પ્રેરણા ::
સ્વ.શ્રી હિતેશ સિનરોજા

:: સરનામું ::
શ્રી દિલસુખભાઇ કે. ભડાણિયા
"મુકિત" શાંતિનગર સોસાયટી - ૩, ગુંદાળા રોડ, ગોંડલ. પીનકોડ-૩૬૦૩૧૧
(સૌરાષ્ટ્ર-ગુજરાત) મો : +91 - 94274 34835

:- માતૃદેવો ભવઃ -:



માતુશ્રી નંદુબાઈ કરમશીભાઈ ભડાણિયા

:- પિતૃદેવો ભવઃ -:




પિતાશ્રી કરમશીભાઈ ઘરમશીભાઈ ભડાણિયા

:- શ્રી ગુરૂભ્યો નમઃ -:



સંત શિરોમણી
સદ્‌ગુરૂદેવ શ્રી હરિરામબાપા

:- અતિથિ દેવો ભવઃ -:



પરમ પૂજ્ય બાલયોગી

(મૌનીબાબા)



સંત ચરણરજ

દિલસુખ ભડાણિયા

:- અર્પણ -:



મારી ગર્ભ અવસ્થામાં સદ્‌ભકિતના બીજનું રોપણ ને બાલ્યાવસ્થામાં સદ્‌ભકિતના સંસ્કારોનું સિંચન કરીને આધ્યાત્મિક ક્ષેત્રે આગળ વધવા માટેની પ્રેરણા આપનાર મારા માતુશ્રી નંદુબા તથા ગુરૂકૃપા વડે સૂરતા શબ્દના સહજ યોગથી બુધ્ધિ પ્રકાશિત થતા, ગુરૂ-શિષ્ય પરંપરાનું જ્ઞાન-વિજ્ઞાન જે પુસ્તક દ્વારા પ્રકાશિત કરવામાં આવેલ છે તે પુસ્તક મારા માતુશ્રીના રૂપનું સ્વરૂપ મારી પૌત્રી રૂહાનીમાં પ્રગટ રૂપે નિહાળતાં તેણીના ચરણે વંદન સાથે અર્પણ.

તા.૧૫-૦૪-૨૦૨૫
ગોંડલ

દાસાનુદાસ દિલસુખના
રામ રામ, જય ભગવાન
અલખ નિરંજન

પ્રસ્તાવના

શ્રી દિલસુખભાઈ ભડાણિયા દ્વારા વર્ષ ૨૦૨૨માં પ્રકાશિત થયેલ પ્રથમ કૃતિ ''આત્મસાક્ષાત્કાર - સ્વાનુભવ'' બાદ, હવે તેમની આધ્યાત્મિક શ્રેણીનું બીજું મૂલ્યવાન પુસ્તક **''ગુરૂ-શિષ્ય પરંપરાનું જ્ઞાન-વિજ્ઞાન''** પ્રકાશિત થવા જઈ રહ્યુ છે, તે જાણીને અત્યંત આનંદ અને સંતોષની અનુભૂતિ થાય છે. આ ગ્રંથનું પઠન કરીને મને અપાર આનંદ તથા આધ્યાત્મિક તૃપ્તિ મળી છે.

શ્રી દિલસુખભાઈ અને હું એક જ જીલ્લામાં સરકારી સેવામાં સાથે કાર્યરત રહ્યા હતા. તેઓ ખૂબ સંનિષ્ઠ, કર્તવ્યનિષ્ઠ, મહેનતુ અને પ્રમાણિક અધિકારી તરીકે જાણીતા હતા. ત્રણ દાયકા પછી, કોરોનાકાળ દરમિયાન થયેલી ફોન પરની વાતચીતે જૂના સંબંધોને ફરી તાજા કર્યા અને હૃદયમાં આનંદની લહેર દોડી ગઈ.

''ગુરૂ વિના જ્ઞાન નહીં'' - આ એક જ પંકિત અનંત અર્થ ધરાવે છે. તે જ ભાવને આ રીતે વ્યકત કર્યો છે :

''ગુરૂ ગોવિંદ દોનો ખડે, કાકે લાગું પાય,
બલિહારી ગુરૂ આપને, ગોવિંદ દિયો બતાય.''

આ ગ્રંથ એ જ તત્ત્વને ચરિતાર્થ કરે છે. - ગુરૂ વિના જ્ઞાનનો પ્રકાશ શકય નથી.

જેમ શૈક્ષણિક ક્ષેત્રમાં ડોકટરેટ (પીએચ.ડી.) માટે માન્ય માર્ગદર્શક વિના અભ્યાસ શકય નથી, તેમ આધ્યાત્મિક ક્ષેત્રમાં પણ સદ્ગુરૂ વિના આત્મજ્ઞાનની સિધ્ધિ અશકય છે. સદ્ગુરૂ એ આધ્યાત્મિક પ્રગતિના માર્ગદર્શક છે, જે જીવાત્માને ''બ્રહ્મતત્વ'' ની અનુભૂતિ તરફ દોરી જાય છે.

જીવાત્માના આધ્યાત્મિક ઉન્નતિ માટે આ પુસ્તક એક માર્ગદર્શક દીપ તરીકે કાર્ય કરશે.

આત્મસાક્ષાત્કાર - એ બ્રહ્મતત્વની અનુભૂતિનો અંતિમ લક્ષ્યાંક છે, જે સદ્ગુરૂના માર્ગદર્શન વિના દુર્લભ છે.

જેમ કોઈ અજાણ પ્રવાસી હાઈવેની માહિતી વિના સ્થળે પહોંચવા માટે સમય, શકિત અને ઊર્જાનો વ્યય કરે છે, તેમ સદ્ગુરૂ વિના અધ્યાત્મના માર્ગે ચાલનાર જીવાત્મા વિખરાઈ જાય છે. પરંતુ સદ્ગુરૂના માર્ગદર્શનથી એ જ માર્ગ સહજ, સ્પષ્ટ અને તેજગતિ બને છે - જાણે અધ્યાત્મનો એકસપ્રેસ હાઈવે.

''જંગલ જંગલ ઢુંઢ રહા હે, મૃગ અપની કસ્તુરી''

આ પંકિત આધ્યાત્મિક શોધના સાચા સ્વરૂપને વ્યકત કરે છે - જે આત્મા અંદર છે, તે જ બહાર શોધી રહ્યા છીએ.

સદ્ગુરૂ જીવાત્માની આંતરિક ક્ષમતાને ઓળખીને, તેની ચકાસણી કરીને તેને ધ્યાન અને સાધનાના રાજમાર્ગ ઉપર આગળ ધપાવે છે. સદ્ગુરૂના સાનિધ્ય અને આશીર્વાદથી જ જીવનના અવરોધો સહજતાથી દૂર થાય છે અને પ્રગતિમાં ગતિ પ્રાપ્ત થાય છે.

''આત્માના પ્રકાશ તત્વને ઓળખવાનું કાર્ય આધ્યાત્મિક માર્ગનું અંતિમ લક્ષ્ય છે''

''કિતના મુશ્કિલ હૈ તય કરના, ખુદ સે ખુદ કી દૂરી''

''મેં દેખું તુમકો બંધ નયન, કયા તુમ હો મેરા અંતઃકરણ''

આ માર્ગ પર ચાલતા જીવાત્માઓ માટે શ્રી દિલસુખભાઈ ભડાણિયાનું આ ગ્રંથ પ્રેરણાસ્રોત અને માર્ગદર્શક તરીકે નિશ્ચિતપણે સાબિત થશે, અને તેમને આત્મજ્ઞાન તરફ સહજ રીતે પ્રેરિત કરશે.

શ્રી ભડાણિયા સાહેબની સંમતિથી તેમની હસ્તપ્રતને પ્રિન્ટ તથા ડિઝિટલાઈઝ કરવા માટે રાજકોટના બહુ પ્રતિષ્ઠિત ચાર્ટડ એકાઉન્ટન્ટ શ્રી પ્રફુલભાઈ પટેલનો સ્વેચ્છાથી પૂર્ણ સહયોગ સાંપડયો છે. તો આ તબકકે શ્રી પ્રફુલભાઈ પટેલનો જેટલો આભાર માનીએ તેટલો ઓછો છે.

શ્રી દિલસુખભાઈને આ ઉત્તમ કૃતિ માટે હૃદયપૂર્વક અભિનંદન અને શુભેચ્છાઓ.

- એચ. વી. પટેલ, I.A.S (નિવૃત)

::------------:: ॥ ::------------::

અનુક્રમણિકા

વિભાગ - એક
સદ્ગુરૂનું મહત્વ અને મહિમા

(૧) મંગલાચરણ

બ્રહ્મમાનંદમ્ પરમ સુખદમ્ કેમલમ જ્ઞાન મૂર્તિ ।
દ્રંદ્રાતીતમ્ ગગન સદ્ તમ તત્વમસ્યાદી લક્ષકમ્ ॥
એકમ્ નિત્યમ વિમલ મચલમ્ સર્વદા સાક્ષી ભૂતમ્ ।
ભાવાતીતમ્ ત્રિગુણ રહિતમ્ સદ્ગુરૂ ત્ત્વમ્ નમામિ -
ત્ત્વમ્ નમામિ - ત્ત્વમ્ નમામિ ॥

ૐ સહના ભવતુ : સહનૌભુનકતુ : સહાવીર્યમ્ કરવાં વહે ।
તેજસ્વિનાવધીતમસ્તુ : મા વિદ્વિષા વહે ॥
ૐ શાન્તિ : શાન્તિ : શાન્તિ :

વર્ષ ૧૯૭૮ જાન્યુઆરી માસમાં જ્યારે પહેલીવાર મેં સદ્ગુરૂ શ્રી હરિરામબાપાના દર્શન કર્યા ત્યારે તેઓશ્રીના ચરણ સ્પર્શ કરીને પ્રણામ કર્યા, ને મારા હૃદયનો ભાવ રજુ કર્યો ત્યારે તેઓશ્રીએ મને પ્રેમથી પોતાની પાસે બેસાડીને આશીર્વાદ આપતાં કહ્યું કે, ''અમે પણ ભકિતભાવવાળા જીજ્ઞાસુને આવકારીએ છીએ. સારું થયું તમે આવી ગયાં. તમારે જે કાંઈ પૂછવું હોય તે પૂછો.'' ત્યારે મેં કહ્યું કે, ''બાપા હું અત્યાર સુધીમાં સમજયો છું કે ભગવાનની ભકિત કરવાથી કલ્યાણ થાય છે. તો તે વિશે મને સમજાવો કે ભગવાનની ભકિત કેમ કરવી ? કે જેથી જીવનું કલ્યાણ થાય.'' તેના જવાબમાં બાપાશ્રીએ ભકત, ભગવાન અને ભકિત કરવાની રીત બતાવતા ચેતન ભકિત વિષેનો સત્સંગ પોતાના શ્રીમુખેથી પરાવાણી દ્રારા મને સંભળાવ્યો.''

તે સત્સંગની સમજણ મારી બુદ્ધિને પ્રકાશિત કરતી ગઈ અને હૃદયના ઉંડાણમાં ઉતરી ગઈ. કે જેને હું કયારેય પણ ભૂલી શકયો નથી અને તેના ફળ સ્વરૂપે મારા હૃદયનું જોડાણ બાપાશ્રી સાથે થઈ જવાથી અવાર-નવાર હું તેમના દર્શન કરવા અને શ્રીમુખનો સત્સંગ સાંભળવા જતો અને મારા હૃદયની ભૂખને સંતોષ આપતો રહયો અને મારા હૃદયનો ભાવ તથા સદ્ભકિત માટેની મારી તલપાપડતા જાણીને વર્ષ ૧૯૭૮ ને જુલાઈ માસમાં ગુરૂપૂર્ણિમાના શુભ દિને રાત્રે બાર વાગ્યે અધ્યાત્મ ક્ષેત્રે આગળ વધવા માટે જરૂરી બ્રહમવિદ્યાનો બોધ ગુરૂમંત્ર તથા તે વિશેનું જ્ઞાન-વિજ્ઞાન સમજાવેલું.

ત્યારે મારા હૃદયના ભાવનો દોર તેઓશ્રીના પ્રેમના તાંતણે બંધાઈ ગયો અને હૃદયપૂર્વક તેમનું શરણું સ્વીકારેલું. ત્યારે તેઓશ્રીએ પણ પ્રેમથી મારી પર કૃપા કરીને મારો સ્વીકાર કરેલ અને અભય વચન આપીને મને નિર્ભય બનાવ્યો

અને અમારા બંને વચ્ચેનો સંબંધ જેમ મહાસાગરમાં એક નદીનો પ્રવાહ ભળે તેમ સદ્ગુરૂના પ્રેમસાગરમાં મારા હૃદયની ભાવનાનો પ્રવાહ ભળી ગયો અને દેહથી ગુરૂ-શિષ્યનો પાઠ ભજવ્યો છે.

ગુરૂબોધ મળ્યા બાદ ગુરૂએ બતાવેલ જ્ઞાન-વિજ્ઞાન પ્રમાણે દરરોજ રાત્રે વહેલી સવારે દોઢથી બે કલાક નામ-સ્મરણ, ધ્યાન, ભજન વગેરે જરૂરી ક્રિયાઓ કરતો અને તેના પરિણામરૂપે ''આત્મસાક્ષાત્કાર - સ્વાનુભવ'' પુસ્તકમાં વિગતવાર સંક્ષિપ્તમાં વર્ણન કર્યું.

ગુરૂના વખાણ હું કેમ લહું ? થાકયા સરસ્વતીને વેદ
શિવ સનકાદી ન લહે, એવો ગુરૂગુણનો ભેદ

આધ્યાત્મિક ક્ષેત્રે આગળ વધવામાં સદ્ગુરૂની દયા-કૃપા મદદરૂપ થાય છે. સદ્ગુરૂની પ્રેરણાથી સદ્ગુરૂનુ મહત્વ અને મહિમા મને જે રીતે સમજાયેલ અને અનુભવાયેલ તેને મેં તા. ૦૨-૦૧-૧૯૯૦ ના રોજ પોષ સુદ પાંચમ ને મંગળવારે ધુનડા મુકામે સદ્ગુરૂશ્રીના જન્મોત્સવ નિમિત્તે યોજાયેલ મહોત્સવમાં પત્ર દ્વારા નીચે દર્શાવેલ મુદાઓમાં રજુ કરેલ.

:: સદ્ગુરૂ વંદના
:: સદ્ગુરૂ મહિમા અને પ્રાર્થના
:: જીવનમાં સદ્ગુરૂનું મહત્વ
:: સદ્ગુરૂના પૂજનનું મહત્વ
:: સદ્ગુરૂની આરતી તથા તેનો ભાવાર્થ અને અધ્યાત્મ અર્થ
:: જીવનમાં ઉતારવા જેવું
:: શ્રી સદ્ગુરૂદેવ સત્ય છે

::------------:: ॥ ::------------::

(૨) ગુરૂ વંદના

ગુરૂ બ્રહ્મા ગુરૂવિષ્ણુ ગુરૂદેવો મહેશ્વરા
ગુરૂ સાક્ષાત પર બ્રહ્મ તસ્મૈય શ્રી ગુરૂવે નમઃ

ધ્યાન મુલમ્ ગુરૂર મૂર્તિ, પૂજા મુલમ્ ગુરૂર પદમ્
મંત્ર મુલમ્ ગુરૂર વાકયમ્, મોક્ષ મુલમ્ ગુરૂ કૃપા

ગણીએ નહીં મનુષ્ય ગુરૂદેવને સદ્‌ગુરૂ સર્વના સર્જનહાર
ચાહે સો પલમાં કરે ધન્ય ધન્ય સદ્‌ગુરૂ દાતાર

ઈશ્વરથી ગુરૂ અધિક છે બ્રહમરૂપ ભગવાન
સદ્‌ગુરૂ પદ પરસતાં કટે કોટિ અજ્ઞાન

ગુરૂ પદ પંકજ પૂજતાં ચૌદ લોક પૂજાય
શિવ વિરંતી શારદા ગુરૂ તણા જશ ગાય

ગુરૂની ગતિ ગુરૂને પ્રાસ જેવી કસ્તુરીમાં છે વાસ
જયાં નામનો વિશ્વાસ દિનોનાથ પૂરે તેની આશ

ગુરૂની પૂજા જેણે કરી તેણે પૂજયાં ચૌદ લોક
ગુરૂની પૂજા જેણે ન કરી તેની સર્વે પૂજા ફોક

ધરતી કા કાગઝ કરું કલમ કરું વનરાય
સાત સમંદર કી શાહી કરું, ગુરૂ ગુણ લખ્યા ન જાય

ત્વમેવ માતા ચપિતા ત્વમેવ, ત્વમેવ બંધુ ચ સખા ત્વમેવ
ત્વમેવ વિદ્યા દ્રવિણમ ત્વમેવ, ત્વમેવ સર્વ મમ્ દેવાધિ દેવ.

અખંડ મંડલાકારમ્ વ્યાપ્ત યેન ચરાચરમ્
તત્ પદમ્ દર્શિતમ્ યેન તસ્મૈય શ્રી ગુરૂવેય નમઃ

::-------------:: ॥ ::-------------::

(૩) સદ્‌ગુરૂ મહિમા અને પ્રાર્થના

અધમ ઓધારણ - ભવસાગર તારણહાર

કૃપા નિધાન - દયાના સાગર - કરૂણાના ભંડાર

સદ્‌ગુરૂદેવની જય હો... જય હો... જય જયકાર હો

ત્રિકાળ નમસ્કાર હો.

અહો શ્રી સદ્‌ગુરૂદેવ આપના ચરણ કમળ ઉપર મસ્તક મૂકી અનન્યભાવથી હું નમન કરું છું. આપ પરમ પ્રાપ્તિના દાતા છો. આપ જે કૃપા કરો છો તેવી કૃપા કરવાનું સામર્થ્ય બીજા કોઈમાં નથી. આપતો કેવળ કૃપાના સાગર હોય કૃપા કરવા સમર્થ છો. એટલું જ નહીં આપ અનંત ને અપાર છો. આપ આનંદમય, સ્વયંપ્રકાશ, સ્વતેજથી પ્રકાશમાન, કૈવલ્યદાતા, મોક્ષદાતા, પરમેશ્વર, દેવાધિદેવ છો. એવા આપ નિરૂપે આપના સ્વતઃ સ્વરૂપથી અવિનાશ હોઈને નિરાકાર હો.

વિશેષ આપ નિઃસંગ ઈન્દ્રિયોની ઈચ્છા પ્રમાણે વર્તનાર, નિરંજન, નિષ્પાપ અને નિરંતર અભિન્નત્વથી રહેનાર છો. એટલે આપની બરોબરી કરનાર હે સદ્‌ગુરૂદેવ બીજો કોઈ નથી. માટે હે સદ્‌ગુરૂનાથ આપ કૃપા કરશો તો જ અવિદ્યાથી છુટાઈ, સંસાર બંધન છુટશે અને જીવનો ઉદ્ધાર થશે. કારણકે જીવને તારવાનો ઉપાય દેવ ને અસુરથી બને તેમ નથી. તે માટે આપ સિવાય સમર્થ બીજો કોઈ મને દેખાતો નથી. માટે હે સદ્‌ગુરૂ હું આપ સિવાય બીજા કોને નમસ્કાર કરું ? અથવા બીજા કોનું સ્તવન કરું ? માટે હે અગાધ મહિમાવાન ગુરૂ, હું આપનો જય જય કાર કરું છું.

હે સદ્‌ગુરૂદેવ આપ જ વિશ્વમાં વિશ્વ વ્યાપિ રહેલા છો અને તેમાં આશ્ચર્ય એ છે કે, સર્વ વિશ્વને વ્યાપિને આપ વિશ્વ રહિત અલિપ્ત છો. એટલે આપ વિશ્વમાં છો. પરંતુ છો એમ છે છતાં તેમાં ન હોવા બરાબર છો. હે સદ્‌ગુરૂદેવ આપની સર્વ વ્યાપ્તિના યોગથી આપ અનેક સગુણ રૂપો ધારણ કરીને તેમાં શિવ-શકિતના, દેવ-દેવીના સાકાર રૂપ દેખાડો છો. આ સર્વ પ્રકાર ઉપરથી મને બીજો કોઈ દેખાતો નથી. માટે બીજા કોઈને ન માનતા, સત્યપણાથી હું આપના ચરણ-કમળ પર મસ્તક મૂકું છું. હે ગુરૂ મહારાજ આપ સ્વયમ્ જયોતિ, શુદ્ધઆત્મા હોવાથી સર્વત્ર આપની જ્ઞાનદીપ્તિ છે. એવા આનંદ વિભો શ્રી ગુરૂમૂર્તિ આપને હું વારંવાર નમસ્કાર કરું છું.

હે ગુરૂમહારાજ બ્રહ્મદેવરૂપે આપ જ શિષ્યના અંતરમાં સત્ વિચારોનું સર્જન કરો છો. વિશ્ણુદેવ રૂપે આપ જ સત શુભ વિચારોને પોષણ આપો છો અને મહેશ્વર રૂપે આપ જ સત્ શુભ વિચારોને આડે આવતાં દરેક કુવિચારોનો નાશ કરો છો. તે માટે જ ગુરૂમહારાજ આપ સર્વના સાક્ષી અને સર્વત્ર છો. તે જ પ્રમાણે સર્વ વિદ્યાને આપ જાણો છો એટલે ગુરૂ છો.

પરંતુ હે સર્વેશ્વર ગુરૂરાય, તત્વાર્થે આપની 'જીવ' એવી સંજ્ઞા છે. મહારાજ આપ સર્વ રૂપને જાણો છો. માટે જ્ઞાન પ્રગટ થાય છે અને તે જ્ઞાનની ઉપાધી લાગવાથી આપ પોતાને પરમાત્મા કહેવડાવો છો. આપની ઈચ્છાનો વિસ્તાર તો આ ચરાચર રૂપે વિસ્તરેલો હોઈ ને તેમાં જીવ રૂપે આપ જ સ્ફૂરો છો. તેમાં શકળ જગતને જાણનારી તથા સર્વશ્વમાં નવ અંશથી રહેલી જે જ્ઞાપ્તિકળા તે કળાના શિવ રૂપ જીવ તે સદ્‌ગુરૂદેવ આપ જ છો.

અવિદ્યા અને માયા સાથે આપનો સંબંધ હોવાથી જીવ ઈશ્વરપણાનો ભેદ દેખાડનારો ખેલ પણ આપનો જ એક વિનોદ છે. તથાપિ તત્ એટલે શિવપદમાં અલિપ્ત - સર્વ સાક્ષી હોઈને, પદમા માત્ર આપ સહોહિત આનંદરૂપ છો. તે માટે આપની સ્વયં ભરિત કૈવલ્ય સ્થિતિ પદાતિત છે. એટલે કે પદમાં જીવ અને શિવ પદનો સમરસ થાય છે. માટે જ પદ રહેતું નથી.

હે સદ્‌ગુરૂદેવ વેદોએ પણ આવી નાના પ્રકારની આપની સ્તુતિ કરીને મૌન ધારણ કરેલ છે ત્યારે તેમના સામે આપનું વર્ણન કરવા કે મહિમા ગાવા મારી પ્રકૃતિની શું યોગ્યતા હોય ?

આપ પ્રેમથી ભરપૂર પરમ પુરુષ છો તથા ચાર પ્રકારની વાણીના સ્વામી છો. તે માટે આપને જાણવા માટે મારી બુધ્ધિને આપ પ્રકાશ આપો. આપ કૃપાસિન્ધુ છો. માટે મારા પર કૃપા કરીને જીવને ઠેકાણે રહેલા અજ્ઞાનનો નાશ કરીને ઢંકાઈ રહેલા શિવ તત્વને પ્રગટ કરો. આ હેતુથી હું આપને શરણે આવેલો છું. તે માટે મારા હૃદયરૂપી મંદિરમાં જ્ઞાનરૂપી સૂર્યનો ઉદય કરીને અવિદ્યારૂપ અંધકારનો નાશ થાય તેમ કરો. અને હે ગુરૂમહારાજ આપ પ્રસન્ન થઈને આજ્ઞા આપો, કે આજ્ઞાના બળ થી હું આપની ઈચ્છા પ્રમાણે જ વર્તી શકું અને આપના ચરણ કમળમાં હંમેશને માટે મસ્તક નમાવીને રહું. એ જ મારી અંતરની પ્રાર્થના કરી અહીં વિરમુ છું. તો બોલો સર્વદાતા સદ્‌ગુરૂદેવનો જય હો... જય હો... જય જયકાર હો... ત્રિકાળ નમસ્કાર હો.

ઉપરોક્ત મહિમા તથા પ્રાર્થના મારી પામર બુધ્ધિ વડે કરવામાં આવેલી હોય તેમાં રહેલી સત્યતા એ ગુરૂ પ્રતાપે છે. અને તેમાં રહેલી જે કંઈ ભૂલો હોય એ મારા જીવપણાને લઈને છે. તો જે કંઈ ભૂલો હોય તે બદલ ક્ષમા આપશો અને મને જણાવશો તો હું તમારો ઋણી બનીને આભાર માનીશ. તો આપની મહામોજ ખુશી આનંદને વખતે યથાઘટીત વાંચશો.

લી.
સંત ચરણરજ દાસાનુદાસ
દિલસુખ તથા ઘર પરિવારના...
સત રામ રામ ગુરૂ પ્રણામ.

::------------:: ।। ::------------::

(૪) જીવનમાં સદ્‌ગુરૂનું મહત્વ

ઈશ્વર કૃત્ય આ જગતમાં ચેતનાનો સંચાર થવાથી જીવ-જગત બનેલા છે. આ જગતમાં બે જ વસ્તુઓ આવેલી છે. તે જડ-ચેતન અથવા સત-અસત, ધર્મ-અધર્મ અથવા વિદ્યા-અવિદ્યા વગેરે વગેરે આમ જયારે પ્રકૃતિ અને ચેતન (પુરુષ)નું મિલન થવાથી જે સર્જન થાય છે તેને જીવ કહેવામાં આવે છે. દરેક જીવને જન્મ, બુદ્ધિ, વંશ વૃદ્ધિ, ભૂખ, તરસ, નિંદ્રા, મરણ વગેરે માંથી પસાર થવું પડે છે. આ બધામાંથી પસાર થવાની ક્રિયાને જીવન કહેવામાં આવે છે. આ જીવન સ્થાપિત કરવા માટે અનેક વસ્તુઓ ભોગવવી પડે છે. અને તે ભોગવવા માટે ઈશ્વરકૃપાથી અનેક પ્રકારના દેહ બન્યા છે. જેવા કે મનુષ્ય, પશુ, પક્ષી, કીડા, વનસ્પતિ, જળચર પ્રાણીઓ વગેરે. આ બધા દેહ જડવત છે. તેમાં ચેતના (આત્માનું ચૈતન્ય) નું સ્ફૂરણ થવાથી તે દેહ કાર્યરત બને છે. આ બધા પ્રકારમાં મનુષ્યનો દેહ ઉત્તમ મનાય છે.

એવું માનવામાં આવે છે કે જેને પૂર્વજન્મની સારી કમાઈ હોય તેને જ મનુષ્ય દેહ મળે છે. મનુષ્ય દેહ સર્વગુણ સંપન્ન છે. તેમાં મન-બુદ્ધિ, વાણી-વિચાર વિશેષ કરીને ભગવાનની કૃપાથી ઉમેરો થયેલો હોય છે. અને પ્રકૃતિનો આનંદ ભોગવવા માટે દેહમાં જુદી જુદી વ્યવસ્થિત ઈન્દ્રિઓ આવેલી હોય છે. એવું ઐશ્વરીય ધામ કે જેમાં સુખ, શાંતિ, સંતોષ તથા આનંદનો ખજાનો ભરેલો હોય છે અને ભગવાન પોતે તેમાં રહે છે. માટે મનુષ્ય માત્ર ભાગ્યવાન કહેવાય છે.

-: મનુષ્યદેહ શા માટે મળ્યો છે ?

-: દેહ ધારણ કરનાર પોતે કોણ છે ?

-: પોતાના જીવનનું સર્વોતમ લક્ષ્ય શું હોઈ શકે ?

-: પોતે શું કરવું જોઈએ ?

વગેરે બાબતોથી અજ્ઞાન મનુષ્ય અનેક બાબતોથી પીડાય રહયો છે. જેમકે શારીરિક, માનસિક, બૌદ્ધિક, ભૌતિક, ભૌગોલિક, આર્થિક, વહેવારિક, કૌટુંબિક, વૈજ્ઞાનિક, ઐતિહાસિક વગેરે આવી તો બીજી અનેક સમસ્યાથી ઘેરાયેલો મનુષ્ય ભયભીત તથા ચિંતાગ્રસ્ત જાણવામાં આવે છે. તથા સુખ શાંતિ મેળવવા માટે આમ-તેમ વલખા મારે છે. પરંતુ પોતાની અજ્ઞાનતાના કારણે પોતાના ઘરનું સુખ શાંતિ ગુમાવી બેઠો છે અને જીવન પસાર કરવા માટે અસક્ષમ પીડાઓ અનુભવી રહ્યો છે. તેથી સમજણના અભાવે પોતાની જાતને દુઃખી દુઃખી માની રહયો છે.

આ બધી પીડાઓ માંથી છુટવા માટે આપણાં સત્‌શાસ્ત્રો તથા સંતોએ ‘‘સદ્‌ગુરૂ શરણ’’ એ માત્ર એક જ ઉપાય બતાવ્યો છે. સદ્‌ગુરૂના શરણે જવાથી

મનુષ્યને સાચી સમજણ આવે છે. સદ્‌ગુરૂના દર્શનમાત્રથી જીવને શાંતિ અનુભવાય છે. સદ્‌ગુરૂની દયા થકી અસહ્ય પીડાઓ સહેજે ભોગવી શકાય છે અને જીવનમાં સુખ શાંતિ વર્તાય છે. તેમના સત્સંગથી જીવન કેમ વ્યતિત કરવું તેના ઉપાયો જાણવા મળે છે.

સદ્‌ગુરૂના બોધ પ્રમાણે વર્તે તો તેનું જીવન આનંદમય બને છે. અને સદ્‌ગુરૂના બોધથી પોતે કોણ છે ? શા માટે આવ્યો છે ? શું કરવું જોઈએ ? કયાં જવાનું છે ? જીવનનું ઉતમ લક્ષ્ય શું ? વગેરે અનેક બાબતોનું નિરાકરણ થઈ જાય છે. અને તેથી કરીને જીવનમાંથી ભય તથા ચિંતાઓનો નાશ થતો જાય છે. અને ગુરૂ પ્રતાપે જીવનમાં રહેલી ગમે તેટલી સમસ્યાઓનો સામનો કરવાની શકિત પ્રદાન થાય છે. તથા ભગીરથ કાર્યોમાં સફળતાઓ મળે છે. જગતના બીજા મનુષ્યો ન માની શકે કે ન અનુભવી શકે તેવું ગુરૂમુખી શિષ્યનું જીવન સરળ, શાંત થઈ સહજ બની જાય છે. તથા સદ્‌ગુરૂની કૃપા થકી ભવો ભવના જન્મ-મરણનાં ફેરામાંથી મુકત થવાય છે. એ મારા અનુભવની નિશ્ચય ભરેલી વાત છે. એટલા માટે જ ગુરૂધર્મને સનાતમ ધર્મ કહેવામાં આવ્યો છે. અને એટલા માટે જ જીવનમાં સદ્‌ગુરૂનું મહત્વ સર્વશ્રેષ્ઠ ગણવામાં આવે છે. કોઈ સંતે કહેલું છે કે...

ગુરૂ ગોવિંદ દોનો ખડે, કિસકો લાગુ પાય,
બલીહારી ગુરૂ દેવની, જીસને ગોવિંદ દીયો બતાય.

આમ સદ્‌ગુરૂના જ્ઞાન વડે મનુષ્ય જીવનનો પાઠ સંસારમાં રહીને, આશરા ધર્મ બજાવીને, સુખ-શાંતિને આનંદપૂર્વક વ્યતીત કરીને તથા દેહ છોડતાં પહેલાં આત્મ સાક્ષાત્કાર કરીને બ્રહ્મ નિર્માણ પદને પામીને પોતાનું કલ્યાણ કરી શકાય છે. માટે સદ્‌ગુરૂના તોલે કોઈ ન આવી શકે.

બસ એજ... બોલો સર્વદાતા સદ્‌ગુરૂ દેવનો
જય હો... જય હો... જય જયકાર હો...

લી...
સંત ચરણરજ દાસાનુદાસ
દિલસુખના સદ્‌ગુરૂ પ્રણામ
સત રામ રામ... જય ભગવાન

::------------:: ॥ ::------------::

(૫) સદ્ગુરૂની પૂજાનું મહત્વ

જો કોઈપણ મનુષ્ય પોતાના નિજ સ્વરૂપને પામવા તથા પોતાનું કલ્યાણ થાય અને જીવનમાં સુખ, શાંતિ, આનંદ ઈચ્છતો હોય તો તેણે કોઈ પૂર્ણ જ્ઞાનીનું શરણ ગ્રહણ કરવું જોઈએ. અને સદ્ગુરૂ પાસેથી બોધ મેળવી તથા ગુરૂની દયા-કૃપા થકી તેમના જ્ઞાન-વિજ્ઞાન પ્રમાણે ચીંધેલા માર્ગે આગળ વધવું જોઈએ. આમ આધ્યાત્મિક ક્ષેત્રે આગળ વધવા માટે અનેક માર્ગો છે. હાલના યુગ, કાળને અનુલક્ષીને આપણાં સત શાસ્ત્રો તથા સંતોએ ભકિતમાર્ગને શ્રેષ્ઠ, સરળ તથા સંસારીઓ માટે અનુકુળ બતાવ્યો છે.

ભકિતમાર્ગમાં આગળ વધવા માટે સદ્ગુરૂએ ભકિતના મુખ્ય ત્રણ અંગ બતાવ્યા છે. (૧) સેવા (૨) સમરણ અને (૩) સત્સંગ. આ ત્રણેય સાધનોની મદદ વડે જીવનની ત્રિગુણાત્મક માયાની બધી પીડાઓ જેવી કે (૧) આધિભૌતિક (૨) આધિદૈવિક તથા (૩) આધિઆત્મિક માંથી મુકત થવાય છે.

સદ્ગુરૂએ સત્સંગ દ્વારા બતાવ્યા પ્રમાણે પોતાનું નિજ સ્વરૂપ આવરણોથી ઢંકાયેલ છે. તે (૧) મળ (૨) વિક્ષેપ (૩) અજ્ઞાન. આમ ત્રણેય આવરણોને હટાવવા માટે સેવા, સમરણ તથા સત્સંગ અનુક્રમે ઉપયોગી થાય છે. (૧) સેવાથી મનની મલિનતાઓ તથા વિકારો રૂપી મળ દૂર થાય છે અને તેમ થવાથી મન નિર્મળ બનીને ભકિત કરવાને યોગ્ય બને છે. (૨) ગુરૂમહારાજે આપેલા બોધ પ્રમાણે એકાગ્રચિત્તે નામ સ્મરણ કરવાથી બુદ્ધિ પ્રકાશિત થાય છે. તેથી કરીને પ્રાકૃતિક બુદ્ધિના વિક્ષેપો તથા સંશયો વગેરે દૂર થાય છે અને બુદ્ધિ પ્રજ્ઞાવાન થાય છે. અને સાર-અસારનો વિવેક બુદ્ધિમાં પ્રગટ થાય છે. (૩) સત્સંગથી પોતાના મૂળ સ્વરૂપ વિષેની અજ્ઞાનતાઓ દુર થાય છે. આમ જેમ છે તેમ યથાર્થ સત્સંગ સમજવા માટે વિવેક વાળી પ્રજ્ઞાબુદ્ધિની જરૂર પડે છે. ને બુદ્ધિને પ્રજ્ઞાવાળી કેળવવા માટે ચિત્તને એકાગ્રતાની જરૂર પડે છે.

ચિત્તને એકાગ્રતા કેળવવા માટે મન નિર્મળ હોવું અત્યંત જરૂરી છે. અને મન નિષ્કામ ભાવે સેવા થકી જ નિર્મળ થાય છે. પણ સેવા એ જ ભકિત છે. ભકિતમાં સેવા એ મુખ્ય અંગ છે તો સેવા કોની કરવી ? કેવી રીતે કરવી ? એ જાણવું ખૂબ જ જરૂરી છે. સદ્ગુરૂની આજ્ઞા પ્રમાણે યમ-નિયમનું પાલન કરવું, ગુરૂના વચનમાં રહીને વિચાર, વાણી, વર્તન કરવાં અને કોઈપણ જાતના ફળની આશા રાખ્યા વગર નિષ્કામ ભાવે પોતાનો સ્વધર્મ બજાવવો. ગુરૂની ઈચ્છા એ જ પોતાની ઈચ્છા એવો સદાય ભાવ કેળવવો. અને સમતાવાળી બુદ્ધિ વડે કર્મના બધા ફળ ગુરૂના ચરણે ધરી નિષ્કામ ભાવે કર્મયોગી થઈને ગુરૂમાં ભગવતભાવ રાખીને બધાં કાર્યો કરવા જોઈએ.

ભકિતમાં સેવાકાર્યનો પરિણામ કરતાં હૃદયનો ભાવ વધુ મહત્વનો ગણાય છે. કારણ કે સેવામાં હૃદયના ભાવ પ્રમાણે સાધકનું મન નિર્મળ બને છે. માટે સાધકે હૃદયનો શુધ્ધ ભાવ કેળવવો જોઈએ અને તે માટે સદ્‌ગુરૂનો મહિમા સમજવો, શ્રવણ કરવો. કિર્તન કરવા, ગુરૂ પૂજન, અર્ચન, વંદન, દાસભાવ, સખાભાવ તથા આત્મસમર્પણ વડે નવધા ભકિત એ પ્રથમ ભકિત છે. તેનું પાલન સાધકે કરવું ખૂબ જ જરૂરી છે. તેમાં કોઈપણ એક અંગની ખામી રહે તો નવધાભકિત અપૂર્ણ ગણાય છે. નવધા ભકિત પૂર્ણ થયા બાદ જ બીજી ભકિત પ્રેમલક્ષણા અને ત્રીજી પરાભકિતમાં આગળ વધવા માટે ગુરૂ સહાય કરે છે. ને પરિણામે કેવળપદને પામીએ ત્યારે જીવનું કલ્યાણ થયું કહેવાય.

આપણાં સત્‌શાસ્ત્રો તથા સંતોએ અને સનાતન ધર્મમાં પણ સદ્‌ગુરૂનું પૂજન શ્રેષ્ઠ બતાવ્યું છે.

ધ્યાન મુલમ્ ગુરૂર મૂર્તિ, પૂજા મુલમ્ ગુરૂર પદમ્
મંત્ર મુલમ્ ગુરૂર વાકયમ્, મોક્ષ મુલમ્ ગુરૂ કૃપા
ગુરૂની પૂજા જેણે કરી તેણે પૂજ્યા ચૌદે લોક,
ગુરૂની પૂજા જેણે ન કરી તેની સર્વે પૂજા ફોક.

સાર રૂપે ગુરૂની પૂજા એ ગુરૂનો પ્રેમ અને શિષ્યના ભાવને જોડતી કડી છે. તે દ્વારા બંનેના હૃદયનું જોડાણ એકરૂપ બને છે. માટે પૂજન જરૂરી છે.

::------------:: ॥ ::------------::

(ક) સદ્‌ગુરૂની આરતી ને તેનો ભાવાર્થ તથા ગુઢાર્થ

સદ્‌ગુરૂની આરતી

હું તો આરતી ઉતારું રે ગુરૂ દેવની રે
મારા અંતરમાં ઓછવ થાય. હું તો...

મેં તો બતી કરી રે પાંચ તત્વની રે
બ્રહ્મ અગ્નિ થયો રે પ્રકાશ. હું તો...

મેં તો તેલ પૂર્યા રે ત્રણ ગુણના રે
આતમ અખંડ રૂપે રે દર્શાય. હું તો...

મેં તો ચંદન કર્યા ચેતન દેવને રે
મે તો પ્રેમના પુષ્પો રે લીધા હાથ. હું તો...

મેં તો ધૂપ ધર્યો રે અહંકારનો રે
અડસઠ વાઝાનો થયો રે ઝણકાર. હું તો...

સોહંગ શબ્દ ચાલ્યો આયો આપ રે
એ તો પુગ્યો પૂરણ બ્રહ્મની પાસ. હું તો...

થાય હરિ ગુરૂના પ્રતાપથી રે
ને રહે હૃદયમાં નિશ દિન ધ્યાન. હું તો...

::------------:: ॥ ::------------::

સદ્‌ગુરૂની આરતીનો ભાવાર્થ

હે ગુરૂમહારાજ હું આપની આરતી એવી રીતે કરું છું કે મારા હૃદયમાં આપની મૂર્તિ સિવાય બીજું કંઈ જ નથી. આવો મારા અંતરનો ભાવ જાણશો. તથા આ મારા કાયારૂપી કોડિયામાં ત્રણ ગુણ રૂપી તેલ રેડીને તથા પાંચે વિષયોમાં વિખરાયેલી વૃતિઓનો એક દોર કરીને એ સૂરતાને આપના તરફ વાળીને કોડિયામાં ભરેલા ત્રણ ગુણ રૂપી તેલમાં મુકીને જેમ કોડિયામાં રાખેલા તેલમાં વાટ મુકીને દીવાસળી સળગાવીને વાટને પેટાવવામાં આવે છે તેમ બ્રહ્મ-અગ્નિ વડે સૂરતાને પ્રગટાવતાની સાથે જ આત્મરૂપી જયોત પ્રકાશી ઉઠે છે અને તેના પ્રકાશ વડે જેમ છે તેમ બધું દર્શાવા લાગે એવી હું અંતરપૂર્વકની પ્રાર્થના આપના ચરણ કમળમાં કરું છું.

હે સદ્‌ગુરૂદેવ આપમાં પ્રગટી રહેલા ચેતન દેવને હું ચંદન કરું છું. અને પ્રેમ રૂપી પુષ્પો ચડાવ્યાનો મારા અંતરનો ભાવ રજુ કરું છું. હે ગુરૂમહારાજ મારા અહંકારને ધૂપેલિયામાં ભરીને ધૂપ રૂપે ધરુ છું. તો આપના ચેતનના પ્રકાશથી અહંકારનો નાશ કરીને મારા હૃદયને શુધ્ધ બનાવશો એવી પ્રાર્થના કરું છું તથા મારું અંતરઘટ જુદા જુદા અનાહત નાદથી ગુંજી ઉઠે એવી હૃદયપૂર્વકની અરજુ ગુજારું છું. આમ હે ગુરૂદેવ, મારા અંતરઘટમાં નામ જાગી ઉઠે અને હું સૂરતા વડે પરિબ્રહ્મ પરમાત્માની પાસે પહોંચી જાવ એ જ મારા અંતરનો આર્તનાદ છે.

તો હે દયાળું સદ્‌ગુરૂદેવ કૃપા કરીને મારા પર આવી પ્રેમ ભરી દૃષ્ટિ કરો કે જેથી આપની સગુણ મૂર્તિ મારા હૃદયમાં અંકિત થઈ જાય અને મારું ધ્યાન તેમાં અખંડરૂપે રહે અને આપના દિવ્ય સ્વરૂપના દર્શન કરતો રહું. ને આપની પ્રસન્નતાનો કૃપા પાત્ર બનીને હું મારી જાતને ધન્ય ધન્ય ગણી આપના જ ગુણાનુંવાદ હર હંમેશ ગાતો રહું.

બસ એ જ અભ્યર્થના સાથે...
સંત ચરણરજ દાસાનુદાસ
દિલસુખના જય ભગવાન
સત રામ રામ ગુરૂપ્રણામ.

::------------:: ॥ ::------------::

સદ્‌ગુરૂની આરતીનો આધ્યાત્મ (ગૂઢ) અર્થ

જેમ જેમ સાધકની આધ્યાત્મિક ક્ષેત્રે ઉન્નત્તિ થતી જાય છે તે પ્રમાણે ક્રમાનુસાર સાત અંતર ઘટ અથવા સાધકની દરેક વખતની અલગ અલગ અવસ્થાનું અવલોકન કરવામાં આવેલું છે. તે નીચે મુજબ છે.

(૧) સદ્‌ગુરૂ પ્રત્યે પૂજ્યભાવ થવાથી અને સતત ગુરૂમહારાજનું સમરણ, ભજન, ચિન્તવન, મનન કરવાથી સાધકના હૃદયમાં ગુરૂમહારાજ સિવાય બીજું કાંઈ રહેતું નથી. આ સ્થિતિ પહોંચ્યા પછી...

(૨) તેમની પાંચેય જ્ઞાનેન્દ્રિઓ સદ્‌ગુરૂ તરફ અંતરઘટમાં વળે છે. અને આમ સતત થવાથી જ્ઞાનેન્દ્રિયોની પાંચેય તનમાત્રઓ (શબ્દ, સ્પર્શ, રૂપ, રસ, ગંધ) તથા મનની વૃત્તિ એમ છ એ મળીને એક દોર થઈ સૂરતા રૂપે બને છે. ત્યારે સૂરતા સદ્‌ગુરૂમાં ઠેરાણી એમ કહેવામાં આવે છે. અને સાધક પોતે દેહભાવ વિરકત સ્થિતિમાં હોય છે. અને બ્રહ્મજ્ઞાનમાં લીન રહે છે. તે સિવાય બીજી કોઈ વૃત્તિઓ ઉઠતી નથી.

(૩) ત્યારબાદ બ્રહ્મજ્ઞાનના તપારાથી (કાયમ અભ્યાસ વડે) તેના અંતરમાં રહેલ સૂક્ષ્મ ત્રણ ગુણો (સત્વ, રજસ, તમસ) નો ધીમે ધીમે નાશ થવા લાગે છે. અને સાધકની બુદ્ધિ બ્રહ્મજ્ઞાનના દિવ્ય પ્રકાશવાળી થવા લાગે છે. જેને લઈને સાધકની બુદ્ધિ પ્રજ્ઞાવાળી વિવેકી બને છે. અને સત-અસત કે સાર-અસારને સહેજે સમજવા લાગે છે. તથા જીવનમાં આત્મબળમાં ઉત્તરોતર વધારો થતો જાય છે.

(૪) ત્યારે ચેતનમાં પ્રભુ છે એવું એને સ્વાનુભવે જ્ઞાન થાય છે. (કે જેને અપરોક્ષનું જ્ઞાન થયું કહેવાય) અને ચેતન માત્રમાં પ્રભુનો વાસ છે એમ નકકીપણું થાય છે. તેથી દરેક ચેતનમાત્ર તરફ પ્રેમથી વર્તન કરે છે. સાધકના હૃદયમાં પ્રેમની ધારાઓ વહેવા લાગે છે.

(૫) આમ આ સ્થિતિએ પહોંચવાથી સાકાર સદ્‌ગુરૂની કૃપાને પાત્ર બને છે અને સદ્‌ગુરૂ પોતાની કૃપા વડે સાધકના અહંકારનો નાશ કરે છે. તે સ્થિતિ સાધકના અંતરઘટમાં અનેક જાતના અનાહત નાદો, સૂરાવલિઓ, શંખ, ઝાલર, વાઝા વગેરે સંભળાવા લાગે છે. ત્યારબાદ...

(૬) સાધકના અંતરઘટમાં સદ્‌ગુરૂ મહારાજની કૃપા થકી નામની સિદ્ધિ થાય છે. ને પોતે પૂર્ણ રીતે જાગૃત સ્થિતિમાં આવે છે. અને બ્રહ્મનો સાક્ષાત્કાર થાય છે. તેના હૃદયમાં બ્રહ્માનંદની સ્થિતિ હોય છે. આ સ્થિતિ પામવાથી તેને પુરે પુરી ખાત્રી થાય છે કે માત્ર સદ્‌ગુરૂદેવની કૃપા થકી જ તે સ્થિતિએ પહોંચી શકાય છે. માટે ગુરૂમહારાજના ગુણાનુવાદ ગાવા સાધકને ઉત્તમ લાગે છે. પોતાના નિજ સ્વરૂપનું પૂરેપૂરું ભાન થાય છે.

(૭) ત્યારે સદ્‌ગુરૂ પ્રતાપે અલૌકિક, કદી કલ્પનામાં પણ ન આવે એવાં પરમાત્માના ધામના સુખનો અનુભવ થાય છે. ત્યારે તે સતત સદ્‌ગુરૂમય બનીને, ગુરૂ મહારાજના ધ્યાનમાં રહેવા લાગે છે અને આખરે સદ્‌ગુરૂ અને શિષ્ય એવી ભેદરેખા તુટી જાય છે. ત્યારે પરમ આનંદ પ્રગટે છે. ને પરમ હંસ રૂપે બની જાય છે.

આમ, સદ્‌ગુરૂ પૂજાનું મહત્વ તથા શબ્દો દ્વારા બોલાતી આરતીનો શબ્દાર્થ, ભાવાર્થ, લક્ષ્યાર્થ તથા તેમાં છુપાએલા અધ્યાત્મના રહસ્યો, ગુરૂ પ્રતાપે મારી બુધ્ધિમાં જે પ્રકાશ પડેલ તે પ્રમાણે અત્રે રજુ કરેલો છે. બાકી તેમાં કોઈ ક્ષતિઓ રહી હોય તો સુધારીને યોગ્ય કરવા નમ્ર વિનંતી. અને મને જાણ કરશો તો હું હૃદયપૂર્વકનો આભાર માનીને આપનો ઋણી થઈશ. તો યથાઘટીત મારા હૃદયનો ભાવ સ્વીકારશો એવી પ્રાર્થના સાથે...

બોલો સર્વદાતા સદ્‌ગુરૂદેવનો
જય હો... જય હો... જય જયકાર હો.
ત્રિકાળ નમસ્કાર હો.

લી...
સંત ચરણરજ દાસાનુદાસ
દિલસુખના સત ગુરૂસાહેબ
સત રામ રામ જય ભગવાન
અલખ નિરંજન

::------------:: ॥ ::------------::

(૭) જીવનમાં ઉતારવા જેવું

અરે ભાઈઓ, શા માટે વ્યર્થ ચિંતા કરીને દુઃખી થવું ? કોનાથી નાહકના ડરવું ? કોણ આપણને મારી શકે છે ? આત્માને નથી જન્મ કે નથી મરણ. આત્મા અજર અમર છે. આત્મા એ જ આપણું મૂળ સ્વરૂપ છે.

જુઓ ભાઈઓ, આખું જગત ચેતનનો વિલાસ છે. ચેતનમાં પ્રભુને જાણીએ તો આખું જગત પ્રભુની ચૈતન્ય શકિતથી ચાલી રહયું છે. તો ભગવાન ઈચ્છાથી થતું હોય તો તે હંમેશા સારું જ હોય તેમાં બે મત નથી. માટે ભૂતકાળમાં જે કંઈ થયું તે સારું થયું છે, વર્તમાનમાં જે થઈ રહયું છે તે સારું જ થઈ રહયું છે અને ભવિષ્યમાં જે થશે તે પણ સારું જ થશે. માટે આપણે નાહકના ભૂતકાળનો ન તો પસ્તાવો કરવો કે ન તો ભવિષ્યની ચિંતા કરવી. પણ વર્તમાન ચાલી રહયો છે તે દ્રષ્ટાભાવે જોવો. અને આપણા વડે પણ જે કાંઈ થઈ રહયું હોય તેના સાક્ષીભાવે રહેવું. તેમ કરવાથી વર્તમાન સુધરી જશે. આમ સતત વર્તમાનમાં રહેવાથી ભૂત અને ભવિષ્ય આપોઆપ સુધરી જશે. નહીં તો ભૂતકાળ ભૂત જેવો છે. તેનાથી ક્રોધ ઉત્પન્નન થાય છે, ભવિષ્યકાળ પ્રેત જેવો છે. તેનાથી ભય ઉત્પન્નન થાય છે.

આપણું શું લૂંટાઈ ગયું કે જેથી આપણે રડીએ છીએ ? આપણે શું ઉત્પન્નન કર્યું હતું કે જેનો નાશ થઈ ગયો છે ? જે લીધું તે અહીંથી જ લીધું છે, અને જે દીધું છે તે અહીં જ દીધું છે. જે લીધું છે તે ભગવાન પાસેથી લીધું છે. અને જે દીધું છે તે ભગવાનને દીધું છે. બાકી તો આપણે ખાલી હાથે આવ્યાં છીએ અને ખાલી હાથે જવાનું છે. આજે આપણું છે તે ગઈકાલે બીજાનું હતું અને આવતીકાલે ત્રીજા કોઈનું. આપણે જેને આપણું સમજીને પ્રસન્ન થઈ રહયાં છીએ બસ એ જ પ્રસન્નતા આપણા બધા દુઃખોનું મૂળ કારણ છે. જગત સતત પરિવર્તનશીલ છે. જેને આપણે મૃત્યુ સમજીએ છીએ એ જ જીવન છે. એક ક્ષણમાં કોઈ ધનવાન બની જાય છે અને બીજી જ ક્ષણે તે ગરીબ બની જાય છે. આમ અનેક મૃત્યુનો સરવાળો એ જ આપણું જીવન છે. (શ્વાસે શ્વાસે દરેક પ્રાણીમાત્રમાં પરિવર્તન થતું જ રહે છે. તે પ્રકૃતિનો નિયમ છે)

હું-તું, મારું-તારું, નાના-મોટા, પોતાના-પારકા આ બધું મનમાંથી કાઢી નાખવું જોઈએ. તેને બુધ્ધિથી હટાવી દેવું જોઈએ અને બધું પરમાત્માનું છે અને આપણે દ્રૂષ્ટાભાવે આપણા ફાળે જે વહીવટ આવ્યો હોય તેની ફરજ નિષ્કામભાવે રાખીને સ્વધર્મ બજાવવો જોઈએ. અને જો તેમ થઈ જાય તો બધા આપણા છે અને આપણે બધાના છીએ. નથી આ શરીર આપણું કે નથી આપણે શરીરના. આ શરીર આકાશ, વાયુ, અગ્નિ, પાણી તથા પૃથ્વીથી બનેલું છે. અને આખરમાં તેમા જ ભળી જશે. પરંતુ આત્મા અજર અમર કાયમ સ્થિર છે. તો પછી આપણે કોણ છીએ ?

આપણે આપણી જાતને ભગવાનને અર્પણ કરીએ કે સદ્‌ગુરૂને અર્પણ કરીએ એ જ બધાથી સર્વોત્તમ રસ્તો છે. જે આ સમર્પણના રસ્તાને જાણે છે તે આ ભય, ચિંતા, ક્રોધ, રાગ, શોક વગેરે બધા કલેશોથી હંમેશા મુકત છે. જે કાંઈ આપણે કરી રહયાં છીએ તે બધું આપણા મારફતે ભગવાન કરાવી રહયાં છે. એવી સમજદારી કેળવીને જે કંઈ પરિણામ આવે તે બધું પ્રભુને જ અંતરથી અર્પણ કરતાં રહેવું જોઈએ. આમ નિષ્કામ ભાવે કર્મો કરવાથી જ આપણને હંમેશા જીવન મુકિતના આનંદનો અનુભવ થશે. એ મારો અનુભવજન્ય પાકો નિશ્ચય છે. ગુરૂ પ્રતાપે ઉપરોકત સદ્‌વિચારો લખાય છે. તો તે યથા યોગ્ય રીતે સમજી વિચારીને જીવનમાં ઉતારવાનો પ્રયાસ કરશો એવી પ્રાર્થના સાથે અહી વિરમું છું.

લી...
દાસાનુદાસ દિલસુખના
સત રામ રામ જય ભગવાન
અલખ નિરંજન

::-------------:: ॥ ::-------------::

(૮) શ્રી સદ્ગુરૂદેવ સત્ય છે

સાકારમા છે નિરાકાર, નિરાકારમાં છે સાકાર,
જો સમજાય નહી સાકાર, તો બાકી છે બધું બેકાર.
નુરતે નીરખાય તે સાકાર, સૂરતે પરખાય તે નિરાકાર,
શૂન્યપણું તે સાકાર, અનંતપણું તે જ નિરાકાર.

જે શુન્યમાં જઈ સમાણા, તે જ સંત કહેવાણા,
જે અનંતમાં જઈ સમાણા, તે જ અવતારી કહેવાણા.
એક છેડે શૂન્ય છે, બીજો છે અનંત. વચ્ચે છે સાકાર,
બંને છેડા ભેગા કરો તો એ જ સદ્ગુરૂ દાતાર.

સતનામ છે નિરાકાર, સત વચન છે સાકાર,
આ વચનનો છે વિસ્તાર, તેને સતનામનો છે આધાર.
નિરાકારમાંથી નીપજ્યાં વચન, તેમાંથી ઉપજ્યાં નામ,
નિરાકારમાંથી ઉપજ્યા ઓમકાર, તેમાંથી ઉપજ્યાં સોહંગકાર (પ્રાણ) :
સાકારનું જ્યાં ઉપજે, ત્યાં નિરાકારનું ઉપજે.

સાકારથી ઉપજ્યાં આકાશ ને તેમાંથી નિપજ્યા પવન,
તે નિરાકારમાંથી ઉપજ્યાં પ્રકાશ તે સાકારમાંથી નિપજ્યા પાણી.
તે નિરાકારમાંથી ઉપજ્યાં પૃથ્વી તેમાંથી થઈ ચાર ખાણી,
આમ તેજ (પ્રકાશ), પવન ને પાણીમાંથી આ સૃષ્ટિ રચાણી.

સૃષ્ટિમાં દર્શાય છે તે સાકાર, તેમાંથી જ બન્યાં છે આકાર,
તેમાં ભળ્યાં છે નિરાકાર, તેથી જ બન્યાં છે સગુણ સાકાર.
તેનો મૂળ આધાર છે ઓમકાર, તેનાથી ચાલે છે સોહંગકાર,
આમ સગુણ સાકારનો આધાર, છે નિરગુણ નિરાકાર.

પણ ભ્રાન્તિથી ચિત્તમા થયો છે અહંકાર,
તેનાથી થયો છે હું દેહ જ છું એ વિચાર. (દેહાધ્યાસ)
અહંકારથી જ થયા છે સર્વે વિષય વિકાર,
તેથી જ થયા છે હૃદયમાં અંધુકાર-ધંધુકાર.
આમ અંતઃકરણમાં થયો છે હાહાકાર,
તેથી જ જીવન બન્યું છે કષ્ટાકાર.

:- સદ્‌ગુરૂની સેવા - સમરણ - સત્સંગ થકી :-

સમરણ આદી કરતાં છુટયાં વિકાર,
અને મન થયું છે સોહંગકાર. (હંસોરૂપ)
તેના ઘટમાં ગાજી-વાઝી રહયો છે રણુકાર,
તેની બુધ્ધિ થઈ છે બ્રહ્મકાર. (પ્રજ્ઞાવાન)
તથા દેહભાવનો છુટયો છે અહંકાર,
ને ચિત્તવૃતિ પણ બની છે બ્રહ્માકાર. (સૂરતા)

હવે સૂરતા વડે જયારે સુણે છે રણુકાર,
ત્યારે બોલે છે ઓહંકાર, ને સાંભળે છે સોહંગકાર.

:- સદ્‌ગુરૂની દયા-કૃપા થકી (ધ્યાન-ભજન-સમાધિ વડે) :-

જયારે ઓહંકારને સોહંકાર થાય છે બંને એકાકાર,
ત્યારે જે છે બોલનહાર, તે જ છે સાંભળનાર.
તે જ છે સર્વ પ્રાણોનો આધાર ને સૃષ્ટિનો પણ આધાર,
તે જ વ્યાપક સર્વશકિતમાન એ જ છે સદ્‌ગુરૂ દાતાર.

તે જ છે કાયમના કિરતાર બધાના દુઃખ હરનાર,
તે જ સદ્‌ગુરૂદેવ સત્ય છે.
તે જ દિલના સ્વામી હરિરામ સત્ય છે,
અને જે સત્ય છે તે જ પરમેશ્વર છે.

બોલો સર્વદાતા સદ્‌ગુરૂદેવનો જય હો... જય હો... જય જયકાર હો.
ત્રિકાળ નમસ્કાર હો.

તા.૧૫-૧૦-૧૯૮૬
અંજાર (કચ્છ)

લી...
દાસાનુદાસ દિલસુખના
સત રામ રામ જય ભગવાન
ગુરૂ પ્રણામ

::------------:: ।। ::------------::

વિભાગ - બે
સદ્‌ગુરૂનું જ્ઞાન-વિજ્ઞાન તથા અનુભવ પ્રકાશ

(૯) સદ્‌ગુરૂ શ્રી હરિરામબાપાની અમૃતવાણી

(૧) સદ્‌ગુરૂના ખૂબ જૂના પત્રમાંથી તારવેલ આત્મજ્ઞાનના વિષયો

-: ભગવાનનું બિરદ :-

ભાઈઓ, ભગવાનના સ્વરૂપને ઓળખી તેમની ભકિત કરવાથી જીવોને કાયમના સુખ, મોક્ષગતિ આપે છે. પણ સાથે આ માયાના રાજમાં દેહને જરૂર હોય તે પણ તેમના આશ્રયે રહેનારાને આપે છે. તેવા અનેક ભકતોના કામ કરી આપેલા છે. તેવા દાખલાઓ છે. તેમનો યોગક્ષેમ પૂર્ણ પ્યારથી સંભાળે છે એવા અનન્ય ભકતો ભગવાનને અતી પ્રિય પોતાના આત્મા સમાન છે.

ભગવાન પોતાના ભકતને ભકિત અને મુકિત બંને આપે છે. એટલે દુઃખ રહે નહીં. ભગવાન સમર્થ છે. ભગવાન પોતે સમર્થ છે એટલે ભકતને ઈચ્છિત ફળ આપી શકે છે. જે કાંઈ દુઃખ ભકતને દેખાય છે તે મોટું દુઃખ રોકવા માટે હોય છે.

અનન્ય ભકતો જમે ત્યારે ભગવાન જમે, સુવે ત્યારે ભગવાન સુવે, તે હરે-ફરે ત્યારે ભગવાન હરે-ફરે, ભગવાન બોલે પણ તેમના મુખથી. તે ભકતને પોતાની કાળજી નથી પણ તેની બધી ફિકર ભગવાન રાખે છે. ચિંતામણી તો ચિંતવે ત્યારે આપે છે પણ અમારા ભકતને વગર ચિંતવ્યે પણ માફક વસ્તુ તેના દેહ માટે આપીએ છીએ. તે અનાદિકાળથી ભગવાનનું બીરદ છે. અમે અનન્ય ભકતોના કાર્ય કરીએ છીએ. બીજા ભકતોની સંભાળ રાખીએ છીએ. કર્મમાં સૂળી તે કાંટે પતાવીએ, ભાગ્યના લેખમાં દરિદ્રતા હોય તો પણ અન્ન, વસ્ત્ર આપીએ છીએ. જેવી અમારામાં અનન્યતા હોય તેવી પ્રાપ્તિ આપીએ છીએ. કાળ, કર્મ કે માયાની શકિત અમારા કોઈ ભકતને દુઃખ આપી શકે નહીં. તો અમારા અનન્ય ભકતને તો કેમ આપી શકે ? તેમનો બધો જ ખ્યાલ ભગવાન રાખે છે.

અનન્ય ભકત ભગવાનનું અલૌકિકપણું જાણે છે અને તેનો મહિમા જાણે છે. તથા તેનું અખંડ ચિન્તવન રહે છે. તે ભગવાનમાં રહેવાથી કામ ક્રોધ તેને અડે નહીં. ભગવાન તેવા પ્રેમસ્વરૂપ વિજ્ઞાની ભકતને પોતાનામાં રાખી અલૌકિક સુખ આપે છે. તેનો વહેવાર સંભાળે છે. તથા આ લોક અને પરલોકમાં સુખી રાખે છે. આ વાતને કૈવલ્યાર્થી અર્થી જેવા જાણી શકતા નથી. કારણ કે પ્રગટ સ્વરૂપની હેતરૂપી ભકિત તે જીવમાં નથી. તેવી સમજણવાળા બ્રહ્મ સુષુપ્તિમાં જાય છે. ભગવાનનું વ્યતિરેક સ્વરૂપ તેનાથી પર છે. તેમ સર્વથી ન્યારા છે. તેમના ધામને પામવું તે શાશ્વત મોક્ષ છે.

ભગવાનનું સ્વરૂપ વિજ્ઞાન અને તેમનાં નિશ્ચયનો પ્રતાપ હોય તો માયા અડી શકે નહીં. કારણકે ભકતનું ચૈતન્ય ભગવાનમાં રહે છે. અને અનન્ય નિષ્કામભાવથી ભજીને ભગવાનને પામે છે. અને સકામભાવે ભજે તો માયાથી પરના ધામોમાં તે જ દ્વારથી પામે. તેમનાથી પર ભગવાનનું પરમ ધામ છે. વ્યતિરેક ભગવાનતો પોતાની મૂર્તિના તેજથી સર્વ વ્યાપી છે અને સદા પ્રત્યક્ષ છે, સર્વત્ર છે, સ્વતંત્ર છે. અખંડ-અનંત, સુખ સામર્થ્ય પ્રકાશના દાતા છે. તેનું લક્ષ્યાર્થ જ્ઞાન, અન્વય તથા વ્યતિરેક સ્વરૂપનું જ્ઞાન જ વૃત્તિ તેમાં રખાવે છે. અને બીજુ બધુ ભૂલાવે છે. વાચ્યાર્થ જ્ઞાનથી દેહઘાટમાં રહેવાય છે. અને લક્ષ્યાર્થ જ્ઞાનથી દેહના ઘાટ, સંકલ્પ વિરામ પામે છે.

ભગવાન સર્વ કાંઈ કરી શકે છે. ભગવાનનો મહિમા જાણે તો ભગવાન ભકતોના કામ કરે છે તે મહિમાનો પ્રતાપ છે. મહીમા અને નિશ્ચય બંનેનો પ્રતાપ વિજ્ઞાનથી જાણે તો તેના સર્વ કાર્યો ભગવાન કરે છે. ત્રીજું પોતાને ભગવાનનું રૂપ જાણે તો આઠે પહોર ભકતને આનંદ રહે છે. વ્યાપક, પ્રગટ, શ્રીમુખવાણી જાણી તેણે સર્વ જાણ્યું. આ બોલે તે બીજો નથી. છે પરમેશ્વર પોતે. અજ્ઞાની ને આંધળો તે અળગો થઈને ગોતે.

તો ભાઈઓ, નવેસરથી જે કામ કરવું તે પોતાના આત્માને પૂછીને કરવું. તે માયલાથી મેળ રાખવાનો. આઠે પહોર આનંદ લીલા લહેર રહે, આવી લેર લાગે તો મટી જાય તમારા વેર અને ઝેર, તો માથે લાગે મેરમની ભેર તો મળી જાય લેરમાં લેર.

::------------:: ॥ ::------------::

-ઃ પરાત્પર પરબ્રહ્મ ભગવાનનો મહિમા ઃ-

ધરતીનો કાગળ કરું, કલમ કરું વનરાય,
સાત સમંદરની શાહી કરું, હરિગુણ લખ્યા ન જાય.

ભાઈઓ, વેદ, શેષ કે શારદા નારદ શુક સનકાદી જેવા ભગવાનના વ્યતિરેક સ્વરૂપને જાણી શકયા નથી. તે સાધન કઠણ છે. જે સદ્‌ગુરૂ શરણમાં જઈ, પ્રગટ-પ્રત્યક્ષ સ્વરૂપમાં અખંડવૃત્તિ રાખનાર ભકતને તેનું ફળ જે ભગવાનનું વ્યતિરેક દિવ્યતમ સ્વરૂપ પ્રાપ્ત થાય છે.

ભકતે ભગવાનનો જેટલો મહિમા જાણ્યો છે, જેટલા પ્રતાપે યુકત ભગવાનને જાણ્યાં છે, ભગવાનના આશ્ચર્ય પ્રતાપ, સુંદરતા જેટલી જાણી છે તેટલી ભકતને ધામમાં મળે છે તો પણ અપાર દેખાય છે. ભગવાનના મહિમાના અવધાનથી જીવને બળ પામવા ભગવાનનો મહિમા સમજવા જેવું બીજુ કોઈ મોટું સાધન નથી. મહિમાના જાણવાથી ભગવાનની મૂર્તિમાં તાદાત્મ્યપણે અખંડ સુખમા વરતાય છે.

સર્વથી ન્યારા ભગવાનના સર્વાવરતારા, સર્વોપરી, સર્વાધાર તેમના તેજ દ્વારાથી છે. તેમની અપાર શકિત, અલુપ્ત દૃષ્ટિ છે. ધામમાં પોતે સાકાર થકી જ સર્વવ્યાપક બન્યા છે. સર્વજ્ઞ અને સ્વતંત્ર છે. જેમના અનંત આશ્ચર્યો છે. તેવા દિવ્યતમ છે. તત્વ વિજ્ઞાનથી ભગવાનને જાણે તો પ્રસન્ન થાય છે તથા નિર્ભય અને નિશ્ચિંત બનાય છે.

જે ધામમાં પૂર્ણ પુરુષોતમ વ્યતિરેક ભગવાન છે તેમનું જે તેજ છે તેને શાસ્ત્રકારો અન્વય તેજ કહે છે. ભગવાન સ્વયં સર્વત્ર, પ્રત્યક્ષ આ તેમના અન્વય તેજ દ્વારાથી છે. તે તેજ અક્ષરોનું પણ કારણ છે. અને વ્યતિરેક ભગવાનનું સ્વરૂપ તે કારણનું પણ કારણ છે. આવા ભગવાનને વિજ્ઞાનથી ઓળખવા જોઈએ. જો ઓળખાય તો છતે દેહે જ તે સુખ પામી શકાય છે. ઉત્પતિકાળે આ અન્વય ચૈતન્ય તેજ અક્ષરોમાં આવે. ત્યાંથી વાસુદેવમા, ત્યાથી મહાકાળ નરનારાયણ પુરુષમાં, ત્યાંથી પ્રકૃતિમાં, ત્યાંથી મહાવિશ્ણુમાં મહતત્વમાં અહંકારમાં શેષ નારાયણમાં ત્યાંથી બ્રહ્મા-વિશ્ણુ-રૂદ્રમાં, ત્યાંથી પ્રજાપતિઓમાં, ત્યાંથી દેવો-દાનવો-મનુષ્યાદિકમાં આવે છે.

તેમ જ્ઞાન-વિજ્ઞાનના અનુભવી સંતોનું કહેવું થાય છે. પરબ્રહ્મ પરમાત્મા પોતે જ તે અન્વય તેજથી બન્યા છે. તે તેજને અન્વયરૂપ કહે છે. તે તેજનું સગુણપણું અને નિર્ગુણપણું તે બંને ભગવાનના રૂપ કહેવાય છે. તે ભગવાન કર્તા અકર્તા તથા અન્યથા કર્તા પણ છે. તે ભગવાન દેવ-દેવતા-મનુષ્ય સર્વની અંદર તેમના અન્વય તેજથી આત્મારૂપે સર્વરૂપને ધારણ કરી રહેલા છે. અને અવતારીપણે બ્રહ્માંડમાં પ્રગટ થાય છે. આ ભગવાન સર્વ કાંઈ કરી શકે છે.

બીજું, ભગવાનનો મહિમા જાણવો અને તે મહિમાનો પ્રતાપ જાણવો. કે તે ભગવાન ભકતોના કામ કરે છે. મહિમા અને નિશ્ચય બંનેનો પ્રતાપ વિજ્ઞાનથી જાણે તો તેના સર્વ કાર્યો ભગવાન કરે છે. અને સાથે પોતાને ભગવાનનું રૂપ જાણે તો આઠે પહોર આનંદ રહે છે.

બીજુ ભાઈઓ અન્યથા કર્તા બનવાનું ભગવાનનું પોતાનું જ કાર્ય છે. વિજ્ઞાની ભકતો અન્યથા કર્તા બનતા નથી. માયાના પેટમાંથી પૂર્વના કર્મ વિના કાળ પાસે દેહ ધરાવે છે તે ભગવાન અન્યથા કર્તા બની કરાવે છે.

પરમાત્મા - પરાત્પર બ્રહ્મ

પૂર્ણ પુરુષોત્તમ વ્યતિરેક

। સ્ફૂરણ થતાં

અન્વયરૂપ (ચૈતન્ય)

।

અક્ષર પુરુષોતમ

।

વાસુદેવ

।

મહાકાળ નરનારાયણ પુરુષ

।

પ્રકૃતિ (ત્રિગુણાત્મક પ્રકૃતિ)

।

મહા વિષ્ણુ (સત્વ જ્ઞાન શકિત)

।

બ્રહ્મા (રજસ, સર્જન શકિત) ચિત્ત શકિત (વચન)

।

રૂદ્ર મહેશ (તમસ - પ્રાણ - હંસો) ગતી શકિત (નામ)

।

પ્રજાપતિઓ

દેવો	દાનવો	મનુષ્યો

જેથી જીવ ચોરાસીમાં ફરવા જાય છે અને બ્રહ્માંડમાં ભગવાન કે તેના મૂકત મળે છે અને ભકિત કરીને કાયમી સુખ, મોક્ષ મેળવે છે અને ત્યારે આ ચોરાસીના બંધનમાંથી છુટે છે.

ભગવાનને શાસ્ત્રોએ જ્ઞાનરૂપ કહયાં, તત્વ કીધા, સુક્ષમ નિરંજન કીધા, નિરકાર કીધા, ક્ષેત્રજ્ઞ વળી વાસુદેવ વિષ્ણું નારાયણ કીધા, નિર્ગુણ કીધા, પણ બધાના કારણ પરાત્પર - પરબ્રહ્મ - પરમાત્મા ભગવાનના ગુણોને જ કીધા છે. પણ ભગવાનનું વ્યતિરેક સ્વરૂપ બધાથી ન્યારૂ છે. નિરાકાર બ્રહ્મ તો ભગવાનની મૂર્તિનું તેજ છે. અને ભગવાન તો સદા સાકાર છે. તેના મૂકતો પણ સાકાર છે. નીરાકાર તેજ તો તેમનું ધામ છે. તે તેજ સર્વેના આત્મારૂપ છે.

તે તેજના આત્મા ભગવાન છે. એટલે પરમાત્મા છે. આ તેજના કિરણોમાંથી ચિદાકાશ બને છે. જેમાં અક્ષરોના અનંત બ્રહ્માંડો પરમાણુની જેમ ફરે છે. આ સર્વની મધ્યમાં ભગવાનનું ધામ છે. ભગવાનનું સ્વરૂપ હોય ત્યાં જ આ તેજનું મધ્ય હોય. ભગવાન મનુષ્યરૂપે કે દિવ્યરૂપે હોય પણ આ વાતનું ધ્યાન રાખે તો મોક્ષ અત્યંતિક બગડે નહીં. ભગવાનની મનુષ્યરૂપે ઓળખ કરવામાં જીવને બીજરૂપે હળવું કેવું પડે છે. તો જીવને પથ્ય પડે છે.

સ્વરૂપ વિજ્ઞાની ભકતોને તો ભગવાનરૂપ બનીને ભગવાનને જ ભજવા, જાણવા. આ સ્વરૂપ વિજ્ઞાન ભકિત જે ભગવાનની મહાત્મજ્ઞાન સહિત જાણવી. તે મોક્ષનું સ્વરૂપ વિજ્ઞાની ભકત પર છે. તે વહેવારમાં વરતે છે. છતાં માયા તેને સ્પર્શે નહીં. આવા વિજ્ઞાનીની સેવા થકી તેમની કૃપાથી આ જ જન્મે મોક્ષ પામે છે. ભગવાનના સ્વરૂપ વિજ્ઞાની ભકતના બધા કર્મ ભકિતરૂપ ભગવાનને અર્થે હોય છે. જેથી પૃથ્વી ઉપર યુગ પણ પલટાઈ જાય છે.

બીજુ મોક્ષના સ્વરૂપને સમજવા ભગવાનના વ્યતિરેક સ્વરૂપના જ્ઞાન સાથે તેમની મૂર્તિનું અન્વય જે તેજ છે તેની સમજણ પણ જરૂરી છે. જેમ ચક્રવર્તીરાજા હોય તેમનું રાજય અપાર મોટું હોય. તેમાં ખંડિયા નાના રાજા, સુબાઓ, સરદાર, અધિકારી, અમલદાર, રાજયમાં સેવા કરનારા અનેક હોય. બધી સંપતિ ચક્રવર્તીની હોય પણ સુબાઓ ચક્રવર્તીનો પ્રતાપ દેખાડે તેને પ્રતાપે ચક્રવર્તીના જ મહેલમાં રહી રાજય ચલાવે. તેમ વ્યતિરેક ભગવાન સદાય નિજધામમાં રહે છે. અને અન્વયરૂપી શકિતઓ વડે ક્ષર-અક્ષરના રાજયને ચલાવે છે.

ભગવાનનો મૂળ સંકલ્પ અક્ષરને પ્રેરાયો તેમનામાં ભગવાન નિજ તેજથી રહે છે. મૂળ અક્ષરના તેજમાં વાસુદેવ બ્રહ્મ છે. તેમની સેવામાં નરનારાયણ મહાકાળ પુરુષો અનંત બ્રહ્માંડો રચાવે છે, પોષે છે અને નાશ કરે છે. બ્રહ્માંડોના કર્તા પુરુષ છે. બ્રહ્માંડે બ્રહ્માંડે મહાવિષ્ણુ છે. માયાની સાથે રહીને મહાવિષ્ણુ મહતત્વને જન્મ આપે છે.

મહતત્વથી ત્રણ અહંકારો સંકર્ષણ, પ્રધ્યુમન અને અનિરુદધ ઉત્પન્ન થાય છે. તે શેષનારાયણને ઉત્પન્નન કરે છે.

તેનાથી બ્રહ્મા, વિષ્ણુ, શિવ ઉત્પન્ન થાય છે. બ્રહ્મા ચૌદ લોક રચે. સર્વ દેવો પોત-પોતાના ધામમાં રહીને પોતાની ફરજ, પોતાના નિજ કામ કરે છે. મહાવિષ્ણુથી ચૌદ લોકમાં દેહ-દેહીભાવ છે. આ માયાનું કાર્ય છે. તે અવધિ પ્રમાણે ચારેય પ્રલયમાં નાશ થાય છે. તેનાથી પર પુરુષ વાસુદેવ અક્ષર છે. તેમને દેહ-દેહીભાવ નથી. તેનો નાશ થતો નથી. તે અમર છે. તેમનાથી પર સર્વથી ન્યારા પરાત્પર ભગવાન છે. તે ભગવાન ભકતના લક્ષ છે. આ ભગવાન પોતાના ધામમાં સદા સાકાર સ્વયં પ્રકાશિત રહયાં થકી જ બ્રહ્માંડમાં દેખાય છે.

બીજુ, દેવો પણ પુરુષોતમ કહેવાય છે. આવા અનેક પુરુષોતમના સ્વામિ પૂર્ણપુરુષોતમ ભગવાન છે. આવા ભગવાન પોતાના ભકતને પોતાનું ઐશ્વર્ય એવું આપે છે કે, તે બ્રહ્માંડો રચી શકે છે. પણ આવું ભગવાનનું સામર્થ્ય પામીને અહંકાર કરવો નહીં. વ્યતિરેક ભગવાનનું દાસપણું રાખવું. આવા ભગવાન ધરતી માથે હોય છે ત્યારે મનુષ્યરૂપમાં વાત મનાવવા રાજા, કૃષ્ણ કે નારાયણના નામથી ઓળખાવીએ તો જીવો ભગવાનને દેવ સમાન તો જાણે, પણ જીવને ખબર નથી કે સર્વના સ્વામી, દેવોના પણ દેવ આ પૃથ્વી પર આ જ દિવસે આપણી સામે વાતો કરે છે અને દર્શન આપે છે.

બીજું, આત્મા અને પરમાત્માની વચ્ચે રહેલ દેવ માયા અને દેવતાનો સાજ છે. તે તો ભગવાનને બ્રહ્માંડો બનાવવા અને તેનો કારોભાર ચલાવવા માટે રાખ્યા છે. દેવો બ્રહ્માંડો માયાના દ્વારે રચાવે છે અને દેવતાઓ ચલાવે છે.

બીજું ભાઈઓ, આત્મામાં પરમાત્મા રહેલા છે. એટલે આત્મા પરમાત્મા એક કહેવાય. આત્મામાં બધું જ્ઞાન સમાય છે એટલે ન દે (આપે) પરમાત્મા તે દે આત્મા. આત્મા રીઝવેના તો વસ્તુ ન આવે હાથમા. મરને નાચ આઠે પહોર ગંગાજીના ઘાટમા. એટલે પ્રગટ અને પ્રત્યક્ષ સ્વરૂપમાં હેતરૂપી ભકિતથી આત્મ સ્વરૂપને પમાય છે. આત્મનિષ્ઠા રાખી ભગવાનની ભકિત કરવી તે શ્રેષ્ઠ ભકિત છે.

ભગવાનની શકિત પરા અને અપરા કહેવાય છે. સમૂહ જીવને વિશે પરાશકિત કહે છે અને જડતત્વના સમૂહને અપરા કહે છે. તેનાથી જીવ ઈશ્વરના દેહો બને છે. નાશમાન છે તે જડ છે અને અવિનાશી છે તે ચૈતન્ય છે. જે મૂળ પ્રકૃતિપુરુષ સાથે મળીને ચળ અને અચળરૂપ બને છે.

ભગવાનના વ્યતિરેક સ્વરૂપ મૂર્તિનું જે તેજ છે તેને અન્વય તેજ કહે છે. તે તેજ ક્ષર-અક્ષરના આત્મારૂપે છે. સુખ અને સામર્થ્યને આપનાર છે. તો પણ સર્વથી નિર્લેપ છે. પ્રલયમાં ચૌદ લોક માયાનું કાર્ય નાશ પામે છે. તેનાથી પર પુરુષાદી

ત્રિપુટીઓ વાસુદેવો અક્ષરો છે. તે અવિનાશી અચળ છે. તે પ્રલયમાં નાશ થતાં નથી. તેનાથી પર વ્યતિરેક ભગવાન બંનેથી પરાત્પર ન્યારું સ્વરૂપ છે. તે કાયમ સુખ, આત્યંતિક કલ્યાણ કરનાર છે. તથા તેમની ઈચ્છા થકી મૂકતો દ્વારથી કલ્યાણ પામી શકાય છે. પ્રકાશ, સુખ, ઐશ્વર્ય, આનંદ આ બધા સુખ ભગવાનની મૂર્તિના પ્રાણના છે. ધામ તે મૂર્તિનું તેજ છે. તે તેજના પરમ આધાર વ્યતિરેક ભગવાન છે. જો પ્રાણને પામીને અક્ષરો, ઉત્પત્યાદિક કાર્યો કરે છે. પુરુષો પ્રકૃતિઓ અનંત બ્રહ્માંડો ઉત્પન્ન કરે છે. તેમનો લય પ્રાણ પામીને અવતારો પૃથ્વી ઉપર કામ કરે છે.

લયપ્રાણથી સૂર્યો, ચંદ્રો, અગ્નિઓ બ્રહ્માંડમાં પ્રકાશ કરે છે. બ્રહ્માંડો ચલાવવા પ્રાણને થાપીને મહાવિષ્ણુ, મહદ અહંકારો, શેષનારાયણ, બ્રહ્માદિક દેવતાઓ, પ્રજાપતિઓ, દેવો, દાનવો, મનુષ્યો, પશુ આદિ પ્રાણીમાત્ર સૌ માયામાં જીવન જીવે છે. યોગીઓ આ પ્રાણથી ધારણા, ધ્યાન, સમાધિથી યોગ સાધી શકે છે. પણ આ પ્રાણ નારાયણ ઈશ્વર દ્વારા મળ્યો છે. તે ગૌણ છે. મૂળ પ્રકાશ પ્રાણથી હાલનો મળ્યો છે તે ગૌણ છે. મૂર્તિના પ્રાણના કિરણો એ જ ચિદાકાશ છે. તેનું આધાર ધામ છે. ધામના આધાર ભગવાન છે. આધાર આધેયથી દૂર ન હોય, અહીં તે જ્ઞાન છે. ત્યાં તે અજ્ઞાન છે. માટે હાલની સ્વરૂપ મૂર્તિ સામે આંગળી ચીંધીએ છીએ. હાલની સ્વરૂપ મૂર્તિમાં જેવી મતિ તેવી ગતિ પ્રાપ્તિ થાય છે.

ભકતના ચેતનને ભગવાન પોતાની મૂર્તિમાં રાખે છે. આ મૂર્તિમાંથી સુખના સાગર, તેજના ધોધ વહે છે. ભગવાનની મૂર્તિમાંથી રોમે-રોમમાંથી પ્રાણ-પ્રકાશનો પ્રવાહ વહે છે. જેમ પાણીના ધોધની માફક તેજનો ધોધ વહે છે. જે તેજ છે તેને અન્વય કહે છે.

ભાઈઓ, ભકતને પોતાના ઈષ્ટદેવ ભગવાનનો મહિમા જાણવો જોઈએ. જેટલો ભગવાનનો મહિમા ભકત જાણે તેટલી ભકતને મોટાઈ મળે છે. મોક્ષના માર્ગમાં આટલું જાણવું જરૂરી છે. (૧) પોતાના ઈષ્ટદેવનું સ્વરૂપ (૨) તેમનું સાચું નામ (૩) તેમનો મહિમા (૪) તેમની ભકિત કરવાથી મળતું ફળ. ભકિત શું ફળ મેળવવા કરીએ છીએ. (૫) ભકિતની રીત. ઉપાસકે આટલું જાણવું જરૂરી છે.

બીજું, ભગવાનનો મહિમા અનંત છે. તે શારદા આખી જીંદગી લખે તો પણ લખી શકે તેમ નથી. તો આ મહિમા તે મહાસમુદ્રમાંથી ચકલું ચાંચ બોળે તો કેટલું પાણી ઓછું થાય તેના જેવું છે. પણ પરાત્પર ભગવાન વિશે તેમની કૃપાથી સદ્‌ગુરૂ દ્વારા જેટલો મહિમા સમજાય તે ભગવાનની કૃપાનું ફળ છે. અને તેમની કૃપાથી ઉપાસક ઈષ્ટરૂપે બને છે. જેમ ઈયળ ભમરીરૂપે બને છે. અને ભગવાનની મૂર્તિના સુખમાં ભકતો સદાય આનંદ મંગળ કિલ્લોલ કરે છે.

::------------:: ॥ ::------------::

-: ભગવાનના અવતારથી થતાં લાભ :-

ભગવાન સ્વયં પોતે બ્રહ્માંડમાં અવતાર ધારણ કરે તે અવતારી કહેવાય. અથવા પોતાના મૂકત સંતને મોકલે અથવા દેવતાને અથવા દેવને મોકલે તે અવતારી કહેવાય છે. ભગવાન કે તેમના મૂકતો બ્રહ્માંડમાં આવી પોતાની અનન્ય ભકિત જીવને આપે છે. દેવી-દેવતાની પણ સાથે પરીક્ષા થાય. કારણ કે આ દેવી-દેવતા પણ અલૌકિક અવતારી ભગવાનના રૂપને ઓળખી શકતા નથી. તે ભગવાનને પણ મનુષ્ય માને છે. અને સૌ અવતારને હરેક વખતે નડતર થાય છે.

ધામમાં રહયાં થકી ભગવાન જયારે અનેક બ્રહ્માંડમાં દેખાય ત્યારે અવતારી પધાર્યા કહેવાય. આત્યંતિક સુખ, મોક્ષ દેવ પોતાના ઐશ્વર્યો સહિત સ્વયં પોતે આવે છે. અથવા પોતાના અનાદી સંતને મોકલે છે.

પૂર્ણ પુરુષોતમ ભગવાન પોતાના દેવ-દેવતાને પણ બ્રહ્માંડમાં મોકલે છે. તે અવતાર કહેવાય છે અને તે અવતાર શાસ્ત્રવિદ્યા પણ જીવને આપે છે. જેમકે શેષનારાયણ દ્વારથી કપિલરૂપે સાંખ્યજ્ઞાન આપ્યું, હીરણયગર્ભરૂપે યોગ જ્ઞાન આપ્યું. વરાહરૂપે હિરણયાક્ષને, નરસિંહરૂપે હિરહણ્યકશ્યપુને, મહા વૈકુંઠના મહાવિષ્ણુના દ્વારા રામ રૂપે રાવણ-કુંભકરણનું બળ તોડયું. પુરુષના દ્વારથી કૃષ્ણરૂપે કંસ, માણુર, દુર્યોધન, દુશાસન, જરાસંઘ આદીકનું બળ તોડયું અને અનેક જીવને યોગકર્મનો માર્ગ ચીંધ્યો અને અર્જુનને પણ યોગકર્મનો માર્ગ ચીંધી ગીતાનું જ્ઞાન આપ્યું.

જેમ રાજા પોતાના રાજકાફલાને લઈને રાજયમાં ફરવા નીકળે છે તેમ ભગવાન પોતાના મુક્ત સંતોને લઈને બ્રહ્માંડમાં ફરવા નીકળે છે. તેનાથી જીવને દર્શનનો લાભ મળે છે. નહીંતર ભગવાન તેના ધામમાંથી બધું કરી શકે છે. કારણ કે તેમની પાસે જ્ઞાન, ઈચ્છા, ક્રિયા, શકિતઓ છે. પણ બ્રહ્માંડમાં જવાથી પોતાની કે તેમના મુકત સંતની કોઈ સેવા કરે તો રાજી થાય અને જીવને નવાજે. બીજું જીવને દૃષ્ટિ વડે કે દિવ્ય દૃષ્ટિ રૂપે પ્રસાદી મળે. એટલે ભગવાનનું ચૈતન્ય તેજ તે જીવમાં પ્રવેશે છે. કયાંય નદી, સરોવર, તળાવ, સમુદ્રમાં સ્નાન કરે તો તે જળાશયોમાં રહેલા અસંખ્ય જીવને લાભ મળે છે.

દેવો, મનુષ્યો તેમના ચરણોનો સ્પર્શ કરે તો ભગવાનની પ્રસન્નતાથી તેમના કર્મો બળે છે. તેમનું વચન સાંભળે તો જીવના કર્મ કપાય. તેમના મુકત સંતોની વાત સાંભળે તો જીવના કર્મ બળે. ભાવથી કોઈ ભોજન જમાડે તો કર્મ બળે. કોઈ ચંદન પુષ્પ ચડાવે આવી સુગંધી પ્રસાદીથી કર્મ બળે. જેમ અગ્નિ ઘાસને બાળે તેમ ભગવાનનું તેજ જીવના કર્મને બાળે. જો કોઈપણ જીવ ભગવાનને કે તેમના સંત મુકતને આશ્રયે આવેલા હોય અને સમીપમાં અમારી પ્રસાદી પામેલ હોય તેમની દુર્ગતિ થતી નથી.

::------------:: ॥ ::------------::

બ્રહ્માંડમાં મનુષ્પરૂપે ભગવાનનો અવતાર જ બોધ આપી, પોતાની સત્ભકિતની સમજણ આપી, સ્વરૂપનું વિજ્ઞાન આપી ધર્મનું સ્વરૂપ જીવો ભૂલી ગયેલા હોવાથી ધર્મની સ્થાપના કરી જીવનો મોક્ષ કરે છે. તેમને ઘણા ભગવાન માને છે. પણ કોઈક અવિશ્વાસ રાખે છે. પણ સૌના નિયંતા, ઐશ્વર્યને પ્રતાપ સહિત એક જ અમે તે નિશ્ચયવાળાને મોક્ષગતિ મળે છે. એવો જયાં સુધી પ્રગટ, પ્રત્યક્ષ અવતાર સ્વરૂપમાં નિશ્ચય ન પકડાય ત્યાં સુધી મોક્ષ અટકે છે.

બ્રહ્માંડ રચવા, દેહ રચવા તે કામો સહેલા છે. પણ અજ્ઞાનથી છોડાવી, સર્વ દુઃખમાંથી મુકત કરી, જીવના મોક્ષ કરવા તે જીવની અવળાઈથી કઠણ કામ કરે છે. ભગવાન જીવને વિજ્ઞાનનું સુખ આપતા દુઃખ પણ દેખાડે. જેમ પિતા પુત્રને પ્રીતિને કારણે દેખાડે છે. પણ પિતા ઉપર પુત્રનો વિશ્વાસ અને પ્રેમ છે. એટલે તે રીતને સમજે અને ભૂલને સુધારે. દુઃખમાં પણ મુંજાય નહીં તેવા ભકતને ભગવાન સુખીયા કરે છે.

ભગવાનના મુક્તો આ પૃથ્વી પર સામાન્ય માણસની જેમ વર્તે છે. તેમની ઉપર જો જીવને હેત થાય તો વિશ્વાસ આવે અને પ્રેમથી તેમનું વચન માનેતો જીવનું કલ્યાણ થાય છે. ભગવાન કે તેમના મુકત સંતોના ચરણોમાં દ્રઢ પ્રિતી તે મોક્ષનું સાધન છે. એટલે પ્રત્યક્ષ અને પ્રગટ ભગવાનના સ્વરૂપ વગર મોક્ષ નથી. બીજુ, જયારે પ્રગટ સંત રૂપે ભગવાન પ્રત્યક્ષ ધરતી માથે હોય ત્યારે જગત તેને સાધુ, સંત કે મહંતની માફક જાણે છે. અને પ્રત્યક્ષ સ્વરૂપ પણ ધીમે ધીમે જીવને પથ્ય પડે તેમ સમજાવે છે. સાથે વ્યાસજી જેવા મહાપુરુષોના શસ્ત્રોના વેદ-પુરાણોના દાખલા આપી સાથે વર્ણવીને પ્રત્યક્ષ સ્વરૂપે વાત કરે છે. જેથી જીવને પથ્ય પડે છે.

બીજું, વ્યાસજીના વચનો આત્યંતિક મોક્ષ કરનાર હોય તો કથા પૂરાણમાં મોક્ષ છે તે કેમ ન જાણી શકે. એકનો નિશ્ચય ન હોય તો અનેક વાત કહેવી પડે. અનેક વાત કહેવાથી જીવ ભ્રમમાં પડે છે. કે દેવી મોક્ષ કરે છે કે શિવ મોક્ષ કરે છે. કે ગરૂડ કે બ્રહ્મ મોક્ષ કરે છે. પણ અર્ધ સત્યોને સાથે રાખીને ભગવાન પોતાનું જ્ઞાન ધીમે ધીમે જીવને આપે છે. ભગવાનને મનુષ્યરૂપમાં પડદો રાખીને પોતાના નીજ સ્વરૂપને કહેવું પડે છે.

::------------:: ॥ ::------------::

-: જીવ વિશે :-

ભાઈઓ, આ જીવ બ્રહ્માંડમાં કેમ આવ્યો કે આ જીવ પહેલા સુશુપ્તિમાં હતો ત્યારે વિના કર્મે ભગવાને દેહ અપાવ્યો એટલે દેહ ધરી બ્રહ્માંડમાં આવ્યો. હવે જયારે તેને કોઈ મુકત અવતારી મળે ત્યારે તેને સત્યજ્ઞાન મળે અને જે કાયમના સુખ શાશ્વત મોક્ષની વાત સમજાય અને પરમધામને પામે એટલા માટે ભગવાને બ્રહ્માંડો રચાવ્યાં છે. જીવને સમજવા માટે મન, બુદ્ધિ આપ્યા છે. મન ઊગ્યું ને જીવને ભ્રમ થયો અને વ્યતિરેક, પરાત્પર સર્વથી ન્યારા પુરુષોતમ ભગવાનને ભૂલ્યો. વિસ્મૃતિ થઈ અને સંશય થયો. હવે ભગવાનની કૃપાથી કોઈ મુકત સંત કે અવતારી સમાગમ મળવાથી સમજણ પડી. પછી ગુરૂચરણમાં જઈ ગુરૂકૃપા મેળવી પોતાનું કાયમી સુખ મેળવ્યું. શાશ્વત મોક્ષની પ્રાપ્તિ થઈ. તો ભાઈઓ, જીવ દેવ-દેવી કે દેવતાને આત્યંતિક કલ્યાણ કરવું હોય તો મૃત્યુલોક આવવું પડે.

બીજું, સર્વથી ન્યારા અને સર્વનું કારણ કોણ ? પરાત્પર પૂર્ણ પુરુષોત્તમ ભગવાન છે તે જીવને ખબર નથી. જયારે બ્રહ્માંડ રચાય ત્યારે જીવો ચોરાશી ફરવા જાય છે. પહેલા જીવને પ્રાથમિક જ્ઞાન દેવાય છે. તે માટે સૂક્ષ્મદેહ દેવાય છે. સૂક્ષ્મદેહને રહેવા માટે સ્થૂળદેહ દેવાય છે. સ્થૂળદેહ અને સૂક્ષ્મદેહની ઉત્પતીને માટે કારણ શરીર છે. કારણ શરીર જીવના કર્મોના પાકયાથી બંધાય છે. સૂક્ષ્મદેહ નવ તત્વનો ચાર અંતઃકરણ અને પાંચ તનમાત્રા સ્થૂળદેહ પંદર તત્વનો, પાંચ ભૂત, પાંચ જ્ઞાનેન્દ્રિઓ, પાંચ કર્મેન્દ્રિઓ, પાંચ માત્રા વિષયો બને છે. જે જ્ઞાનેન્દ્રિયથી ભોગવાય છે. પાંચ ભૂતો ને પાંચ માત્રા (તમોગુણથી) ઉત્પન્ન થાય છે. તમોગુણ માયાનું કાર્ય કરે છે. મન સત્વગુણથી, બુદ્ધિ રજોગુણથી સર્વ માયાનું કાર્ય કરે છે. ઈશ્વરનો વિરાટ દેહ છે. જીવનો સ્થૂળ દેહ છે. ઈશ્વરનો દેહ વિરાટ, સુમાત્મા અને અવ્યાકૃત છે. સુમાત્મા તે અહંકાર છે. અવ્યાકૃત તે મહતત્વ દેવતા છે. ત્રણેના મહાવિષ્ણુ દેવતા શરીર છે. નિયંતા છે અને ઈશ્વર છે. તે ભગવાનની ક્રિયા શકિતનો આધાર લઈ બ્રહ્માંડના કાર્ય કરે છે.

બીજી ભગવાનની જ્ઞાનશકિત છે. ત્રીજી ઈચ્છા શકિત કહેવાય છે. આ ત્રણે શકિતથી ભગવાન જીવ-ઈશ્વરનું નિયમન કરે છે. જેમ સૂર્ય પ્રકાશ આપે ત્યારે સૌ કાર્ય કરી શકે છે. તે શકિત ખેંચી લઈએ તો કાંઈ બની શકે નહીં. આવા પરાત્પર ભગવાનના ધામનું સુખ મળે તે સુખ કાયમી છે. જેમ ખાવા-પીવામાં વૃતિ જાય છે તે સુખ સાચું નથી. ધન દોલત લુંટાઈ જાય તો દુઃખ થાય છે. તે સુખ સાચું નથી. ખરું સુખ તો તે જ કહેવાય કે જેનો કદી પણ નાશ ન થાય. ઈન્દ્રિયોથી સુખ ભોગવાય છે. સુખ સાચું હોય તો દેહ પડે ત્યારે શું થાય ?

દેહ તો એક દિવસ પડવાનો છે. પછી સુખ કેમ ભોગવવું ? ઈન્દ્રિયોતો દેહ સાથે રહી. માટે ખાવું પીવું, હરવું ફરવું, મોજ માણવી તેમાં થાક લાગે છે. એટલે સાચું સુખ નથી. પણ પ્રગટ પ્રત્યક્ષ ભગવાનનાં સુખમાં ભકતો સદાય રહે છે. તો પણ તૃપ્ત થતાં નથી. તે સુખ સત્ય ને નિત્ય છે. તો શેરડીના કૂચારૂપ દેહભાવને કાઢીએ તો સ્વાદ આવે અને ભગવાનની મૂર્તિનું સુખ એ તો અત્યંતિક શાશ્વત મોક્ષ કહેવાય છે. જે આત્યંતિક કાયમી સુખ છે.

::------------:: ॥ ::------------::

-: મોક્ષ વિશે :-

ભાઈઓ, જે કાયમી સુખ શાશ્વત મોક્ષ છે તે મોક્ષ આપનાર પરાત્પર પરબ્રહ્મ પરમાત્મા છે. તે બધાથી ન્યારા છે. તે મા ના ઉદરમાં વસેલ નથી. તે ભગવાન દેવ, દેવતા, દેવી બધાને સુખ, સમર્થ, પ્રકાશ દેનારા છે. ભગવાન આપણું લક્ષ્ય છે. તે સૌના નિયંતા, સર્વના કારણ અંતર્યામી છે. પોતાના પ્રકાશે પ્રકાશમાન છે. પોતાના ઐશ્વર્યે ઐશ્વર્યમાન છે. આવા ભગવાનને ઓળખવા તે તો ભગવાન પોતે ઓળખાવે તો જ થાય. તે મનુષ્ય સ્વરૂપમાં સગુણરૂપે પૃથ્વીપર હોય તો પણ પોતે દિવ્ય છે. માયા તેને અડતી નથી. પોતે સત ચિત્ત આનંદ રૂપે જ છે. બીજા તેના અનાદી સંતો ભગવાનના સ્વરૂપને ઓળખાવીને જીવના મોક્ષ કરે છે. તે ભગવાનરૂપ જ હોય છે.

ભાઈઓ, મનુષ્યદેહ મળવો અને બુદ્દિધને પામવાનો એક જ હેતુ છે. જે આત્યંતિક મોક્ષગતિ પામવા માટે છે. કોટીક કામ બગાડીને પણ એક મોક્ષ સુધારવો. અને એક મોક્ષ બગાડયો તો મનુષ્ય અવતાર મળવાથી શું લાભ થયો ? મોક્ષ એટલે નિત્ય-અનિત્ય વસ્તુઓના વિચાર વડે અનિત્ય સંસારના સુખ દુઃખાત્મક બધા વિષયોના ક્ષેત્રોમાંથી સમતારૂપ બંધનનો નાશ થઈ જાય. વ્યતિરેક ભગવાનના આત્યંતિક કાયમી સુખની પ્રાપ્તિ થાય તે મોક્ષ કહેવાય. ભગવાન જીવને મોક્ષ આપે સાથે દેહને પણ જરૂર હોય તે તેના આશરે રહેનારને આપે છે. તેમનો યોગ-ક્ષેમ પૂર્ણ પ્રેમથી સાંભળે છે.

બીજું, બ્રહ્માથી મહાવિષ્ણુ સુધીના અંદરના સ્થાન છે. તેમાં રહેવાય તેને પણ મોક્ષ કહેવાય. પણ તે શાશ્વત મોક્ષ નથી. કારણકે તે સ્થાનોનો પ્રલયમાં નાશ થાય છે. માયાથી પર પુરુષ વગેરેના ધામો ચૈતન્ય છે. તેનો નાશ થતો નથી. તે સ્થાનો મળે તો મોક્ષ કહેવાય. પણ તે છેલ્લો મોક્ષ નથી. છેલ્લો મોક્ષ તો પરમ ધામમાં જ છે. તે આત્યંતિક સુખ તે શાશ્વત મોક્ષ છે. તે સાધનાથી પમાતો નથી. પણ ભગવાનની કૃપાથી જ પમાય છે.

આવું અનુભવ જ્ઞાન જયારે થાય છે ત્યારે સુખનો પાર રહેતો નથી અને ભકતની સિદ્ધ દશા થાય છે. ગુરૂ વિના ગતિ નહીં, ગુરૂ વિના જુગતિ નહીં, ગુરૂ વિના મુકિત નહીં. શાશ્વત મોક્ષ સ્વયં ભગવાન પોતે કે તેના અનાદિ સંતો જ આપે. બીજાથી બને નહીં. શાશ્વત મોક્ષ આપનાર પ્રગટ પ્રત્યક્ષ સ્વરૂપ છે. તે પ્રગટ સ્વરૂપે સંતો ગુરૂના દ્વારેથી ભગવાન જીવના મોક્ષ કરે છે.

ભગવાનની મોક્ષ કરવાની રીત પણ અકળિત છે. કર્મોને બાળીને, નિર્જરા કરીને દેહ દેખાડે પોતાના ભકતના ચૈતન્યને પોતામાં રાખે તે ભકતને ખબર પડતી નથી. સદ્ગુરૂએ આપેલ નામ, સમરણ અને ધ્યાનથી કારણ દેહ સ્વભાવ ટળી જાય છે.

પછી તેની ક્રિયા ભગવાન પોતે કરે છે. ભકત પોતાના ઈષ્ટરૂપે બને છે. અનુમાનજ્ઞાનથી મોક્ષ થાય નહીં. પણ પ્રગટ સ્વરૂપમાં હેત, પ્રેમલક્ષણા, ભકિત હોય તો મોક્ષમાં ઢીલ નથી. પલમાં મોક્ષ થાય.

આવું પરિણામ લાવવા માટે સ્વરૂપના વિજ્ઞાનની જરૂર પડે. આ વિજ્ઞાન ભગવાનનો મનુષ્યરૂપે અવતાર હોય અગર તેમના મુકત સંત પાસેથી સમજાય છે. અને તે એવું સુખદાયક છે કે કોઈ દિવસ ભૂલાય પણ નહીં. જેમ રાજા કે ધનવાન માણસ હોય તે કાયમ ઉત્તમ ભોજન જમતા હોય પછી ટાઢા ભાત કે ઉતરેલ ખડ ધાન મળે તો આગલા ભોજનની યાદ આવે છે. તેમ ભગવાનના સ્વરૂપ વિજ્ઞાનના ધોરીમાર્ગમાં કેવળ સુખ ને આનંદ પળે પળે વહેતો રહે છે. શ્રમ કે ઉપાધી નથી હોતી. હીંડોળે ઝુલનારની જેમ સહેજે સુખ ને આનંદ રહે છે.

પ્રગટ પ્રત્યક્ષ ભગવાનને ન જાણે તો વિશ્વાસ કેમ બંધાય. વિશ્વાસ વિના શ્રદ્ધા ન રહે. શ્રદ્ધા વિના જ્ઞાન ન થાય. જ્ઞાન વિના મુકિત ન થાય. પ્રગટના દર્શન થાય અને તેમની કૃપા થાય તે થકી જ મોક્ષ પમાય છે. પ્રત્યક્ષના સ્વરૂપ વિજ્ઞાન થકી જ આ જોવાય છે. આવું પ્રત્યક્ષજ્ઞાન જીવને દિવ્યત્તર કરે છે અને પોતે જોઈ શકે છે કે આ માયાના ચળ રાજયના સુખ નાશવંત છે. અચળ રાજયના અવિચળ સુખ છે તે સ્વરૂપ વિજ્ઞાન થકી સમજાય છે.

દેવ-દેવતાના નાના ધામો પરમ ધામના સુખ આગળ ગૌણ છે. અને તે શાશ્વત ગતિ તો પ્રગટ ભગવાન કે તેના અનાદિ સંતો જ આપે. અને સંતપણુ તો ત્યાગી, નિવૃત્તિપણામાં હોય અને ગૃહસ્થીપણામાં પણ હોય. તેમાં વસ્ત્રનો કોઈ મેળ નથી કે સંત હોય તે આવા જ વસ્ત્ર પહેરે. ભગવા તો અનેક પહેરે તોય અંતરમાં ઉપાધિ હોય. સ્થૂળદેહથી સંસાર ત્યાગ્યો છે પણ સૂક્ષ્મ સંસાર ચિત્તમાં હોય છે. એટલે મુકત ન કહેવાય. પ્રત્યક્ષ સ્વરૂપનું વિજ્ઞાન, ભકિતરૂપી સ્નેહ, જીવને મોક્ષમાં પહોંચાડે છે. જીવના મોક્ષની સ્પષ્ટ વાત સાંભળવા મળતી નથી. શાસ્ત્રોમાં પણ કોઈ ધર્મ બતાવે, કોઈ વૈરાગ બતાવે તેમ ધર્મ બાબતમાં પણ ઘણાં મતભેદ છે. વર્ણાશ્રમ પણ ધર્મ છે. પણ તેમાં મોક્ષ થાય નહીં. તે વર્ણાશ્રમ ધર્મ સમાજની વ્યવસ્થા માટે છે.

પ્રગટ પ્રત્યક્ષ ભગવાનનું સ્વરૂપ ગુરૂ, સંતરૂપે મળે નહીં અને તેમનું વિજ્ઞાન મળે નહીં ત્યાં સુધી જીવનો વિશ્વાસ બંધાતો નથી. વિજ્ઞાન વિના સંશય રહે છે. સંશયથી અંતઃકરણ ઊભું થાય છે. પ્રત્યક્ષ ભગવાનનું સ્વરૂપ મળવાથી ભગવાન વિશે વિશ્વાસ બંધાય છે. વિશ્વાસથી તેમના વચન જાણે છે. પછી શ્રદ્ધા બંધાય છે. શ્રદ્ધા ઉપજ્યા પછી જ્ઞાન થાય છે. જ્ઞાન થયા પછી જીવન મુકિતનો આ છતે દેહે જ અનુભવ થાય છે. કાયમી સુખ, મોક્ષગતિ (શાશ્વત) મળે છે. આ ઉધારની વાત જ નથી, રોકડીયો વેપાર છે. જેવું કરે તેવું આ દેહ જ પામે છે. અને જોવાય છે એટલે સંતોએ પ્રગટનો

મહિમા ગાયો છે. તે સિવાય મોક્ષની પ્રાપ્તિ નથી. શાશ્વત મોક્ષ કરનાર સદ્‌ગુરૂ સંત રૂપે પ્રગટ પ્રત્યક્ષ સ્વરૂપ મળે તો થાય છે.

ભગવાન તેના મુક્ત સંતમાં પ્રત્યક્ષ રૂપે પૃથ્વી ઉપર હોય છે. તેમના સંતો ભગવનના રૂપમાં રહીને બધી ક્રિયા મનુષ્યની માફક કરે છે. ભગવાન પણ સંત મુકતરૂપે પોતે સર્વ ક્રિયા કરે છે અને જીવને મોક્ષગતિ આપે છે. એટલે ભગવાન સંતમાં પ્રત્યક્ષ અને પ્રગટ છે. પ્રગટ ભગવાનનું સ્વરૂપ ન ઓળખાય અને બીજા કોઈ દેવ-દેવતાનો ભાર રાખે તો ભગવાનના સ્વરૂપના નિશ્ચયની કસૂર સમજવી. તો ભગવાન પ્રસન્ન ન થાય. છતે દેહે ભગવાનના લક્ષ્યાર્થ જ્ઞાનથી કાયમી સુખ મળે. આ અનુભવની વાત છે, તેમાં શંકા નથી. માટે વ્યતિરેક ભગવાનનું વિજ્ઞાન પામવાની સદ્‌ગુરૂના ચરણોમાં જઈને મહેનત કરવી. જેનાથી શાશ્વત મોક્ષની પ્રાપ્તિ થાય. ભગવાન શ્રીહરીના એકાંતિક ભકતોને ભગવાનની અને ધામની પ્રાપ્તિ છતે દેહે જ થાય છે.

આત્મબ્રહ્મ ધામનો દરવાજો છે. અને હૃદયાકાશમાં પરમબ્રહ્મ પુરુષોતમની મૂર્તિ જેવી એ જ્ઞાનની સ્થિતી છે. આવો એકાંતિક ભકત ગમે તે વખતે અને ગમે ત્યાં દેહ છોડે તો પણ ભગવાનના પરમધામને જ પામે છે. તેને કાયમ દેવયાન અર્ચીમાર્ગ પાસે છે. આ સંત જીવન મુકત છે. અને સંત સદ્‌ગુરૂના શરણમાં જઈ શરણાગતિ સ્વીકારતા ગુરૂકૃપા થકી પમાય છે. પછી તે ભકતે પોતાને ત્રણ દેહથી પર પોતાને સમજી બ્રહ્મ સાથે એકતા કરી છે તેવા ભકતને ભગવાન તો તેના આત્માને વિશે દેખાય છે કે મારા વિશે પુરુષોત્તમ ભગવાન અખંડરૂપે વિરાજમાન છે. અને તે છતે દેહે જ જીવનમુકત છે. આ મનુષ્ય અવતારમાં આત્યંતિક કાયમી સુખ, શાશ્વત મોક્ષ મેળવવો તે જીવનનો મુખ્ય હેતુ છે. તે માટે શું કરવું ? તે મોક્ષગતિ પ્રાપ્ત કરવામાં શું આવરણો નડે છે ? તેની સમજણ મેળવવી પડે છે.

ભાઈઓ, શાશ્વત મોક્ષમાર્ગમાં માયા પ્રકૃતિના આઠ આવરણો તથા તેમના દેવતાના વૈભવી જીવને મોક્ષમાર્ગમાં આવરણ કરે છે. આઠ આવરણો જે પૃથ્વી, જળ, તેજ, વાયુ, આકાશ, અહંકાર, મહદ ને પ્રકૃતિ. પૃથ્વી તત્વથી જળ દસ ગણું મોટું છે. જળથી તેજ દસ ગણુ મોટું છે. તેમ એક એકથી દસ ગણુ મોટું છે. તે પ્રકૃતિ જળને ખાય જાય છે અને ચેતનને પકડી રાખે છે. તે પ્રકૃતિ છેવટ પુરુષના તેજમાં સમાય છે.

(૧) પૃથ્વી આવરણ સ્વર્ગસહિત, ચૌદલોક ઈન્દ્રિયોના વૈભવ સહિત પાંચ લાખ ઈન્દ્રો બ્રહ્માંડની આયુષ્ય સુધીમાં પચાસ કોટી પૃથ્વી જળમાં સમાય છે.

(૨) જળ આવરણ તે પૃથ્વીથી દસ ગણું મોટું છે. તેમના વરૂણ જેવા દેવતા વૈભવ સહિત સાત સાગરો, પૃથ્વી વીંટીને રહેલા છે. તે તેજથી સોસાઈને વરાળ બનીને પૃથ્વી પર વરસાવાય છે.

(૩) તેજ આવરણ જળથી દસ ગણું મોટું છે. અગ્નિ તેના દેવ છે. શાસ્ત્રોમાં તે પૂજાય છે. ઈશ્વરના નામથી તે જળને વળવાનલ રૂપે શોષે છે. બ્રહ્માંડને તે પ્રકાશે છે.
(૪) વાયુ ચોથુ આવરણ તેજથી દસ ગણું મોટું છે. તેના એક અંગમાં તેજ સમાય છે. તે વરસાદને વરસાવે, બંધ કરે. પ્રાણ અપાનથી જીવના દેહને જેનો આધાર છે, આવા વાયુદેવ છે.
(૫) પાંચમું આવરણ આકાશ છે. તે સર્વમાં વ્યાપીને રહેલ છે. તે આકાશ અહંકારમાં સમાય છે.
(૬) છઠ્ઠું આવરણ અહંકાર છે. જે શેષનારાયણના લોકમાં ઉત્પતિ-સ્થિતિ ને લય કરે છે. જે અહંકારની ત્રિપુટીને અનિરૂદ્ધ પ્રદ્યુમનને સંકર્ષણ કહે છે.
(૭) સાતમું આવરણ મહદ છે. જેમાં અહંકારની ત્રિપુટી સમાય છે.
(૮) આઠમું આવરણ પ્રકૃતિ છે. જેના અંશમાત્રમાં મહદ સમાય છે.

ઉપરના અષ્ટધા પ્રકૃતિના કાર્યને તોડવા નિત્ય, નિમિત્ત પ્રકૃતિને આત્યંતિક ચાર પ્રલય રાખ્યાં છે.

જીવની સુશુપ્તિ ઉપાધિ છે તે નિત્ય પ્રલય થાય છે. બ્રહ્માની સુશુપ્તિ ઈશ્વરની ઉપાધિ છે. તેમાં લીન થાય તે નિમિત્ત પ્રલય છે.

મહાવિષ્ણુની ઉપાધિ પ્રાકૃત પ્રલયમાં લીન થાય છે. પુરુષની ઉપાધિ પ્રકૃતિનો પુરુષમાં લય થાય છે તે આત્યંતિક પ્રલય છે.

આ પ્રલય કરવા પીંડ બ્રહ્માંડને તોડવા માટે રાજયમાં મહેશ, સંકર્ષણ અને મહાકાળને રાખ્યાં છે.

બ્રહ્માંડને ઉત્પન્નન કરવા પુરુષ, અનિરૂદ્ધ અને બ્રહ્માને રાખ્યાં છે.

બ્રહ્માંડનું પાલન કરવા નારાયણ, પ્રદ્યુમ્ન અને વિષ્ણુને રાખ્યાં છે.

ભગવાનને સકામ ભાવે અગર ઉપરના દેવ દેવતાને ઈશ્વર જાણીને ભજે તો તેના દેવ દેવાયુના લોક મળે પણ શાશ્વત મોક્ષ મળતો નથી.

જો નિષ્કામભાવે ભગવાનને આ બધાથી ન્યારા સમજી સૌના નિયંતા સ્વામી સમજી ભગવાનને ભજો તો આત્યંતિક સુખ, શાશ્વત મોક્ષ મળે. (મોક્ષને પામે છે) દેહ-દેહીના જયાં ભાવ છે તે ચળ બ્રહ્માંડ છે. દેવોના અચળ બ્રહ્માંડો છે. ત્યાં સર્વે પુરુષાકાર છે. દેહ-દેહી જુદા નથી. બધા ચૈતન્ય છે. તે બંને તો ભગવાનના અન્વય તેજના આધારે છે. તે તેજ ભગવાનના આધારે છે. જગતના વિજ્ઞાનીઓ ભગવાનની રીતનો પાર લેવા માંગે છે. દીર્ઘકાળથી મથે છે પણ કાંઈક પીંડનું જાણ્યું, કાંઈક બ્રહ્માંડનું. પણ તે તો અલ્પ અણું જેવું છે.

ભાઈઓ, આ પ્રકૃતિનું કાર્ય અને તે રાજયના ભાગો સ્થૂળ, સૂક્ષ્મ, સૂક્ષ્મતર અને સૂક્ષ્મતમ આ ચોવીસ તત્વના ભાગ બન્યા છે. જેમ મૃત્યુલોકમાં સ્થૂલ

શબ્દ સ્પર્શ, રૂપ, રસ, ગંધ જેમ છે તેમ ઉપરના લોકમાં સૂક્ષ્મ, સૂક્ષ્મતર અને સૂક્ષ્મતમ ભાગો છે. આ માયા અંદરના દેવતાઓને બળવાન કહો કે રમણીય કહો કે વૈભવવાળા કહો. પણ તે જીવને મોહ પમાડી અંતે પ્રલયમાં તેમના ધામ પણ નાશ પામે છે અને જીવો ઉપરના આવરણોને વૈભવરૂપ માની મોક્ષના સ્થાન માને છે. પણ આ માયાના ચળ બ્રહ્માંડનો આત્યંતિક પ્રલયમાં નાશ થાય છે. આ પ્રકૃતિના માયાના માળખાને શાસ્ત્રો વખાણે છે. પણ તેની ઉપરની ખબર નથી. પછી પરમતત્વ કહે, કેવલ્ય કહે કે, નેતી-નેતી કહે છે.

પણ પ્રકૃતિથી પર દેવોના સ્થાન છે. તેમના ચૈતન્યદેહ સતામાત્ર છે. જડને બે આકાર છે. જે પુરુષ તથા નારીના દેહ છે. આ માયાનું ખોખું સાંખ્યજ્ઞાનથી જોયું તે કેમ ભેદવું તે યોગની રીત જાણી પણ ભેદનારે તે ન જાણ્યું કે ભેદયાં પછી કયાં જવું. એટલે કેવલ્ય કે પરમ તત્વ કહીને વિરામ પામ્યાં.

બ્રહ્માંડની અડધી આયુષ્ય સુધીમાં ઘણા મત પંથ ચાલ્યા. તેમાં પુણ્યવાન આત્માર્થી જીવો મોક્ષમાર્ગનો મરમ બરાબર સમજી શકે. તે સમજવામાં આ નવી ભૂમિકા જેવું લાગશે. કારણ કે આગળના શાસ્ત્રો મોક્ષ બારામાં બરોબર સમજણ પડે તેવો ખુલાસો આપતા નથી અને જેને સદ્ગુરૂનો જોગ મળ્યો છે તે સમજી શકે છે કે શાસ્ત્રોમાં અર્ધસત્ય છે. તપ અને બ્રહ્મચર્યનું પુણ્ય તો સ્વર્ગ, વૈકુંઠ માયાના રાજયમાં દેવતાના લોક અપાવે. પણ મોક્ષ આપવાવાળું પુણ્ય તો અવતારી ભગવાન પોતે અગર તેમના સંતોની પ્રસન્તા-કૃપાથી મળે છે. એવા પુણ્યવાળા જીવો આ વાતને સમજી શકે છે. જીલી શકે છે અને શાશ્વત મોક્ષ મેળવી શકે છે.

બીજું, મોક્ષની પ્રાપ્તિમાં કોઈ શાસ્ત્ર ખુલાસાથી કહેતા હોય તેમ સાંભળવામાં આવ્યું નથી. કે શાશ્વત મોક્ષ કયાં છે ? કોણ દેનાર છે ? કોણ પરમેશ્વર છે ? તે વિશે અર્ધ સત્યો લખાણા છે. કાંઈક અનુમાનથી પણ તે પ્રત્યક્ષ પ્રમાણ ન કહેવાય.

ભાઈઓ, જ્ઞાનના મુખ્ય ચાર પ્રકાર છે. પહેલો પ્રકાર પ્રકૃતિ સુધીનો, બીજો પરાપ્રકૃતિ અક્ષર સુધીનો, ત્રીજો પ્રકાર માયાતીતોથી પરનો એકાંતિક ભકતનો, ચોથી વૈજ્ઞાનિકનો (સંત અવતાર સ્વરૂપ વિજ્ઞાનનો)

પહેલો પ્રકાર પ્રકૃતિમાં આ બ્રહ્માંડ કેમ ઉપજે છે કેમ ચલાવાય ? પ્રલયો કેમ થાય ? આવરણ આઠ કયા ? દેહ બંધાય કેમ ? પ્રલયમાં કયાં કેમ લીન થાય ? અંતે શું બને ? તે વિષે જો સમજાય તો પ્રકૃતિમાંથી વૈરાગ્ય ઉપજે છે. એટલે સુધીની શાસ્ત્રો વાતો કરે છે. પૂર્ણ જોયાં, સમજયાં વિનાના પોતાના ઉભરા કાઢયાં છે. બ્રહ્માંડો અંદર તથા માયાપરની વ્યવસ્થિત સમજણ જોવામાં આવતી નથી. આ માયાના રાજયનો પ્રલય થાય છે અને સાથે તેના દેવતાના લોકનો આખરે પ્રલયમાં નાશ થાય છે.

હવે પુરુષથી અક્ષર સુધીનું જ્ઞાન. પરાપ્રકૃતિનું બીજા પ્રકારનું છે. ત્રીજા પ્રકારનું એકાન્તિક ભકતનું છે. તે બીજાને નમે-ભજે નહીં. તે અમારા સમાન કોઈને ન જાણે. તેને અમે એક જ રહીએ. ચોથું સ્વરૂપનું વિજ્ઞાન. આ જ્ઞાનની સ્થિતિથી મોક્ષ છે. આ સ્થિતિ ન થઈ હોય ત્યાં સુધી ભકત ઉપર મોક્ષમાર્ગમાં વિઘ્ન રહે છે. આ જ્ઞાનમાં સ્થિતિ જયારે થાય છે ત્યારે મન, બુદ્ધિનું મૃત્યું થાય છે. તેને કૃપા કરીને બ્રહ્મમય દેહ આપીએ છીએ.

આવા ભકતની સ્વરૂપ વિજ્ઞાનની દૃષ્ટિ એવી હોય છે. બ્રહ્માંડો નાશ પામે પણ ભગવાનને (અમને) અખંડ અને અચ્યુત સમજે. કર્તા ભગવાનને (અમને) સમજે કે તેના વિના કાંઈ બને જ નહીં. (અમારી મરજી વિના કાંઈ બને જ નહીં) તો પણ અમને એ કર્તા સમજે કારણ કે અમો તેજ દ્વારાથી બીજા પાસે કરાવીએ છીએ. વળી અન્યથા કર્તા સમજે છે કારણ કે અમારે શરણે આવે તો પાપી અધમનો પણ મોક્ષ કરીએ. આમ, જે અમને જાણે એમનો દેહ છતાં જ મોક્ષ થયો જ છે અને માયામાં રહેલા વિષયોના રાગથી તથા માયામાં રહેલા દેવતાના વૈભવથી અને માયાતીત દેવોના ભારથી આવા વિઘ્નોથી મોક્ષ માર્ગમાં બચાય છે. માટે ઈન્દ્રિયોથી, મનથી, જીવથી આવી સમજ કરે તો ભગવાનને ઓળખી શકે. દેવ-દેવતાની ભકિતતો રાજા આગળ રંક હોય તેના જેવી છે. આવી વેશ્યાભકિત ભકતને ભગવાનથી છેટા રાખે છે.

મોક્ષના માર્ગની સ્પષ્ટ સમજણ ન હોવાથી મોક્ષમાં ભ્રમ થાય છે. આ માયામાં રહેલા વિષયોના રાગથી તથા માયામાં રહેલા દેવતા તેના ધામના વૈભવોને મોક્ષ ન માની બેસે તેવી અણસમજ તથા માયાતીતો દેવના ભારથી આવી અણસમજથી મોક્ષમાર્ગમાં જે વિઘ્નો આવે છે તેનાથી બચાય છે. અને આત્યંતિક સુખ, શાશ્વત મોક્ષ પમાય છે.

આ પોતાના સ્વરૂપનું વિજ્ઞાન દેવા બ્રહ્માંડમાં મનુષ્ય રૂપે ભગવાનનો અવતાર હોય છે. પણ ઘણાં ભગવાન માને પણ કોઈક અવિશ્વાસ રાખે છે. પણ ભગવાનનું ઐશ્વર્ય ને પ્રતાપ સૌના નિયંતા અમે એક જ આવા નિશ્ચયવાળા ભકતને મોક્ષગતિ મળે છે. બ્રહ્માંડ રચવા તે કામ તો સહેલા છે. પણ જીવને અજ્ઞાનથી છોડાવી જીવના મોક્ષ કરવા તે જીવની અવળાઈથી કઠણ કામ છે.

જીવને સ્વરૂપ વિજ્ઞાનનું સુખ આપવા દુઃખ પણ દેખાડે. જેમ પ્રિતીને કારણે પિતા પુત્રને દેખાડે તેમ પુત્રને પિતા ઉપર પ્રેમ છે એટલે એ રીતને સમજે અને ભૂલ સુધારે. દુઃખમાં પણ મુંજાય નહીં તેવા ભકતને ભગવાન સુખીયા કરે છે.

બીજું ભાઈઓ, દેવ-દેવતાઓ મોક્ષ કરે નહી. કારણ કે તેનો પોતાનો મોક્ષ થયો નથી, હજુ બાકી છે. આત્યંતિક સુખ મોક્ષગતિ પામવા માટે બ્રહ્માંડના દેવતાઓને પણ જીવ સમાજ જ જાણવા. જેમ સમાજમાં કોઈ રાજા, તવંગર, કોઈ ગરીબ, કોઈ મુરખ,

જ્ઞાની, કોઈ પંડીત જીવો હોય તેમ દેવ-દેવતાઓ ગણવા. જેથી ઉપાસનાનો ભંગ ન થાય. પરાત્પર ભગવાનને દેવ સમાન જો કોઈ કહે તો તેની દુર્બુદ્ધિ કહેવાય. કારણ કે દેવ-દેવતાતો ભગવાનના પ્રકાશથી સર્વે પ્રકાશિત છે.

જેમ રાજા કોઈને દિવાન કે અધિકારી બનાવી સામર્થ્ય આપી સતા આપે તેમ ભગવાને દેવ-દેવતાને સતા આપી છે. પણ આ સર્વના નિયંતા ભગવાન છે. આ વાત આજે સમજાય કે હજાર વર્ષ પછી સમજે. પણ તે વાત જાણયા પછી જ મોક્ષ છે. સતભકિત તો અનન્ય અને પતિવ્રતાની જ છે. બાકીની ભકિત વ્યભિચારીણી કહેવાય છે. તે ભકિતથી શાશ્વત મોક્ષ થાય નહીં. ભગવાનનો આશ્રય હોય પણ અનન્ય ભાવ ન હોય તો શુકન જુએ, મુરત જુએ, બીજા દેવોના જાપ કરાવે, બીજા દેવની મૂર્તિ પૂજે, ભજે-નમે તો પ્રત્યક્ષ અને પ્રગટ ભગવાન મળ્યા તેનો અનન્યભાવ ન કહેવાય. તેને કર્મનું ફળ મળે પણ શાશ્વત મોક્ષ ન મળે.

ભાઈઓ, પરબ્રહ્મ ભગવાનના સુખ આગળ દેવ દેવતાના સુખ કેવા હોય કે જેમ દુકાળમાં ભિખારી વાસી કે એઠા અન્નની ઈચ્છા કરે છે. તેવું ભગવાનની આગળ બ્રહ્માદિક દેવતાનું છે. પરબ્રહ્મ પરાત્પર ભગવાનના સુખ આગળ દેવ-દેવતાના સુખો તુચ્છ હોય છે. તે ગુરૂમુખી સત્‌બુદ્ધિવાળા ભકત જીવો સમજી શકે છે. જેમ રાજા ચકવર્તી હોય અને ખંડિયા રાજાઓ પણ હોય તેમ દેવ-દેવતાને પણ ભગવાન તરીકે માને છે અને વંદે છે. પણ પૂર્ણબ્રહ્મ, પરાત્પર પુરુષોતમ ભગવાનને જાણતા નથી. એટલે પછી જ્ઞાની પુરુષો દેવ-દેવતાને આગળ કરી ભગવાન તરીકે દિશા બતાવે છે. જેથી જીવ આજ નહીં તો કાલ ભગવાનના સ્વરૂપને સમજી શકશે અને પોતાની ભૂલ સુધારશે. નહીંતર શું થાય કે અવતારને ભગવાનની કોટિમાં ગણતા નથી પણ દેવની કોટિમાં પણ ગણતા નથી. તેથી બીજા શાસ્ત્રો તથા નાના અવતારોનો આશરો રાખીને બોલવું પડે છે. પણ બીજા કોઈ દેવ-દેવતાનો ભાર રહે તો નિશ્ચયની કસર (ખામી) સમજવી. તો ભગવાન પ્રસન્ન ન થાય. છતે દેહે જ લક્ષ્યાર્થ જ્ઞાનથી સુખ મળે. આ અનુભવની વાત છે. તેમાં શંકા નથી. માટે વ્યતિરેક ભગવાનનું વિજ્ઞાન પામવા પ્રયત્ન કરવો. ભગવાનની કૃપા કહો કે આત્યંતિક સુખ કે શાશ્વત સુખ કહો કે (મોક્ષ કહો) કે વ્યતિરેક ભગવાનનો નિશ્ચય કહો તેને એક જ જાણો.

વ્યતિરેક ભગવાન સ્વયં જયોતિ, દિવ્યમ સ્વશર છે. આ વિજ્ઞાનને ભકત પામે તો અનાદિ ભકત લક્ષ્યાર્થી થયો કહેવાય. આવા મુકતો ઉપર ભગવાનને હેત હોય, ભકતો ઉપર દયા હોય. તેઓને ભગવાનનો પ્રાણ મળે છે. પ્રકાશ, બળ, સુખ, આનંદ ભગવાન થકી મળે છે અને ભકતો ઉપર કિલ્લોલ કરે છે. દેવી, દેવ, દેવતાથી જીવ છુટે છે. જો ભગવાનના મુકત સંતો ઉપર હેત અને વિશ્વાસ રાખે તો જે સર્વથી ન્યારા

વ્યતિરેક ભગવાનનું સુખ કંદ અખંડ આનંદ મળે અને તે જ સમયે તે જ પળે આત્યંતિક મોક્ષ થાય છે. વ્યતિરેક ભગવાનનું સુખ મળે તે સુખને અનુપમ સુખ કહેવાય છે.

બીજું ભાઈઓ, મોક્ષમાર્ગમાં આત્મા-પરમાત્માની અધ્યાત્મ વાત જાણવી જરૂરી છે. જેનાથી સંશય મટે છે. નહીંતર જીવને ભ્રમ થાય છે કે કોણ ભગવાન ? કયું ધામ ? ને મોક્ષ કેવો હશે ? આત્મા અને પરમાત્માની વચમાં રહેલા દેવ માયા અને દેવતાનો સાજ છે. તે તો ભગવાનને બ્રહ્માંડો બનાવવા તથા તેમનો કારભાર ચલાવવા માટે રાખ્યાં છે.

::------------:: ॥ ::------------::

ઉપરોક્ત લેખન સંત શિરોમણી શ્રી સદ્‌ગુરૂદેવ શ્રી હરિરામબાપાના સ્વહસ્તે લખાયેલ પ્રતની નકલ કરેલી છે. તે લખાયેલા સતસંગમાં નીચે મુજબના વિષયોનો સમાવેશ થયેલો છે.

(૧) ભગવાનનું બીરદ

(૨) પરાત્પર - પરબ્રહ્મ ભગવાનનો મહિમા

(૩) ભગવાનના અવતારથી થતાં લાભ

(૪) જીવ વિશે

(૫) મોક્ષ વિશે

ભગવાનનો પરમ ભકત સ્વ આત્મ સ્વરૂપને પામીને ભગવાનના વ્યતિરેક સ્વરૂપને પામવાની સાધના કરતાં સાધકને માટે માર્ગદર્શક અને પ્રેરણારૂપ છે. તેમાં કોઈ સંદેહ નથી.

બસ એજ...
દાસાનુદાસ દિલસુખના
સત રામ રામ, ગુરૂ પ્રણામ
જય ભગવાન

::------------:: ॥ ::------------::

(૨) સદ્‌ગુરૂના પત્ર (આફ્રિકા) દ્વારા સત્સંગ

શ્રી અધમ ઓધારણ, ભવસાગર તારણહાર, કરૂણા નિધાન, દયાના સાગર,
સદ્‌ગુરૂદેવનો જય હો... જય હો... જય હો.

ધ્યાન મૂલં ગુરૂમૂર્તિ પુજા મુલં ગુરૂપદં
મંત્ર મૂલં ગુરૂ વાક્ય મોક્ષ મૂલં ગુરૂ કૃપા

સ્વસ્થાન શ્રી ગામ ધામ જામનગર મધ્યે મહાશુભ સ્થાને વિરાજમાન આદિ અનાદિ મહામૂળ ધર્મ મહામૂળ નામ તે સત વચન, તે સત ભકિતપદને વરેલા, અજર અમર નામના સોહાગી શ્રી સદ્‌ગુરૂચરણ વિશ્વાસી, સત ઈશ્વરી તે મહાદેવ કળાના હંસો તે મહાઅમૃત ભોજનનો આહાર કરવાવાળા નિમિત આ સંસાર ભવસાગરમાં નીપજેલ સાચા મોતી અમારા પ્રાણમય નિજ સ્વરૂપ સત આત્મ દીપ જયોતિ સત સોહંગ પ્રકાશી અમારા પ્રાણમય વહાલા ભાઈ શ્રી.

તથા બાલ ગોપાલ, ઘર કુટુંબ પરિવાર સહ તથા સર્વે સત્ પરિવાર તથા તમારા સાથમાં સર્વે સત્સંગ મંડળનાં સમસ્ત ભાઈઓ તે સાથ બે બાઈઓ અમારી દીકરીઓ સાથ સર્વેનાં બાલ-ગોપાલ તે સાથ કુટુંબ પરિવાર તથા સાથ સર્વે સગા સંબંધી તે હેતુ મિત્રમંડળ સહિત તે તમામ સાથ સર્વેની સત આત્મબુધ્ધિ પ્રકાશ સત શુભ સ્મૃતિ શ્રી સદ્‌ગુરૂ સાહેબ દેવળવાળો દેવ શ્રી ગુરૂ રૂગનાથ તે અનાથનો નાથ તેમની દિવ્ય દ્રષ્ટિ, સત્ દુવા કૃપા થકી ચિરણજીવી ઘણી તે ઘણી જ અવિચળ રાખેજી અને તમારા સ્થૂળ દેહમાં નરવા રાખેજી અને તમારી જીવ જીવાઈ તે કામ કમાણી ઉધમ ધંધા રોજગારમાં તે કુદરત તમોને ઘણો તે ઘણો જ લાભ બરકત આપેજી. અને તે શ્રી સદ્‌ગુરૂ દેવને સત્ પ્રભુ ઈશ્વરના તે સતનામ વચન, ભજન સમરણ માયામાં તે કુદરત તમારી સતબુધ્ધિ જ રાખે. અને તે સર્વ દયાથી કુદરત તમારી સહાયતા કરી અને કુદરત તમોને સદાયને માટે સુખી જ રાખે એવા શુભઆશિષ. દુવા આશીર્વાદ. શ્રી ગુરૂચરણ ગ્રહીને તમોને છે તે તમારી સાથ સર્વેના સુખ સુખાકારી સત કુશળતા જ ચાહીએ છીએ. બોલો સર્વદાતા સદ્‌ગુરૂદેવનો જય હો... જય હો... જય હો.

શ્રી ગામ ધામ થીકાથી લી. સંત ચરણરજ દાસાનુદાસ હરિદાસ વીરજી તથા અમારા ઘેરથી મણિબાઈ તથા સત પરિવાર, સત ભકતમંડળ, ઘર કુટુંબ પરિવાર ને ત્રિવેણી તીરથ તે સાથ ગત ગંગાના જય શ્રી હરિ. શ્રી ગુરૂસાહેબ. સત રામ રામ પ્રણામ. દુવા આશિષ તે તમો સાથ સર્વે સતસંગી ભાઈઓ સાથે મળીને મહામોજ ખુશી આનંદ ને વખતે વાંચશો.

બીજું કે, જુઓ ભાઈઓ જેમ જળ વિના રહે નહીં માછલી, ચંદ્ર વિના રહે નહીં ચકોર પણ ગુરૂની ગમ વિના જે જ્ઞાન કથે તે ખોટા કરે છે બકોર. કોઈથી છેતરાશો નહી અને બીજું સાથ લખવાનું કે જે આદિ-અનાદિ મહામૂળધર્મ તે મહામૂળ નામ સત્ વચન તે સત્ ભકિતનો ઉપદેશ તમોને આપેલો છે. તો તે સત્ ભકિત અને સત વચન થકી તમો ત્યાં સાથ સર્વે સત્સંગ તીરથ ભાઈઓ તથા બહેનો તથા અમારી દીકરીઓ તે સાથ સર્વે મળીને ભજન આનંદ કિલ્લોલ કરતા હશો તો જે હંશની કમાઈ હરે તે પ્રમાણે તે હંસને લાભ મળશે. અને બીજું અમો અહીં કેન્યામાં તમો સાથ સર્વે વચન સિધ્ધ હંસ પ્રાણી અમો પણ વિસરતા નથી.

જુઓ ભાઈઓ જેમ હંસા સરોવરને જપે, ધનને જપે જેમ ચકોર અમો તમને એમ જપીએ જેમ ચંદ્રને જપે ચકોર તો અમો તમને ઘણા તે ઘણા જ યાદ કરીએ છીએ. અમોને આપ તથા સર્વે સત્સંગ તીરથ ભાઈઓ તમો કોઈ અમોને જુદા નથી તો તમો ત્યાં સર્વે સાથ સર્વે સત્સંગ તીરથ ભાઈઓ તે સત, વચન સિદ્ધી એક તે એકબીજાઓને હિંમત આપી સતજ્ઞાનની જયોત બુજાવા દેશોમાજી. તે આ સતવચન વસ્તુ અમુલ્ય છે. તે વચને માર્યા મરી ગયા વચને છોડયા. રાજ વચન વિચારે ચાલીયા તેનાં અનેકનાં સુધર્યાં કાજ. જેમ રેણ સમાણી સૂર્યમાં, સૂર્ય સમાણો આકાશમાં, આકાશ સમાણું આ વચનમાં તે વચન કોઈ વીરલા પાસ તો આ આદી અનાદી મહામૂળ ધર્મ સતવચન તે સત ભકિતનો ઉપદેશ ચાલ્યો આવે છે.

આ કોઈ પાખંડ કે પરપંચ કે કોઈને ભરમાવીને ભોળવવા કે છેતરપીંડી કરી છેતરવા કે કોઈ કર્મકાંડ કરીને જોગ સાધવા એવી આ પંથની વાતો નથી. આ તો ભકિત ઉપદેશ તે ગૃહસ્થાશ્રમમાં રહીને અને પોતે પોતાના આત્માનું ભાન કરવું છે. તે મન કંઠકી માળા કરી લીયો માંહી પવન સુતલી પરોઈ હોઠ કંઠ હલે નહીં તેનાં સેજે સમરણ હોય. તે માળા ગુપ્ત ઘટમાં થાય તે તમોને બતાવી છે. અને બીજું કે સાચા વચન મહેશ્વરા મૂળ વચનમાં વસે છે. ગુણેશા મૂળ વચન કરી લીયો પાકા, જપી જાપ અખંડ અજંપા ત્યાં ઓહંગ સોહંગ ચાલે છે. બે શ્વાસા બંને મળીને એક જ જયોતના પ્રકાશા તે ડાબી ઈંગલા જમણી પીંગલા વચ્ચે સેજ સુખમણાના વાસા તેમાં પવના પરખ્યાં તો મન પવન બ્રહ્મના એક જ અવાસા દાસને સદ્ગુરૂ મળ્યા તો બતાવ્યા સત્ય બ્રહ્મ ઉપદેશા. તો ભાઈઓ આપમાં અગમ ઊગે તો તમો જાણશો કે સદગુરૂ બતાવે છે. સત્ય બ્રહ્મ તેમાં અલૌકિક અક્ષર ઉકલે તો કોટિક છુટી જાય કર્મ, એમ વરતી જેની વરમંડમાં વળી ત્યાં સૂરતા કરે છે. સંગમ તો ગુરૂ વચન થકી ઓળખી લેજો. માંહી બોલે તે નર છે નિગમ અને બીજુ કે તન, મન, ધન સર્વે પરખ પરખાવણ દ્વારા આવા જુગ ભલે જાય અનંત પણ સદ્ગુરૂ વિનાં કોઈના નહીં આવે નીસ્તારા. બીજું સાથ લખવાનું કે શેલીસંગી તે સતવરતી, અને વિવેકરૂપી માળા, દયા નામની ટોપી અને તન

ધર્મશાળા મહેર મતંગા અને મન મૃગછાલા નીરામય ધોતી અને પવન જનોઈ અમૈયા ખલક અને મુકિત મેખલા, સૂરતા શ્રવણી, અને પ્રેમ પ્યાલો અને ઉદાસ કુબેરી, મુગત જંજીરો અને અગમ ખડકી, તત તિલક.

અને સોહંગકારી શબ્દ સૂરતા નગર અને અગમ પંથકા મેલ અનહદ વાણી હોય અને નામને જે જપી રહયો તેને જાણે વીરલા કોય તે ઝંડા રોપ્યા ગેબકા. દો પરવરકે સંગ, સાધ સાધે શબ્દશુ, બીજેથી દૃષ્ટિ કરે બંધ, તો જળહળી જયોતિ જળહળે, નહીં બાતી નહીં તેલ, સોઈ દિશાએ સૂરજ ઉગીયા, એસા હે અદભુત ખેલ. તે ભાઈઓ વિના તેલ જયોત જળહળે છે. બીજે કયાંય આડું અવળું જોવાનું નથી. સતનામ વચનમાં ચિત્ત વરતી રાખશોજી. અને બીજું જુઓ કે આ યોગ ભકિતના આઠ અંગ છે. પહેલું અંગ યમ, બીજું અંગ નિયમ, ત્રીજું અંગ આસન, ચોથું અંગ પ્રાણાયમ, પાંચમું અંગ પ્રત્યાહાર, છઠું અંગ ધારણા, સાતમું અંગ દ્યાન, આઠમું અંગ સમાધિ. પણ ભાઈઓ, જે આસન વાસન ત્રીકાળ કરે ભલે સાધે આઠેય અંગ પણ પ્રવૃતિ તજે તો પ્રગટે પુરણરંગ.

તો ભાઈઓ ગમે તે જીવ, શિવ હંસ પ્રાણથી તમો સત્સંગ કરો અને લક્ષ લેજો પણ કોઈ કેમ બતાવે કોઈ કેમ ચીંધે પણ કોઈથી છેતરાવાનું નથી. આ તમોને જાણવા પૂરતું લખ્યું છે. આ સત્ ભકિત સમજવામાં તો ભણી ભણીને પંડિતો ભૂલ્યા પણ તેને ગુરૂ વિના ગમ કયાંથી આવે. પછી તે કરે તીરથ વ્રત અને પાળે આચાર કોઈ સંત ભકતો મળે પણ તે કોઈનું કહયું નો માને પછી તે પરલે જાય છે. અને ભ્રમણામાં ભૂલ્યાં ફરે છે. જગતને ગરથ તજાવીને પાય છે. છાશ તમારી પૂર્વની કમાઈથી આવું અમૂલ્ય સત્ ભકિતપદ ઓળખાણું છે. તો હાલતાં ચાલતાં સુતા બેસતા શ્વાસ ઉશ્વાસથી અજંપા સેજ સમરણ કરતા રહેશોજી.

બીજું, ભાઈઓ, આ સત ભકિતનો ઉપદેશ આદિ અનાદિકાળથી ચાલ્યો આવે છે. પણ તે જો બ્રહ્મનિષ્ઠ સંત સદ્ગુરૂ મળે તો સમજાય છે. તેવા સંત પુરુષોનો મેળાપ થાય તો આત્મા પરમાત્માની ઓળખાણ કરાવે. તે સનાતન ધર્મ કહેવાય. તે નિજ બોધ આપે તે નિજ ધર્મ પણ કહેવાય. તે આત્મધર્મ પણ કહેવાય. તે જીનધર્મ પણ કહેવાય. તે મહાધર્મ પણ કહેવાય. તે માર્ગના જાણકાર અને ભોમિયા સંત મળે તો એવા મહાપુરુષો પાસે જઈને આત્માનો બોધ લેવો જોઈએ. કે આ સર્વ માયાની ઉત્પતી શી રીતે થઈ છે ? તે સર્વ વસ્તું શું છે ? આત્મા શું છે ? હું કોણ છું ? કયાંથી આવ્યો છું ? મારે શું કરવું જોઈએ ? તેને માટે કોઈ તત્વદર્શિને, નિરપક્ષ આત્મજ્ઞાની ગુરૂ કરીને તેના સત્સંગ તથા સમાગમથી તેમની કૃપાથી સત્ ભકિત જાણી સર્વ વસ્તુનો અનુભવ કરવો. તથા સર્વનો અર્થ સમજીને લાભ લેવો જોઈએ અને આત્માનો આનંદ ગ્રહણ કરવો જોઈએ. ત્યારે આ અજ્ઞાનરૂપી અંધકાર દૂર થાય અને અનુભવથી જ્ઞાનરૂપી સૂર્ય હૃદયમાં

પ્રગટ થાય તથા સર્વ ભ્રમણા ભ્રાંતિ મટી જાય. મનને સંતોષ થાય. નિર્ભય પદને પામે અને પરિણામે મોક્ષ થાય છે. તેવા ગુરૂની કૃપા વિના આત્મા જાગૃત થાય નહીં અને આત્મા જાગૃત થયા વિના મુક્તિનો અનુભવ થાય નહીં. તેમ સત્શાસ્ત્રો અને મહાપુરુષો કહે છે.

હું તો એક નાનામાં નાનો માણસ, તે મારી અલ્પબુદ્ધિથી એક અંશમાત્ર આ સંસારની ઉત્પત્તિ બ્રહ્મજ્ઞાન યોગ તથા અભેદ જ્ઞાન વિશે લખુ છું. તો હું થોડું ભણેલો છું તો ભૂલ ચૂક સુધારીને વાંચશોજી. આ સંસારની ઉત્પત્તિ વિશે પહેલા તો શૂન્ય હતું. નિરંજન નિરાકાર વસ્તું હતી. અને તે છે ને છે જ. તેને કાંઈ પણ કહી શકાય તેમ નથી. તેનું નામ-ઠામ પણ ન હતું અને રંગ-રૂપ પણ ન હતાં અને વસ્તું અલક્ષ્ય હતી. કે કોઈના લક્ષમાં આવે નહીં તે માટે તે વાણીમાં બાવનથી બારો કહેવાય છે. ત્યારે અગમથી બ્રહ્મરૂપ પ્રગટ થયું અને તે બ્રહ્મ એક કહેવાય છે. અને પોતાનું જ્ઞાન થયું. પોતાનું સ્વરૂપ દેખાયું. સ્વરૂપ અને જ્ઞાન પ્રગટ થયા સત્તાએ કરી. તે બ્રહ્મ સર્વ ગુણવાન અને પદાર્થ હતાં. દાખલા તરીકે જેમ ઝાડના બીજમાં આખું ઝાડ ફળ, ફુલ, પાંદડા વગેરે છુપાયેલા છે તેવી રીતે બ્રહ્મમાં સત્તાએ ફરી સર્વલીલા, સર્વમાયા અને સર્વ વસ્તુ હતી.

તે બ્રહ્મને મુસલમાન લોકો નબી સાહેબ, મહંમદ રસુલ, અલ્લાહનું નુર કહે છે. તે નુર સર્વની પહેલાં પ્રગટ થયું. વેદધર્મવાળા તેને બ્રહ્મ કહે છે. અને બીજા ધર્મવાળા હું ભૂલતો હોઉં તો કાંઈક બીજા નામથી પણ બોલતા હશે અને તે બ્રહ્મથી પાંચ તત્વો પેદા થયા અને તે પછી સર્વ લીલા, સર્વ માયા, સર્વ વસ્તુ તેથી ઉત્પન્ન થઈ તે સર્વ એક જ બ્રહ્મથી થયેલી છે બીજું નથી. એમ મહાપુરુષો, જ્ઞાનીજનો ભાખી ગયા છે. દ્રઢ વિશ્વાસથી ચિત્તમાં આ વાતનો નિશ્ચય કરવો જોઈએ કે આ સંસારમાં જે પદાર્થો છે તે સર્વ એક જ છે. માત્ર તેનાં નામ અને રૂપ જુદા છે.

દાખલા તરીકે માટીમાંથી અનેક ઘાટ બને છે. ગુણ, નામ, રૂપ જુદા છે પણ વસ્તુ તે માટી જ છે. જેમ ખાંડના અનેક પદાર્થ બને છે તેના તમામ ગુણ રૂપ જુદા હોય છે પણ મૂળ તો ખાંડ જ છે. તેમ સોનાના અનેક ઘાટો ઘડાય છે નામ, રૂપ જુદા છે પણ મુળ તો સોનુ જ સાચું છે. તેમ આ સંસાર એક જ વસ્તુનો થયો છે. જેમ સમુદ્રમાં લહેર ઊઠે છે અને પરપોટા થાય છે તેમ આ બ્રહ્મરૂપ સમુદ્રમાં સર્વ લહેરો અને પરપોટા છે. અને સમુદ્રની લહેરો તથા પરપોટા બંધાઈને કરા પડે છે. બરફ થઈ પથ્થર સમાન થાય છે. સર્વેના સ્વરૂપ જોતાં એક જ પાણી છે અને બીજુ કાંઈ નથી. તેવી જ રીતે આ સર્વ સંસાર એક જ બ્રહ્મ છે અને એટલે બ્રહ્મ સિવાય બીજુ કાંઈ નથી તેમ વેદવાણી, શાસ્ત્રો તથા જ્ઞાનીપુરુષો કહે છે. તો બાપલા તેવા જ્ઞાનીજનોના સત્સંગ સમાગમથી આપણા જ્ઞાનનો ઉદય થાય, સર્વ ભ્રમણાનો નાશ થાય અને સંશય મટી જાય અને આત્મજ્ઞાન પ્રગટ થાય. વળી નિર્ભયપદને પામે.

સર્વમાં એક જ વસ્તું જુએ. સર્વને એક જ સમજે અને છેવટે મોક્ષપદને પામે. પણ જુઓ ભાઈઓ, જ્યાં સુધી વ્યવહાર બંધન છે ત્યાં સુધી આચાર વિચાર રાખવા જોઈએ. જો ન રાખવામાં આવે તો દુઃખ થાય છે. તેમની સામે સંસારી લોકો ઝગડે છે અને જીવને સંતાપે છે. માટે લોકોની સાથે સંસાર વ્યવહારમાં રહીને આપણે આપણું કામ સિધ્ધ કરવું જોઈએ. તે માટે કીધું છે કે, લોકમળે લોકાકાર, સંત મળે એકાકાર. તેવી રીતે વરતવું જોઈએ. દાખલા તરીકે આપણાં શરીરના હાથ, પગ, અવયવો એક જ વસ્તુના બનેલા છે. જુદા નથી. અને સર્વ આપણાં છે. તે પણ જ્યારે લોકોની સાથે જમવા બેસીએ ત્યારે ભાણામાં હાથ નાખીએ તો કોઈ બોલતું નથી. પણ પગ નાખીએ તો બધાને ખોટું લાગે. ઠપકો આપે.

તેવી રીતે સંસારી માણસોએ વ્યવહાર સંભાળવો જોઈએ. જે માણસ ત્યાગી છે, સંસારની ગરજ રાખતા નથી તેઓ પોતાની ઈચ્છા પ્રમાણે વર્તે છે તો તેમને કોઈ કહેતું નથી. કારણ કે તેને કાંઈ સંસારની દરકાર હોતી નથી. સંસારીને વહેવાર રાખવો એ સંસારની રીત છે. વ્યવહારને વળગી રહીને પોતાના આત્માનું કલ્યાણ કરવું જોઈએ. બીજું, સંત ભકતોને જ્ઞાન દૃષ્ટિએ બધું એક જ જણાય છે. એમને જરા પણ ભેદભાવ નથી. વળી સર્વમાં એક જ આત્મા છે. આત્મા એ જ પરમાત્મા છે. તે જ્ઞાનચક્ષુથી દેખાય છે. અજ્ઞાન હોવાથી સમજાતો નથી. આવા સંતપુરુષો નરસિંહ મહેતા, ભોજારામબાપા, જલારામબાપા, ભાણસાહેબ તથા રવિસાહેબ, કબીરસાહેબ, મીરાંબાઈ, સતી અનસુયા, સતિ સાવિત્રી, રૂપાંદે, તોરલ, ગંગાસતી તથા જૈનોમાં આનંદઘન, શ્રીમદ રાજચંદ્ર તેમ મુસલમાનોમાં માનસુર તથા બીજા પીર પયગંબરો થઈ ગયા.

તેમના દાખલાઓ દરેક ધર્મોમાંથી મળી આવે છે. અજ્ઞાની અને નાસ્તિક મનવાળા માણસો કહે છે કે જે વસ્તુ દેખાતી નથી તે વસ્તુ કેમ માનવામાં આવે ? જ્ઞાની પુરુષોના વચનોનું પ્રમાણ કરતા નથી પણ તેઓ સમજતા નથી કે ઘણી વસ્તુઓ દેખાતી નથી પણ તે છે એમ સમજાય છે. તેમ નહીં દેખાતી વસ્તું પણ ઘણી છે. જેમકે ડાયા માણસો તો હજાર મણ અનાજના ઢગલામાંથી એક મુઠી અનાજ લઈને આખા ઢગલાની પરીક્ષા કરી, ભાવની કિંમત કરે છે. એટલે કે બુધ્ધિવાળા પુરુષો થોડું લખેલું હોય છતાં ઘણું સમજી જાય છે. પણ જેનામાં બુધ્ધિ નથી તેની પાસે ચોપડો ચીતરીને મૂકીએ તો પણ શું કામનો ? પરમેશ્વરના ચિન્હો તો પ્રત્યક્ષ આ ચર્મચક્ષુથી દેખાય છે. પણ અજ્ઞાનરૂપી અંધકારથી સમજાતું નથી કે આ શું છે. મુઢ માણસોને પરમાત્મા કેમ દેખાય. જેના અંતર મેલા છે, કપટથી ભરેલા છે તે એમ કહે છે કે મારા ભીતરથી કસ્તુરીની સુગંધ આવવી જોઈએ.

તો વિચાર કરવો કે તેમાંથી કસ્તુરીની સુગંધ કેવી રીતે આવે. કુડ કપટથી અને મલીન બુદ્દિધથી શુદ્દ્ધ થાય ત્યારે ચેતન પરમાત્માનો પ્રકાશ તેને દેખાય. જેમ દાખલા તરીકે તાંબુ એમ કહે કે, હું સોનુ થઈ જાવ કે જેથી મારી કિંમત વધી જાય અને લોકો મારા દાગીના બનાવીને પહેરે. અને પ્રિય કરીને પોતાની પાસે રાખે. પણ વિચાર કરો કે તે કેવી રીતે બને. પણ હા, એક રીતે બને કે તાંબાને જ્યારે કોઈ કીમિયાગર મળે તો તેના ઢંગ બદલી નાંખે. તેમાં પારાની ચુતિ ભરેલી અકસીર (ખાખ) નાખે તો તે સોનું બની જાય. કીમિયાગર વગર મુશ્કેલ છે. એમ ધારે કે મને સહેલાયથી આત્મસિદ્ધિ કે વચનસિદ્ધિ મળી જાય, પણ તે એકદમ થવું મુશ્કેલ છે.

જેમ લુહાર લોઢાને દેતવામાં નાંખી, લાલચોળ કરી, મેલ બાળીને ચોખ્ખું બનાવી દે ત્યારે તે લોઢું દેવતાના રંગનું રૂપ ગ્રહણ કરે છે. જો કે પોતે દેવતા નથી છતાં દેવતાના જેવો ગુણ ધારણ કરે છે. તેમ આત્મસિદ્ધિ કે વચનસિદ્ધિ સંતોના સમાગમ અને સત્સંગ મળવાથી મળે છે. તેથી આત્મા શુદ્દ્ધ થાય છે. અને છેવટે તેમાં સર્વ પ્રકારના ગુણનો ઉદય થાય છે. જે માણસોને પરમેશ્વરના દર્શન કરી પરમેશ્વરને મળવું હોય તેણે આત્મજ્ઞાની તત્વદર્શન સંતપુરુષોનો સમાગમ તથા સત્સંગ કરવો. તથા સેવા કરવી. તેને સંતો દયા કરીને રસ્તો બતાવે છે. જેમ ફુલમાં સુગંધ છે પણ દેખાતી નથી. પથ્થરમાં અગ્નિ છે પણ દેખાતી નથી. લાકડામાં અગ્નિ છે પણ દેખાતી નથી. પણ જ્યારે તેનો કોઈ કીમિયાગર મળે ને ફૂલને તોડીને તેનો અર્ક કાઢીને અતર બનાવે ત્યારે સુગંધ જણાય અને પથ્થરને ચમકથી ઘસે તો અગ્નિ પેદા થાય. વાંસના લાકડાના બે કટકા ભેગા કરીને ઘસે તો અગ્નિ પેદા થાય તે જ પ્રમાણે પરમાત્માનો અંશ સર્વ વસ્તુમાં છે. તેનાથી સર્વ વસ્તુનું શરીર બંધાય છે. તે ન હોય તો શરીર હોય જ નહીં.

મનુષ્ય વિચાર કરે કે આ દેહમાં બોલે છે તે કોણ છે. સાંભળે છે તે કોણ છે. સમજે છે તે કોણ છે. દેખે છે તે કોણ છે. એમ મનમાં વિચાર કરીને સમજે કે એ જ પરમાત્મા છે અને એ જ હું છું (તત્વમસી) વેદનું મહાવાક્ય પણ એ જ કહે છે. ભાણસાહેબ પણ એ જ કહે છે કે આ બોલે તે બીજો નથી, પણ છે પરમેશ્વર પોતે. પણ અજ્ઞાની આંધળો તે અળગો રહીને ગોતે. સાચું નામ સાહેબનું, જૂઠી નહીં જરાય, ભાણ કહે જો ભજીલે, તો ભારે કામ થાય. તો પરમાત્મા ઓળખાય જાય. શરીર તો નાશવાન અને જડ છે. તેનામાં ચેતન જુદો છે. જ્યારે ચેતન તેમાંથી નીકળી જાય ત્યારે શરીરતો માટીના ઢગલાની માફક પડી રહે છે. દેહમાં સર્વ કામ કરનારો ચેતન જે હું કહેતો હતો તે નીકળી ગયો. પરમેશ્વર સત છે, પ્રગટ છે પણ અજ્ઞાનીના ઘટમાં અંધારૂ છે તેથી તેને દેખાતો નથી અને પરમાત્માની સમજ પડતી નથી.

તે પરમેશ્વર સત છે. તેમણે અગમથી બ્રહ્મરૂપ પ્રગટ કર્યું. તેના બે ભાગ થયા. એક ભાગથી પાંચ ભુત ઉત્પન્નન થયા. તે જ, જેને આદમ કહેવામાં આવે છે અને તે શરીરમાં નુરનો બીજો ભાગ જે બ્રહ્મનો હતો તેને આત્મરૂપી બનાવીને તે આ દેહરૂપી આદમના પૂતળામાં મૂકયો. પછી એકમાંથી આ અનેક બન્યાં. જેમ એક બી માંથી અનેક બી પેદા થાય છે તેમ એક જ બ્રહ્મથી આ સૃષ્ટિની રચના થઈ છે. જેમ બી વાવ્યાં પછી છોડ થાય. પછી તે બી ને પાછું ગોતશું તો જમીનમાં મળશે નહીં. તેવી રીતે બ્રહ્મ દેખવામાં આવતો નથી. તેમ પાંચ તત્વથી આ લીલા, સર્વ માયા અને સૃષ્ટિ રચાણી છે. આ દેહ પૂતળું છે. તેમાં ચેતન પરમાત્મા રમી રહયો છે. તે આત્મારામની શોધ કરવી જોઈએ.

તે માટે સંતોનો સમાગમ કરી આત્માને સમજવો જોઈએ. ત્યારે જ કામની સિદ્દિધ થાય. શરીર નાશવાન છે અને આત્મા ચેતન અખંડ અમર છે. તે મરતો નથી. જેમ એક ઘરમાં આપણે રહેતા હોઈએ અને એને ખાલી કરી બીજા ઘરમાં રહેવા જઈએ તેમ તેની કરણી કમાઈ પ્રમાણે જીવ બીજું ઘર બદલાવે છે. આ શરીર તો આત્માના ઘોડા માફક છે. જ્ઞાની પુરુષો કહે છે કે, 'મારો ઘોડો આ શરીરરૂપી છે. તે મરશે ત્યારે બીજા ઘોડા ઉપર હું ચડીશ. હું તો કોઈ કાળમાં મરીશ નહીં એટલે આત્મા મરતો નથી. મોત તેને કહેવાય છે કે આત્માનું શરીરથી જુદા પડવું. તેનું નામ મોત કહેવામાં આવે છે.'

તો ભાઈઓ, દેવો પણ મનુષ્યદેહની ઈચ્છા કરે છે. આવો મનુષ્યદેહ મળ્યાં પછી આત્મજ્ઞાન મેળવી જે માણસો સંતોની સેવા, સત્સંગભાવ, ભકિત કરે છે તે લોકો મરણ પછી પણ પૂજાય છે. છેવટ આત્મજ્ઞાન મેળવી મોક્ષપદને પામે છે. તો ભાઈઓ, આપણા શરીરમાં આત્માનો જે પ્રકાશ છે તે જ પરમાત્મા છે. અને શરીર પરમેશ્વરની સિદ્દિધ, શકિત અને ચમત્કારનો ભંડાર છે. એમાં સર્વે સિદ્દિધ છે. પરમાત્મા પણ એમાં છે. બીજે ઠેકાણે કદી પણ મળશે નહીં. પોતાની અંદર પરમેશ્વરને શોધવો જોઈએ. અજ્ઞાની માણસો બીજે શોધે છે. જેમ રાજાને સ્વપ્ન આવ્યું કે હું ભીખારી થઈ ગયો, હું ઘર-ઘર ભીખ માંગતો હતો, દુઃખ પામતો હતો તે તેને સ્વપ્નનું દૂર થયા પછી ખોટું લાગ્યું તેની ઉંઘ ઊડયા પછી.

તેમ જીવને આ અજ્ઞાનરૂપી સ્વપ્નું આવ્યું છે અને સુખ દુઃખ પામે છે. જયારે જ્ઞાની માણસો તેને જગાડે અને અજ્ઞાનરૂપી સ્વપ્નું દૂર કરે ત્યારે તેના સ્વરૂપને સમજે અને કલેશ રહિત થાય. તથા તેની ભ્રમણા ભાંગે. અજ્ઞાની માણસો માયાના જરાક સુખમાં જીવન વેડફી નાખે છે અને મહામૂલ્યવાન કિંમતી વસ્તું છે તેને ભૂલી જાય છે. જેમ બાળક પાસે માટીના રમકડાં મુકશો તો પકડીને રમશે. તેની ઉપર મોહ પામશે. લોભાશે અને જટી લેશો તો રોવા માંડશે. રાડારાડ કરી મૂકશે કે જાણે મારી દોલત

લૂંટાઈ ગઈ. પણ તેનું ઘર-બાર કે મિલ્કત લૂંટી લેશો તો તેનું દુઃખ બાળકને નહીં થાય. તેવી રીતે અજ્ઞાની માણસો સંસારની ખોટી માયામાં લોભાય છે અને જો જરા નાશ પામે તો દુઃખી થાય, રડે છે. પણ આત્મા જેવી મૂલ્યવાન દોલત અંધારામાં લૂંટાય જાય છે. તેની જરાપણ ચિંતા કરતાં નથી. ત્યારે અજ્ઞાની અને બાળકમાં ફેર શું. પણ મહાપુરુષોનો સમાગમ કરી આત્મજ્ઞાનરૂપી દીવો પ્રાપ્ત કરી આપણા અંતરના ઘરને સાફ કરવું જોઈએ કે જેથી જ્ઞાનરૂપી અજવાળું થાય.

આપણાં ઘરમાં કુતરાં બિલાડા આવે તો આપણે તેને લાકડી લઈ કાઢી મુકીએ છીએ. પણ આપણાં અંતરરૂપી ઘરમાં દુર્ગુણોરૂપી કુતરાં બિલાડા પેઠા છે અને આવે છે અને ઘણો બગાડ કરે છે છતાં પણ આપણે કાઢતા નથી. સમજ પડતી નથી, અંતરમાં ભ્રમણાઓ, કુડ, કપટ, લોભ, લાલચ, મોહ, અભિમાન આ કુતરાં બિલાડા છે. પણ અજ્ઞાનને લીધે સમજાતું નથી. તે અજ્ઞાન દુર કરી જ્ઞાન, દયા, ભાવ ભક્તિ વગેરે સદ્ગુણો દાખલ કરી આ મનુષ્યભવ સુધારવો જોઈએ. સંત-ભક્તોના સત્સંગ સમાગમથી સંસારી માણસોને વ્યવહારમાં રહીને ભજન, ધ્યાન, સમરણ કરી શકાય છે. અને આ માયા તેને નડતી નથી.

જેવી રીતે વેપારીના ઘરમાં અફીણ કે ઝેર ભરેલું હોય, પણ તેનો ઉપયોગ તે ખાવામાં કરતો નથી. તેથી તેના બાલ-બચ્ચા મરતાં નથી. ભલેને પડ્યું હોય, પણ તે ખાય તો મરે. તેમ માયામાં રહીને સર્વે વહેવાર જાળવવાથી કાંઈ માયા નડતર કરતી નથી. પણ મનમાં તેને મિથ્યા જાણી આત્માને સત્ય માની વ્યવહાર ચલાવે તો મોક્ષનું સાધન મેળવી શકાય છે અને માયા તેને નડતી નથી. જેમ એક મજુર પાસે આપણે કામ કરાવીએ તો તે વસ્તુ મજુર પોતાની ગણતો નથી. કામ કરે છે. કદાચ વસ્તુ બગડી કે ભાંગી તૂટી જાય તો તે ચિંતા કરતો નથી. કેમકે પોતાની વસ્તુ નથી. અને માલિકને લાભ મળે તો પણ મજુર રાજી થતો નથી.

એવી રીતે સંસારી માણસ પણ મન રાખી વેવાર કરે તો તેને કાંઈ વસ્તુ નડતી નથી. તે મોહમાં પડતો નથી. છતાં દરેક વહેવારિક ફરજો બજાવે છે. સંતોના સમાગમથી ભક્તિ સમજાય છે. સૌ પોત-પોતાના ધર્મની રૂઢીને અનુસરીને જુદા જુદા નામ લે છે. પણ તે નામવાળો કોણ છે ? તેની શોધ અજ્ઞાની માણસ કરતા નથી. પરમેશ્વરને ઓળખી પછી નામ સમરણ કરે તો સ્વાદ આવે. પરમેશ્વર રામ જે સર્વમાં રમી રહયો છે અને સર્વમાં વ્યાપક છે. તેને આત્મજ્ઞાની લોકો કૃષ્ણ, રામ, કાન, નુર વગેરે અનેક નામથી સંબોધે છે. પણ તેની સર્વની પેઢી અને મૂળ જુઓ તો પોતાના આત્મામાં સમાઈ જશે.

તેમ શાસ્ત્રો, વેદવાણી અને જ્ઞાની પુરુષો પણ કહે છે. તે જ શરીરમાં આ મુખ્ય આત્મા છે. અને શરીરમાં રહેલી સર્વ શકિત તેની જ છે. જ્ઞાન, દયા, કુદરતી શકિત, સિધ્ધિ વિગેરે શકિત તેની જ છે. સર્વ આત્માની અંદરથી પ્રાપ્ત થાય છે. કાંઈ બહારથી આવતી નથી. સર્વ વસ્તુઓ આત્મામા જ સમાયેલી છે. પણ તે જ્ઞાન થાય તો જ સમજાય. આ દુનિયામાં વસ્તુઓ જેટલી દેખાય છે તે માત્ર જુદા જુદા રૂપ છે. પણ વસ્તુ એક જ છે. જેમ ઘઉંનો એક દાણો લઈ માટીમાં વાવશું તો પ્રથમ ફાટીને તેમાંથી ઝાડરૂપ ધારણ કરશે. પહેલા દાણો હતો. પછી બે પાંદડાના આકારમાં દેખાય. પછી તે વધે તેમ પાંદડા, ડાળીઓ નીકળે. પછી તેમાં કુંડી નીકળે. તેમાં દાણા દેખાય. પછી સુકાય. પછી તેને લઈ લઈએ. દાણા કાઢે. લોટ બનાવી રોટલી વગેરે ભાતભાતના પદાર્થો બનાવવામાં આવે. તે પદાર્થો માણસ ખાય. તેનું લોહી મળરૂપમાં બહાર આવી પવન અગ્નિમાં ભળી જાય.

વિચાર કરો કે ભાઈઓ એક દાણામાંથી કેટલાં રૂપ થયાં. અને પાછો વળી પોતાના મૂળ સ્વરૂપમાં દાણો ભળી ગયો. એ જ પ્રમાણે મનુષ્યની પણ ઉત્પત્તી છે. તથા જગતની ઉત્પત્તી છે. અમારી ઓછી બુધ્ધિથી ખુલાસો લખ્યો છે. તો ભૂલચુક સુધારીને વાંચશો. પોતપોતાના આત્માને ઓળખવો સનાતન ધર્મ કહેવાય. વેદ-વાણી શાસ્ત્રો અને સંત ભકતો તેમ જ કહે છે. માટે આવા સંતોના જો સમાગમ સત્સંગ મળે તો આપણાં નિજ સ્વરૂપ આત્માને ઓળખાવે. પારસમણિ જેમ લોખંડને અડે ને સોનું બની જાય. તેમ તેના સત્સંગથી આપણને ભાન થાય. તેમની કૃપા દયાથી આપણને સતભકિતની પ્રાપ્તિ થાય.

આ ભવસાગરમાં રખડતાં રખડતાં જીવના અનેક ભવ જુગ વહી ગયા. તોય ન મળ્યો સતભકિતનો ભેદ. આ તો સદ્ગુરૂની કૃપાથી આ જીવનમાં આવું અમૂલ્ય સત્ભકિતપદ ઓળખાણું છે. તો બાપલા હવે શું કરવા ભૂલીએ ? આવા સંતો આપણને ઈશ્વરનું ઘર ઓળખાવે, કુદરતનું ઘર ઓળખાવે તો આપણામાં ફેર પડવો જ જોઈએ. આવા મહાપુરુષોને સંતોને ઓળખવા દુર્લભ છે. પણ તેમના લક્ષણો બોલ-તોલમાં પરખાય છે. બાકી તેમની દયા થાય તો ઓળખાય છે.

તે કુદરતના ઘરનો લ્હાવો લેવરાવે. જેમ ફૂલવાડીમાં ફૂલ ખીલી રહયાં હોય તેમ ચૌદ ભુવનમાં ફોર્યું માણે છે. તેનુ વર્ણન થઈ શકે તેમ નથી. ઓહંગ સોહંગ શ્વાસા સર્વના ઘટમાં પરિબ્રહ્મ દેહમાં આદિ ગુરૂ રામ રમી રહયો છે. સૂરતામાં મૂર્તિ જયોતનો પ્રકાશ તેની સાથો સાથ રણુકાર ઝણુકાર મધુરી મોરલીનો નાદ વાગી રહયો છે. મહાપુરુષોની કૃપા થાય તો ભકિત આપે અને આદિગુરૂ બ્રહ્મનું સ્વરૂપ ઓળખાવે. સાન લક્ષ આપે તો મોક્ષ મુકિત મળે.

બીજું, ખુશાલી સાથ લખવાનું કે અમારા પ્રાતઃ સ્મરણીય પરમ પૂજય સદ્‌ગુરૂદેવ શ્રી છગનરામબાપાની નિર્વાણતિથિ સવંત - ૨૦૨૯ ના રોજ ગામધામ નાઈરોબી મુકામે શ્રી માણેકલાલભાઈ જાદવજીભાઈ રૂઘાણી ઘેર શ્રી ગુરૂ પૂજન ભજન સત્સંગ આનંદ ઓચ્છવ નિધરિલ છે. તો તે પુણ્યતીથી નિમિતે આ કંકોત્રી વાચક મોકલું છું. તો તે વાર તારીખના દિવસે તમો સાથ સર્વે સહકુટુંબ પરિવાર મળીને આ દિવસે વહેલાસર પધારીને તમારું પુણ્ય પાળી જાશોજી.

આ પ્રસંગે સતભકત મંડળ મળશે. ત્યારે ભકિતભાવ, પ્રેમ, પ્રકાશ પ્રગટ થશે. તો પરદેશ હોઈને આપનાથી સ્થૂળદેહથી ન પહોંચી શકાય તેમ હોય તો અંતરથી આપનો ભકિતભાવ, પ્રેમ, પ્રકાશ પ્રગટ કરશોજી.

બોલો, સર્વદાતા સદ્‌ગુરૂનો જય હો... જય હો... જય હો.

લી. સંત ચરણરાજ દાસાનુદાસ
હરિદાસ વીરજી તથા સર્વે
સત પરિવારના જય સદ્‌ગુરૂ સાહેબ,
સત રામ રામ, પ્રણામ દુવા આશિષ
આપ સૌ યથા ઘટીત વાંચશોજી.

::------------:: ॥ ::------------::

(૩) સદ્ગુરૂ દ્વારા લખાવેલ સતવાણીના અણમોલ રત્નો (મુંબઈ)

॥ સત હરિરામઃ ॥ સત મણિમાઃ ॥

તેજ, પાણી, પવન. જેનાથી આ જગતની રચના થઈ, સર્વ સ્થૂલ બંધાણી, તેમાં વ્યાપક પ્રગટ બોલે તે બીજો નથી.

વિદેશમાં આ દેહ ધર્યો,
દેહમાં છે દરવેશ,
બોલે ઈ બીજો નથી,
ઈંડ પીંડ આ વિદેશ છે.

આ પૂરવની પ્રિતુ છે, પૂરણની ઓળખાણ છે,
નિરવાણીથી ઉત્પત્તી છે, એવી ગુરૂ સમજણની રીતુ છે.
આ આદિ અનાદિની ગુરૂના ઘરની વાત છે,
અને ગુરૂના શબ્દોમાં રેણી છે,
ને આત્માની ઓળખાણ છે, એ જ ધર્મની વાત છે.

વાત ઈ વચન છે, શબ્દ ઈ નામ છે. તો ગુરૂના ઘરની એક વાત સમજવામાં જીંદગી આખી નીકળી જાય છે. તો પણ યથાર્થ વચન જીવને સમજાતું નથી. મહાન ભાગ્યવાન જીવને સમજાય છે. આવું સત્વચન મૂળ નામ તે આપણને મળેલું છે તે નામ અમર છે. અને વચન કાયમ છે. ગુરૂ એકને સાટે બે આપે છે. આપણે માયાની નાશવંત વસ્તુ જે તન, મન, ધન કહેવાય તે એક આપીએ છીએ. તેને સાટે ગુરૂ બે આપે છે. જે બંને અજર અમર છે. નામ અમર છે ને વચન કાયમ છે.

::------------:: ॥ ::------------::

:: ગુરૂ મહિમા - સાખી ::

વચન છે સર્વથી મોટું, વચનથી વધારે નહી બીજુ કાંઈ,
વચન જાણ્યું તેને સર્વ જાણ્યું, તેને કરવું પડે નહીં બીજું કાંઈ.
વચન થકી ચૌદ લોક રચાણા, વચન થકી ચાંદો ને સૂરજ,
વચન થકી માયા ને મેદની, વચન જાણે તો વરસે સાચા નૂર.
રેન સમાણી સૂર્યમાં, સૂર્ય સમાણો આકાશ,
ઈ આકાશ સમાણો આ વચનમાં, ઈ વચન કોક વીરલાની પાસ.

આવડું મોટું જે વચન તે ભકિતમાતાની એક ચૂંદડીના છેડામાં સમાઈ ગયું. તો પણ ચૂંદડીના ત્રણ છેડા બાકી રહયાં. કેવડી મોટી ચૂંદડી ? તો ચૂંદડીને ઓઢનાર ભકિતમાતા કેવડા મોટા ? તો તે ભકિતમાતા ગુરૂને વર્યાં તો ગુરૂ કેવડા મોટા ? એટલે સદ્‌ગુરૂ રીઝે ત્યારે નામ વચન ફળદાતા થાય છે. તો તેમનો પ્રતાપ જોવા મળે છે. એટલે સદ્‌ગુરૂ સમાન આ જગતમાં કોઈ મોટું સાધન નથી. આ જગતમાં મોટામાં મોટો કોઈનો સાથ હોય તો તે સદ્‌ગુરૂ છે. તો આ અવતારમાં તો મોટું સાધન આપણને મળ્યું સદ્‌ગુરૂ રીઝે તો આપે શું ? તો આપે સતવચન. તો તેમણે કૃપા કરીને વચન પણ આપ્યું. વધુ દયા કરી અને સાથે નામ પણ આપ્યું. તો હવે નામને જીતી લેવું છે. હવે નામ કેમ જીતાય તે કામ કરવાનું છે. નામ ને ધામ બંને સદ્‌ગુરૂ ભેળા આપે છે.

અજ્ઞાનીને ધામ કરોડો ગાવ છેટું છે. ગુરૂકૃપાથી વિજ્ઞાની ભકતને ધામ સાથે જ છે. નામથી સંસાર જીતાય છે. સેજે સેજે બેડલી ભવપાર ઉતરે છે. વચનના ધ્યાનથી ધામ મળે. સ્મરણથી સંસાર જીતાઈ તો આપણા બેય લોક જીતાઈ જાય. આ અવની મોજાર વિદેશમાં રમવા આવ્યાં તે રમત પણ રમાય જાય આ લોક પણ જીતાય જાય અને ભેરૂ ધામ પણ મળી જાય. તો આપણને તો રમતાં આવડયું કહેવાય. જે આપણા દેશમાંથી આપણે અહિં કર્મ અનુસાર રમવા આવ્યા છીએ તે રમત રમીને આપણા પોતાના દેશમાં કાયમી સુખના જથ્થામાં જવાનું છે. આ તો વિદેશ છે અને કાળના રાજયમાં ચોરાસીના બંધનમાં આવી ગયા છીએ. આ બંધનમાંથી છોડાવનાર, આ કાળના મુખમાંથી છોડાવનાર એક સદ્‌ગુરૂ જ છે. સદ્‌ગુરૂ નિરભેનામ આપી અભયપદ આપે છે. તો આ ચોરાસીના બંધનમાંથી કાયમી દુઃખમાંથી છુટકારો કરાવે છે અને નિજ બોધ આપી જીવનનું અંધારૂં કાઢી જ્ઞાનરૂપી અજવાળું કરે છે. એટલે આ જગતમાં ડાહ્યા પુરુષોને શ્રેષ્ઠ સગા સંત દેખાણા અને સમજણ પડી કે આ જગતમાં ગુરૂ સમાન કોઈ સગું મોટું નથી.

મૂળ તો ભગવાનના સ્વરૂપનું આપણું લક્ષ છે. તો તેની તોલે કોઈ આવી શકે નહીં.

જાત અમારી આત્મા, પરમેશ્વર પરિવાર,
સંત અમારા સગા, અને શિરપર સર્જનહાર.

આ ધરતી ઉપર દર્શન અને દીદાર સગુણ ભગવાનનાં દેહ સહિત દર્શન કરવા. તેમની કૃપા ઉતરવાથી તેમને ચીંધેલા માર્ગે હાલવાથી તેમના વ્યતિરેક પૂરણ પુરુષોતમ પરાત્પર સર્વથી ન્યારા મહાકારણનું પણ કારણ એવા સર્વના આધાર પરિબ્રહ્મ ભગવાન તેમના મૂળ સ્વરૂપના દીદાર કરવા. અને જે દીદાર થકી તે જ સમયે મોક્ષગતિનો અનુભવ થાય છે. આ દીદાર દેહ મૂકીને થાય છે. આપણો દેહ રાખીને દીદાર થાય નહીં. જેમ આપણે કોઈ મંદિરમાં જઈએ તો પહેલા દરવાજાની બહાર જોડા કાઢવા પડે છે. પછી મંદિરમાં દર્શને જવાય છે. તેમ આ માયાનો બનેલો દેહ જોડારૂપી છે. ભગવાનના મૂળ સ્વરૂપના દીદાર કરવામાં દેહ અભિમાન આડું નડે છે. એટલે છોડવું પડે છે. દેહ અભિમાન કેમ છુટે તે સ્વરૂપ વિજ્ઞાન ભકિતની રીત સદ્ગુરૂ સમજાવે છે.

:- સાખી -:

મેં કર્યાં તે તેં કર્યાં, મેં કર્યાં નાહી,
હું કરી રહયો છું, તે તું કરી રહયો છે.
તો હું માં તું નાહી.

આવો અરસ-પરસ અનન્યભાવનો આરોપ છે. આવો ભકતનો વિજ્ઞાનથી ભકિતમાં ભગવાન પ્રત્યેનો ભગતનો ભાવ હોય છે. અને તેને અનન્ય ભકિત પતિવ્રતા કહેવામાં આવે છે.

:: ૪ (ચાર) ભજનની એક ચોહર ::

:: ભજન - ૧ ::

નીતિ ધર્મની આ વાત છે.
જ્યાં નીતિ હોય ત્યાં ધર્મ હોય છે.

:: ભજન - ૨ ::

દયા ભકિતનું અંગ છે.
જ્યાં ભકિત હોય છે ત્યાં દયા હોય છે.

:: ભજન - ૩ ::

સર્વે કાંઈ આ વચનનો રંગ છે. (ઠાઠ-માઠ છે)
જો જુઓ તો બધું વચન થકી બનેલું છે.

: ભજન - ૪ ::

સદ્‌ગુરૂના શબ્દમાં રેણી છે.
આ ચાર ભજનની ચોહર છે.
સમજીને જીવનમાં ઉતારવા જેવી છે.

બાકી તો ડગલે ને પગલે ગુરૂના ગુણ ગાવા, શ્વાસ ને ઉચ્છવાસે સ્મરણ કરવું. હરદમ હરદમ અર્પણ કરવા.

:- સાખી -:

ભગવાન કહે છે હું ભોળો નથી,
કિરતાર કહે છે હું બહુ કાટોળેલ.
શામળો કહે છે કે, હું સૌથીએ શાણો,
કે તમારા મનની વાતું, તનમાંથી જાય છે વચું.
થઈ શ્વાસોશ્વાસની સહીયું,
ઈ હાલી આવે છે અમારી પાસે વયું.
ઈ જ ગુરૂની બેંકમાં રહયું,
બાકી હું કોઈનું નથી કરતો કહયું.

તમે જ્યારે આવશો ત્યારે આ તમારી લખેલી ટપાલ હું તમને વંચાવીશ. તેદી તમને અચરજ થાશે, મેં આવી ટપાલું મોકલેલ છે. માટે કોઈ સાક્ષીની જરૂર નહીં પડે. કારણ, તમારા હાથની લખેલી ટપાલ શ્વાસોચ્છશ્વાસની સહીવાળી ટપાલું મોજુદ છે. તમારાથી એમ નહીં કહેવાય મેં આ ટપાલ નથી મોકલેલી. કારણકે તમોએ શ્વાસોશ્વાસની સહી કરી હશે. એટલે ટપાલું સાચી મોકલશો. હંસલાની હાર્યું કરજો, પણ સાંઢીયાની હાર્યું કરતાં નહી. સમજણ વગરના શ્વાસા જેટલા ગયા તે જમ થઈને ઊભા રહયાં, મુખેથી ગયા તે જવા ટાણે આપણને ખાસડા મારે. બીજો કોઈ જમ નથી પણ ગુરૂગમ ભેદ સમજણનો એક શ્વાસો લાખો અણસમજણવાળા શ્વાસાને કેચ-અપ કરે છે. કેવી રીતે. કે જેમ લાખો બકરા કે ઘેટા હોય તેમને એક ગોવાળ વાડામાં પૂરી કબ્જામાં રાખે છે. તેવી જ રીતે સમજણનો એક શ્વાસ આવા અનેક અણસમજણમાં ગયેલા શ્વાસોને કેચ-અપ કરી કબજે રાખે છે. તો વિપરિત ફળથી બચાય છે. માટે વિચારો સારા કરવા અને સારી ભાવના રાખવી. જેનામાં વચન પડયું છે તેમણે તો ખાસ ધ્યાન રાખવું. આમાં શ્વાસની કિંમત ઘણી જ મોટી છે. તે સાચી મુડી છે. તે આ જીવનનું ધન છે. તે આ શ્વાસારૂપી ધન ખલાસ થઈ જાય તો બેંકમાં રાખેલું કરોડોનું ધન આપણને શું કામનું ? સદ્‌ગુરૂ મહારાજ એવી અણમોલ વસ્તુ આપે છે કે આકાશ પાતાળ એક કરે છે. કેટલા જુગે તો વસ્તુ પ્રાપ્ત થાય છે. લડી લડીને કેટલા જુગે આ બધો જોગ વ્યાપક આવી અમુલખ વસ્તુ, અમુલખ મોતી સમજ્યાં વગરના વહી જાય છે. આ જગતમાં બધુંય કરોડો દેતા મળી શકે છે. પણ સદ્‌ગુરૂદેવની વસ્તુ કરોડો કે અબજો દેતાં મળતી નથી.

તે વસ્તું ગુરૂજીએ ફકત સેવામાં જ આપી દીધી. આવી મોંઘામાં મોંઘી ચીજ સોંઘામાં દીધી. ફકત સેવા કરીને પોતાની વસ્તુ સોંપતા. માથા સાટે ગુરૂ મળે તો સોંઘા જાણજો. આ વસ્તુની જેણે જેટલી કિંમત કરી તેણે જ તેટલી સમજણ પ્રાપ્ત કરી છે. જુગો જુગની મહેનતથી પામ્યો વસ્તુ અણમોલ, અનંત જુગ લળી આથળી, અંતે માલ મળ્યો અણમોલ. ગુરૂદેવની કૃપા થકી અણમોલ વસ્તુ પામ્યો. છતાં અણસમજણમાં જઈએ તો જીતી બાજી હાર્યો.

ધન ખરચતા સર્વ કાંઈ, સર્વ બધુંય મળે. સેવા કરતાં ગુરૂએ સર્વે આપ્યું, ધનથી મળત નાહીં. મોંઘી ચીજ સોંઘામાં દીધી, વસ્તુ તોલે કાંઈ નહી. સેવા કરીને સોંપ્યું, તન-મન-ધન આજ. તેના માટે મેળવ્યું ચૌદ ભૂવનનું રાજ.

રામ નામનો રાફડો ફાટયો, નકકી કરજો નિશાન. દેહ કેરા દેવડમાં, જો જો બોલે છે ઈ જીવ છે શિવનું રૂપ. એનાં પૂજારી થઈને પૂજ મનવા, તો રીઝશે રામ. તે રામ સમસ્ત સરખો વાગી ગાજી રહયો તે રામને કોઈ રીઝવો, કોઈ મનાવો, સઘડા મંદિરીયામાં વાગી ગાજી રહયો છે. આ મનની વાતુ તનમાંથી જાય છે. વચું થઈ શ્વાસો શ્વાસની સહીયું. તે પોતે પોતાના પત્ર લઈને જાય છે વચું. આ બધી કોની પાસે રહયું. ઈ જ કરું છું સઈયું. બાકી કોઈનું કરતો નથી કહયું.

ભગવાન કહે છે, હું ભોળો નથી,
કિરતાર કહે છે, હું બહુ કાટોળેલ,
શામળો કહે છે કે, હું સૌથીએ શાણો.

સૂરજના કિરણો જેવો આકાશ પાતાળમાં તેનો જ પ્રકાશ છે. જેવી રીતે સૂર્યનો પ્રકાશ ઘડામાં પડે છે. તેમજ તેનો ત્રણ ભુવનમાં પ્રકાશ પડે છે. તો તેના પારખ થઈ આ પારસનાથ પારખો અને ઓળખો તો તમારા આત્માનું કલ્યાણ થાય.

:- સાખી-૧ -:

આરે રમુજને કોઈ જાણે, કોઈ માણે કોઈ પીછાણે,
આ તો ન મળે અવરટાણે, પછી નહીં મળે છતે નાણે,
આરે રમુજને સંત વીરલા જાણે, અનુભવી વિરલા માણે.
ગુરૂએ બ્રહ્મભોજન પીરસ્યા ભાણે, નુગરા આડા તાણે,
આવી અમૂલ્ય વસ્તુ ગુરૂગમ વગર મળે એમ નથી.

:- સાખી-૨ -:

સદ્ગુરૂ વિના ગમ (ભેદ) નહી મળે, પીર વિના લાગે નહી પતો
સદ્ગુરૂએ દીધો ગમ (ભેદ), પીરે દીધો દમ
સમજો તો પુરૂ સમજો, નહિંતર ઠાલા ઠમ
ગમ દમને એક કરી માનો, ભેનો કર્યો ભડાકો
તો લેર લાગી જાય, તો મટી જાય તમારા વેર ને ઝેર
તો મેરમની માથે વાગે ભેર, તો મળી જાય લેરમાં લેર

:- સાખી-૩ -:

આપ અપની સુજે નહી, નર બીજા વાંસે જાય
તે જીવ ડોબામાં લેખાય.

:- સાખી-૪ -:

છેલા વાચા ને હોકરા વરી કરારને કોબા
આ દેહમાં છે. દીવો પણ વાટ ન દેખે ડોબા (ઢોર)
સબ સબકી સબ ફ઼ીકર કરત હૈ
જીવતાને કોઈ જાણે નહીં, મુવાને મથે
એનું કેમ કરીને પતે.

:- સાખી-૫ -:

દેવી દેવતાં, પીર પયગમ્બર, એ તો સબ સબકી કરજાતા
હે મુરખ, મન મદન ક્યું બન જાતા.
અપના કોઈ નહીં હો જાતા, પણ તેરી નાભી કમળમાં નકલંક વાસા
ઉનકા બન જ દાસા.
તો સોય શબ્દ હૈ બ્રહ્મ ખાસા, બની જા ઉનકા પૂજારા
તો હો જાવે ઉજાલા, તેરી મેરી છોડકર પકડ ઉનકી બાંઈ,
તો તારે કરવું પડે નહીં કાંઈ,
કોણ ભેળો આવેલ, કોણ આવશે તારી સાથે.

તે હાજરા હજુરમાં મિત્ર છે. તારી પાસે એવો મિત્ર સદ્‌ગુરૂએ ઓળખાવ્યો છે. જે અજર અમર છે. ભવોભવ ભેગો છે. આવો મિત્ર જન્મથી આપણી સાથે છે. બીજા અવતારમાં પણ સાથે હશે. ગઢપણમાં જ્યારે બીમાર પડીએ છીએ. છ-બાર મહિના ખાટલો સેવવો પડે તો ઘરના બધાં થાકી પણ જાય અને કહે, ‘આ છુટે તો સારું અને આપણે પણ છુટીએ.’ પણ જે આપણા ભેરો મિત્ર છે તે આપણને સાજા કરવાં પ્રયાસ રાખે છે. જે આપણને ન છોડે, આપણે તેના ભેરું રેવાય. બાકી બીજા બધા છોડી દે છે. એવો આ મિત્ર કોઈનો માર્યો મરે નહીં.

કાપ્યો કપાય નહીં. બાળ્યો બળે નહીં. પાણીએ પલળે નહી. વા વેડે નહીં, અગ્નિ બાળે નહીં. આવો અજર અમર મિત્ર આપણી સાથે જ છે. તો નવેસરથી જે કામ કરવું તે આપણાં આત્માને પૂછીને કરવું. તે માયલાથી મેળ રાખવો. તો આઠે પહોર લીલા લહેર રહે.

આવી લહેર લાગી જાય તો મટી જાય તમારા વેર ને ઝેર. તો માથે વાગે મેરમની ભેર. તો મળી જાય લેરમાં લેર. તો હવે ગુરૂગમ કરીને દમ સ્મરણ કરી લે. ને શ્વાસા ગુરૂચરણમાં એસા નીર નિરંતર પી લે પ્યાસા. ઉનકા ચૌદ ભુવનમેં પ્રકાશા. જેને સદ્ગુરૂ મળ્યાં સાચા. નવખંડ તો ગુરૂદેશે કરવેરા સબ પાસા, જેના સત્સાહેબ હે સાચા. જમડા આવશે જીવ લેવા, જોઈ કર વરશે પાછા, જમડાથી નહીં ડરેગા, જમડાથી ખૂબ લડેગા, જમડાથી તો આ જગ જોખમાણી કયા કરે. મલકત મોત બીચારા, જેને સદ્ગુરૂ મળ્યા સાચા. ઘર અઘર ગુરૂ આવે જાવે, અગમ ઘરકી ખબરું લાવે, ઘર અઘર ઘર બતાવે. નૂરમાં નૂર સમાવે. પૂર્ણ પ્યાલા પીવે ને પાવે, જન્મ મરણ મીટાવે. જેને સદ્ગુરૂ મળ્યાં સાચાં, એના અમરલોકમાં વાસા, ગગન મંડળમે પ્રકાશા. ગુરૂચરણે સેવક કહે છે, ભૂખ તરસ મટી જાતા.

:- સાખી -:

આ તો અડગ મન ડુંગરા,
સમરણ મન વનરાઈ,
તેમાં થડની જાતુને ભાતું નોખી છે.
પણ પાંદડે પાંદડે ફરીને પૂછી જુઓ,
તો તેનું ખાતું એક જ બેંકમાં છે.

ધરતીની જાજમ, માથે આકાશની રાવટી, ચાંદો સૂરજ બલ્બ, તે રાવટીમાં ઢોલિયો, તેના ચાર જુગના ચાર પાયા. પૂર્વથી પશ્ચિમની ઈસુ, ઉત્તર ને દક્ષિણ ઉપર નાખ્યા. નુરત સુરતના વાણા, ભર્યું પૂરણબ્રહ્મ ગાદલું. વચન ઓછાડ. તે ઉપર આદિ ગુરૂ અવિગત રૂપ ઢાંકી દઈ મુકતસંત રૂપે બેસણાં હોય તે સતગુરૂ કહેવાય. બાપા કહેવાય. સતગુરૂની સમજણ પ્રાપ્ત કરી વાઘા પહેરો તો પૂર્ણ પરમાણ લઈને પેરજો. નહીંતર જગતમાં કહેવાશે લઘરાં અને જગત હાંસી કરશે. નીંદે જગતના લોકો તો ધર્મ ઝાંખો પડશે.

રૂપ ને મુખ સતગુરૂના કરી નાખશો પછી ખમીયાનો ખલકો પહેરી, રાખો નામ વચનની ટેક, આવા જેણે પહેરી લીધા બ્રહ્મભેખ. રંગ રણુકારથી રંગેલ તે તો આપોઆપ અલેખ ભગવાનરૂપે થઈ અને ભગવાનનું ભજન કરવું. મનને પૂજારી બનાવો તો મન પૂજા કરે, ધ્યાન કરે, ભજન કરે કે જેની નથી સાચી સગાઈ એ તો સાચાનો સંગાથી છે. દગાબાજીથી દુર છે. હાજરા હાજુર છે. નૂર ને સૂર એક જ છે.

:: ચાર પ્રકારના સમજણવાળા ભકતો હોય છે ::

(૧) પહેલા પ્રકારના ભકતોની સમજણ, જગત છે. પોતે છે. ધામનો ભાસ છે અને ભગવાનની મૂર્તિથી અજાણ છે.
(૨) એને જગતનો ભાસ છે. પોતે છે. મૂર્તિનો ભાસ છે અને ધામ છે.
(૩) પોતે છે. જગત નથી. ધામ છે અને મૂર્તિ છે.
(૪) પોતે નથી. જગત નથી. ધામ નથી. એક ભગવાનની મૂર્તિ જ છે.

આવા ચાર પ્રકારની સમજણવાળા ભકતો હોય છે. તેમાં ચોથી સમજણવાળા ભકતો શ્રેષ્ઠ છે. તેવા જ્ઞાની ભકતો ઉપર દયા હોય છે.

જોતાં જોતાં અમને વસ્તુ જડી ખુલ ગઈ, મારી કર્મ કડી પારસમણી મારે નજરે પડી, ગઢ કાંગરા ઝરૂખાં જોયાં મેં ફરી, ગુરૂ ચરણે સેવક કહે છે તો લખ ચોરાસીમાં ન આવું ફરી.

મન, બુદ્ધિ, ચિત્ત, અહંકાર, પવન, તેજ, જલ, પૃથ્વી મન છે તે કલપના કરે છે. અને બુદ્ધિ છે તે નકકી કરે છે. અને ચિત્ત છે તે સ્ટોક કરે છે. જે સ્ટોક કરવા જેવું ન હોય એનો અહંકાર નાશ કરે છે. પૃથ્વી એટલે શરીરનો કઠણ ભાગ.

જેવી રીતે ઘોડા પર બેઠા હોય ત્યારે ઘોડેશ્વાર કહેવાય. ઘોડા પરથી ઉતરી જાય ત્યારે ખાલી અસ્વાર કહેવાય. જ્યારે ઘોડાની સાથે છીએ ત્યારે જીવ કહેવામાં આવે છે. એમ બોડીરૂપી ઘોડો છે તેની સાથે આત્મા એકતા અનુભવે છે. તેનાથી જુદો પડે છે ત્યારે તેને આત્મા કહેવામાં આવે છે. તે તમારો અમર સ્વરૂપ છે. આપણે કોઈ દિવસ મરતાં નથી, આપણે ઘોડો બદલીએ છીએ. એટલે લોકો કહે છે કે ફલાણાં ભાઈ મરી ગયાં.

જે મન દુઃખી થાય છે. આત્મામાં દુઃખ નથી તો મનને દુઃખમાંથી છુટવા માટે સદ્ગુરૂ તરફ વરવું જોઈએ. આત્મા તરફ વાર્યુ કે જેથી મનના સર્વ દુઃખોનો નાશ થાય અને એવી રીતે મન આત્માનું કહ્યું કરે. અને સમજે તો મનની ઘણી જ મોટાઈ મલે છે અને સુખી થાય અને છેવટે તે મન જે કાગડા જેવું વડવાંગડા જેવું છે. તે મન સદ્ગુરૂના ચિંધેલા માર્ગે હાલવાથી મન મોહનરૂપે બને છે. (ભગવાનરૂપે)

બીજું તો મન આત્મા દ્વારૂ વરવાથી તે પવનકુમાર બને, હનુમાન બને છે. એવી રીતે મોટાઈ મળે છે અને ભગવાનની અખંડ સેવાનો લાભ મળે છે. અખંડ સેવા જેમ રામની હનુમાન સેવા કરતા તેમ. એટલે એમ રામની અને હનુમાનની (પવનકુમારની) જોડી ખરેખરી બની જાય છે. આપણો આત્માતો રામ છે અને મન પવનકુમાર છે. એવું આપણું મન જયારે બને છે ત્યારે ભગવાનને બહુ જ વ્હાલું લાગે છે. માટે મનને આત્મા તરફ વાળવું તેમાં મનનું ખરૂં સુખ રહેલું છે. અગર મનને દુઃખમાંથી છુટવાનો ઉપાય સહેજ ભગવાનરૂપે થઈને ભગવાનનું ભજન કેમ કરવું ? તો જેમ ઈયળ ભમરીરૂપે બની જાય છે તેમ મનને આત્મા તરફ વાળવું. આત્માને પરમાત્મા તરફ વાળવું. આત્મારૂપે થઈને પરમાત્માની ઉપાસના કરવી. ત્યારે આત્મા પરમાત્મા સાથે એકતા અનુભવે છે અને તે જ ઉપાસના શ્રેષ્ઠ છે.

-ઃ ચિત્ત અને વિચાર ઃ-

ચિત્ત છે તે બાપ અને વિચાર છે તે દીકરો છે. પણ દીકરાની ઝડપ બહુ છે. ચિત્તને કહે હું તમારો છું તો ચિત્ત કહે છે તો મારું ધાર્યું કેમ નથી થાતું ?

પરમ પૂજ્ય સદ્‌ગુરૂદેવ સત હરિરામબાપાએ દયા કૃપા કરી સ્વમુખે સતવાણીના અણમોલ રત્નો ભાઈશ્રી લીલાધરભાઈની નોટબુકમાં - ૧૯૭૮ ની સાલમાં શાંતિદૂત હોટલમાં મુંબઈ મુકામે શ્રી નેમુભાઈના હાથે લખાવેલા.

::------------:: ॥ ::------------::

(૧૦) સૂરતા શબ્દ યોગ - અનુભવ પ્રકાશ

''સાધનાની સાત ભૂમિકાઓ''

સૂરતા શબ્દના યોગનો અભ્યાસ કરતા મન, જીવ પોતાની પ્રગતિ જે ક્રમબદ્ધ રીતે કરે છે તેનું સંક્ષિપ્તમાં વર્ણન. કે જે મારા અંતરઘટનાં સ્વાનુભવોને શબ્દો દ્વારા સાત ભૂમિકામાં અહિં રજુ કરું છું.

:- પ્રથમ ભૂમિકા -: સૂરતા સાધવી

(૧) ધ્યાનનું કેન્દ્ર :

નાભી કેન્દ્ર પાસે આંતરિક કુંભકના સ્થાને કે જયાં અપાન લય પામે અને પ્રાણ હજુ ઊઠયો ન હોય તે વચ્ચેના ગાળાના સ્થાનમાં ધ્યાન ધરવું. આમ આંતરિક કુંભકના સ્થાનને ધ્યાનનું કેન્દ્ર બનાવવું.

સદ્ગુરૂએ બતાવેલ જ્ઞાન-વિજ્ઞાન પ્રમાણે કરવું. માટે પહેલો પ્રશ્ન ફરજીયાત છે કે પૂર્ણ પહોંચેલા ગુરૂ પાસેથી ચેતનવંતા શબ્દોવાળો ગુરૂમંત્ર લેવો. અને તે ગુરૂમંત્રનો જાપ કરવો. (છ શબ્દનો મંત્ર)

(૨) ધ્યાનનું વિજ્ઞાન :

મંત્રનો પ્રથમ શબ્દ ઓહંગ ને અપાન સાથે પૂરક વખતે જોડવો. પછીના બે શબ્દો ગુરૂજી સમરણ ને કુંભક દરમ્યાન ઘુંટવા. સોહંગ શબ્દને પ્રાણની સાથે રેચક વખતે જોડવો. અને બ્રહ્મ તું હી બે શબ્દોને બાહીક કુંભક દરમ્યાન મનોમનથી ઘુંટવા. આમ છ શબ્દોને શ્વાસોચ્છવાસ સાથે જોડીને મન-પવનની માળાનો મંત્રજાપ કરવો. જેમાં હોઠ કે કંઠ હાલે નહીં અને સહેજે પ્રાણ સાથે સમરણ થાય. તે સાથે આંતરિક કુંભકના સ્થાને ગુરૂમૂર્તિ બેસાડીને તેનું આંતર દૃષ્ટિથી ધ્યાન કરવું. અને સાંભળવાની આંતરવૃત્તિ પણ ત્યાં રાખવી. આ રીતે ગુરૂમંત્રનો જાપ કરવો.

(૩) મનનું રૂપાંતર અથવા જીવની પ્રગતિ તથા અનુભવો :

વિજ્ઞાન પ્રમાણે ખંત પૂર્વક અભ્યાસ કરતાં મનની ને આંખ-કાનની ચેતનાઓ કેતા તનમાત્રાઓ અંતરમુખી થઈને ધ્યાનના કેન્દ્રમાં સાથે મળશે અને એક દોર થાશે ત્યારે મનનું રૂપાંતર સૂરતામાં થાશે. ત્યારે આંતરઘટમાં ગાજી-વાજી રહેલ અનાહતનાદનો અનુભવ સંભળાવા લાગશે. ને મન અને ઈન્દ્રિયો અંતરમુખી થાશે.

અને મનમાં આનંદ અનુભવાશે. આ સ્થિતિને નામની જાગૃતિ થઈ એમ પણ કહેવાય. જે અનાહતનાદ સંભળાય છે તે વગર કાને સંભળાય છે. અને વગર વાજીંત્રે ગાજી-વાજી રહ્યો છે. જેની અનુભૂતિ થાય છે. તેને ઈન્દ્રિયાતીત અનુભવ કહેવાય છે. આમ સૂરતા સધાય છે. સાથે સાથે સાહજીકતાથી પ્રાણો પણ નિયમનમાં ચાલવા લાગે છે. તથા મન અને ઈન્દ્રિયોનું શુદ્ધિકરણ પણ થવા લાગે છે. તથા સ્થૂળ દેહમાં પણ ખૂબ જ તાજગી ને સ્ફૂર્તિ આવે છે.

::------------:: ।। ::------------::

બીજી ભૂમિકા -: અંતઃકરણનું શુદ્ધિકરણ

(૧) ધ્યાનનું કેન્દ્ર :

કપાળ અને નાક જે સ્થાને મળે છે ત્યાં કપાળના મધ્ય સ્થાનને ભ્રકુટી કહે છે. તે ભ્રકુટીને ધ્યાનનું કેન્દ્ર બનાવવું. તેમ કરવા માટે બંધ આંખે નાકના ટેરવા ઉપર નજર (ધ્યાન) કરવાથી તે સ્થાને ધ્યાન લાગશે. જયાં-જયાં અને જયારે-જયારે જરૂર જણાય ત્યારે સદ્‌ગુરૂ કે અનુભવીને પુછીને માર્ગદર્શન મેળવી લેવું.

(૨) ધ્યાનનું વિજ્ઞાન :

હવે સાધકે મંત્રજાપ કરવાનો નથી. પરંતુ ખરો મંત્ર તો અંતર સ્પંદન છે કે જે મનનાં મૂળ સુધી ધબકતું હોય છે. કે જેને અનાહતનાદ કહે છે. તે નાદને વગર કાને સૂરતા વડે સાંભળવો તેને અજપાજાપ કહે છે. તે અજપાજાપ ત્રિવિધ રીતે નીચે મુજબ કરવો.

(૧) સૂરતાને અનાહતનાદ સાંભળવામાં સ્થિત કરવી.

(૨) બુદ્ધિમાં એવો નિષ્ઠાભાવ રાખવો કે જે નાદ અનુભવાય રહયો છે તે જ બ્રહ્મનું નિઃગુણ, નિરાકાર, શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ છે. તેવો પાકકો નિશ્ચય કરવો.

(૩) ચિત્તમાં એવો ભાવ બેસાડવો કે જે નાદબ્રહ્મ સંભળાય છે તે જ હું છું. અને એ જ મારું ખરું આત્મ સ્વરૂપ, સચ્ચિદાનંદ મૂળ સ્વરૂપ છે. આમ આવા ત્રિવિધ ભાવ સાથે અજપાજાપ કરવાનો અભ્યાસ કરવાથી ધ્યાન પૂર્ણરૂપે પરિપકવ થાય છે.

(૩) મનનું રૂપાંતર અથવા જીવની પ્રગતિ તથા અનુભૂતિઓ :

અંતઃકરણ કહેતા કે મન, બુદ્ધિ, ચિત્ત, અહંકારનું શુદ્ધિકરણ થશે. મનની સ્થિરતા અને એકાગ્રતા અનુભવાશે. મન સંયમી બનશે. ઈન્દ્રિયોમાં ભરાઈ પડેલી વિષય વાસનાઓ દૂર થશે. માત્ર વાસનારહિત વિષયનો ભોગ કરશે. બુદ્ધિમાં સાત્વિકતા

વધતી જાશે. તેથી કરીને બુદ્ધિ સંદેહ, શંકારહિત થાશે અને બુદ્ધિના વિક્ષેપો દૂર થાશે. સાથે સાથે બુદ્ધિમાં આસ્તિકતા તથા શ્રધ્ધાના ગુણોનો વધારો થતો જાશે અને નાદબ્રહ્મ સાથે જોડાઈ રહેવાથી બ્રહ્મજ્ઞાનનો દિવ્ય પ્રકાશ બુદ્ધિમાં ઉતરતો જશે.

તેથી કરીને બુદ્ધિ પ્રજ્ઞાવાન બનશે એનો અનુભવ થાશે. કાયમનો જરૂરી એકધારો અભ્યાસ કરવાથી ધીમે ધીમે દેહાધ્યાસ પણ છુટતો જશે અને હું બ્રહ્મ છું એવો ભાવ કેળવાતો જશે. આમ આખા અંતઃકરણનું સબળ બ્રહ્મમાં રૂપાંતર થાશે. એટલે કે પહેલા મનનું રૂપાંતર સૂરતામાં ને ત્યારબાદ સૂરતાનું શબ્દ સાથે જોડાણ થતાં મન બ્રહ્મરૂપ બને છે. આમ મન, બુદ્ધિ અને અહંકાર ત્રણેયનું રૂપાંતર બ્રહ્મમાં થવાથી આખું ચિત્ત બ્રહ્માકાર થશે તે અનુભવાશે. આ અવસ્થાને ચોથી તુરીયા અવસ્થા કે સંપ્રજ્ઞાત સમાધિની દશા પણ કહેવાય છે. હૃદય કેતા ચિત્તમાં સંતોષ, શાંતિ, આનંદનો અનુભવ થવા લાગશે. આ દશાને નામની પૂર્ણ જાગૃતિ કહે છે.

::------------:: ॥ ::------------::

ત્રીજી ભૂમિકા -ઃ નૂરતા - સૂરતા વડે નામને સિધ્ધ કરવું.

(૧) ધ્યાનનું કેન્દ્ર :

આજ્ઞા કેન્દ્ર કે જે મોટુ મગજ આવેલું છે (તેની વચ્ચેથી મેરૂદંડ પસાર થાય છે) કે જયાંથી આખા શરીરનો અને ઈન્દ્રિયોનો કંટ્રોલ મન દ્વારા થાય છે તે સ્થાને ધ્યાન કેન્દ્રિત કરવા માટે કપાળના મધ્યભાગમાં જયાં ચાંદલો કરવામાં આવે છે ત્યાં બંધ આંખે નજર સ્થિર કરવાથી ધીમે ધીમે આજ્ઞાકેન્દ્ર સુધી (નૂરતા કેતા આંતર દૃષ્ટિ મારફતે) પહોંચી જશે. ત્યાં ધ્યાનનું કેન્દ્ર બનાવવું. જરૂર જણાય ત્યાં સદગુરૂ કે અનુભવીના માર્ગદર્શન પ્રમાણે કાર્ય કરતાં રહેવાથી ધ્યાનની ક્રિયા સરળ થઈ જાય છે.

(૨) ધ્યાનનું વિજ્ઞાન :

એકાગ્રતા સધાયા બાદ નૂરતાના પ્રકાશના માર્ગે આગળ વધવા માટે નૂરતા વડે જોતા, પહેલાં એકદમ ઝાંખો પ્રકાશ (અંધારી રાત્રે તારાના પ્રકાશ જેવો) દેખાશે. ત્યારબાદ જેમ જેમ નૂરતા વધુ ઉર્દ્વગામી થતાં, પ્રકાશ ઘેરો થશે. તે તરફ ધ્યાન લઈ જવું. (ચાંદાના પ્રકાશ જેવો) એમ કરતાં કરતાં જેમ જેમ ધ્યાનની ગહેરાઈ આવતી જશે તેમ તેમ પ્રકાશ ઘેરો થતો જશે અને આખરે સૂર્યપ્રકાશમાં સફેદ ધજા જેવી દેખાય તેવો ઘેરો સફેદ પ્રકાશ જ્યાં અનુભવાય તે સ્થાનને ધ્યાનકેન્દ્ર બનાવવું. એટલે કે નૂરતા વડે ત્યાં ધ્યાન કરવું અને સૂરતા વડે તે સ્થાને જ નાદ સાંભળવો. આમ, નૂરતા અને સૂરતાને આજ્ઞા કેન્દ્રમાં સ્થિત કરીને નૂરતાથી નિરખવું અને સૂરતાથી સાંભળવાનો અભ્યાસ કરવો.

(૩) મનનું રૂપાંતર અથવા જીવની પ્રગતિ તથા અનુભૂતિઓ :

નૂરતા સૂરતાના વિજ્ઞાન વડે અભ્યાસ ચાલતો હોય તે દરમ્યાન અનાયાસે સહજતાથી પ્રાણ-અપાન બંને સરખા સમયમાં ચાલવા લાગશે. તથા સમાન અને સમતોલ થઈ જશે. ત્યારે સૂક્ષ્મણાની નાડી કાર્યરત થઈ જશે અને બંને પ્રાણ સૂક્ષ્મણાનાડીમાં પસાર થઈને ચાલવા લાગશે. જેના પરિણામરૂપે બંને ભેગા મળવાથી એકરૂપ થઈ વધુ ઉંડા ઉતરશે. તેથી આંતરિક કુંભકનું સ્થાન પણ વધુ ઉંડુ જશે કે જયાં કુંડલીની શકિતનું સ્થાન છે ત્યાં સુધી પહોંચશે. અને ત્યાં પ્રાણની ઠોકર લાગવાથી સહજતાથી કુંડલીની જાગૃત થશે અને તે શકિતનું વાયુમાં રૂપાંતર થઈને ઉર્ધ્વગામી થઈને સુક્ષ્મણાનાડી મારફતે આગળ વધીને આજ્ઞા કેન્દ્ર તરફ પ્રયાણ કરશે.

આજ્ઞાકેન્દ્રમાં કે જયાં મન (નૂરતા-સૂરતા) બ્રહ્મ (શબ્દ) સુક્ષ્મણા મારફતે આવેલા પ્રાણ (પવન) નું ત્રિવેણી સંગમ થશે ત્યારે નામ સિધ્ધ થશે. એટલે કે અહંકારનો નાશ થશે અને પોતાના મૂળ આત્મસ્વરૂપનો સાક્ષાત્કાર થશે ત્યારે બુધ્ધિમાં જે અનુભવનું જ્ઞાન થાય છે તેને અપરોક્ષ અનુભવનું જ્ઞાન કહે છે. તે સ્થિતીને નિઃવિતર્ક - નિઃવિચારવાળી નિર્વિકલ્પ સમાધિ પણ કહેવાય છે. એ સ્થિતિએ શરીર, ઈન્દ્રિયો, મન, બુધ્ધિ વગેરે બધામાં ક્રાંતિનો અનુભવ થાય છે તથા ચિત્તમાં વશીકાર વૈરાગ્ય વર્તાશે.

::------------:: ॥ ::------------::

ચોથી ભૂમિકા -: સંચિત્ત કર્મોની સફાઈ

(૧) ધ્યાનનું કેન્દ્ર :

મસ્તકમાં આવેલ મેરૂદંડ કે જયાં આજ્ઞાકેન્દ્રમાં મોટું મગજ આવેલું છે. તે જ વિસ્તારમાં પાછળના ભાગે પાણી ભરાયેલ ભાગમાં નાનું મગજ તરતું હોય છે. તે નાના મગજના કેન્દ્રને ત્રિકુટીનું કેન્દ્ર પણ કહે છે. આ ત્રિકુટીના કેન્દ્રને ધ્યાનનું કેન્દ્ર બનાવવું. શાસ્ત્રોમાં પાણી ભરાયેલા ભાગને આંતરિક માનસરોવર પણ કહે છે. (ત્રિકુટી એ મૃત્યુલોકમાંથી સતલોકમાં જવાનું દ્વાર છે. એટલે કે બંને લોકને જોડતી કડીરૂપ કેન્દ્ર છે) તેને ઋતંભરા પ્રજ્ઞાબુધ્ધિનું કેન્દ્ર પણ કહે છે.

- **નોંધ :** યોગીઓ તે ધ્યાનની સ્થિતિને શાંભવીમુદ્રા પણ કહે છે. તેના અનુભવોનું વિશેષ વર્ણન વાણી દ્વારા કે વિચાર દ્વારા થઈ શકે તેમ નથી. કહયું છે ને કે...

જયાં વાણી ન પહોંચે વેખરી, ને વેદ ન પહોંચે ચાર,
એ ગુરૂગમે એ પદ પામીએ, જો અનુભવ હોય લગાર.
અનુભવે જે પદ પામતાં, એ પછ દે તુરીયાતિત,
પોતે બોલે ને પોતે સાંભળે, એ છે અનુભવીની રીત.

માટે કોઈ અનુભવી હોય તેમની પાસેથી જરૂરી માહિતી મેળવી લેવી અને પોતાના અનુભવોનું સમાધાન કરી લેવું અને યોગમાં આગળ વધતાં રહેવું.

(૨) ધ્યાનનું વિજ્ઞાન :

જયારે આજ્ઞાચક્રો પાસે સબળબ્રહ્મ કેતા નામ (સોહંગ) અને કુંડલીની શકિત કેતા વચનનું (ઓહંગ) મિલન થાય છે એટલે કે વચનરૂપી પાલખીમાં બેસીને સૂરતા નામનો દોર પકડી રાખે પછી સાધના માટેના કોઈપણ બીજા પ્રયાસ સાધકે કરવાના રહેતા નથી. કુંડલીની શકિત એના સહજ સ્વભાવે કરીને મોટા મગજ અને નાના મગજને જોડતી બેકનાળ મારફતે જોડતી ત્રિકુટી તરફ આગળ વધે છે. તેની સાથે સબળ બ્રહ્મ (નામ) જોડાયેલ હોવાથી ત્રિકુટીમાં ભ્રમણ કરે છે.

તે સફર દરમ્યાન જુદા જુદા નાદ, જેવાકે ઘંટનાદ, શંખનાદ, વિણા, મોરલી જેવા અનેક નાદો ગાજી-વાજી રહયાનો રણુકાર સતત સાંભળવાની પ્રક્રિયા ચાલતી હોય તે અનુભવાય છે. અને પરિણામે સંચિત્ત કર્મોનો પણ નાશ થતો જાય છે. કુંડલીની શકિતની હાજરીથી જ બધી પ્રક્રિયા થાય છે. સાધકે કોઈ ક્રિયા કરવાની રહેતી નથી. તેને તો માત્ર સાક્ષીભાવે અનુભવ જ કરવાનો હોય છે. આંતરિક અને બાહ્ય બધી પ્રવૃત્તિઓ પ્રકૃતિ શકિતઓ સંભાળી લે છે. એ જ આ વિજ્ઞાનનું રહસ્ય છે. તે રહસ્યની જાણકારી ધરાવનારને ગુરૂગમનો જાણકાર ભેદી કહેવાય.

(૩) મનનું રૂપાંતર અથવા જીવની પ્રગતિ તથા અનુભૂતિઓ :

કુંડલીની શકિતની મદદથી આંતરનાદ સાંભળતાં સાંભળતાં સબળબ્રહ્મનું કુષ્ટકબ્રહ્મમાં રૂપાંતર થાય છે. અને માનસરોવરમાં નાહી અને સંચીત કર્મોનો મેલ બધો સાફ કરીને એકદમ પવિત્ર થાય છે. ત્યારે સદાશિવના દર્શન કરવાની યોગ્યતા કેળવે છે. એટલે કે સદાશિવના દર્શન કરવાની અતિ સૂક્ષ્મ દિવ્ય દૃષ્ટિ કે જેને શિવનેત્ર, ત્રીજી આંખ કે બ્રહ્મદૃષ્ટિ ખુલે છે. તેને બ્રહ્મરંધ્ર પણ કહે છે. તેને દશમો દ્વાર પણ કહેવામાં આવે છે.

તે મારફતે શિવદર્શન કરીને જીવપણામાંથી શિવપણાને પામે છે. કે જે પોતાનું મૂળ આત્મસ્વરૂપ છે. માનસરોવરરૂપી બ્રહ્મસાગરમાં કુટસ્થ બ્રહ્મરૂપી હંસો, સોહંગ મોજું માણે એવો બ્રહ્માનંદનો અનુભવ થાય છે. ત્યારે બધા બંધનોમાંથી

મુકત થયો હોય એવો અહેસાસ થાય છે. ભૂતકાળની સ્મૃત્તિઓ સતાવતી નથી તથા ભવિષ્યની કલ્પનાઓ પણ ઊઠતી નથી. આમ સતત પોતાના વચન સ્વરૂપમાં રહીને મન, વાણી અને ઈન્દ્રિયો પોતપોતાનું કાર્ય કરે છે. તેવી રેણી-રીત સાધકના જીવનમાં વર્તાય છે.

::------------:: ॥ ::------------::

પાંચમી ભૂમિકા -: આત્મ સાક્ષાત્કાર (કાળ અને માયાથી મુકિત)

(૧) ધ્યાનનું કેન્દ્ર :

સહસ્ત્રદળ કમળ મસ્તકમાં મેરૂદંડ છેક ઉપરના ભાગે સાતમું કેન્દ્ર આવેલ છે ત્યાં હજારો સૂર્યના પ્રકાશ સમાન પ્રકાશપૂંજ પ્રકાશિત રહેલ છે. તે સ્થાનને ધ્યાનનું કેન્દ્ર બનાવવું. ત્રિકુટીના કેન્દ્રમાં રહીને પ્રથમ શુદ્ધિ પ્રાપ્ત થયા બાદ ચિત્તમાં પર વૈરાગ્ય પ્રગટ થયા બાદ જ એ કેન્દ્રમાં ધ્યાન ધરવાને લાયક બને છે.

(૨) ધ્યાનનું વિજ્ઞાન :

જયારે ચોથી ભૂમિકાના અંતે ત્રીજું નેત્ર કે બ્રહ્મરંધ્ર ખુલે છે ત્યારે તેના દ્વારા સહસ્ત્રદળના સ્થાને દિવ્ય પ્રકાશ એટલો તો તીવ્ર હોય છે કે જે ત્રીજા નેત્ર દ્વારા દિવ્ય બ્રહ્મ દૃષ્ટિ વડે જોઈ શકાય છે. આમ આ પરમાત્માના તેજ સ્વરૂપના દર્શન કરવાના હોય છે. તો તે દર્શન શિવનેત્ર દ્વારા, બ્રહ્મરંધ્ર મારફતે, ત્રિકુટીના કેન્દ્રમાં રહીને બ્રહ્મદૃષ્ટિ વડે પરમાત્માના પ્રકાશ સ્વરૂપના દર્શન થાય છે.

(૩) મનનું રૂપાંતર અથવા જીવની પ્રગતિ તથા અનુભૂતિઓ :

આમ જયારે પરમાત્માના દર્શન કરીને આત્માના પ્રકાશ-વિમર્શ સ્વરૂપનો સાક્ષાત્કાર થાય છે ત્યારે કાળ અને માયામાંથી મુકિત પામ્યાનો અનુભવ થાય છે. સાધકની તે કક્ષાએ કુંડલીની શકિત કે જે વાયુ સ્વરૂપે (પ્રાણ) હતી તે તેના મૂળ સ્વરૂપ આકાશ એવા પ્રણવનાદ સ્વરૂપે (ઓમકારનો રણુકાર) અનુભવાશે. ત્યારે કુટસ્થ બ્રહ્મ કે નિજ શુદ્ધાત્મા એટલે કે વચનરૂપે બનશે. તે સ્થિતિને વચન સિદ્ધી કહેવાય. જથારથ વચનનો બોધ થયો કહેવાય અને ત્યારે વિદેહ મુકિતનો અનુભવ કરીને જન્મ-મરણના ચક્રમાંથી નીકળીને સતલોક કે સદગુરૂના દેશમાં જવાની લાયકાત આવે છે. ત્યારે માત્ર આસમાની અવાજ, કે જેને પ્રણવનાદ કે મૂળ વચન કહે છે તે એકધારો સતત ગાજી-વાજી રહયો હોય છે. તે સ્થિતિને ઉનમુની અવસ્થા પણ કહે છે.

ત્યારે સૂક્ષ્મ અહંકારનો (કે જે સત્વગુણ રૂપે રહેલો હોય છે) પણ નાશ થઈ જાય છે. મન, આત્મામાં સદાને માટે વિલિન થઈ જાય છે. આમ આ સ્થિતિએ જીવનું શિવમાં રૂપાંતર થાય છે. તે સ્થિતિએ દેશ, કાળ, વસ્તુ કે ક્રિયા કાંઈ નથી. ત્યાં આગળ, પાછળ, ઉપર, નીચે કોઈ દિશાઓ વગેરે કાંઈ નથી. માત્ર પોતે વ્યાપક શૂનકાર રૂપે વ્યાપી રહેલ હોય તેવો અહેસાસ થાય છે. પોતાના જ નાદમાંથી સ્પંદીત થઈ રહેલાં સ્પંદનો કે ધડકનોનો અનુભવ થાય છે. ત્યાંથી આગળ જવા માટે પોતા પાસે કોઈ ઈલાજ નથી. ચારે બાજુએ મહાકાશ ફેલાયેલું છે. કે જેને અંધારીયો ખંડ અથવા વૈજ્ઞાનિકો તેને બ્લેક હોલ કહે છે.

- **ખાસ નોંધ :** આ તકે હું ખાસ નોંધ લઉં છું કે, મારા મારફતે જે કાંઈ સૂરતા શબ્દના સહજ યોગની સાત ભૂમિકાનું વર્ણન શબ્દ દ્વારા લખવામાં આવી રહયું છે તેમાં પૂરેપૂરી પરિબ્રહ્મ પરમાત્મા સ્વરૂપ શ્રી સદગુરૂદેવની કૃપા હોય તેનો મને અહેસાસ થયો છે. ગુરૂ પ્રતાપે મને માત્ર નિમિત બનાવીને કે જે મન, બુદ્ધિ, વાણીથી પર છે એવું પાંચમા વેદનું જ્ઞાન અશકયને શકય બનાવીને તેની જ કૃપાથી લખાયેલું છે. તો તેના શરણમાં જેનું છે તેને અર્પણ કરું છું. અંતરઘટમાં પોતાના આત્મા તરફની યાત્રા કરતાં સાધકો માટે માર્ગદર્શન અને પ્રેરણારૂપ બને એ જ આશયથી આ સાત ભૂમિકાઓ દ્વારા રૂપરેખા તૈયાર કરનાર પરમાત્માની શકિત કયાંય જણાય નહીં. ને જગતની બધી રચનાઓ થાય છે તેને પરિબ્રહ્મ પરમાત્માની લીલા કહેવાય છે.

::------------:: || ::------------::

છઠ્ઠી ભૂમિકા -: સતલોક

(૧) ધ્યાનનું કેન્દ્ર :

ત્યાં ધ્યાન ધરવાનું કોઈ ખાસ કેન્દ્ર નથી કે ધ્યાનનો કોઈ ખાસ વિષય પણ નથી. પોતાના નિજ સ્વરૂપનું ધ્યાન ચેતન છે તેવો પોતાના વિષેનો ખ્યાલ હંમેશા જળવાઈ રહે તે આખરી ધ્યાન છે. હવેતો જયાં સતલોક, સચખંડ કે સદ્ગુરૂનો દેશ છે ત્યાં પહોંચવાનું છે. એટલે કે પોતે જે વ્યષ્ઠિ બ્રહ્મરૂપે છે તેનું સમષ્ઠિ બ્રહ્મમાં વિલિન થવાનું બાકી છે. (જેમ નદીનું સાગરમાં ભળવું) પોતે કાંઈ કરી શકે તેમ નથી.

વ્યષ્ઠિબ્રહ્મ અને સમષ્ઠિબ્રહ્મ વચ્ચે એવો તો અંધારીયો ખંડ આવેલો છે કે અનેક સૂર્યોને ભેગા કરીને તેનો પ્રકાશ દાખલ કરવામાં આવે તો પણ કાંઈ દેખાય નહીં. તેથી તેને અંધારીયો ખંડ કે બ્લેકહોલ કહે છે. મહાશૂન્ય પણ તેને જ કહેવાય છે.

સંતો તેને ભંવરગુફા અને સતશાસ્ત્રો તેને ઘનશ્યામ પણ કહે છે. આમ શુન શિખર પર ભંવરગુફામાં અધર (કોઈપણ આધાર વગર) આસન જમાવીને સદ્‌ગુરૂ મહારાજ ત્યાં બિરાજમાન છે. ત્યાં પહોંચ્યાથી સદગુરૂના ચરણે કાયમ પહોંચ્યા કહેવાય.

(૨) ધ્યાનનું વિજ્ઞાન :

પાંચમી ભૂમિકાએથી છઠી ભૂમિકાએ પહોંચવાનું વિજ્ઞાન સમજીએ તો જેમ લોખંડનું મહાચુંબક નાના ચુંબકોને (મહાચુંબકના ચુંબકીય ક્ષેત્રમાં જયારે નાનુ ચુંબક આવે છે ત્યારે) અનાયાસે પોતા તરફ ખેંચી લે છે. એટલે કે ખેંચાઈ જાય છે. તેમાં નાના ચુંબક કે મોટા ચુંબકે કોઈ પ્રયાસ કરવાનો હોતો નથી પણ સહજ સ્વાભાવિક રીતે ક્રિયા બને છે. પણ તેમાં એક શરત છે કે મોટા ચુંબકના ધનભાર તરફ નાના ચુંબકનો ઋણભાર હોવો જરૂરી છે.

એ જ રીતે વ્યષ્ઠિબ્રહ્મનો ભાવ સમષ્ઠિબ્રહ્મ પ્રત્યે પૂર્ણ રીતે સમર્પિત થયેલો હોવો જોઈએ. (જેમ નદીનો પ્રવાહ સમુદ્ર તરફ પૂરા વેગથી સમર્પિત થાય છે ત્યારે સાગરમાં ભળે છે) જયારે એવી સ્થિતિ બને ત્યારે વ્યષ્ઠિરૂપ આત્મા સમષ્ઠિરૂપ પરમાત્મા કે જેને સચખંડ કે પરમાત્માનું વ્યતિરેકરૂપ ભગવાન કહેવામાં આવે છે તે સાથે ભળી જાય છે. તેને અમરલોક પણ કહેવામાં આવે છે. ત્યાં સદગુરૂ કેતા પરમાત્માની કૃપામાત્રથી જ પહોંચાય છે. તે સદ્‌ગુરૂ બધાં ગુરૂઓના પણ ગુરૂ છે. તેને અલખધણી કે અલખ નિરંજન પણ કહેવાય છે.

- **નોંધ :** ચારેય યુગથી ગુરૂ-શિષ્યની પરંપરાથી આત્મબોધનું જ્ઞાન-વિજ્ઞાન ચાલ્યું આવે છે. જેમ આત્મા સત્ય છે તેમ તે વિષેનું જ્ઞાન-વિજ્ઞાન પણ એટલું જ સત્ય છે. તેમાં કોઈપણ કયારેય કંઈપણ ફેરફાર કરી શકે તેમ નથી. એ સર્વેની જાણ માટે.

(૩) મનનું રૂપાંતર અથવા જીવની પ્રગતિ તથા અનુભૂતિઓ :

જયારે સદ્‌ગુરૂની કૃપાથી સતલોકમાં પહોંચે છે તે, પિંડ બ્રહ્માંડથી પર છે કે જયાં માયા કે કાળનું નામ-નિશાન પણ નથી. માત્ર પરમાત્માનું વ્યાપક સ્વરૂપ હોય છે. આ અદ્વૈત સ્વરૂપ બધે જ સત્યથી ભરપૂર છે. તેના તેજથી બધા ગુરૂઓ કાર્ય કરતાં હોય છે. આમ, ગુરૂઓ માત્ર નિમિત્ત હોય છે. બધાં પહોંચેલા ગુરૂઓને સમષ્ઠિ કેન્દ્રમાંથી જ ચેતના મળતી રહેતી હોય છે. પરમાત્માની સતાશકિતઓ ગુરૂઓમાં કામ કરતી હોય છે. તેની અનુભૂતિ તેમને થયેલી હોય છે. તેથી તેમને સદ્‌ગુરૂ કહેવાય છે. અને તેઓ માત્ર નિમિત બનીને કાર્ય કરતાં હોય છે. તેથી તેમનામાં કર્તાભાવ કે અહંકારની વૃત્તિ હોતી નથી. તેમના મારફતે થતાં બધાં કાર્યો સહજભાવે સરળતાથી થતાં હોય છે. તેઓશ્રી દ્વંદ્વાતીત, ગુણાતીત, તુર્યાતીત, ભાવાતીત, જ્ઞાનાતીત, શબ્દાતીત વગેરે બધી સ્થિતિઓથી પર પાંચમી અવસ્થા કે જેને સાક્ષીભાવની અવસ્થા કહે છે તેમાં હંમેશા સ્થિત થયેલા હોય છે. તેને વિદેહ મુકિતની દશા કહેવાય છે.

પરમાત્માતો આખા જગતમાં વ્યાપકપણે દરેકની અંદર કાર્ય કરતાં જ હોય છે. પરંતુ અજ્ઞાનતાના કારણે થયેલ ભ્રાન્તિ, ભ્રમણાને લઈને અવિદ્યા થકી પકડાયેલા ખોટા હું-મારૂં, રાગ-દ્વેષ, અભિનિવેશ વગેરે કલેશો તથા વિષય વિકારોને કારણે દુઃખી થતાં હોય છે. તથા જન્મ-મરણનાં ચક્રમાં ફસાયેલાં રહે છે. પરમાત્માની સત્તાશકિત જ બધામાં રહીને કાર્ય કરે છે. તેની જાગૃતિ જેઓને થઈ તેઓની પ્રજ્ઞાબુધ્ધિમાં ખ્યાલ આવી ગયો કે આખા જગતની સેવા પરમતત્વ દ્વારા થઈ રહી છે. અને પોતે પણ પરમાત્માની સેવા નિષ્કામભાવે એની ઈચ્છા મૂજબ કરી રહયાં છે. એટલે કે છઠી ભૂમિકાએ પહોંચ્યા બાદ વિદેહ મુકિત દશામાં દાસાનુદાસ થઈને રહે છે અને પોતાની જાતને સંત ચરણરજ દાસાનુદાસ તરીકે માને છે.

::-------------:: ॥ ::-------------::

સાતમી ભૂમિકા -: પરાત્પર બ્રહ્મ (કેવળ પદ, પરમ સત્ય)

જયાં માત્ર અસ્તિત્વ સિવાય બીજું કંઈ પણ નથી. ૧૪ લોક અને ૨૧ બ્રહ્માંડોથી પણ પર કે જયાં નથી માયા કે મેદની, નથી ચાંદા કે સૂર્યો, નથી જળ કે જમીન, નથી વાયુ કે આકાશ. ત્યાં માત્ર ચૈતન્ય ઘન, અલખ નિરંજન, નિર્ગુણ, નિરાકાર, પરમ સત્ય સચ્ચિદાનંદરૂપે વિલસી રહયું છે. તેને અનામ કે પરમધણી, અલખધણી કે પરમેશ્વર પરમાત્મા બ્રહ્મ વગેરે એવા અનેક શબ્દો વડે પરમતત્વની ઓળખ માટે વાપરવામાં આવે છે. કે જેથી તે શબ્દોની સંજ્ઞા મારફતે બુધ્ધિમાં પરમ તત્વનો ખ્યાલ આવે.

પોતે નિરાધાર છે અને આખા વિશ્વનો અધિષ્ઠાતા પણ છે. તેને કૈવલ્યપદ પણ કહેવામાં આવે છે. તે સત્ય તો કાયમનું છે. બ્રહ્માંડો કે જગત નહોતા ત્યારે પણ હતું, આજે પણ છે અને જે કાંઈ દૃશ્યમાન નહી હોય ત્યારે પણ તે જેમનું તેમ જ અચલ અવસ્થામાં દ્વંદ્વાતીત, ત્રિકાળા બાધિત, નિર્ગુણ, નિરાકાર, શુધ્ધ ચૈતન્ય છે. તેનું સ્વરૂપ જ્ઞાન છે. એવું કાયમનું સત્ય છે કે જેમાંથી બધું ઉત્પન્ન થાય છે. છતાં બધાથી પર છે. તેમાં કોઈપણ જાતનો ફેરફાર થતો નથી અને કાયમ પોતાની મૂળ સ્થિતિમાં જેમનું તેમ રહે છે. એવા પૂર્ણ પુરુષોતમ પરમાત્માને સાષ્ટાંગ દંડવત પ્રણામ... પ્રણામ... પ્રણામ.

આમ, પોતે પોતાના જ પરમતત્વને ઓળખી, પારખી, નિરખીને નકકી કરીને ઈશ્વર ઈચ્છાએ પરમપદમાં ભળી જવું. આ સ્થિતિને નિર્વાણપદ, કૈવલ્યપદ કે મોક્ષગતિને પામ્યા કહેવાય. પરમાત્માના ગુણાનુવાદ જેટલા કરવા બેસીએ તેટલા

ઓછા પડે. તે પરમ તત્વ સદ્‌ગુરૂના વખાણ હું કેમ કરૂં ? ખુદ સરસ્વતી ને વેદો પણ થાકી ગયાં. શિવ સનકાદી પણ પુરા ન લહી શકયા. એવો સદ્‌ગુરૂનો ભેદ પૂર્ણ રીતે કોઈ પામી શકે તેમ નથી. એતો પોતે પરમેશ્વર જ પોતાને જાણે. બાકી બધા આડા અવળું તાણે. માટે કહેવાયું છે કે ....

ગુરૂ ગોવિંદ દોનો ખડે, કિસકો લાગુ પાય,
બલીહારી ગુરૂદેવ કી, જીસને ગોવિંદ દીયો બતાય.
ગોવિંદથી ય ગુરૂ છે અદકેરા, સદગુરૂ દયાનિધાન,
ચાહે સો પલમાં કરે, ધન ધન સદગુરૂ દાતાર.
ગુરૂની ગતિ ગુરૂને પાસ, જેવી છે કસ્તુરીમાં વાસ,
જયાં નામનો છે વિશ્વાસ, દીનોનાથ પુરે તેન આશ.

તો હવે વધુ ગુણાનુવાદ નહીં કરતાં...

પરમતત્વ પરિબ્રહ્મ સદગુરૂદેવને સાષ્ટાંગ દંડવત પ્રણામ... પ્રણામ... પ્રણામ સાથે મને પણ નમસ્કાર કરીને અહીં વિરમું છું.

બોલો સર્વદાતા સદગુરૂદેવનો જય હો... જય હો... જય જયકાર હો. ત્રિકાળ નમસ્કાર હો.

લી. સંતચરણરજ દાસાનુદાસ
દિલસુખના સત રામ રામ
જય ભગવાન, ગુરૂ પ્રણામ
અલખ નિરંજન

::------------:: ॥ ::------------::

વિભાગ - ત્રણ
આધ્યાત્મિક આત્મવિચાર, સત્સંગ તથા પ્રશ્નોત્તર

(૧૧) આત્મવિચાર (પત્રો દ્વારા)

ભડાણિયા કુટુંબ-કબીલા ગ્રુપમાં મહાશુભ સ્થાને બિરાજમાન નાના-મોટા સર્વે કુટુંબીજનોનો તથા સગા-વ્હાલા, સ્વજનો વગેરે આજે મોટા સ્થૂળદેહના જન્મદિન નિમિત્તે જે કાંઈ ખુશી આનંદ વ્યકત કરીને શુભેચ્છાઓ પાઠવી છે તે બદલ હું આપ સર્વે આત્મજનોનો હૃદયપૂર્વક આભાર માનું છું. અને દરેકને ધન્યવાદ પાઠવું છું.

આ તકે હું ઈશ્વરને પ્રાર્થના કરું છું કે ઈશ્વર આપણને સૌને સદ્‌બુદ્ધિ આપે કે જેના વડે આપણે આથી ભૌતિકક્ષેત્રે આગળ વધીએ અને સુખ, સમૃદ્ધિ પામીએ. તથા સારા ગુણ, લક્ષ મેળવીને સત્કાર્યો કરીને દેવતાઈ જેવું જીવન જીવીએ અને સદાય આનંદમાં રહીએ કે જેથી આધિદૈવિક ક્ષેત્રે પણ વિકાસ થાય.

આ સાથે પોતાના જીવના કલ્યાણ માટે બ્રહ્મવિદ્યા મેળવીને આધ્યાત્મિક ક્ષેત્રે પણ આગળ વધીને આપણાં મૂળ સ્વરૂપ એવાં બ્રહ્મતત્વને ઓળખી, પારખી, નિરખીને નકકી કરીને આપણાં નિજ સ્વરૂપ આત્મામાં સ્થિત થઈને ભવોભવના બંધનમાંથી મુકત થઈને આ દુર્લભ એવો મનુષ્ય અવતાર લેખે લગાડીને મોક્ષગતિને પામીએ.

બસ એજ...
સૌનો આભાર
દિલસુખના સત રામ રામ
સદ્‌ગુરૂ પ્રણામ
જય ભગવાન.

::-------------:: ॥ ::-------------::

ભડાણિયા કુટુંબમાં કમળના પુષ્પની જેમ ખીલેલા રવિ તથા સિમ્પલ. તમો બંનેએ ડોકટરી લાઈનમાં ખૂબજ ખંત અને મહેનતપૂર્વક અભ્યાસ કરીને સર્વોત્તમ જ્ઞાન સંપાદન કરીને તથા તે જ્ઞાનનો તમારા જીવનના કાર્યક્ષેત્રમાં સદુપયોગ કરી રહયાં છો. અને તેમાં સફળતાપૂર્વક આગળ વધી રહયાં છો. એટલું જ નહી પણ તેની સુવાસ બધે ફેલાઈ રહી છે તે જાણીને અમોને ખૂબ જ આનંદ થયો છે. તે બદલ તમો બંનેને ખૂબ ખૂબ અભિનંદન. તથા ઉત્તરોત્તર સફળતાના શિખરો સર કરતાં રહો એવી શુભેચ્છાઓ પાઠવીએ છીએ.

આ તકે હું એટલું તો જરૂરથી કહીશ કે મનુષ્યજીવનની સફળતામાં તેના માતા-પિતા તથા ગુરૂજનોએ પણ મહત્વનો ભાગ ભજવેલો હોય છે. તેથી તમારા માતા-પિતા અને ગુરૂજનોને પણ ખૂબ ખૂબ અભિનંદન પાઠવીએ છીએ.

બીજું કે, આપણાં સત્શાસ્ત્રોમાં કહયું છે કે (૧) માતૃ દેવો ભવઃ (૨) પિતૃ દેવો ભવઃ (૩) આચાર્ય દેવો ભવઃ (૪) સદગુરૂ દેવો ભવઃ (૫) અતિથિ દેવો ભવઃ.

આ પાંચેયને પરમેશ્વરતુલ્ય ગણવામાં આવે છે. માટે સવારે ઉઠતાની સાથે જ પથારી છોડતાં પહેલાં પાંચ મિનિટ જ ઉપરોકત બધાં દેવોને હૃદયની ભાવનાપૂર્વક સ્મૃતિમાં લઈને પૂજયભાવ સાથે વંદન કરવા અને પ્રાર્થના કરવી કે તમારો દિવ્યપ્રેમ સદાય મળતો રહે. અને જો સન્મુખ મળે તો વંદન કરીને ચરણ સ્પર્શ કરવાનું કદી પણ ચૂકવું નહી. અને રાત્રે સુતા પહેલાં પાંચ મીનીટ જ આખા દિવસ દરમ્યાન કરેલા કાર્યોને સ્મૃતિમાં લઈને જાણવું કે જે કાર્યો સફળતા પૂર્વક થયેલા હોય તે બધાં કાર્યો દેવોના શરણે અર્પણ કરવાં અને તેઓનો આભાર માનવો. અને કોઈપણ કાર્યોમાં ભૂલ થયેલી હોય કે સફળતા ન મળી હોય તો દેવોની ક્ષમા માંગી અને ફરીથી એવી ભૂલ ન થાય તેવી પ્રાર્થના કરવી.

જો કોઈપણ મનુષ્ય પોતાના જીવનમાં આ ઉપદેશ પ્રમાણે સવારે તથા રાત્રે પાંચ-પાંચ મિનિટ જ સાધના કરે તો તેનાં જીવનમાં હંમેશા સુખ, શાંતિ, સંતોષ તથા આનંદ રહે. અને અહંકાર તથા અભિમાન વગરનું મુકત જીવન જીવીને પોતાના પરમપદ એવાં આત્મ સ્વરૂપમાં સરળતાથી અને સહજતાથી સ્થિતિ પામીને સદગતિને પામે છે. તેમાં જરા પણ સંદેહ નથી. એવો મારો પાકકો નિશ્ચય છે.

બસ એ જ...
સૌનો આભાર
દિલસુખના સત રામ રામ
સદુગરૂ પ્રણામ, જય ભગવાન.

::------------:: ।। ::------------::

ભાઈ શ્રી દિલીપકુમાર, જય ભગવાન. આજે તમે જે નામ, વચન અને સદ્ગુરૂનો મહિમા રજુ કર્યો તે જાણીને મને ખૂબ જ આનંદ થયો. અને હું એ જાણી ચુકયો કે તમે નામ, વચન, આત્મા અને સદ્ગુરૂના શબ્દાર્થ, તેનો ભાવાર્થ, તેનો ગુઢાર્થ અને તેનું રહસ્ય બરાબર સમ્યક રીતે યથાર્થ જ્ઞાન સમજી લીધી છે. તે જાણીને મને અતિ આનંદ થયો છે.

તમે એ સમજી ચુકયા છો કે વસ્તું વચનમાં છે ભરપૂર અને વચન ભકિત કરવાનું અંગ (સાધન) છે. એ વચન પ્રગટ થઈને આપણને સગુણ સ્વરૂપે સદ્ગુરૂ રૂપે મળેલ છે. એ સદ્ગુરૂએ આપણને સંતચરણની ભકિતરૂપી જે ચૂંદડી ઓઢાડી છે તેના એક-એક છેડે તે વચન આવેલું છે. તો એ ભકિતરૂપી ચુંદડી કેવડી મોટી અને તે ચુંદડીનો ઓઢાડનાર તે ભગવાન કેવડા મોટા હોય. આવી ભકિતરૂપી ચુંદડી ઓઢાડીને આપણો સંબંધ ઈ ભગવાન સાથે સદગુરૂએ કરાવી આપ્યો છે.

તો ભાઈઓ, આપણે જેમ બને તેમ વહેલાસર આપણે માવતરિયા અને સાસરિયાના આંટાફેરા પૂરા કરીને આપણે કાયમી ધોરણે ધણીના ઘરે જઈને પરમાત્મારૂપી ધણીનો આનંદ મેળવીને કાયમના સુખ, શાંતિ અને આનંદ મેળવીએ. અને પરમપદને પામીએ.

બસ એ જ...
હરિરામબાપાનો જય હો... જય હો...
જય જયકાર હો.
ત્રિકાળ નમસ્કાર

જગતની મનોકામનાઓ, પ્રમાદ અને આળસ મૂકીને સમરણ, ભજન, ધ્યાન, સમાધિ કરીને જીવન સફળ કરીએ.

::------------:: ॥ ::------------::

હું સત્યનામ પર જાવું વારી,
વચન ભેદ મારા ગુરૂએ બતાવ્યો,
જોયું મેં તો તત્વ વિચારી,
વચન રહયો ઘટ ભીતર,
ભેદ જડયો મને ભારી.
નેડો લાગ્યો મને નામ તણો,
મારી ભેદ ભ્રમણા ભાંગી,
રીઝયા ગુરૂદેવ હરિરામ ને,
મારા તનમાં વાગી જોને તાળી.

:- સત વિચાર :-

પૂર્ણ જીવન લગાવી દીધું ચાવી શોધવામાં
અને અંતે ખબર પડી, તાળું તો શું પણ
દરવાજા નથી પરમાત્માના ઘરે.
અંદર શૂન્ય, બહાર શૂન્ય, શૂન્ય ચારે બાજુ
હું નથી મારામાં છતાં, હું હું ના નાદ છે

ભાઈ શ્રી દિલીપકુમાર, પૂજય બાપાશ્રી આપણને કહેતાં હતાં કે અલખ પુરુષ અવતાર ધરીને ખેલે છે. બાવનથી બારો, તે છે સબસે ન્યારો, અને છે બોલનહારો. એક અક્ષરથી આ ખલક સ્થાયું કેતાં વચનમાંથી આ સ્થૂળ શરીર બંધાણું. તેમાં નામ હાલે છે સવાયું. કેતા હંસો કેતા પ્રાણ. અપાન કરતા થોડો લાંબો હોય છે. એટલે કે હં એ અપાન છે અને સો એ પ્રાણ છે. તે બાર આંગળ બહાર જાય છે.

એક અક્ષર બ્રહ્મ છે અને હંસો નામ છે. તેને જ વચન કહેવાય. તે પ્રાણરૂપે હાલે છે. જો આ નામ-વચનને જાણો તો ચૌદલોક સૂઝે.

પહેલા ઈ નામને જાણો, કે જાણો નામનો ભેદ કે જે નામથી સૃષ્ટિ બની, અને બન્યાં ચારેય વેદ. તો બાપલિયા જેને નામતણો નેડો લાગ્યો હોય પછી શું બાકી રહે ? જયારે નામ સાથે પ્રીતિ બંધાય છે ત્યારે સદગુરૂ રાજી થઈ જાય છે. સૂરતાના તેના જ પૂત્ર નામ સાથે લગ્ન કરાવી આપે છે. એટલે કે સૂરતા શબ્દનો યોગ પાકી જાય છે અને નામ સિદ્ધ થાય છે. ત્યારે બુદ્ધિમાં બ્રહ્મપ્રકાશ થવાથી તત્વજ્ઞાન થાય છે. તે જ્ઞાન દૃષ્ટિથી જયારે જોયું તો...

વચનથી કોઈ વધે નહીં, અને નામથી કોઈ મોટું નહીં,
વચન અજર છે, નામ અમર છે.
વચનનો બધો વિસ્તાર છે, જેને નામનો આધાર છે,
વચન રાજા છે, નામ પ્રધાન છે.
વચન શિવ છે, નામ શક્તિ છે,
ઓહંગ વચન છે, સોહંગ નામ છે.

તો ગુરૂ પ્રતાપે નામની સાથે નેડો કરેને ભેદ-ભ્રમણાને ભાંગીને પોતાના મૂળ સ્વરૂપમાં આત્માનો સાક્ષાત્કાર કર્યો તેને તનમાં લાગી જેને તાળી એટલે કે અનાહતનાદ પ્રગટ થયો. અને વગર કાને સંભળાવા લાગ્યો. તેને જીવ-શિવના ભેદ મટી ગયા. નામ-વચન એકરૂપ થઈ ગયા. બધાં દ્વૈત મટી ગયાં અને અદ્વૈતરૂપ બની પરમપદને પામી ગયા.

બસ એ જ...
દાસાનુદાસ દિલસુખના
જય ભગવાન
સત રામ રામ
ગુરૂ પ્રણામ

::------------:: ॥ ::------------::

ભાઈ શ્રી દિલીપકુમાર.... જય ભગવાન

તમારા તરફથી આવેલો સંદેશો સત્ય છે. તે વાંચી ખૂબ આનંદ થયો. જે ધર્મ મનુષ્યને માટે છે તે ધર્મના રૂપનું સ્વરૂપ સદ્ગુરૂમાં પ્રગટરૂપે બોલે છે. માટે સદ્ગુરૂને ધર્મનું હાલતું-ચાલતું-બોલતું પ્રગટ સ્વરૂપ કહેવામાં આવે છે. માટે એ ધર્મના ભેદને પામવું હોય તો બધાં ભેદમાંથી નીકળીને અભેદ રૂપે થવું જોઈએ. અભેદને પામવાથી બધાં ભેદનો નીવાડો આવી જાય છે. ત્યારે અભેદ દૃષ્ટિ આવે અને તેથી કરીને ધર્મના ભેદને કહેતાં ધર્મનાં રહસ્યને પામી શકાય. એ અભેદ દૃષ્ટિ માટે સદ્ગુરૂએ ચીંધેલા માર્ગે ચાલીને તેના બતાવેલ જ્ઞાન-વિજ્ઞાન પ્રમાણે અંતરઘટની યાત્રા કરીને ગુરૂના જ્યોતિ સ્વરૂપને પામીને જ્યારે સદ્ગુરૂના દીદાર કરીને તેના ચરણમાં સમાય જાય ત્યારે ગુરૂધર્મના ભેદને પામી શકાય છે. જે કોઈ સાધક ગુરૂધર્મના ભેદને પામે ત્યારે તેમાં સદ્ગુરૂનાં ધર્મનું રૂપ પ્રગટ થાય છે. આ અવસ્થાને સદ્ગુરૂ શિષ્યમાં સમાયા કહેવાય. એ ગુરૂ ક્યારેય મરે નહીં, અને મરે તેને ગુરૂ ન કહેવાય. ગુરૂ માં ના પેટે ક્યારેય જન્મતા નથી. મા ના પેટે તો કાયાનો જન્મ થાય છે. પરંતુ ગુરૂનું દિવ્ય આત્મસ્વરૂપ કે જેને ધર્મમાં રૂપનું સ્વરૂપ કહેવામાં આવે છે તે તો તેનાં પૂરા પહોંચેલા શિષ્યમાં સમાય છે. માટે ધર્મનો ભેદ તો ત્યારે જ સમજાય, કે જ્યારે ધર્મનું પ્રગટ સ્વરૂપ સદ્ગુરૂની દયા-કૃપાથી આપણાં હૃદયમાં પ્રગટ થાય. તો જ ગુરૂધર્મને પામ્યા કહેવાય. અને ત્યારબાદ ગુરૂધર્મનું પાલન થઈ શકે.

બસ એ જ...

દાસાનુદાસ દિલસુખના

જય ભગવાન

સત રામ રામ

ગુરૂ પ્રણામ

::------------:: ॥ ::------------::

ભાઈ શ્રી દિલીપભાઈ... જય ભગવાન.

બાપાશ્રી કહેતા હતા કે ભલા આ ભાવનો મેળો છે. તેમાં ભાવ મુકતા જવા અને લ્હાવો લેતા જવો. એટલે આપણી રહેણીમાં આપણે જેવા ભાવથી વર્તન કરીએ તેવું આપણાં હૃદયમાં તેનું પરિણામ તરત જ પ્રગટ થાય છે. જો સદ્ભાવથી વર્તન કરીએ તો આપણા હૃદયમાં પ્રેમ, આનંદ પ્રગટ થાય છે. અને કભાવથી વર્તન કરીએ તો હૃદયમાં ક્રોધ, નફરત, ધૃણા, અહંકાર, ભય, ચિંતા વગેરે પ્રગટ થાય છે. આ તો તાત્કાલિક ફળ આપે. આમ કરો, ને આમ પામો. ત્યાં જરાય ઉધાર નથી. આ તો રોકડિયો વેપાર છે. જેમકે તમે મને ફોટો મોકલ્યો કે તરત જ તમારા હૃદયમાં આનંદ પ્રગટ થયો હોય અને મેં જે ભાવથી તમારો આભાર માન્યો હોય તેવો તરત જ મારા હૃદયમાં ખુશી, આનંદ પ્રગટ થયો હોય આને કહેવાય કે ભાવ મૂકતા જવા અને લ્હાવો લેતા જવો. એટલે કે કોઈપણ કાર્ય, વિચાર, વાણી કે વર્તન કરતી વખતે આપણાં હૃદયનો જેવો ભાવ હોય તેવા ગુણો આપણાં હૃદયમાં તરત જ પ્રગટ થાય છે. માટે જો...

(૧) કભાવથી વર્તન કરીએ તો પશુતાના ગુણ પ્રગટે.

(૨) સદ્ભાવથી વર્તન કરીએ તો સજ્જનતાના ગુણ પ્રગટે.

(૩) નિષ્કામભાવે કરીએ તો આત્માના ગુણ એટલે કે પ્રેમ, આનંદ, જ્ઞાન વગેરે પ્રગટે

માટે મનની સર્વ કામનાઓ છોડીને નિષ્કામભાવે પોતાના સ્વરૂપમાં સ્થિત રહીને કર્મો કરવાથી સંતોષ, આનંદ અને શાંતિ આપણા હૃદયમાં રહે છે. આમ બ્રહ્મદશામાં રહેવાથી અંતે આપણું કલ્યાણ થાય છે.

બસ એ જ...
દાસાનુદાસ દિલસુખના
જય ભગવાન
સત રામ રામ
ગુરૂ પ્રણામ

::------------:: ॥ ::------------::

અધમ ઓધારણ, ભવસાગર તારણહાર, દયાનિધાન, કૃપાસિંધુ, અનાથો ના નાથ, સર્વદાતા સદ્ગુરૂનો જય હો, જય હો, જય હો. ત્રિકાળ નમસ્કાર હો.

ગુરૂ બ્રહ્મા, ગુરૂ વિષ્ણુ, ગુરૂદેવો મહેશ્વરા ।
ગુરૂ સાક્ષાત પરિબ્રહ્મ, તસ્મૈય શ્રી ગુરૂવે નમઃ ॥

સ્વસ્થાન શ્રી ગામ ધામ જામનગર મહાશુભ સ્થાને બીરાજેલ ભડાણિયા કુટુંબમાં નીપજેલા સાચા મોતી સમાન મહાદેવ ઈશ્વરી કળાના હંસ એવા અમારા વ્હાલા ચિ.ઋષિતને દેહમાં રહેલા દેવળવાળો દેવ પોતે તેમની દિવ્ય દૃષ્ટિ, સત્ દુવા-કૃપા થકી તારી સત્ આત્મ બુધ્ધિ, સત્ પ્રકાશ, સત્ શુભ સ્મૃત્તિ ઘણી તે ઘણી અવિચળ રાખે. તથા સ્થૂળ દેહથી નિરોગી રાખે. અને તારા અભ્યાસના કાર્યમાં બરકત આપે તથા સદાય સુખી રાખે અને સતકાર્યમાં સદાય સત્વૃતિ આપે એવી પરિબ્રહ્મ પરમાત્માના ચરણોમાં રહીને શુભ આશીર્વાદ પાઠવું છું.

બીજું કે, તારી પ્રિ. મેડીકલ એન્ટ્રાસન એકઝામનું પરિણામ જોઈને ખૂબ જ આનંદ અનુભવીએ છીએ. કુલ ૭૨૦ ગુણમાંથી ૭૦૦ ગુણ મેળવીને ઉત્તિર્ણ થવા બદલ ખૂબ ખૂબ અભિનંદન. અને ઉચ્ચ અભ્યાસ ક્ષેત્રે ખૂબ જ આગળ વધતો રહે તેવી શુભેચ્છાઓ સાથે જણાવવાનું કે, જેમ ભગવાનનું મંદિર તેના પર રહેલ કળશ અને માથે ફરકતી ધજાથી શોભાયમાન હોય છે તેમ તે પણ ભડાણીયા કુળ રૂપી મંદિરના શિખરે રહીને અતિ સારા ગુણરૂપી ધજા ફરકાવીને ભડાણિયા કૂળ રૂપી મંદિરની શોભામાં ખૂબ જ વધારો કર્યો છે. તે તો તારા માટે અને અમારા સૌના માટે આનંદની ઘડી છે. અમે સૌ કુટુંબીજનો તથા સગા-સ્નેહી તથા મિત્રો ગૌરવ અનુભવીએ છીએ.

આ તકે હું એટલું તો ચોકકસ કહીશ કે તારી આ સફળતામાં તારી ખંતપૂર્વકની પૂરેપૂરી મહેનત તથા તારા માતા-પિતા, દાદા-દાદી અને તારા ગુરૂજનોએ પણ ખૂબ જ મહત્વનો ભાગ ભજવેલો હોય છે. તેથી તે બધાંને પણ આ તકે અભિનંદન અને ધન્યવાદ પાઠવું છું. વધુમાં જણાવવાનું કે આપણાં શાસ્ત્રોમાં કહયું છે કે, (૧) માતૃ દેવો ભવઃ (૨) પિતૃ દેવો ભવઃ (૩) આચાર્ય દેવો ભવઃ (૪) સદ્ગુરૂ દેવો ભવઃ (૫) અતિથિ દેવો ભવઃ.

ઉપરોકત પાંચેયને પરમેશ્વરતુલ્ય ગણાયા છે. અને તેમના શુભ આશીર્વાદ પ્રાણીના (મનુષ્યના) જીવનમાં ખૂબજ ઉપયોગી થાય છે.

સવારે ઉઠતાની સાથે પથારી છોડતા પહેલાં પાંચ જ મિનિટ ઉપરોકત બધા દેવોને હૃદયના ભાવપૂર્વક સ્મૃતિમાં લઈને પૂજયભાવ સાથે વંદન કરવા અને પ્રાર્થના કરવી કે તમારો દિવ્યપ્રેમ સદાય મળતો રહે. અને જયારે સન્મુખ મળે ત્યારે પ્રણામ કરી ચરણ સ્પર્શ કરીને આશીર્વાદ મેળવતાં રહેવા.

અને રાત્રે સૂતા પહેલાં પાંચ મીનીટ જ આખા દિવસ દરમ્યાન કરેલા કાર્યોને સ્મૃત્તિમાં લેવા. કે જે કાર્યોમાં સફળતા મળી હોય તે બધાં કાર્યો દેવોના શરણે અર્પણ કરવા. અને આભાર માનવો કે તેમની દયા-કૃપાથી જ સફળતા મળી છે. એવો સદ્ભાવ રાખવાથી કર્તાપણાનું અભિમાન કયારેય પણ બુદ્ધિમાં ન આવે. અને કોઈપણ કાર્યમાં ભૂલ થઈ હોય કે સફળતા ન મળી હોય તો દેવોની ક્ષમા માંગવી અને પોતાની ભૂલ સુધારવામાં મદદરૂપ થાય તેવી પ્રાર્થના કરવી. ફરીથી એવી ભૂલ ન થાય તેવું બળ આપે.

જો કોઈ પણ અભ્યાસ પોતાના જીવનમાં રોજ સવારે તથા રાત્રે પાંચ-પાંચ મિનિટ જ ઉપરોકત બતાવેલી રીત પ્રમાણે પ્રાર્થના કરે તો તેના જીવનમાં ભૌતિક ક્ષેત્રે તથા આધ્યાત્મિક ક્ષેત્રે થતાં વિકાસને કોઈ અટકાવી ન શકે. અને જે સમયે જે જરૂરિયાત ઊભી થાય તેની બધી વ્યવસ્થા પરમાત્મા તરફથી થતી રહે છે. તે કોઈ ચમત્કાર નથી. પણ ગુઢ રહસ્ય ભરેલું વિજ્ઞાન જ છે. તે દરેક માનવીથી સમજી શકાય એમ નથી. પણ તેનો લાભ દરેક માનવી ઉઠાવી શકે છે.

એમ આપણાં થઈ ગયેલા અનુભવી સંતો તથા સતશાસ્ત્રો તથા સનાતન ધર્મના વેદો, ઉપનિષદો વગેરેએ સ્વીકારેલી વાત છે. તો આ તકે વધુ નહીં કહેતા તને તારા જીવનમાં ભૌતિક તેમજ આધ્યાત્મિક ક્ષેત્રે ખૂબ જ સફળતા મળે, ઈશ્વર હંમેશા સહાયરૂપ થાય તેવી ઈશ્વરના શરણમાં રહીને શુભેચ્છા. તથા શુભ આશીર્વાદ પાઠવું છું.

બસ એ જ...
દિલસુખના સત રામ રામ
જય ભગવાન.

::------------:: ॥ ::------------::

પ્રિય રવિ તથા સિમ્પલ... જય ભગવાન.

તમે બંને જે ડોકટરી જ્ઞાન ધરાવો છો તેનો ઉપયોગ દર્દીઓની વધુ સારી સેવા કરવા માટે એક નવી હોસ્પીટલની આજે તારીખ ૨૬ નવેમ્બર ૨૦૨૩ ના રોજ શુભ શરૂઆત કરી રહયાં છો તે જાણીને અમોને ઘણો જ આનંદ થયો છે. આ રીતે તમારા જીવનમાં ઉતરોતર પ્રગતિના પંથે આગળ વધતાં રહો એવી અમારી શુભેચ્છાઓ પાઠવીએ છીએ. અને પરમાત્મા સદાય તમારા કાર્યમાં સહાયતા કરતાં રહે તેવી હૃદયપૂર્વકની પ્રભુને અમારી પ્રાર્થના ગુજારીએ છીએ.

બીજું, આ તકે કહેવાનું કે આપણાં શરીરમાં રહેલ મન, બુધ્ધિ કે ઈન્દ્રિયો વડે થતાં બધાં કાર્યો પ્રાણની ચેતના વડે જ થાય છે. તેમ સમજીને બધી ક્રિયાઓમાં કર્તાપણાના અભિમાનથી રહિત થઈને આપણાં મૂળ સ્વરૂપ પરમાત્મામાં સાક્ષીભાવે સ્થિત રહીને કાર્યો કરવા. તેમજ કર્મના ફળની આશા રાખ્યા વગર સમત્વ બુધ્ધિથી સ્વધર્મ બજાવવો. અને કર્મના ફળની આશા રાખ્યા વગર નિષ્કામભાવે આપણી ફરજ બજાવવી. આવા ભાવ સાથે કર્મ કરવાથી આપણી અંદર રહેલ પરમાત્માની દયા-કૃપા હંમેશા આપણી સાથે રહે છે અને કાર્યમાં સફળતાં મળે છે. અને તેમ થવાથી આપણા જીવનમાં ખૂબ જ સંતોષ, આનંદ, સહજતા, સરળતા રહે છે. અને તેમાં જ આપણું કલ્યાણ રહેલું છે. કે જેથી આપણી અંદર રહેલ પરમાત્માની સત્તા-શકિત પ્રગટ થાય છે. અને તે દ્વારા આપણને દરેક કાર્યમાં સફળતા મળે છે. તેથી કરીને આપણાં જીવનમાં હંમેશા સુખ, શાંતિ, સંતોષ અને આનંદ વર્તાય છે. ને આપણું જીવન સફળ થાય છે. તેમાં જ આપણું કલ્યાણ છે.

બસ એ જ...
દિલસુખના રામ રામ
જય ભગવાન.

::------------:: ॥ ::------------::

(૧૨) આત્મવિચાર ચિંતન (વિષય લક્ષી)

આત્મસાક્ષાત્કાર

:: આત્મદર્શન - આત્મજ્ઞાન ::

આપણે જે કાંઈ વિષય વસ્તુનું જ્ઞાન મેળવવું હોય તો મનને તે વસ્તુ સાથે જોડવાથી કે ઓતપ્રોત કરવાથી આપણને તે વસ્તુંનું અનુભવજન્ય જ્ઞાન થાય છે.

''જ્ઞાતા, જ્ઞેય ને જ્ઞાન''

આમાં મનને જ્ઞાતા કહેવાય. વિષય કે વસ્તુને જ્ઞેય કહેવાય. જ્ઞાતાને જ્ઞેય સાથેનો યોગ થવાથી જે કાંઈ અનુભવ થાય તેને તે વિષયનુ જ્ઞાન થયું કહેવાય.

એવી જ રીતે ધ્યાતા, ધ્યેય ને ધ્યાન તથા દૃષ્ટા, દૃશ્ય ને દર્શન વિશે પણ એમ જ સમજવું.

ધ્યાનથી વસ્તુનુ દર્શન થાય છે અને દર્શનથી તેના વિશેનું જ્ઞાન થાય છે. આમ, ધ્યાનનો જે વિષય હોય તે વિશેનું જ્ઞાન મન (ધ્યાતા) ને થાય છે. જો ધ્યાનનો વિષય પ્રકૃતિનો હોય તો તે પ્રકૃતિ વિશેનું જ્ઞાન મનને થાય છે. અને જો ધ્યાનનો વિષય આત્માનો હોય તો તે ધ્યાન પૂર્ણ થવાથી, આત્મદર્શન થવાથી આત્મજ્ઞાન થાય છે. માટે આત્માનો સાક્ષાત્કાર કરવો હોય તો મનને આત્મા સાથેનો યોગ સાધવો જરૂરી છે.

હવે આત્મા સાથેનો યોગ કેળવવા માટે મન સંયમી (સૂરતા રૂપે) થયેલું હોવું જોઈએ.

જયારે મનની સ્થિરતા, શુધ્ધતા અને જાગૃતતા ત્રણેય એક સાથે બને ત્યારે મન સંયમી બન્યું કહેવાય. પણ મન હંમેશા જાગૃત દશામાં ઈન્દ્રિયો મારફતે બહિર્મૂખી થઈને જુદા જુદા પદાર્થો કે વિષયોમાં ચંચળતાથી ફરતું રહે છે અને ઈન્દ્રિયો સાથે ન હોય ત્યારે પણ જુદા જુદા પદાર્થો કે વિષયોના વિચારો, કપોળ કલ્પનાઓ કે સ્વપ્નાઓ રચીને દેહદશામાં અસ્થિર રહે છે. જયારે મન પોતાના શુધ્ધ સ્વરૂપને ભૂલીને હું પુરુષ, સ્ત્રી, હિન્દુ, બ્રાહ્મણ, ડોકટર, વકીલ, ખેડૂત કે વેપારી વગેરે કાંઈક હોવાપણાનાં ખોટા ખ્યાલ સાથે સંકલ્પ-વિકલ્પ કરતું હોય છે ત્યારે મલિન થઈ જાય છે. તથા મનમાં પોતાનામાં પણ મળ રૂપે કામ, ક્રોધ, લોભ, મોહ, મદ-મસ્તર, ભય, ચિંતા વગેરે અનેક દોષો પણ રહેલાં હોય છે. અને આખા દિવસના પરિશ્રમથી થાકીને જયારે મન આરામ કરવામાં સુષુપ્ત (ઉંઘ) અવસ્થામાં જાય છે ત્યારે હૃદય કેન્દ્રમાં પ્રાણ સાથે લય પામીને શાંત થઈ જાય છે.

હવે જો મનને સંયમી બનાવવું હોય તો સ્થૂળદેહ, સૂક્ષ્મદેહ અને કારણદેહથી મુકત કરવું જોઈએ. કારણ કે સ્થૂળદેહમાં હોય છે ત્યારે અસ્થિર હોય છે. સૂક્ષ્મદેહમાં રહેવાથી મલીનતા આવે છે અને કારણદેહ પ્રાણમાં ભળી જવાથી જાગૃતતા ગુમાવી બેસે છે.

પણ, યોગ સાધના વડે ત્રણેય જાગૃત સ્વપ્ન અને સુષુપ્ત અવસ્થામાંથી મુકત કરીને મનની સ્થિરતા, શુધ્ધતા અને જાગૃતતા સાધીને સંયમી બને છે ત્યારે ચોથી અવસ્થા (તુરીયા) માં રહીને આત્માનું ધ્યાન ધરવાને યોગ્યતા કેળવે છે. (મન ધ્યાન ધરનાર ધ્યાતા છે)

હવે આપણે ધ્યેયરૂપ આત્મા વિશે જોઈએ. તો આપણાં શરીરમાં આત્મા ચેતનરૂપે વ્યાપક, નિર્ગુણ, નિરાકાર અને અપ્રગટરૂપે રહેલ છે. તો એને ધ્યાનનો વિષય (ધ્યેય) કેમ બનાવવો ?

આપણાં શરીરમાં હૃદય કેન્દ્ર કે અનાહત કેન્દ્ર કે શ્વાસોચ્છવાસનું આંતરિક કુંભક સ્થાન આવેલ છે. તે કેન્દ્રસ્થાન ઉપર યોગ્ય અભ્યાસ કરવાથી આપણો આત્મા નાદરૂપે પ્રગટ થાય છે. એ વિશેનું વિજ્ઞાન સમજીએ તો આપણે જયારે શ્વાસ લઈએ છીએ ત્યારે અપાનવાયુમાં ચેતન ભરપૂર હોય છે. તે અપાન કુંભકના સ્થાને પૂર્ણ રીતે લય થયો હોય અને તેનું રૂપાંતર હજુ પ્રાણશકિતમાં થયેલ ન હોય તે સમયગાળા દરમ્યાન અપાનની ચેતનાશકિત તથા મન પણ અપાન સાથે મંત્રના શબ્દથી જોડાયેલ હોવાથી મનની ચેતના અને કેન્દ્રમાં ધ્યાન દ્વારા આંતર દૃષ્ટિની ચેતના આમ ત્રણેય ચેતનાનો જથ્થો કેન્દ્રમાં મળવાથી તે સ્થાન ઉપર ચેતનની ઘનતા વધી જાય છે. ત્યારે જેમ હવાનો જથ્થો કોઈ સ્થાને વધી જવાથી પવનમાં રૂપાંતર થઈને સુસવાટા મારે છે. તથા જેમ દરિયામાં પણ પાણીના દબાણો વધ-ઘટ થવાથી આંતરિક પાણીના પ્રવાહો ચાલતા હોય છે તેનો અવાજ ઘુઘવાટા રૂપે સંભળાય છે. તેવી જ રીતે અનાહત કેન્દ્રમાં જયારે ચેતનાનો જથ્થો વધે છે ત્યારે ચેતનનો પ્રવાહ ચેતાતંત્રમાં વધુ દબાણથી ચાલવા લાગે છે. અને તેના પરિણામરૂપે ચેતાતંત્રનું કેન્દ્ર કે જે મસ્તકમાં ખોપડીની અંદર આવેલું છે ત્યાં અનાહતનાદ સંભળાવા લાગે છે. આમ, 'ભકિત કરી પાતાળ અને પ્રગટ થયો આકાશ' એટલે કે નાભી પાસે અનાહત કેન્દ્રમાં ધ્યાન કર્યું. (પાતાળમાં એટલે કે શરીરના નીચેના ભાગમાં) અને પરિણામરૂપે અનાહતનાદ શીરા આકાશમાં પ્રગટ થઈને વગર કાને શ્રવણ થવા લાગ્યો. તે ધ્વનિને સતનામ કે સતશબ્દ પણ કહે છે. અથવા આત્માનો અવાજ પણ કહે છે. (નાદબ્રહ્મ પણ કહે છે)

આમ જયારે સૂરતા (સંયમી મન) એકાગ્રતાથી સાંભળવા (અનાહતનાદને) લાગે છે ત્યારે મનની ચોથી તુરિયા અવસ્થા કહેવામાં આવે છે. તેને સમાધિ પણ કહે છે. હવે જયારે શીરાકાશમાં અનાહતનાદ સૂરતા વડે સંભળાવા લાગે છે ત્યારે મન પૂર્ણ રીતે અંતરમુખી થઈ જાય છે. તે અંતરમુખી મનને જ સૂરતા કહે છે.

હવે આજ્ઞાકેન્દ્રને એટલે કે કપાળ ઉપર જયાં ચાંદલો કરે છે તે જગ્યાએ સૂરતા વડે નાદનું શ્રવણ કરવું અને આંતરદૃષ્ટિ વડે નાદનું સ્વરૂપ કેવું છે તે નિરખવા માટે ધ્યાન કરવું. આમ, નૂરતાથી નિરખવું અને સૂરતાથી શ્રવણ કરવું. તે કેન્દ્રમાં જ નૂરતા સૂરતા વડે સતત અભ્યાસ કરતાં રહેવાથી ધ્યાનની ગહરાઈ વધતી જશે. અને ધીમે ધીમે નાદની સાથે ઝાંખો પ્રકાશ પણ દર્શાવા લાગશે અને નિયમિત અભ્યાસ કરવાથી ચંદ્રના જમીન પર પડતાં પ્રકાશ જેવો ઘેરો પ્રકાશ દેખાવા લાગશે. આમ ઉત્તરોત્તર અભ્યાસના પ્રતાપે ધ્યાનની ઉંડાઈ વધતી જશે તેમ તેમ પ્રકાશની તીવ્રતા પણ વધતી જશે. અને જયારે સૂર્યપ્રકાશમાં ધોળી ધજા જેવી પ્રકાશિત થાય તેવો પ્રકાશ દેખાવા લાગે ત્યાં ધ્યાનનું કેન્દ્ર બનાવીને નૂરતા અને સૂરતાની ચેતનાને શબ્દ (નાદ બ્રહ્મ) માં સ્થિર કરવી. અને એકાગ્રતાથી ધ્યાનનો અભ્યાસ કરવો.

આમ, કાયમ અભ્યાસ કરવાથી ધ્યાન અખંડરૂપે ચાલવા લાગશે. અને જયારે ધ્યાન ખંડિત થયા વગર એકધારૂં અડધી કલાકથી વધારે થવા લાગશે ત્યારે ધ્યાનનું સમાધિમાં રૂપાંતર થઈ જશે. (આવી રીતે નિયમિત અભ્યાસ કરવાથી ધ્યાન દરમ્યાન પ્રાણનો વપરાશ એકદમ ઘટી જશે. પ્રાણનું બાહ્ય કુંભકનું સ્થાન અને આંતરીક કુંભકનું સ્થાન એક લાઈનમાં આવી જશે. તેમાં સાધકે કોઈ પ્રયત્ન કે ખાત્રી પણ કરવાની જરૂર નથી. આ માત્ર જાણ માટે લખ્યું છે. કે આવી પ્રક્રિયા ધ્યાન દરમ્યાન પોતાની મેળે થતી રહે છે) અને કુંડલીની શકિત પોતાની મેળાએ જાગૃત થઈને તે ચિત્તીશકિતનું પ્રાણની ચેતનામાં રૂપાંતર થઈને સૂક્ષમણા નાડી મારફતે આજ્ઞાચક્રમાં ધ્યાનના કેન્દ્રમાં ભળે છે. ત્યારે ત્યાં નૂરતાની ચેતના, સૂરતાની ચેતના, પ્રાણ પણ ત્યારે ત્યાં સ્થિર થયેલા હોવાથી પ્રાણની ચેતના તથા ચિતિશકિત (સર્જન શકિત - બ્રહ્મા). આ બધી શકિતઓ એકસાથે મળીને મહાશકિતમાં રૂપાંતર થાય છે. ત્યારે નાદમાં પણ ફેરફાર થાય છે. (શરૂઆતમાં ઝાંઝરી, ઘંટડી, ઝાલર, તમરાં, તુરા વગેરે હોય છે. બાદમાં બધી શકિતઓ મળવાથી ચેતનાની તીવ્રતા (ઘનતા) વધી જવાથી નાદ પણ ઘંટનાદ, શંખનાદ, મેઘગર્જના, મોરલી, વિણા વગેરે જેવા ઘેરા નાદનું શ્રવણ થવા (સંભળાવા) લાગે છે. અને તે કેન્દ્રમાં પ્રકાશ પણ ઉગતા સૂર્યના પ્રકાશ જેવો સોનેરી કલર જેવો, જયોતિ સ્વરૂપે અનુભવાય છે. તેને આત્મજયોત પણ કહેવાય. કે આત્માના દર્શન થયા કે આત્મસાક્ષાત્કાર થયો તેમ પણ કહેવાય. અને તેમ થવાથી આપણી બુદ્‌ધિમાં પણ આત્મપ્રકાશ થવાથી બુદ્‌ધિ પ્રજ્ઞાવાન બને છે.

એટલે તેને આત્મજ્ઞાન થયું કહેવાય. આમ, આત્મજ્ઞાન (અનુભૂતિનું અપરોક્ષ જ્ઞાન) થવાથી પોતાના વિષેનો સંકલ્પ કરીને ખોટો ખ્યાલ અજ્ઞાનતાના કારણે ભ્રાન્તિથી જે ધારી લેવામાં આવેલો અહંકાર તે બ્રહ્મરૂપ ધારણ કરે છે. અને પોતે સબળ બ્રહ્મરૂપે કે આત્મારૂપે રહીને પરમાત્માના દર્શન કરવાને પાત્ર બને છે. હવે તેને પરમાત્માના દર્શન કરવાં માટે આત્મસ્થિતિ કે બ્રહ્મદશામાં રહેવા સિવાય કોઈ બીજા પ્રયત્નો કરવાના રહેતાં નથી. પણ પ્રક્રિયાના ભાગ રૂપે ધ્યાન, સમાધિની ગહરાઈ વધતી જશે અને સમય આવ્યે બ્રહ્મરંધ્ર, દશમો દ્વાર કે ત્રીજું નેત્ર ખુલી જશે. અને માનસરોવરમાંથી નાહીને શાંભવી મુદ્રા કે ઉનમુનિ અવસ્થામાં સહસ્ત્રદળમાં બિરાજમાન સદાશિવના દર્શન કરીને પોતાનું કલ્યાણ કરી લેશે.

બસ એ જ...
દાસાનુદાસ દિલસુખના
સત રામ રામ, ગુરૂ પ્રણામ
જય ભગવાન

::------------:: ।। ::------------::

પરમાત્મા (સહસ્ત્રદળમાં)

।

આત્મા (આજ્ઞાકેન્દ્રમાં)

ચિત્તીશકિત	ગતિશકિત	જ્ઞાનશકિત
સર્જનશકિત	પ્રાણ	સૂરતા-નૂરતા
બ્રહ્મા	પવન	મન

આમ ત્રણેય શકિતઓ ભેગી થવાથી મૂળ આત્મશકિત રૂપે થઈને આખરે જેમ સૂર્યનું કીરણ સૂર્યમાં સામાય તેમ આત્મા-પરમાત્મા સાથે એકરૂપ થાય છે.

:: ખાસ નોંધ :

વચનથી કોઈ વધે નહીં, ને નામથી કોઈ મોટું નહીં,
વચન અજર છે, ને નામ અમર છે.
આ બધો વચનનો વિસાર છે, જેને નામનો આધાર છે,
વચનનું રાજ છે, તો નામની સતા છે.
વચન રાજા, ને નામ પ્રધાન,
વચન શિવ છે, ને નામ શકિત છે.

ૐ નમઃ નારાયણ, નમઃ નમઃ નારાયણ
ૐ નમઃ શિવાય ભગવતે વાસુ દેવાય
ૐ રીંગ રામ, જય રામ જય જય રામ
ૐ ગુરૂજી સમરણ સોહંગ બ્રહ્મ તું હી

::------------:: ॥ ::------------::

કિંમતી સાત રત્નો

:: માફી, ઉપકાર, વિશ્વાસ, સંબંધો, દાન, આરોગ્ય અને સત્ય ::

ઉપરોક્ત સાત રત્નો જીવના કલ્યાણ માટે જરૂરી છે. પરમાત્માની જયારે કૃપા થાય છે ત્યારે તેના પરમભક્તને સાત કિંમતી રત્નોની ભેટ પ્રભુ પ્રસાદીરૂપે આપે છે. તેના ભક્તની પાત્રતા પ્રમાણે ભક્તના હૃદયમાં તે સતગુણો પ્રગટ થાય છે. તે કિંમતી રત્નો પરમાત્મારૂપી ઝવેરી સિવાય બીજે કયાંયથી મળતા નથી. જેમ સિંહણનું દુધ સોનાના પાત્રમાં રહે છે અને બાકીના બીજી ધાતુના પાત્રને તોડીને બહાર ઢોળાઈ જાય છે તેમ કિંમતી સાત રત્નોને રાખવા માટે ભક્તનું વાસણ કહેતાં ભક્તનું હૃદય શુધ્ધ, પવિત્ર, પ્રભુમય થયેલું હોય અને ભક્ત આત્મસ્વરૂપે જીવનમુક્ત દશામાં રહેતો હોય તો તેના વાસણમાં પ્રકૃતિનો જરા પણ ડાઘ ન હોય.

ત્યારે ઈશ્વર કૃપાથી સાત રત્નોરૂપી ગુણો તે ભક્તના હૃદયમાં પ્રગટ થાય છે. અને તે રત્નો વડે ભક્ત પોતાનું અને બીજા ઘણાં પ્રેમીઓનું પણ કલ્યાણ કરે છે. માટે ઈશ્વરકૃપા મેળવી લેવી એ સર્વોત્તમ કાર્ય છે. તે કાર્ય માટે ગીતામાં શ્રી કૃષ્ણએ અર્જુનને કહેલું છે કે મનની પ્રકૃતિ વિશેની સર્વ કામનાઓ છોડીને પોતાના આત્મસ્વરૂપમાં સ્થિતિ પામીને આત્મસ્વરૂપથી સંતોષ રહીને ઈશ્વરકૃપા માટેની પાત્રતા કેળવી લેવી. કે જેથી સાત રત્નો હૃદયકમળમાં પ્રગટ થાય.

બસ એ જ...
દાસાનુદાસ દિલસુખના
જય ભગવાન
સત રામ રામ
ગુરૂ પ્રણામ

::------------:: ।। ::------------::

ભોજા ભગતનો ચાબખો

શબ્દની પાર સદ્‌ગુરૂનું રૂપ છે. ચર્મચક્ષુ હોય તેને કેમ સૂઝે ? જીવપણે તે પદ કોઈને મળે નહીં. અનુભવી હોય તો આપ બુઝે.

સૂરતી વિના સ્વરૂપ લક્ષે ના આવે, શીખે શુણે મરને શબ્દ ગાવે, અનુભવ ખુલ્યા વિના આપ સુઝે નહીં, ચૈતન્ય બ્રહ્મ કદી સ્વપ્ને ન પાવે.

શબ્દની પાર સદ્‌ગુરૂનું રૂપ છે.
જયાં લગી કલ્પના ત્યાં લગી જીવ છે.
સંશય છુટયે શિવ છે.
ધ્યેય ને ધ્યાતા વિના, ધ્યાન જો પ્રગટે તો
સોહંગ સ્વરૂપમાં જઈ સમાવે,
શબ્દની પાર સદ્‌ગુરૂનું રૂપ છે.
શબ્દની પાર આવાગમન નહીં, કાંચણી તજી,
ભોરીંગ જાવે, ભકત ભોજલ કહે ગુરૂગમ.
પ્રગટે તો જન્મ મરણનો ભય ના આવે,
શબ્દની પાર સદ્‌ગુરૂનું રૂપ છે, ચર્મ ચક્ષુ હોય.
તેને કેમ સૂજે, જીવપણે પદ તે કોઈને જડે નહીં,
અનુભવી હોય તે આપ બુઝે.

::------------:: ॥ ::------------::

:: ગુરૂ પૂજન ::

:- આરતી -:

આરતી આત્મારામની રે, બ્રહ્મભાવે ઉતારીએ રે,
જ્ઞાનગંગાના જળ ભરીએ, મન ઈન્દ્રિયોને શુધ્ધ કરીએ રે,
નૂરતે સૂરતે નીર ભરીએ, હૃદય કમળ શુધ્ધ કરીએ રે.
આરતી આત્મારામની રે...

પ્રેમથી પ્રભુને પધરાવીએ, હેતેથી હરિને વધાવીએ રે,
ભાવ અશ્રુથી પખાલીએ, વિવેકથી હૃદયે ઠેરવીએ રે.
આરતી આત્મારામની રે...

કાયા કંચન થાળી કરીએ, કરીએ કરણીના કોડિયા રે,
પાંચ પ્રાણની બત્તિ કરીએ, નાભી કમળે નીરખીએ રે.
આરતી આત્મારામની રે...

ઓહંગ સોહંગ એક કરીએ, આતમ જયોત જલાવીએ રે,
પ્રેમના પુષ્પે પોખીએ રે, ચેતન ચંદન ચોડીએ રે.
આરતી આત્મારામની રે...

ધ્યાન ધરીને ઉલટાવીએ રે, મેરૂ પર્વત ચડીએ રે,
શૂન શિખર સર કરીએ રે, દશમાં દ્વારે દેખીયે રે.
આરતી આત્મારામની રે...

દેખનારો દર્શાય નહીં રે, પોતે-પોતામાં સમાય રે,
પોતામાંથી પોતે થીયા રે, અદ્વૈત આતમરામ રે.
આરતી આત્મારામની રે...

આમ જો આરતી થાય રે, તો ભવસાગર તરી જવાય રે,
દિલના સ્વામી હરિરામ રે, દેહ કેવળમાં દર્શન રે.
આરતી આત્મારામની રે...

::------------:: ॥ ::------------::

:: ના કુછ હોના ::

માત્ર શૂન્યતા અનંત થઈ શકે છે. કાંઈપણ થવું તે ચોક્કસ સીમિત બની જાય છે. શૂન્યતા મારફતે જ જીવનનાં અસ્તિત્વનો અનંત વિચાર સંભવ છે. ન કે બીજા દ્વારા.

પરમાત્મા કોઈ વ્યકિત નથી. તે કોઈ નથી અથવા વધારે છે કે કાંઈ પણ નથી. તેમ કહેવું પણ બરાબર નથી.

પરમાત્મા કોઈ વ્યતિ નથી. તે શૂન્ય છે. અથવા તો બધું છે. સત્ય તો એ છે કે તે કંઈ પણ નથી. તે સર્જનાત્મક શૂન્યતા છે.

કયારેય પણ એમ ન વિચારવું કે શૂન્યતા નકારાત્મક દશા છે, કે એક અભાવ છે.

શૂન્યતાનો માત્ર આ જ અર્થ છે કે ના કાંઈ થવું (હોવું). પદાર્થ સમાપ્ત થઈ જાય છે. માત્ર અનંત સતા જ બાકી રહે છે.

રૂપ વિદાય થઈ જાય છે. માત્ર અરૂપ થઈને જ રહે છે. નામ (પરિભાષા) પણ સમાપ્ત થઈ જાય છે. નામનો પણ નાશ થઈ જાય છે. (એટલે કે નામરૂપનો નાશ થઈ જાય છે. મિથ્યા થઈ જાય છે)

જયારે જ્ઞાન પૂર્ણરીતે જાગૃત થયેલ હોય છે ત્યારે આ પૂર્ણ જાગૃત અવસ્થામાં પોતાના સકારાત્મક શૂન્યતાનું ભાન લૌકીક વહેવારમાં જળવાય રહે છે. તે શૂન્યતા ખાલી નથી. પણ સંપૂર્ણ રીતે પૂર્ણ અને ભરપૂર છે. વસ્તું કે પદાર્થ (પ્રકૃતિ) મિથ્યા બની જાય છે અને જે બાકી રહે છે તેનું વર્ણન થઈ શકે તેમ નથી.

આપણે અભિવ્યકત કરવાનો પ્રયાસ કરીએ છીએ. જેમકે આનંદ, ઉલ્લાસ, અખંડ આનંદ વગેરે. પણ એ માત્ર સત્યના પ્રતિધ્વનિ કે પડઘાઓ છે.

શૂન્યમાંથી જ સર્જન થાય છે. અને શુન્યપણામાં જ આપણું કલ્યાણ કે મોક્ષ છે. શૂન્યપણું મોક્ષ છે. તો શૂન્યપણું કેવી રીતે મેળવવું ?

શૂન્યપણું એ જ આપણું ખરૂ સ્વરૂપ છે. તે જ આપણો આત્મા છે. તે ચેતનસ્વરૂપ આપણાં આત્માને ભૂલી જઈને આપણને આપણાં હું ની સાથે કાંઈક ને કાંઈક જોડી દીધું છે. જેમકે હું પુરુષ છું. હિન્દુ છું. એન્જીનીયર છું. ગરીબ છું. જ્ઞાની છું વગેરે. દેહાધ્યાસ સાથે ખોટો અહંકાર પકડી લીધો છે. તો તે અહંકાર અને દેહાધ્યાસમાંથી છુટવા માટે અને ખરૂ સ્વરૂપ પામવા માટે આપણા મન, બુધ્ધિ

અને ઈન્દ્રિયો મારફતે વેડફાય રહેલી ચેતનાને એક દોર કરીને, અંતરમુખી બનાવીને પહેલાં સૂરતા સાધી લેવી જોઈએ. અને આમ કરવાથી આપણી અંદર આંતરનાદ એટલે કે અનાહતનાદ કે જેને નાદબ્રહ્મ કહેવામાં આવે છે તે પ્રગટ થાશે.

તો તે સૂરતા શબ્દના યોગ વડે આપણી સૂરતાને શબ્દમાં એકરૂપ કરી દઈને પહેલાં આપણે શબ્દરૂપે થવું જોઈએ. ત્યારે તે શબ્દ એ જ આપણું ખરૂં નામ છે. નામ અને નામી બંને એક જ છે. માટે તે આપણું ખરૂં સ્વરૂપ છે. તે શબ્દ શુન્યમાંથી જ પ્રગટ થાય છે. માટે આપણે શૂન્યરૂપે બની જઈશું અને તે શુન્ય આકાશનો સ્વભાવ છે. એટલે આપણે ચિદાકાશ રૂપે બની જઈશું અને તે ચિદાકાશ મહાકાશ સાથે જોડાયેલ હોવાથી આપણે મહાકાશની જેમ વિસ્તાર પામીશું. તે સ્થિતિને જ કેવળપદ પામ્યાં કહેવાય કે મોક્ષ પામ્યાં કહેવાય. તેનું વર્ણન થઈ શકે તેમ નથી. પણ બધાં દુઃખો કે જન્મ-મરણમાંથી મુકત થઈને સુખ, શાંતિ, આનંદ પામે છે.

બસ એ જ...
દિલસુખના સત રામ રામ
જય ભગવાન.

::------------:: ॥ ::------------::

(૧૩) સત્સંગ પ્રેમીઓ સાથે થયેલ સત્સંગ

(૧) કબીર સાહેબની વાણી

મન હંસા નજરે આયા, મન પંખી નજરે આયા,
ત્યાં ચાંચ, પાંખ, નહીં કાયા.
મન હંસા નજરે આયા...

વિના રે પાળે સરોવર ભર્યાં હા... એજી...
એના નીર નજરે આયા
વિના રે વાદળ વીજળી ચમકે હા... એજી...
ચમકે નવલખ તારા,
ઝરમર ઝરમર મેહુલિયો વરસે,
વરસે અખંડ ધારા.
મન હંસા નજરે આયા...

વિના રે મૂળ તરૂવર રોપ્યાં હા... એજી...
એના ડાળા નજરે આયા,
વિના ડાળે વન ફળ બેઠા
નહીં ધૂપ, નહીં છાંયા.
વિના જીભે પંખી બોલે હા... એજી...
બોલે આગમવાણી.

કહત કબીર સુનો ભઈ સાધુ,
ભેદ કોઈ વીરલા પાયા.
મન હંસા નજરે આયા...

::------------:: ॥ ::------------::

-ઃ વાણીનો ટૂંક સાર ઃ-

આધ્યાત્મિક સાધના એ મનનાં રૂપાંતર માટેની સાધના છે. પોતાના સ્વરૂપની અજ્ઞાનતાના કારણે ભ્રાન્તિથી અવિદ્યાને લઈને ખોટું હું-મારૂં ને રાગ-દ્રેષ અને અભિનિવેશ જેવા કલેશોને પામીને દુઃખી દુઃખી થઈ રહેલ છે. અને જન્મ-મરણના ચક્રમાં ફસાયેલ મનને છોડાવવા માટે સદ્‌ગુરૂએ બતાવેલ જ્ઞાન, વિજ્ઞાન પ્રમાણે સાધના કરીને જયારે કબીર સાહેબ પોતાના મનને કે જે પહેલાં કાગડા પંખી જેવું હતું. કે જે ખીર-પુરી ખાય અને માંસ-મટન પણ ખાય તેવું હતું. અને ચારેબાજું ભટકતું હતું. તેનું રૂપાંતર કરીને હંસ જેવું બનાવ્યું. તેનો પોતાને અનુભવ થયો તેનું વર્ણન કરે છે.

નામ, સમરણ, ભજન, ધ્યાન કરતાં, પહેલાં મનનું સૂરતામાં રૂપાંતર થયું. ત્યારબાદ સૂરતા શબ્દમાં સમાઈને શબ્દરૂપે (બ્રહ્મ સબળ) થયું. ત્યારબાદ જયોતિ સ્વરૂપ સદ્‌ગુરૂના દીદાર (આજ્ઞા ચક્રમાં) કરીને વચનરૂપી પાલખીમાં બેસીને બંકનાળ મારફતે ત્રિકુટીમાં રહીને ધ્યાન સમાધિ કરતાં માનસરોવરમાંથી નાહીને પૂર્ણ પવિત્ર હંસો સ્વરૂપે બનીને જે સરોવરમાં હંસો મોજું માણે છે ત્યારના અનુભવનું વર્ણન કરે છે. એ સરોવર બ્રહ્મસાગર નાદ બ્રહ્મથી ભરપૂર હતું. તેને કોઈ પાળો કે કાંઠો ન હતો. તે હંસલાને ચાંચ, પાંખ કે તેનું શરીર ન હતું. એટલે કે નિર્ગુણ, નિરાકાર નામના સ્વરૂપે હતું. (કુટસ્થ બ્રહ્મ રૂપે હતું)

જયારે એ મન સોહંગ રૂપે થયું ત્યારે શુદ્ધ પ્રાણ-અપાન રૂપે થઈને પંખીની (હંસોની) જેમ ઊડવા લાગ્યું. એટલે કે શ્વાસ-ઉચ્છવાસ રૂપી બે પાંખો વડે ઉડવા લાગ્યું. તે હંસો નામ નજરે આવ્યું.

વિના પાળે સરોવર ભરિયા એટલે કે નાદબ્રહ્મ રૂપી બ્રહ્મસાગર નજરે આવ્યો. તે અખંડ અને અસીમ સાગર મહા આકાશરૂપે હતો. તેને બંધ, પાળો કે સીમા ન હતી. ત્યાં શુન્ય આકાશ કહેતાં મહાઆકાશમાં વાદળો ન હતાં. છતાં વગર વાદળોએ વિજ જેવા ચમકારા થતાં અનુભવાયા હતાં. તારાઓના ચમકારા કે ચંદ્રના પ્રકાશ જેવો આછો પ્રકાશ કે સૂર્યના પ્રકાશ જેવો ઘેરો પ્રકાશ પણ નજરે એટલે કે ધ્યાનમાં અનુભવાયો.

અને વગર પાણીએ ઝરમર ઝરમર વરસાદ જેવી શીતળતા વર્તાણી. એટલે કે અખંડ બ્રહ્મધારાઓ કે જાણે નાદબ્રહ્મ રૂપે અનુભવાતી હતી. ત્યાં મૂળ વગરના કલ્પવૃક્ષમાં છાંચડો કે તડકો હતા નહીં. અને તે વૃક્ષમાં કોઈ પંખી પણ ન હોતું. છતાં તેમાંથી અનાહત નાદ (પ્રણવનાદ) સૂરતા વડે સંભળાતો હતો. આ અગમવાણીતો કોઈ શૂરવીર સાધકની હોય અને જેણે ગુરૂગમ નીગમ તથા સુગમ (પ્રજ્ઞાવાન) ને પામ્યાં હોય તેવાં કોઈક વીરલા સાધુઓ ભેદ પામશે. એમ કબીર સાહેબનું કહેવું થાય છે.

બસ એ જ...
દિલસુખના રામ રામ
જય ભગવાન, અલખ નિરંજન
ગુરૂ પ્રણામ.

::------------:: ॥ ::------------::

મસ્ત કહે તું ચિન્તા મત કરો,
કરો આત્મ વિચાર.

શરીર સોંપી દ્યો પ્રારબ્ધને,
જેમ લોઢું જાણે લુહાર ॥

તારી વાડીનો તું ધણી,
લીલી રાખજે નાથ.

તારાને તું સાચવજે,
મસ્ત ખંખેરે હાથ ॥

હરિને હરિજન એક જ છે,
જો આપા મટી જાય,

જીસ ઘરમેં આપા વસે,
હરિ કહાંસે સમાય ॥

::------------:: ॥ ::------------::

(૨) આધ્યાત્મિક પરંપરા અને સાંપ્રદાયિક પરંપરા

(૧) હા... એ વાત ખરી કે માનવ સંસ્કૃતિમાં જ અધ્યાત્મના અનુસંધાનોમાં જ આગળ વધતાં અંતર્મુખી થઈને મનન-ચિંતન કે ધ્યાન-સમાધિ દ્વારા પૂર્ણ કક્ષાએ પહોંચે તો તેની બુધ્ધિમાં જ જ્ઞાન પ્રકાશ થાય છે. ત્યારે તે પ્રજ્ઞાવાન બને છે. કે જેથી કરીને તેના જીવનમાં સુખ, શાંતિ, સંતોષ, આનંદ વગેરે વર્તાવા લાગે છે. સાથે તેના ચિત્તમાં પણ દયા, કરૂણા, નીતિ, ધર્મ, ન્યાય વગેરે સદ્ગુણોના વિચારો પણ પ્રગટ થવા લાગે છે અને તેથી કરીને તે પોતાના સદ્‌વિચારો અજ્ઞાની અને દુઃખી લોકોને સુખી કરવાના શુભ આશયથી પોતાની વાણી દ્વારા રજુ કરે છે. ત્યારે બહોળા પ્રમાણમાં અજ્ઞાની જનસમૂદાય સુખી તથા જ્ઞાની થવાના આશયથી તેના તરફ આકર્ષાય છે. ત્યારે જાણતા કે અજાણતા, અનાયાસે સંપ્રદાયની રચના થઈ જાય છે.

(૨) હા... એ વાત પણ ખરી કે જયારે જયારે બહોળા પ્રમાણમાં જન સમુદાય (અજ્ઞાની) ધર્મના નામે એક જ વિચાર પર અંધશ્રધ્ધાથી એકઠા થાય છે ત્યારે તે પ્રકૃતિના ગુણધર્મ મુજબ તે ટોળામાં એકસરખા સ્વભાવવાળી વિનાશક શકિત પેદા થાય છે. કે જેને ટોળાનો સ્વભાવ કહે છે. જેથી કરીને ધરતી પર યુધ્ધો અને વિગ્રહો અવાર નવાર થતાં રહે છે.

(૩) અધ્યાત્મની યોગ્યતા ધરાવતાં લાખોમાંથી કોઈ એકલ-દોકલ જ હોય છે. તેના સંપ્રદાયો હોતા નથી. પણ ગુરૂ પરંપરા હોય છે. કે જેથી બીજા જન સમુદાયને જરા પણ નુકસાન કરતાં નથી. જયારે પુર્ણ કક્ષાએ પહોંચેલ જ્ઞાની સાચા હેતુથી પણ જો જન સમુદાય પોતાના નેજા હેઠળ એકઠો કરે તો ત્યાં આધ્યાત્મિક પ્રવૃતિ ગૌણ બની જાય છે. અને વિશેષ કરીને સાંપ્રદાયિક કે સામાજીક પ્રવૃત્તિ અનાયાસે ચાલુ થઈ જાય છે. ત્યારે જ્ઞાની ને પણ ઈચ્છા કે અનિચ્છાએ તેમાં જોડાઈ જવું પડે છે. અને અંતે તે જ્ઞાની પણ પ્રકૃતિના સુખ જેવાકે પદ, પ્રતિષ્ઠા, ધન, દોલત અને માયા તથા બીજા વૈભવો ભોગવવા લાગે છે. ત્યારે યોગભ્રષ્ટ થઈ જાય છે. ત્યારે અને તેના નેજા હેઠળ ઊભો થયેલો સંપ્રદાય ધર્માન્ધતાને ધર્મના નામે વિનાશક ટોળાની શકિત વડે પતનને માર્ગે ચડી જાય છે અને જગતને ત્રાસરૂપ થઈ જાય છે. માટે અધ્યાત્મનું સંસોધન બહોળા માનવ સમૂહ દ્વારા કરવું હિતાવહ નથી. પરંતુ અધ્યાત્મને માર્ગે આગળ વધવા માટેના વિવેક, વૈરાગ્ય, સમ-દમ ઉપરતિ, તિતિક્ષા વગેરે સદગુણો ધરાવતી વ્યકિતઓ દ્વારા જ આધ્યાત્મિક સંશોધન કરવું હિતાવહ છે.

બસ એ જ...
દિલસુખના રામ રામ
જય ભગવાન, અલખ નિરંજન

::-------------:: || ::-------------::

(૩) બ્રહ્મવિદ્યા અને તેની સાત ભૂમિકા

શુધ્ધ અને પવિત્ર ઈન્દ્રિયો તથા મન વડે જો કોઈ વિષય કે પદાર્થનું જ્ઞાન થાય છે તે જ્ઞાનને તે વિષયનું યથાર્થ (સમ્યક) જ્ઞાન કહે છે. અને તે જ્ઞાન ધરાવતી બુધ્ધિને પ્રાકૃતિક બુધ્ધિ કહે છે. અને જયારે કોઈ પણ ઈન્દ્રિયો કે મન બુધ્ધિનો આધાર લીધા સિવાય માત્ર સૂરતા વડે (ધારણા - ધ્યાન દ્વારા ઈન્દ્રિયો તથા મનની અંતર્મુખી ચેતનાનાં એક દોરને સૂરતા કહેવાય છે) કોઈ પદાર્થ કે વિષયોનું જે જ્ઞાન થાય છે તે જ્ઞાનને વિષય કે પદાર્થનું તત્વજ્ઞાન કહે છે. તે તત્વજ્ઞાન ધરાવતી બુધ્ધિને પ્રજ્ઞા કહે છે. તેને બ્રહ્મવિદ્યા કે પરાવિદ્યા પણ કહે છે.

એ જ્ઞાનની સાત અવસ્થાઓ છે. અને તે અભ્યાસીને એક પછી એક પ્રાપ્ત થતી જાય છે. જયારથી જ્ઞાન મળવાની મનમાં તૃષા જાગે છે ત્યારથી આપણે જ્ઞાનની શોધ કરતાં ફરીએ છીએ. મનમાં એમ થયું કે અમુક ઠેકાણે જાવાથી જ્ઞાન મળશે તો તરત જ આપણે ત્યાં દોડી જઈએ છીએ. એમ કરતાં જો જ્ઞાનની પ્રાપ્તિ ન થઈ તો મનમાં ભારે અસંતોષ જાગે છે અને બીજે ઠેકાણે જ્ઞાનની શોધમાં દોડયાં જઈએ છીએ.

સમગ્ર જ્ઞાન આપણા પોતામાં જ રહેલું છે એવો અનુભવ જયાં સુધી ન થાય, તથા એ જ્ઞાન પ્રાપ્ત કરવામાં આપણી જાત અને આપણો પ્રયત્ન જ મૂખ્ય સાધન છે. એવી જયાં સુધી આપણને દ્રઢ પ્રતીતિ ન થાય ત્યાં સુધી એ જ્ઞાનની શોધ કરવામાં બધાં પ્રયત્નો મિથ્યા છે. સત-અસતના વિવેકજ્ઞાનનો અભ્યાસ કરવાથી જ આપણે તેને પ્રાપ્ત કરી શકીએ છીએ. એ જ્ઞાન પ્રાપ્ત થવાનું પહેલું ચિહ્ન એ છે કે આપણો અસંતોષ જતો રહે છે. અને એવી ધારણા થવા લાગે છે કે આપણે જે સત્યજ્ઞાન મેળવવા માંગીએ છીએ તે જ જ્ઞાન સત્ય છે અને એ સિવાય બીજુ કાંઈ સત્ય હોય શકે જ નહીં. એવો દ્રઢ નિશ્ચય થાય ત્યારે તે અવસ્થાને પહેલી ભૂમિકા કહેવાય. પહેલી ભૂમિકાએ પહોંચવાથી બુધ્ધિના સંદેહ ટળી જાય છે અને અભ્યાસમાં વેગ આવે છે.

એ પછીની સ્થિતિમાં આપણને સત્યનો સૂર્ય ઉગવા લાગ્યો હોય અને અજ્ઞાનરૂપી રાત્રી પૂરી થઈ હોય એવા અનુભવ થવા માંડે છે. અને શારીરિક, માનસિક કે આધ્યાત્મિક એમાનો કોઈપણ વિષય કલેશ આપી શકતો નથી. તો આ થઈ બીજી ભૂમિકા.

તો આમ થવાથી આપણો અભ્યાસ વધુ પ્રબળ બને છે અને અભ્યાસમાં સરળતા આવે છે. અને ચિત્તમાં શ્રધ્ધા, પ્રેમ અને વૈરાગ્યમાં વધારો થતો જાય છે.

હવે એ પછીની અવસ્થામાં મનમાં એવી ભાવના થવા લાગે છે કે આપણને વિવેકની પ્રાપ્તિ થઈ ચૂકી છે. એટલે કે પ્રકૃતિ સાથેનું આપણું તાદાત્મ્ય છુટી જાય છે. પ્રકૃતિ સતત પરિવર્તનશીલ છે. પોતે પુરુષ (આત્મા - ચેતન) કાયમ જેમ છે તેમ જ છે. તેમાં કોઈ પરિવર્તન નથી. પ્રકૃતિ નાશવંત છે. પોતે શાશ્વત છે. પ્રકૃતિ બંધનકારક અને દુઃખદાયી છે. ચેતન હંમેશા મુકત અને શાશ્વત સુખદાયી છે. પ્રકૃતિ અસત્ય છે અને ચેતન સત્ય છે. આમ ત્રીજી ભૂમિકાએ વિવેકબુદ્‌ધિની પ્રાપ્તિ થઈ જાય છે.

હવે આપણે ચોથી અવસ્થામાં અભ્યાસ માટેના પ્રયાસની જરૂર રહેતી નથી. પરંતુ અનાયાસે સહજતાથી અભ્યાસ થતો રહે છે અને ચિત્તમુકત અવસ્થા અનુભવવા લાગે છે. આપણને મનમાં એવો નિશ્ચય થતો જાય છે કે આપણા માર્ગમાં આવતા વિઘ્નોનો ઉકેલ આવતો જાય છે અને આખરે કોઈપણ વિક્ષેપ કે વિઘ્ન રહેતા નથી. જેમ કોઈ પર્વતના શિખર ઉપરથી એકાદ પથ્થર નીચેની ખાણમાં ગબડી જાય અને ત્યાંથી તેને પર્વત ઉપર લઈ જવાનો સંભવ જ ન હોય, એવી રીતે મનની ચંચળતા મટી જાય છે અને મનનું સંયમપણું (અખંડ સૂરતા) કાયમ જળવાય રહે છે. તો આ થઈ પ્રજ્ઞાબુદ્‌ધિની ચોથી ભૂમિકા.

ત્યાર પછી આગળ વધતાં એવી અવસ્થા આવે છે કે આપણાં રોજ-બરોજના જીવન દરમ્યાન જયારે વિચાર, વાણી કે વર્તન વખતે આપણું ચિત્ત પોતાના મૂળ સ્વરૂપમાં (આત્મા કે ચેતનમાં) લય પામી જાય છે. આમ આપણે આપણાં મૂળ સ્વરૂપ (આત્મા) માં સ્થિર થઈએ છીએ. આ ભૂમિકાએ ચિત્તની વૃત્તિ સતત, એકધારી, અખંડરૂપે બ્રહ્માકાર થઈ જાય છે. અહંકાર સંપૂર્ણપણે લય પામે છે. જેમ સૂર્યપ્રકાશથી રાત્રિનો અંધકાર નાશ પામે છે. આમ, બુદ્‌ધિ પ્રજ્ઞાવાન થાય છે, મન શુદ્‌ધ ચેતનરૂપે થાય છે. તો આ અવસ્થાને પાંચમી ભૂમિકા કહે છે.

હવે આપણને સમજાય છે કે અત્યાર સુધી પણ આપણે આત્મસ્વરૂપ સિવાય બીજુ કાંઈ હતા જ નહી. મન અને શરીરની સાથે આપણો કોઈપણ પ્રકારનો સંબંધ પ્રથમથી જ હતો નહી. એ તો આપણી સાથે કદી જોડાયેલા હતા જ નહીં. તેઓ પોતપોતાનું કામ કર્યા જ જતાં હતાં અને આપણે અજ્ઞાનતાને વશ થઈને તેમની સાથે જોડાઈ જતાં હતાં. અને તેમાં અહમભાવ રાખતાં હતાં. આપણે તો પહેલેથી જ સચ્ચિદાનંદ સ્વરૂપ હતાં. આપણો પોતાનો આત્મા એટલો બધો પવિત્ર અને પૂર્ણ હતો કે આપણને બીજા કશાની આવશ્યકતા હતી જ નહીં. આપણને સુખી કરવાને કશા સાધનની કે કોઈની મદદની જરૂર ન હતી. કારણ કે આપણે પોતે જ સુખ સ્વરૂપ અને જ્ઞાન સ્વરૂપ છીએ. અને જગતના સર્વ પદાર્થ આપણા જ્ઞાનના પ્રકાશ વડે જ પ્રકાશિત થાય છે. તો આ અવસ્થાને બ્રહ્મવિદ્યાની છઠી ભૂમિકા કહેવાય.

આ સ્થિતિએ પહોંચ્યા પછી સાધક (યોગી) એવો સ્થિર અને શાંત બની જાય છે કે તેને કોઈપણ દુઃખનો સ્પર્શ થઈ શકતો નથી. તે કદી પણ અજ્ઞાનના મોહમાં ફસાતો નથી. કોઈપણ દુઃખ તેને બ્રહ્મસ્થિતિમાંથી વિચલિત કરી શકતું નથી. તે સારી રીતે જાણે છે કે મારે કોઈ જન્મ-મરણ છે જ નહી. હું તો નિત્યાનંદસ્વરૂપ છું. નિત્યપૂર્ણ સ્વરૂપ છું અને સર્વશકિતમાન છું. આ કક્ષાએ જ્ઞાન ધરાવનારની બુદ્ધિને પૂર્ણ પ્રજ્ઞાવાન કહે છે. અને આ ભૂમિકાને ઉચ્ચતમ સાતમી ભૂમિકા કહેવામાં આવે છે.

તો આપણે સૌ યોગ્ય અભ્યાસ અને વૈરાગ્ય વડે બુદ્ધિયોગ (સૂરતા-શબ્દ, રાજયોગ, સહજયોગ) સાધીને પૂર્ણ પ્રજ્ઞાવાન કક્ષાને હાસલ કરીએ, પોતાનું જીવન સફળ બનાવીએ એ જ શુભેચ્છા સાથે...

દિલસુખના સત રામ રામ
જય ભગવાન
અલખ નિરંજન સ્વીકારશો.

::-------------:: ॥ ::-------------::

(૪) બાળ વાર્તા

" એક ભૂલો પડેલો જીવ "

આ અવનિ મોજાળમાં આવેલ અંધારિયા ખંડના સ્વપ્ન પ્રદેશમાં મનોરાજયની એક અંધેરી નગરી હતી. તેમાં ગંડુ (અજ્ઞાન) રાજા અને માયાવતી રાણી હતી. તે નગરીમાં કોઈ એક પોતાનું ભાન ભૂલેલો પ્રાણેશ્વર રાત્રિના સમયે આવી ચડયો. ત્યારે નગરીના સિપાઈઓએ તેને પકડી લીધો અને પૂછયું કે, ''તું કોણ છે ? કયાંથી આવ્યો છે ? શા માટે આવ્યો છે ? તારે કોનું કામ છે ? કયાં જવાનું છે ? તારા માતા-પિતા કોણ છે ?'' આવા અનેક પ્રશ્નો વડે તેની પૂછપરછ કરી પણ તે ભાન ભૂલેલો અને બેહોશ હોવાથી દરેક પ્રશ્નનો એક જ જવાબ આપતો હતો કે, ''હું કાંઈ જાણતો નથી.'' તેથી સિપાઈઓને લાગ્યું કે આ કોઈ ચોર કે પાગલ હશે. તેથી તેને પકડી લીધો અને જેલમાં પૂરી દીધો અને સવાર થતાં તેને રાજા પાસે રજુ કર્યો. રાજા તેના હાવ-ભાવ અને વેશભુષાથી પારખી ગયો કે આ તો કોઈ રાજકુમાર જેવો લાગે છે. પરંતુ બેહોશીમાં પોતાનું ભાન ભૂલી ગયો છે. તેથી પોતાના રાજમહેલમાં જ તેને આશરો આપ્યો અને તેની ઓળખ માટે તેજસકુમાર એવું નામકરણ કરી આપ્યું. હવે તેજસકુમાર ત્યાં સારી રીતે રહેવા લાગ્યો. તેના આચાર-વિચાર જોઈને રાજા-રાણી બંનેને ખૂબ જ પસંદ પડી ગયો અને પોતાની પુત્રી અવિદ્યા સાથે ધામે-ધૂમે લગ્ન કરીને પરણાવી દીધો. અને તેના રાજયમાં આવેલ એક અંતઃપુરીનું રાજય સૉંપી દીધું.

આમ, તેજસરાજા અને અવિદ્યારાણી બંનેએ અંતઃપૂરી નગરીનો બધો કારોભાર સંભાળી લીધો અને રાજય ચલાવવા લાગ્યાં. રાજયનો બધો વહીવટ અવિદ્યારાણી જ ચલાવતી હતી. તેના કારણ કે તેજસરાજા તો સાવ અજ્ઞાન અવસ્થામાં જ હતો. બેહોશ હતો. અજાગૃત હતો. પોતાના મૂળ સ્વભાવમાં હતો નહી અને અવિદ્યાનો સ્વભાવ પણ એવો હતો કે તેમાં રહેલી અસુરી શકિતને લઈને જે ખોટું હોય એ સાચું લાગતું. જે અનિત્ય હોય તે નિત્ય સમજાતું. જે અશુધ્ધ હોય તે શુધ્ધ અને પવિત્ર લાગતું. અને તેને જડપણામાં જીવપણાંનો ભાસ થતો. તેમ છતાં થોડા વર્ષો સુધી તો નગરીનો વહીવટ ઠીક ઠીક રીતે ચાલતો હતો.

તેજસના સહવાસથી અવિદ્યાએ અસુરી શકિત યુકત ચાર સંતાનોને જન્મ આપ્યો. પહલો અહંકાર, બીજો રાગ (મોહ), ત્રીજો દ્વેષ (ક્રોધ) અને ચોથો પુત્ર અભિનિવેશ (જીવનની અભિલાષા). ચારેય પુત્રો જેમ જેમ ઉમરલાયક થતાં ગયાં તેમ તેમ તેમના પણ લગ્ન કરી આપવામાં આવ્યાં. સૌથી મોટા પુત્ર અહંકારના વિવાહ અહંતા અને મમત સાથે, બીજા પુત્ર રાગના ઈચ્છા સાથે અને આસકિત સાથે,

ત્રીજા પુત્ર દ્વેષના ઈર્ષા અને અદેખાઈ સાથે અને ચોથા પુત્ર અભિનિવેશના આશા અને તૃષ્ણા સાથે લગ્ન કરી આપ્યાં.

હવે રાજયની સતા તો માતા-પિતા ચલાવતા હતાં. તેથી કરીને તેમના પુત્રો અને પુત્રવધૂઓ નારાજ હતાં. કારણ કે તેઓ પોતાની ઈચ્છા મૂજબ વર્તન કરી શકતા ન હતા. તેથી ચારેય સંતાનોએ તેમની પત્નીઓને રાજી કરવા માટે એક સંપ કરીને પોતાના પિતાને નજરકેદ કરીને રાજનો બધો વહીવટ પોતાના હસ્તગત કરી લીધો. તેમાં મોટો પુત્ર અહંકાર રાજા થયો, મોહ (રાગ) પ્રધાન થયો, ક્રોધ સેનાપતિ થયો અને અભિનિવેષ ખજાનચી થયો. અને આમ થવાથી આઠેય રાણીઓ અહંતા, મમતા, ઈચ્છા, આસકિત, ઈર્ષા, અદેખાઈ, આશા, તૃષાઓને મોકળુ મેદાન મળી ગયું અને નગરીના કર્મચારીઓનો મનફાવે તેમ દુરુપયોગ થવા લાગ્યો. થોડા વખતમાં જ નગરીના કર્મચારીઓ જેવા કે જ્ઞાનેન્દ્રિયો, કર્મેન્દ્રિયો, મન, બુધ્ધિ, પ્રાણ બધાં અવ્યવસ્થિત અને નિયમ વિરૂધ્ધ નિષેધ કર્મો કરવા લાગ્યા. તેથી કરીને રાજયની પ્રજામાં દુઃખ, અશાંતિ, અસંતોષ અને નારાજગી ફેલાઈ. આમ, આખા રાજયનો વહીવટ કથળી ગયો અને અરાજકતા ફેલાઈ ગઈ. જેથી કરીને રાજયના બધાં વિભાગો જેવા કે શ્વસન તંત્ર, પાચનતંત્ર, રૂધિરાભિસરણ તંત્ર, ઉત્સર્ગતંત્ર, ચેતાતંત્ર વગેરે બધાં વિભાગોમાં વ્યવસ્થા ખોરવાઈ ગઈ. ભ્રષ્ટાચાર ફેલાઈ ગયો. નગરીમાં ગંદકી અને રોગચાળો ફેલાઈ ગયો. પ્રજાજનોનું શોષણ થવા લાગ્યું. આ બધું જોઈને તેનો મૂળ રાજા કે જે નજરકેદમાં હતો તે ખૂબ જ દુઃખી થયો અને પોતાને જેલમાંથી છોડાવવા માટે ત્યાંથી પસાર થતાં જે કોઈ સગા-સ્નેહીઓ કે જુના કર્મચારીઓ વગેરેને વિનંતી કરતો કે મને મુકત કરવામાં મદદ કરો. બધાં રાજા પ્રત્યે સહાનુભૂતિ બતાવતા. પણ કહેતા કે હવે અમારી પાસે કોઈ સત્તા નથી. તમારો મોટો પુત્ર અહંકાર જ સરમુખ્ત્યાર થઈને બધો વહીવટ ચલાવે છે. માટે અમે કાંઈ મદદ કરી શકીએ એમ નથી.

એક દિવસ કોઈ સંત-મહાત્મા ત્યાંથી પસાર થયા. ત્યારે રાજાએ જેલમાંથી જ પ્રણામ કરીને કહયું કે, ''તમો તો ખૂબ જ દયાળુ છો, મારા પર દયા-કૃપા કરો, ને મને આ બંધનમાંથી છોડાવો.'' ત્યારે સંતે કહયું કે, ''તું તો રાજા છો. તને વળી દુઃખ અને બંધન કેવાં ?'' ત્યારે રાજાએ માંડીને બધી વાત કરી કે, પોતે અંધેરી નગરીમાં આવ્યો પછી તેના લગ્ન થયા. બાદમાં અંતઃપુરીનું રાજય મળ્યું. પુત્ર પરિવાર થયા અને તેમના પણ લગ્ન કર્યાં. તે બધી વાતો વિગતથી કહી સંભળાવી અને આખરમાં પોતાને જેલમાં પૂરી દીધો અને પ્રજા પણ દુઃખી થઈ ગઈ તે બધી માહિતી પૂર્ણ રીતે સંતને આપી. તેથી સંતને કરૂણા ઉપજી અને કહયું કે, ''હું તને કારાગૃહમાંથી છુટવાનો ઉપાય બતાવું. તેમ જો તું કરે તો તુ મુકત થઈ શકે તેમ છે. બાકી બીજી કોઈપણ રીતે આમાંથી છુટાય એવું મારા ધ્યાનમાં આવતું નથી.''

ત્યારે રાજાએ પોતાની પૂરેપૂરી સંમતિ આપી કે, ''તમે કહેશો તેમ હું કરવા તૈયાર છું. પણ મારે આ કારાગૃહમાંથી કોઈપણ રીતે છુટવું છે.'' ત્યારે દયાળુ સંતે કૃપા કરીને છુટવાનો ઉપાય બતાવતાં કહ્યું કે, ''જો આ કાયાનગરીમાંથી બહાર નીકળવાના નવ દરવાજા છે. પણ ત્યાંતો રાજના સીપાઈઓનો સતત ચોકીપહેરો ચાલે છે. માટે ત્યાંથી તો નહીં નીકળી શકાય. પરંતુ આ કાયાનગરીમાંથી નીકળવા માટે એક ગુપ્ત દ્વાર છે. જેને દશમો દ્વાર કહે છે. કે જેની અહંકાર કે તેના કર્મચારીઓ તથા કુટુંબીજનો કે નગરજનો કોઈને પણ જાણ નથી. તેને બ્રહ્મરંધ્ર પણ કહે છે. તેનો મને અનુભવ છે. તે બ્રહ્મદ્વારના ઠેકાણાની અને તેના કપાટ ખોલવાની કળાને હું જાણું છું.'' તે જાણીને રાજા ખૂબ જ આનંદીત થયો અને તે વિશેનું જ્ઞાન અને વિજ્ઞાન સમજાવવા નમ્ર વિનંતી કરી. ત્યારે સંતે પણ રાજાનો મુમુક્ષભાવ જોતાં ગુરૂપદમાં રહીને રાજાને મુકત થવાનો ગુરૂમંત્ર આપ્યો અને તેનું જ્ઞાન વિજ્ઞાન સમજાવ્યું. તથા એ વિશેનો સત્સંગ આપતાં કહ્યું કે જો તું દશમો દ્વાર ખોલીને આગળ વધીશ ત્યારે બ્રહ્મપૂરી નગરી આવશે. તે નગરીના રાજા બ્રહ્મા છે અને રાણી બ્રહ્માણી છે. તે નગરીનો વહીવટ ખૂબ જ નીતિ, ધર્મ, સત્ય, ન્યાય અને સુખ-શાંતિ યુકત ચાલે છે. તે નગરીમાં દાખલ થતાંની સાથે જ ત્યાંના રક્ષકો તને માનભેર રાજા બ્રહ્મા પાસે લઈ જશે. ત્યારે સર્વજ્ઞ રાજા તને ઓળખી જશે અને એના રાજમહેલમાં જ રહેવાની વ્યવસ્થા કરી આપશે. થોડા વખત તું ત્યાં રહીશ તો તારી રીતભાત અને આચાર-વિચારમાં ખૂબ જ પરિવર્તન આવશે અને સાત્વિકતાના ગુણોમાં ખૂબ વધારો થતો જશે. જયારે તારામાં પૂર્ણ લાયકાત આવશે ત્યારે તેઓ તારા પર કૃપા કરીને તેમની સુપુત્રી બ્રહ્મવિદ્યાદેવીના લગ્ન તારી સાથે કરાવી દેશે. ત્યાં તને ખૂબ જ સુખ, સંતોષ, શાંતિ તથા આનંદ વર્તાવા લાગશે. અને તારા બધાં કાર્યો સહજતાથી અને સરળતાથી થવા લાગશે. વિદ્યાદેવીના સહવાસથી તે દેવીમાં રહેલ સુરી દૈવીશકિત યુકત ચાર પુત્રોનો જન્મ થશે.

પહેલો મોટો પુત્ર સમ્યક જ્ઞાન, બીજો સમ્યક વિચાર, ત્રીજો સમ્યક વિવેક અને ચોથો સમ્યક વૈરાગ્ય હશે. આ ચારેય સંતાનો પુખ્ત થતાં ખૂબ જ દિવ્ય શકિતશાળી, ધૈર્યવાન, શ્રદ્ધાવાન, હિંમતવાન વગેરે દિવ્યગુણવાળા થશે. અને અંતઃપુરી પર ચઢાઈ કરીને યુદ્ધ ખેલશે. તે યુદ્ધ થોડો લાંબો વખત પણ ચાલે. પરંતુ આખરે વિદ્યારાણીના ચારેય પુત્રોનો જવલંત વિજય થશે. અને અવિદ્યારાણીના ચારેય સંતાનો પોત-પોતાની રાણીઓ તથા પરિવાર સાથે અંતઃપુરી નગરી છોડીને કાયમને માટે ચાલ્યા જાશે. પછી સાથે સાથે અંધેરી નગરી પર વિજય મેળવી લેશે. ત્યાનો રાજા અજ્ઞાન અને રાણી માયાવતી પણ રાજય છોડી ચાલ્યા જશે.

આમ, ત્રણે નગરીના ત્રણે રાજયોને એકસાથે જોડીને એક મહાનગરીના મહારાજયની સ્થાપના થશે અને ચારેય રાજકુમારોનો રાજયાભિષેક થશે. તેમાં મોટો પુત્ર

જ્ઞાન રાજા થશે. વિચાર પ્રધાન થશે. વિવેક સરસેનાપતિ થશે અને વૈરાગ્ય ખજાનચી થશે. અને તને રાજાનો પણ રાજા એવા મહારાજાનું પદ આપશે. અને ચારેય પુત્રો કાયમને માટે તને અધિન રહીને તેની માતા બ્રહ્મવિદ્યાની સૂચના પ્રમાણે જ રાજયનો વહીવટ ચલાવશે. અને તું પણ પૂર્ણ રીતે ભાનમાં આવી જઈશ. બ્રહ્મવિદ્યાના સહવાસથી તું પણ પૂર્ણપણે જાગૃત થઈ જઈશ. તને ભાન થશે કે તું તો અનામી છો પરંતુ તારી ઓળખ માટે તને આત્મા કે બ્રહ્મના શબ્દ વડે ઉદ્‌બોધન કરવામાં આવે છે.

તું કયાયથી આવ્યો નથી અને કયાય જવાનો પણ નથી. તારા પરમપિતા પરમેશ્વર છે એવું તને ભાન થશે. તારા તેજ થકી જ મહાનગરીના દરેક વિભાગો, તંત્રો, બધી ઈન્દ્રિયો તથા સર્વે પ્રજાજનોને જરૂરી સત્તા-શકિત મળતી રહેશે. આમ થવાથી આખા મહારાજય (કાયાનગરી) નો વહીવટ ખૂબ જ સારી રીતે સત્ય, ધર્મ, નીતિ ને ન્યાયથી શાંતિપૂર્વક, સહજતાથી સરળ રીતે ચાલશે. અને નગરીનું વાતાવરણ પણ એકદમ સ્વચ્છ, પવિત્ર, રોગમુકત, સુખ-શાંતિવાળુ અને આનંદમય બની જશે. તારા પુત્રોના પણ સુકન્યાઓ સાથે લગ્ન થઈ જશે. મોટા પુત્ર સતજ્ઞાનના નીતિ સાથે, બીજા પુત્ર વિચાર (ધર્મ) ના દયા સાથે, ત્રીજા પુત્ર વિવેકના કરુણા સાથે તથા ચોથો સૌથી નાનો પુત્ર વૈરાગ્ય લગ્ન જ નહી કરે અને સદાય બ્રહ્મચારી રહીને તારી જ સેવામાં હાજર રહેશે. કોઈપણ દુરાચારી કે નિષેધવૃત્તિ મહાનગરીમાં કોઈપણ દ્વારેથી ઘુસણપટી ન કરે તેનું સતત ધ્યાન રાખશે. આમ જયારે કાયાનગરીનું આખું અંતઃકરણ (અંતઃપુર) બ્રહ્માકાર થશે અને આખા રાજયનો વહિવટ બ્રહ્માંડના નિયમે (પ્રકૃતિના નિયમે) ચાલવા લાગશે ત્યારે કાયાનગરીમાં પરિબ્રહ્મ પરમપિતા એવા સદાશીવની ચિતિશકિત-કુંડલીની મહાશકિતનું પ્રાગટય અનાયાસે થશે.

અને એ શકિત પણ ગુપ્તમાર્ગે (સુક્ષમણાના માર્ગે) થઈને તારી પાસે પહોંચી જશે. તને ખોળામાં બેસાડીને વ્હાલ કરવા લાગશે. ત્યારે તને ભાન થશે કે તને વ્હાલ કરે છે તે ભવાની જ આખા બ્રહ્માંડની સમષ્ઠિ શકિત છે. અને તું પણ એનો અંશમાત્ર જ છે. તને બ્રહ્માંડમાં બધે ફેરવીને કૈલાસવાસી સદાશિવના દર્શન કરાવીને તને વિદેહ મુકિત અપાવીને બ્રહ્માંડમાંથી પણ મુકિત અપાવશે. પરિબ્રહ્મ પરમાત્માના પરમધામમાં તને નિર્વાણપદ સુધી લઈ જશે. અને આખરે ભવાની પોતાના સ્વામિ સદાશિવમાં સમાઈ જશે.

આમ, સંત મહાત્માએ સદગુરૂ રૂપે તેજસરાજાને ભવ બંધનની જેલમાંથી છુટવાનો બોધ, ગુરૂમંત્ર તથા તેનું વિજ્ઞાન પૂરેપૂરૂ સમજાવીને ત્યાંથી વિદાય લીધી. તેજસરાજાએ ગુરૂએ બતાવ્યા પ્રમાણે નિયમીતપણે ખૂબ જ તીવ્રતાથી, સૂરવીરતાથી, ખંતપૂર્વક વ્યવસ્થિત અભ્યાસ કરવા લાગ્યા. તો ગુરૂએ સમજાવ્યા પ્રમાણે પરિણામો આવતા ગયા. જેમકે દશમો દ્વાર ખુલી ગયો. સુક્ષમણાના માર્ગે થઈને બ્રહ્મપૂરીમાં

બ્રહ્માના (નાદબ્રહ્મ) સહવાસથી તથા તેને શરણે રહીને અભ્યાસ કરવાથી બ્રહ્મવિદ્યા (પ્રજ્ઞાબુદ્ધિ) ને પામીને કાયાનગરી ઉપર વિજય મેળવીને પૂર્ણ રીતે જાગૃત થઈને પોતાના મૂળ સ્વરૂપ આત્મામાં સ્થિતિ કેળવીને પોતે જે પોતાનું ભાન ભૂલીને જીવરૂપે અવની મોજાળમાં ભટકતો હતો તેમાંથી આખરે મુકિત મેળવીને પોતાનું કલ્યાણ કરી લીધું.

એમ આપણે સૌ પણ આત્મબોધ મેળવીને યોગ્ય અભ્યાસ અને વૈરાગ્ય વડે, પૂર્ણ યોગ સાધીને આ જીવનપણામાંથી પૂર્ણ રીતે જાગૃત થઈને શુદ્ધ ચૈતન્ય ચિદાનંદ શિવોહમ રૂપે થઈને શાશ્વત મોક્ષગતિને પામીએ એવી શુભેચ્છા.

આ ગોખલમાં છે ગોટી,
મારી વાર્તા બહુ છે મોટી.
એમા ભર્યા છે સાચા મોતી,
સૌ બાળકોએ લેવાના છે ગોતી.

વાર્તામાં ભર્યો છે સંસાર,
ડુબકી મારીને કરજો વિચાર.
તેમાંથી નીકળશે સારનો સાર,
આચરણમાં ઉતારતાં થાશે બેડો પાર.

બસ એ જ...
દિલસુખના સત રામ રામ
જય ભગવાન
અલખ નિરંજન

::------------:: ॥ ::------------::

(૫) જન્મ - જીવન - મરણ

ભડાણિયા કુટુંબ-કબીલા ગ્રુપમાં મહાશુભ સ્થાને બીરાજમાન નાના-મોટા સર્વે કુટુંબીજનો તથા સગાવ્હાલા, સજજનો વગેરે. આજે મારા સ્થૂળ દેહના જન્મદીન નિમિત્તે, જે કાંઈ ખુશી-આનંદ વ્યકત કરીને શુભેચ્છાઓ પાઠવી છે તે બદલ હું આપ સર્વે આત્મજનોનો હૃદયપૂર્વક આભાર માનું છું અને દરેકને ધન્યવાદ પાઠવું છું.

આ તકે જન્મ - જીવન - મરણ વિશે હું જે કાંઈ સમજયો છું અને મારા પરોક્ષ, પ્રત્યક્ષ તથા અપરોક્ષ જ્ઞાનનો જે કાંઈ અનુભવ છે તે રજુ કરું છું. તો અસ્થાને નહીં ગણાય તો તે યથા ઘટીત સ્વીકારશો અને તમારા ફુરસદના સમયે વાંચનમાં લેશો એવી શુભેચ્છા સાથે.

આપણે જાણીએ છીએ કે માતાના ગર્ભાશયમાં સૂક્ષ્મ જીવાણું કોષોના સંયોજનથી બાળ સ્વરૂપનું સર્જન થાય છે ત્યારે જરૂરી સર્જનશકિત (ચિતિશકિત) માતામાં રહેલી કુંડલીની જાગૃત હોય છે. અને તેની દિવ્ય શકિત દ્વારા ગર્ભનું પાલન પોષણ થતું હોય છે. સર્જનકાર્ય પુરૂં થતાં જયારે બાળકની પ્રસુતિ થાય છે ત્યારે કુંડલીની દિવ્ય શકિતનું જોડાણ કાપીને અસ્તિત્વમાં રહેલ સમષ્ટિની ચિતિશકિત (ચેતના) સાથે કરી આપવામાં આવે છે. એટલે વ્યાપકની ચેતના બાળકના નાભીકેન્દ્ર પાસે પ્રગટ થાય છે ત્યારે તે ચેતન (આત્મા) માંથી એકી સાથે ત્રણ શકિતઓનું સ્ફૂરણ (પ્રાગટય) થાય છે. (૧) ચૈતન્યશકિત (જ્ઞાન) જેથી જોવું, સાંભળવું, ઠંડી-ગરમી લાગવી વગેરે (૨) સર્જનશકિત નાદબ્રહ્મ (સ્પંદન) કે જેથી અવાજ ઉત્પન્ન થાય છે (બાળકનું રડવું) (૩) ગતિશકિત એટલે કે પ્રાણોનું શ્વાસોચ્છવાસ થવું. આમ જયારે બાળકના દેહનો જન્મ થાય છે ત્યારે ચેતન (આત્મા) ની ચિતિ શકિતમાંથી પ્રગટ થયેલ ત્રણે દેવી શકિતઓ જેવી કે બ્રહ્મા (નાદબ્રહ્મ), વિષ્ણું (જ્ઞાનશકિત) તથા મહેશ (પ્રાણ-અપાન, શિવશકિત) અનુક્રમે નાભીકેન્દ્ર, આજ્ઞાકેન્દ્ર તથા હૃદયકેન્દ્રમાં જાગૃત રહીને પોતપોતાનું કાર્ય સંભાળી લે છે. માટે બાળકમાં નિર્દોષતા હોય છે. ત્યાં સુધી તેને ભગવાન તુલ્ય બ્રહ્મનું રૂપ માનવામાં આવે છે. અને બાળકનો જન્મ થાય છે ત્યારે ભગવાનનું પ્રાગટય થયું તેમ સમજીને ધામે-ધૂમે જન્મોત્સવ ઉજવવામાં આવે છે.

હવે શરીરનું બંધારણ જોતાં જણાય છે કે ત્રિગુણી માયાશકિત (બ્રહ્મા-વિષ્ણું-મહેશ) અને પાંચ તત્વો (આકાશ, વાયુ, અગ્નિ, પાણી, પૃથ્વી) થી આ દેહ બન્યો હોવાથી તે પ્રકૃતિનો છે પણ મારો નથી. હું તો તેને જાણનારો હોવાથી દેહથી

અલગ જ છું. આ જડ (અચેતન) ની કાયા બની છે તે જ માયા છે. હું તો નિર્ગુણ, નિરાકાર, શુધ્ધ ચેતન છું. મારા પ્રકાશ વડે જ કાયાની બધી ક્રિયા-પ્રક્રિયા ચાલે છે. જેમ સૂર્યના પ્રકાશ વડે પૃથ્વી પરની બધી ક્રિયાઓ ચાલે છે. સુખ-દુઃખ મનને થાય છે. ભૂખ અને તરસ પ્રાણને લાગે છે. જન્મ અને મરણ દેહને થાય છે. પણ તે શુધ્ધ સ્વરૂપ આત્માને લાગુ પડતું નથી.

જયારે અજ્ઞાનતાના કારણે પોતાના મૂળ સ્વરૂપને ભૂલીને સ્થૂળ દેહ સાથે એકરૂપ થઈને તાદાત્મ્ય કેળવે છે. ત્યારે મલીન જીવાત્મારૂપે થઈને પ્રકૃતિની બધી ઉર્મિઓ પોતે ભોગવે છે એવો ભાસ થાય છે. ચિત્તની વૃત્તિઓ, મનના કલેશો તથા ઈન્દ્રિયોના વિષયો કે જે પ્રકૃતિના ગુણધર્મો છે જેવા કે ભય, રાગ, ક્રોધ, ચિંતા, ઉંઘ, આળસ, કામ, હું (અહંકાર), મારું, આશા, તૃષ્ણા, ઈર્ષા, અદેખાઈ વગેરે અનેક સારી કે ખરાબ ઉર્મિઓ જીવાત્મા ભોગવે છે અને કાયમ ક્ષણિક સુખ-દુઃખ, સંતોષ-અસંતોષ, શાંતિ-અશાંતિ વગેરેનો અનુભવ કરે છે. આખરે શરીરનું આયુષ્ય પુરૂ થતાં મરણ-શરણને પામે છે. એ જ કુદરતની માયાજાળ છે અને એને જ કહેવાય અવિદ્યાનો પ્રતાપ. આ સુખ-દુઃખ આદી દ્વંદ્વો બધાં પ્રકૃતિના ગુણધર્મો છે. પણ તે આત્માને લાગુ પડતા નથી. હું આત્મા તો શુધ્ધ-બુધ્ધ અને મુકત સચ્ચિદાનંદરૂપ છું. આ દેહમાં અણુએ અણુમાં મારો વાસ છે, જેમ દુધમાં ઘી વ્યાપીને રહેલું છે. છતાં અનુભવમાં આવતું નથી. એમ આ દેહમાં આત્મા હોવા છતાં તેનો અનુભવ થતો નથી. આ તો આત્માના પ્રકાશ થકી જ પ્રકૃતિના બધાં કાર્યો ગતિમાન છે.

જેમ ઉંઘમાં જગત દેખાતું નથી તેમ પોતાના સ્વરૂપની અજ્ઞાનતાના કારણે માયાના ઘેનમાં અવિદ્યાના આવરણોને લઈને પોતે કાયમ હોવા છતાંય જણાતો નથી અને બધાં દુઃખોનું કારણ માત્ર આ એક અવિદ્યા જ છે.

આ અવિદ્યામાંથી છુટવા માટેનો એક ઈલાજ બ્રહ્મવિદ્યા છે. બ્રહ્મવિદ્યા (પ્રજ્ઞા) વડે પોતાના સ્વરૂપનો સાક્ષાત્કાર કરી સ્વાનુભવ કરવાથી તરત જ અવિદ્યા અને માયાના બધાં આવરણો દૂર થઈ જાય છે, જેમ સૂર્ય ઉગતાં રાત્રિનું ઘોર અંધકાર દૂર થાય છે. પોતે પૂર્ણ રીતે જાગૃત થાય છે અને જયારે પોતાના ભાનમાં આવે છે ત્યારે તેને સત્યજ્ઞાન થાય છે કે મારે કોઈ જન્મ કે મરણ નથી. હું તો અજર-અમર છું. મારે કોઈ સુખ-દુઃખ, રાગ-દ્વેષ આદિ દ્વંદ્વો નથી. હું તો તે બધાથી પર છું. મારે કોઈ બંધન નથી. હું તો સદાય મુકત છું. તો આવી સર્વોતમ બ્રહ્મવિદ્યા પ્રાપ્ત કરવા માટે યોગ્ય પાત્રતા કેળવીને કોઈ પૂર્ણ સ્થિતિએ પહોંચેલા સંત પુરુષનો સમાગમ કરી, તેમના કૃપાપાત્ર બનીને બ્રહ્મવિદ્યાના જ્ઞાન-વિજ્ઞાનનો બોધ મેળવવો ખૂબ જ જરૂરી છે.

ત્યારબાદ તે જ્ઞાન-વિજ્ઞાન પ્રમાણે ખંતપૂર્વક નિયમિત મુમુક્ષુભાવે અભ્યાસ કરી મનનાં મળ, બુધ્ધિના વિક્ષેપો અને ચિત્તની વૃતિઓને દુર કરી પોતાના નિજ સ્વરૂપ

આત્માનો સાક્ષાત્કાર કરી લેવો જોઈએ. આમ થવાથી આત્માના દિવ્યપ્રકાશ વડે બુદ્ધિમાં બ્રહ્મજ્ઞાન થશે. તેને જ બ્રહ્મવિદ્યા પ્રાપ્ત થઈ કહેવાય. અને આ બ્રહ્મવિદ્યા વડે જીવતા જ મૃત્યુંનો અનુભવ કરીને, પરિબ્રહ્મ પરમાત્માના દર્શન કરીને મનુષ્ય અવતાર લેખે લગાવીએ અને જન્મોત્સવથી પણ વધારે આનંદપૂર્વક, યમરાજના પ્રમુખસ્થાને, જગતના પાઠ ભજવવામાંથી કાયમી ધોરણે નિવૃત્તી માટેનો વિદાય સમારંભ ગોઠવીને, આનંદ ઉત્સવ કરીને, યમરાજાને તેનો માલ-સામાન પૂર્ણ રીતે સુપ્રત કરીને તેની પણ કૃપા મેળવીને આ અવની મોઝાળમાંથી સદાય માટે મુકત થઈને કાયમના શાશ્વત સુખ અને મોક્ષગતિને પામીએ. એવી શુભ ભાવના સાથે અહી હું વિરમું છું.

બસ એ જ...
દિલસુખના સત રામ રામ
જય ભગવાન
અલખ નિરંજન

::------------:: ॥ ::------------::

(૬) સ્વામી વિવેકાનંદ ગ્રંથમાળામાંથી

:- વિકટોરીયા હોલ - મદ્રાસમાં આપેલું ભાષણ -:

મારા મિત્રો, મારી યોજના એવી છે કે આપણાં શાસ્ત્રોના સત્યોને ભારતમાં તથા ભારતની બહાર પ્રચાર કરવા સારું નવયુવક ઉપદેશકોને તૈયાર કરવા માટે ભારતમાં સંસ્થાઓની સ્થાપના કરવી આપણે ખૂબ જ જરૂરી છે. અનેક માણસોથી બીજું બધું પછી થઈ રહેશે સૌ પ્રથમ બળવાન, ચેતનવંતા અને અંતરમાં ઊંડી શ્રધ્ધાવાળા નવયુવકોની આવશ્યકતા છે. એક સો આવા નવ લોહિયા યુવકો મળે તો દુનિયામાં ક્રાંતિ આવી જાય. બીજી બધી વસ્તુ કરતાં ઈચ્છાશકિત વધુ બળવાન છે. એની આગળ બીજુ બધું શિર જુકાવે છે. કારણ કે ઈચ્છાશકિતનું મૂળ છે ઈશ્વર. સ્વયં પરમાત્મા. પવિત્ર અને પ્રબળ ઈચ્છાશકિત સર્વશકિતમાન છે. શું તમે એમાં નથી માનતા ? માટે તમારા ધર્મના મહાન સત્યને જગતમાં પ્રચાર કરો. જગત તેની રાહ જોઈને ઊભુ છે. અનેક સદીઓ સુધી અધોમાર્ગે લઈ જાય તેવા સિધ્ધાંતો જગતને શીખવવામાં આવ્યાં છે.

તેમને એમ જ સમજાવવામાં આવ્યું છે કે તમે માણસ જ નથી. આખા જગતમાં સર્વ-સામાન્ય લોકોને એમ જ કહેવામાં આવ્યું છે કે તમે કાંઈ જ નથી. સૈકાઓ થયાં તેમને એવાં ડરાવી રાખવામાં આવ્યા છે કે તેઓ લગભગ પશુકોટીએ પહોંચી ગયા છે. એ લોકોને આત્મા વિશે કદી સાંભળવા દેવામાં આવ્યું જ નથી. હવે એ લોકોને આત્મા વિશે સમજાવો. તેમને કહો કે હલકામાં હલકા માનવીમાં પણ આત્મા રહેલો છે. આત્મા કદી મરતો નથી. કદી જન્મતો નથી. તલવાર એને છેદી શકતી નથી. અગ્નિ એને બાળી શકતો નથી. વાયુ એને સુકવી શકતો નથી. આત્મા અજર-અમર છે. અનાદિ અને અનંત છે. પવિત્ર, સર્વશકિતમાન અને સર્વ વ્યાપક છે. લોકોમાં આત્મશ્રધ્ધા પ્રગટાવો.

તમને કહેવામાં આવ્યું છે કે તમે કાંઈ જ નથી. તમને શીખવવામાં આવ્યું છે કે તમે કાંઈ જ નથી. પરિણામે તમે દિન-પ્રતિદિન શૂન્ય જેવા બનતા જાવ છો. આપણે જે બળની જરૂર છે તેને તમે તમારી જાતમાં આત્મશ્રધ્ધા પ્રગટાવો.

આપણે આત્મશ્રધ્ધા ખોઈ બેઠા છીએ. અને તેથી જ ગુપ્તવિદ્યા, રહસ્યવિદ્યા અને એવી છાની છાની બાબતો આપણામાં ઘુસતી આવે છે. તેમાં કદાચ મામુલી સત્યો હશે. પણ એ બધી વિદ્યાઓએ આપણને લગભગ નિર્માલ્ય કરી દીધા છે. તમારા જ્ઞાનતંતુઓ મજબુત બનાવો. આજે આપણને જરૂર છે લોખંડી સ્નાયુઓની અને પોલાદી જ્ઞાનતંતુઓની. ઘણાં કાળ સુધી આપણે રોતલ રહયાં છીએ. હવે રોવાનું

છોડી દઈને તમારા પોતાના પગ પર ખડા થાવ અને મર્દ બનો. મર્દ બનાવનાર ધર્મની આપણે જરૂર છે. ચોમેર મર્દ બનાવનારા શિક્ષણની આપણને જરૂર છે. અને સત્યનું પારખું આ છે જે કાંઈ તમને શારીરિક રીતે, બૌદ્ધિક રીતે અને આધ્યાત્મિક રીતે દુર્બળ બનાવે તેને ઝેર ગણીને છોડી દો. એવી વસ્તુમાં જરાય પ્રાણ નથી. એ સાધુ હોય શકે જ નહીં.

સત્ય એટલે શકિત. સત્ય એટલે પવિત્રતા. સત્ય એટલે સર્વજ્ઞાતા. સત્ય તો માણસને બળદાયક નીવડવું જોઈએ. પ્રકાશ આપનારૂં હોવું જોઈએ. પરિવર્તન લાવનારૂં હોવું જોઈએ. જોમદાયક હોવું જોઈએ.

આ બધી વિદ્યાઓ તેમાં સાચાનો અંશ હોવા છતાં મોટાભાગે નિર્બળ બનાવનારી વિદ્યાઓ હોય છે. મારૂં કહેવું સાચું માનજો. મને એ બધાનો જીંદગી આખીનો અનુભવ છે. અને પરિણામે હું નિર્ણય પર આવ્યો છું કે એ બધાં માણસોને નિર્બળ બનાવે છે. મેં આખા ભારતખંડનો અભ્યાસ કર્યો છે. તેની ગુફાએ ગુફા ખુંદી વળ્યો છું. અને હિમાલયમાં પણ વાસ કરી ચૂકયો છું. હિમાલયમાં જીંદગી આખી પડયા રહેનારા લોકોને પણ હું ઓળખું છું. હું મારા રાષ્ટ્રને, મારા દેશ બાંધવોને ચાહુ છું. હું તેમને આથી વધારે અધોગતિએ જતાં, વધારે દુર્બળ બનતાં જોઈ શકતો નથી. એટલે તમારી ખાતર અને સત્યને ખાતર મારે મારા રાષ્ટ્રની આ અધોગતિ સામે પોકાર ઊઠાવવો જ પડે છે.

હવે બસ કરો. આ બધાં છાનગપતિયા છોડી દઈને બળવાન બનો. તમારા ઉપનિષદો તરફ તમારા તાકાતવાન અને તેજસ્વી તત્વજ્ઞાન તરફ પાછા વાળો. એ બધી રહસ્યમય બાબતોથી (ચમત્કારોથી) અલગ થઈ જાઓ અને આ સત્ય તત્વજ્ઞાનને અપનાવી લો. જગતમાં મહાન સત્યો સાવ સાદામાં સાદા હોય છે. અરે આપણાં પોતાના અસ્તિત્વ જેટલા સાદા હોય છે. ઉપનિષદોના સત્યો તમારી સમક્ષ આ રહયા. એમને અપનાવો. એ પ્રમાણે જીવન જીવો. એટલે ભારતની મુકિત હાથવેંતમાં છે. એમ સમજો.

થોડુંક વધારે બોલીને હવે હું પુરૂં કરીશ. બધાં લોકો દેશપ્રેમની વાતો કરે છે. હું પણ દેશપ્રેમમાં માનું છું. મારી પાસે પણ મારો પોતાનો દેશપ્રેમનો આદર્શ છે. મહાન સિદ્ધિઓ માટે ત્રણ વસ્તુઓની આવશ્યકતા છે. પ્રથમ હૃદયપૂર્વકની લાગણી. બુદ્ધિ કે તર્કશકિતમાં શું છે ? ચાર ડગલા ચાલીને એ અટકે છે. પરંતુ હૃદય દ્વારા આવે છે અંતઃપ્રેરણા. પ્રેમથી અશકયમાં અશકય દરવાજા ખુલી જાય છે. વિશ્વના સર્વ રહસ્યોનું પ્રવેશદ્વાર છે પ્રેમ. માટે મારા ભાવી સુધારકો, મારા ભાવી દેશપ્રેમીઓ લાગણી કેળવતાં શીખો. તમને લોકો માટે લાગણી છે ? આ કરોડોની સંખ્યામાં આપણાં દેવોના અને ઋષિમુનિઓના વંશજો પશુત્વની નજીક પહોંચી ગયા છે. તમને એ માટે જરાય દિલમાં લાગી આવે છે ? આજે લાખો લોકો ભૂખે મરી રહયાં છે અને લાખો લોકો યુગો થયાં ભુખમરો સહન કરતાં આવ્યા છે. તેમના માટે તમારા દિલમાં કંઈક થાય છે ?

તમને કદી એમ થાય છે કે આ અજ્ઞાનનો અંધકાર આપણાં દેશ પર ઘનઘોર વાદળાની પેઠે છવાઈ ગયો છે ? તમને એ હલાવી નાંખે છે ? તમારી ઉંઘ એનાથી ઉડી જાય છે ખરી ? એ તમારા રક્તોમાં પ્રવેશીને તમારી નાડીઓ દ્વારા હૃદયના ધબકારાની સાથે તાલ પૂરાવે છે ખરી ? એણે તમને પાગલ કરી મૂક્યા છે ખરા ? આ સર્વનાશી દુઃખના એકમાત્ર ખ્યાલે જ તમને ભરખી લીધા છે ખરા ? આને માટે તમે તમારું નામ, તમારો યશ, તમારી કીર્તિ, તમારી સ્ત્રી, તમારા બાળકો, તમારી સંપતિ, તમારી માલ-મિલ્કત, અરે તમારી દેહ શુધ્ધા વિસરી બેઠા છો ખરા ? તમે એવું કંઈ અનુભવો છો ?

દેશપ્રેમ થવાનું પહેલું પગથિયું આ છે. તમારા માના ઘણાખરાને ખબર છે કે હું અમેરિકા ગયો તે પેલી વિશ્વધર્મ પરિષદ માટે નહીં, પણ લોકો પ્રત્યેની આ કરુણાનું ભૂત મારા અંતરમાં ભરાઈ બેઠું હતું તેથી હું ભારતભરમાં ૧૨ વર્ષ સુધી ભટકતો રહયો. પણ મારા દેશ બાંધવોને મારા કાર્ય કરવાનો કોઈ રસ્તો મને મળતો નહતો. એ કારણસર હું અમેરિકા ગયેલો. એ વખતે મને પીછાળનારા તમારામાના ઘણાંખરાં એ બાબત જાણે છે. એ વિશ્વધર્મ પરિષદની કોને પરવા હતી ? અહિંતો મારા પોતાનું લોહી અને માંસ તથા મારા ભાંડુઓ રોજ ને રોજ ખલાસ થયે જતાં હતાં. પણ એની કોને પડી હતી ? મારું એ પહેલું કાર્ય હતું.

સારું ત્યારે, તમને કદાચ લાગણીઓ થઈ. પણ તમે કોઈ ઉપાય શોધી કાઢયો ? તીરસ્કારને બદલે કાંઈ સહાય લોકોના દુઃખો હળવા કરવાને માટે મીઠાશભર્યા વચનો આ જીવતા નર્કમાંથી તમને બહાર કાઢવા માટેનો કોઈ વ્યવહારું ઉકેલ તમને જડયો છે ? અને છતાંય એ કાંઈ સર્વસ્વ નથી. તમારામાં પર્વત જેટલી મુશ્કેલીઓને પાર કરવાની ઈચ્છા શકિત છે ? દુનિયા આખી તમારી સામે હાથમાં તલવાર લઈને ઊભી રહી જાય તો પણ તમે જે સાચું માનો છો તે કરવાની તમારામાં હિંમત છે ? તમારી કીર્તિને માથે પાણી ફરી વળે, તમારી સંપત્તિ સાફ થઈ જાય છે છતાં તમારી માન્યતાને વળગી રહો છો ખરા ? મહારાજા ભર્તુહરિ કહે છે કે વ્યવહાર કુશળ માણસો તમારી નિંદા કરે કે પ્રસંસા કરે, લક્ષ્મીદેવી તમારી પાસે આવે કે,

તેની મરજી પડે ત્યાં ચાલી જાય, મૃત્યું આજે આવે કે સો વર્ષે આવે પણ ધૈર્યવાન પુરુષ સત્યના, ન્યાયના માર્ગેથી એક ડગલું પણ ચસકતો નથી. તમારામાં એવી મકકમતા છે ? જો તમારામાં આ ત્રણ બાબતો હશે તો તમે ચમત્કારો બતાવી શકવાના. તમારે છાપાઓમાં છાપવાની જરૂર નહીં રહે. તમારે ભાષણખોરીની પણ જરૂર નહીં રહે. તમારો ચહેરો જ દીપી ઉઠશે. તમે ગુફામાં રહેતા હશો તો પણ એ પથ્થરની દિવાલો સોંસરવા તમારા વિચારો નીકળશે અને વર્ષો સુધી ગુંજતા ગુંજતા જગતભરમાં ફર્યા કરશે. અને અંતે તે કોઈ એકના મગજમાં ચોંટી જઈને કદાચ ત્યાં કાર્યમાં પરિણમશે. સત્ય વિચારની સચ્ચાઈ (નીતિ) ની શુદ્ધ હેતુની આવી શકિત છે.

મને લાગે છે કે હું તમને રોકી રહયો છું. પણ એક વાત વધારે કહી દઉં. મારા દેશના બાંધવો, મારા મિત્રો, મારા બાળકો આ આપણું રાષ્ટ્રીય નાવ જીવનનાં અફાટ સમુદ્રજળમાંથી અસંખ્ય આત્માઓને પાર ઊતારી રહયું છે. પ્રકાશમય અનેક સૌકાઓથી આ સંસાર સાગરના જળમાં તર્યા કરીને તેણે લાખો અને કરોડો જીવોને પેલે પાર ઊતારી ધન્યતાએ પહોંચાડયા છે. પણ આજે કદાચ તમારા પોતાના જ દોષથી આ નાવ ને જરા-તરા નુકશાન પહોંચ્યું છે. એક નાનું અમથું કાણું તેમાં પડયું છે. એથી શું કાંઈ નાવ ને દોષ દેવાશે ? જે નૌકાએ જગતમાં બીજી કોઈ નાવ કરતાં વધારે સેવા બજાવી છે એવી આ રાષ્ટ્રીયનાવને તમે ઊઠીને ભાંગવા માંડો એ તમને છાજે ખરું ? આપણી રાષ્ટ્રીય નાવમાં, આપણાં સમાજમાં જો કાણા પડયા હોય તોય આપણે તો તેમાં જ બેઠા છીએ.

આપણે ઊભા થઈને તે કાણા બુરી દઈએ. આપણે સ્વેચ્છાપૂર્વક હૃદયનાં રકત રેડીને એ કામ કરીએ અને છતાં એ કાર્ય પાર ન પડે તો મરી છુંટીએ. આપણે આપણાં માથા ફોડીને, તેમાંથી મગજ કાઢીને એનો દાટો એ રાષ્ટ્રીય વહાણના કાણામાં ઠોંકીએ. પણ એને ધુત્કારીએ તો નહી જ. એ કદી ન બને. એક શબ્દ પણ આ સમાજ વિરૂધ્ધ બોલશો નહીં. એના ભવ્ય ભૂતકાળની મહતા માટે મને એના પર પ્રેમ છે. હું તમને બધાયને ચાહુ છું. એનું કારણ તમે બધાં દેવતાઓના સંતાનો છો. મહિમા મંડીત પિતૃઓના વંશજો છો. મારાથી તમને શ્રાપ કે ગાળ કઈ રીતે દઈ શકાય ? એ કદી પણ નહી બને. તમારા પર ઈશ્વરના આશિર્વાદ ઉતરો.

બસ એ જ...
દિલસુખના રામ રામ
જય ભગવાન
અલખ નિરંજન

::------------:: ॥ ::------------::

(૧૪) અધ્યાત્મ ક્ષેત્રે સાધના કરતા મુમુક્ષ સાધકો તરફથી આવેલા પ્રશ્નો અને તેના ઉત્તરો

(૧) મૈથીલનો પ્રશ્ન

સંપૂર્ણ આત્મ સમર્પણ કેવી રીતે થાય ? કે જેથી કૈવલ્ય ભકિત કરવાની પાત્રતા આવે ?

જવાબ :- પ્રથમ નવધા ભકિત દ્વારા એટલે કે શ્રવણ, કિર્તન, સ્મરણ, અર્ચન, પૂજન, વંદન, દાસભાવ એટલે કે સેવા, સખાભાવ દ્વારા કે પછી યમ-નિયમ, આસન, પ્રાણાયામ અને પ્રત્યાહાર વગેરે બહિરઅંગ દ્વારા આપણી જે બધી ચેતનાઓ, ઈન્દ્રિયો અને મન મારફતે બહાર જતી રોકીને, અંતરમુખ કરીને, આત્મા તરફ વાળીને, એક દોર કરીને આત્મવૃત્તિમાં રૂપાંતર કરવી કે જેથી આપણી સૂરતા સધાય જાય. ત્યારે આપણી બધી વૃત્તિઓ આત્માને આધિન થાય. ત્યારે સંપૂર્ણ આત્મ સમર્પણ થાય છે.

ત્યારબાદ સદ્‌ગુરૂના ઉપદેશ પ્રમાણે મન, પવનની માળા વડે નામને જગાડીને (જાગૃત કરીને) સૂરતાને અનાહત શબ્દ સાથે જોડીને, હૃદયમાં આત્મા સાથે પ્રેમ પ્રગટ કરીને પ્રેમ લક્ષણનો ભાવ પ્રગટ થાય છે. ત્યારબાદ પ્રેમ લક્ષણ ભકિત દ્વારા હૃદયની સંપૂર્ણ શુધ્ધતા થતાં શુધ્ધ ચૈતન્યનો નાદ, પ્રણવનાદ કે આત્માનો અવાજ સંભળાય છે. કે જેને વચન કે શબ્દ કહે છે. તે શબ્દની સાથે સૂરતાને ધ્યાન વડે જોડીને એકરૂપ કરીને પરાભકિત અથવા ચેતનભકિત થાય છે. ત્યારબાદ સંચીત કર્મો કે ચિત્તમાં રહેલ વાસના, સંસ્કાર વગેરેના ધ્યાન-સમાધિ દ્વારા નાશ થવાથી ચોથી ભૂમિકા એટલે કે કૈવલ્યપદને પામી શકાય છે.

બસ એ જ...
દિલસુખના રામ રામ
જય ભગવાન.

::------------:: ॥ ::------------:

(૨) પારસના પ્રશ્નો

અલખ નિરંજન એટલે શું ?

જવાબ :- એ જેમ છે તેમ સમજતાં પહેલાં નાદ, અવાજ, અક્ષર અને અક્ષરથી બનેલા શબ્દો અને તે દ્વારા થયેલાં વાકયો (સૂત્રો) જયારે જીવ દ્વારા બોલાય છે ત્યારે તે વાણી મારફતે જે જ્ઞાન થાય છે તેનું રહસ્ય શું છે ? તે જાણવું ખૂબ જ જરૂરી છે. જો એ સમજણ પૂરી હોય તો જ તે શબ્દો કે સૂત્રો શું જ્ઞાન સંકેત (સમજણ) આપે છે તેનો યથાર્થ ખ્યાલ આવે. માટે તે શબ્દોના મૂળ સુધી ઉંડાણમાં જઈને તેની જાણકારી મેળવી લેવી જોઈએ.

બધા અવાજોનું (નાદો) મુળ અંતઃસ્પંદન છે. કે જેને અનાહતનાદ, ધ્રુનાત્મક શબ્દ, નામ કે સ્વર કહેવામાં આવે છે. અને તે નાદમાંથી જ વર્ણનાત્મક અક્ષરો (વ્યંજનો) બારાખડી બને છે. આ આંતર સ્પંદનને જ શાસ્ત્રો પરાવાણી અથવા પારાવાક કહે છે. આ પરાવાણી એ આત્માનું સર્જનાત્મક સ્કુરણ છે. આ જ આંતરશકિત દેવી કુંડલીની છે. તે જ વિશ્વ વ્યાપી ચેતના (ચિત્તી શકિત) અને સર્વ વ્યાપી પરમ તત્વ છે. એમ સત્શાસ્ત્રોનું કહેવું છે.

જયારે આ સ્પંદ તત્વ અતિ સૂક્ષ્મ અને ગહન છે. તે પ્રથમ ચલાયમાન થાય છે ત્યારે પશ્યંતિ અને ત્યારબાદ મધ્યમાં આવી બે વાણીની કક્ષાએ એનો આવીષ્કાર (સર્જન) થાય છે. પરાવાણીમાં નાદ કે જે સૂક્ષ્મ સ્પંદનની કક્ષાએ રહેલો છે તે જરા સ્થૂળ થઈને ભાવમાં પરિવર્તન પામીને વધુ સ્થૂળ થઈને સૂક્ષ્મ વર્ણાત્મક શબ્દોમાં રૂપાંતર થઈને (મધ્યમા વાણી) અને આખરે વધુ સ્થૂળ થઈને જીભ મારફતે બોલાય છે. તેને વેખરી વાણી કહે છે.

આ પરાવાણીની અંદર અનંત અક્ષરો, શબ્દો ને વાકયો સ્પંદનરૂપે વિદ્યમાન છે. જેવી રીતે મયૂરના ઈંડામાં મોર અને તેના અંગો તથા પીંછામાં વિવિધ રંગો વગેરે પેદા કરવાની અંતઃનિહિત શકિત હોય છે. તેવી રીતે આ પરાવાણીમાં સર્વ અક્ષરો અને શબ્દો અભિન્નરૂપે, બીજરૂપે રહેલા હોય છે. આ બીજ કે જેમાં સર્વે અક્ષરો રહેલા છે તે શુદ્ધ અહમ, પૂર્ણ અહમ ચેતના છે. તે આત્માનું જ સ્કુરણ છે. માટે ''બોલે ઈ બીજો નથી, છે પરમેશ્વર પોતે''

શિવ સૂત્રો કહે છે કે, બારાખડીનો પ્રત્યેક અક્ષર એ ઈશ્વરનો વિગ્રહ છે. તંત્રોમાં પણ કહેવામાં આવ્યું છે કે, સર્વ મંત્રો વર્ણાત્મક અક્ષરોના બનેલા છે. અને સર્વે અક્ષરો શિવનું સ્વરૂપ છે. આમ, બારાખડીનો પ્રત્યેક અક્ષર એક વિશિષ્ટ શિવની શકિત છે. અને આ શકિતઓ ભેગી થઈને માત્રુકા બને છે. આ માત્રુકાને પણ શિવનું જ રૂપ જાણવું. દરેક અક્ષર અને શબ્દ પરાવાણીના સ્કુરણથી જ થાય છે. તેથી તો શબ્દમાં આટલું બધું

સામર્થ્ય છે. એટલે કે સત્તા-શકિતવાળા હોય છે. એ શકિત સિમિત જ્ઞાનનું કારણ છે. સીમિત (મર્યાદિત) જ્ઞાન એ ભેદાત્મક જ્ઞાન છે. તે જ્ઞાન વહેવારીક અથવા દ્વૈત પેદા કરનારું જ્ઞાન છે. અને માત્રુકા એ પ્રકારના જ્ઞાનની જનની છે. આ માત્રુકાશકિત દ્વારા અક્ષરોમાંથી શબ્દો બને છે, શબ્દોમાંથી વાકયો બને છે અને વાકયોમાંથી અર્થ નિકળે છે અને તેમાંથી જ્ઞાનનો કે સમજનો પ્રાદુર્ભાવ (અહેસાસ) થાય છે.

શબ્દો જ આપણામાં સર્વ પ્રકારની લાગણી પેદા કરે છે. આપણાં હૃદયમાં ઉદભવતી ભિન્ન-ભિન્ન લાગણીઓ અને વિચારોનું મૂળ આ શબ્દોની શકિત જ છે. શબ્દોની શકિતથી જ આપણે સુખ-દુઃખ, સારું-નરસું, પુણ્ય-પાપ વગેરે દ્વંદ્વો અનુભવીએ છીએ.

કોઈને પાપી કહેશો તો તેમને અપમાન લાગશે અને લજ્જા કે ક્ષોભ પામશે. પરંતુ જો કોઈને સારા ધર્મી છો એમ કહેવામાં આવે તો તે ખુશી-આનંદ અનુભવશે. તો આ બધી દ્વંદ્વ અસરો વાણી દ્વારા જ સર્જાય છે. અને આખા જગતનો વહેવાર પણ વાણી દ્વારા જ ચાલે છે.

હવે મૂળ પ્રશ્ન કે અલખ નિરંજન એટલે શું ? એ બાબતે વિચારીએ...

કોઈપણ પદાર્થ કે વસ્તુને ઓળખવા માટે તેના ખાસ શબ્દો (નામ) હોય છે. અને તે શબ્દો વસ્તુના રૂપ, ગુણ, સ્થિતિ, અવસ્થા તથા કક્ષા વગેરેનો નિર્દેશ કરે છે. આમ, શબ્દો દ્વારા વસ્તું વિશેનું જ્ઞાન કે સમજણ બુદ્ધિમાં આવે છે.

હવે, વાણીનું મૂળ તો શુદ્ધ ચૈતન્ય પરાવાણી છે. તે નાભીએથી ઊઠે છે અને આગળ વધીને હૃદયમાં જાય છે ત્યારે ભાવસ્વરૂપ પશ્યન્તિ વાણીનું રૂપ ધારણ કરે છે. ત્યારે જો હૃદયમાં મલીનતા કે અશુદ્ધિઓ હોય તો તે વાણીમાં ભળે છે. ત્યાંથી મન બુદ્ધિના ઘાટે આવે છે. ત્યારે તે મધ્યમાના ઘાટે સૂક્ષ્મ વર્ણાત્મક શબ્દોમાં રૂપાંતર થઈને વિચાર રૂપે પ્રગટ થાય છે. ત્યારે મન-બુદ્ધિમાં રહેલ વિકારો પણ તેમાં ભળશે. તેથી વધુ મલીન થઈને જયારે વેખરી રૂપે બોલાય છે ત્યારે શબ્દોમાં ભળેલી મલીનતાના કારણે જે વસ્તું વિશેનું જ્ઞાન યથાર્થ (સમ્યક) નહીં થતાં મિથ્યાજ્ઞાન (વિપર્યય) અને તે મિથ્યાજ્ઞાન ચિત્તમાં સ્મૃતિરૂપે સંગ્રહાયેલું રહે છે.

પણ જો આપણું હૃદય મન, બુદિધ તથા ઈન્દ્રિયો વગેરે જો વિશુદ્ધ થયેલાં હોય તો વસ્તું વિશેનું જ્ઞાન યથાર્થ છે. પ્રમાણ (યથાર્થ) જ્ઞાન બે પ્રકારના હોય છે.

(૧) વસ્તુ કે પદાર્થનું જ્ઞાન કે જે શુદ્ધ શબ્દો વડે થાય છે. તેને પ્રકૃતિનું જ્ઞાન કહે છે. તે જ્ઞાન ધરાવતી બુદ્ધિને પ્રાકૃતિક બુદ્ધિ કહે છે.

(૨) વસ્તુ કે પદાર્થના મૂળ તત્વ વિષેનું જ્ઞાન. તેને તત્વજ્ઞાન કહે છે. તે જ્ઞાન ધરાવતી બુદ્ધિને પ્રજ્ઞાબુદ્ધિ કહે છે.

વસ્તુ કે પદાર્થનું જ્ઞાન કે જે અશુદ્ધ શબ્દો વડે થાય છે તેને અજ્ઞાન કે ભ્રાન્તિવાળું જ્ઞાન કહે છે. જેમ કે અનિત્યમાં નિત્ય બુદ્ધિ, દુઃખમાં સુખ બુદ્ધિ, જડમાં ચેતન બુદ્ધિ, અસત્યમાં સત્ય બુદ્ધિનો ભાસ કે પ્રતીતિ કરવામાં આવે છે. તે બુદ્ધિને અવિદ્યા કહે છે. અને અવિદ્યાથી જ હું-મારું, રાગ-દ્વેષ, અભિનિવેશરૂપી કલેશો થાય છે.

આમ, ત્રણ પ્રકારની વિદ્યા હોય છે...

(૧) તત્વવિદ્યા (બ્રહ્મવિદ્યા) કે આત્મવિદ્યા. કે જેનાથી આત્મજ્ઞાન થાય છે. જેને આધ્યાત્મિક જ્ઞાન કહે છે.

(૨) પ્રાકૃતિકવિદ્યા. કે જેનાથી જગતનાં વિષયો કે પદાર્થનું જ્ઞાન થાય છે. જેને ભૌતિકજ્ઞાન કહે છે.

(૩) અવિદ્યા. કે જેનાથી જીવનમાં કલેશો મારફતે દુઃખ થાય છે. અસંતોષ, અશાંતિ, ક્રોધ, ભય, રાગ વગેરે ઉત્પન્ન થવાથી જીવન બરબાદ થઈ જાય છે.

પ્રકૃતિમાં ભૌતિક ક્ષેત્રે ઘણાં બધાં ભિન્ન ભિન્ન પ્રકારના વિષયો કે પદાર્થો હોય છે. અને તેને સમજવા માટેના તેનાં ખાસ શબ્દો બનેલા હોય છે. તે ખાસ શબ્દો (ટર્મિનોલોજી) વડે યથાર્થજ્ઞાનનો સંકેત મળતો હોય છે. તેવી જ રીતે આધ્યાત્મિક ક્ષેત્રે તત્વજ્ઞાનને યથાર્થ સમજવા માટે ખાસ શબ્દોની રચના થયેલી હોય છે. તેના વડે તત્વજ્ઞાનની સમજણ કેળવાય છે.

‘‘અલખ નિરંજન’’ તે સૂત્રનો આધ્યાત્મિક ક્ષેત્રે ઉપયોગ કરવામાં આવે છે, તે સૂત્રમાં બે શબ્દો રહેલાં છે.

(૧) અલખ અને (૨) નિરંજન. તે બંને શબ્દોનું સર્જન પરાવાણીની સ્ફુરણાથી થયેલ છે. એટલે કે આત્માના અવાજથી શુદ્ધ અંતઃકરણ મારફતે બંને શબ્દોની રચના થયેલ છે. તેમાં અલખ એટલે લખી ન શકાય અને મન-બુદ્ધિના લક્ષમાં પણ ન આવે તથા જ્ઞાનેન્દ્રિયોથી પણ જાણી ન શકાય (શબ્દ, સ્પર્શ, રૂપ, રસ, ગંધ વગેરે વિષયોથી પર) એટલે ઈન્દ્રિયાતીત જે તત્વ છે તે પરમ તત્વનો નિર્દેશ કરે છે. અને તે નિરંજન એટલે કે નિઃ અંજન (કાળાશ) એટલે નિરંજન. તે શબ્દ કોઈપણ જાતના ડાઘ વગરના પરમ શુદ્ધ જ્ઞાન પ્રકાશનો નિર્દેશ કરે છે. આમ અલખ-નિરંજન સુત્રનો અર્થ મુળ પરમ તત્વ કે જે નિર્ગુણ, નિરાકાર, શુદ્ધ ચેતન છે. તે સ્વરૂપ પરમજ્ઞાન છે. એમ કહી શકાય. તેને પ્રકાશ વિમર્શ (કે જે આત્માનો ગુણધર્મ છે) પણ કહી શકાય. તે વસ્તુને પ્રકાશે છે અને તે વસ્તુ શું છે ? તેનું જ્ઞાન પણ કરાવે છે. જેમ કે ત્યાં કોઈક વસ્તુ પડેલી છે તેને પ્રકાશિત કરે છે અને તે વસ્તુ ટેબલ જ છે પણ ખુરશી નથી તેનો સ્પષ્ટ નિર્દેશ કરે છે. એટલે આત્મા પ્રકાશક છે. અને જે વસ્તું ને પ્રકાશિત કરે છે તે શું છે ? તેનું જ્ઞાન પણ કરાવે છે. અને તે આત્મા સર્વવ્યાપક તથા સર્વસત્તાશકિતમાન અને સર્વજ્ઞાનસંપન્ન છે.

''અલખ નિરંજન'' એ પરમાત્માનો પર્યાય શબ્દ કહી શકાય. એ તેના લક્ષણથી જાણી શકાય છે. તે બ્રહ્મનાદ રૂપે, પરમ સુખાકારી, કેવળ જ્ઞાન સ્વરૂપ, દ્વંદ્વથી પર આકાશવત, ચાર વેદોના મહાવાકયો (તત્વમસિ, અહમ બ્રહ્માસ્મિ, પ્રજ્ઞાનમ બ્રહ્મ, અયમ આત્મા બ્રહ્મ) જે લક્ષ બતાવે છે તે તત્વનો નિર્દેશ કરે છે. તથા એકમ, નિત્યમ, વિમલ, મલયમ સર્વદા સાક્ષી ભૂતમ, ભાવાતીતમ, ત્રિગુણ રહીતમ એવા સદ્ગુરૂ તમને હું નમસ્કાર કરું છું. એટલે એ ઉપરોકત ગુણો ધરાવનાર અલખ નિરંજનને સત શાસ્ત્રોએ સદ્ગુરૂ પણ કહયાં છે.

આમ અલખ નિરંજન ત્રિકાળા બાધિત છે. કે જે કાયમ છે તે જ સત્ય છે. અને તે જ પરમેશ્વર છે. તેનો અનુભવ કરવાથી જીવનું રૂપાંતર શિવમાં થાય છે. અને જીવ બધા બંધનોમાંથી મુકિત મેળવે છે અને કાયમના શાશ્વત સુખ મેળવીને સંતોષ, શાંતિ અને અખંડ આનંદ પામે છે અને પોતાનું કલ્યાણ કેળવે છે. એમ બધાં સતશાસ્ત્રો અને અનુભવી સંતોનું પણ કહેવું છે. તેનો અનુભવ ઈન્દ્રિયો કે મન-બુધ્ધિ દ્વારા મેળવેલા પરોક્ષ જ્ઞાનની અજ્ઞાનતાથી મુકત થઈને ભકિત જ્ઞાન, ધ્યાન કે સૂરતા શબ્દના યોગથી સ્વ-સ્વરૂપનું અપરોક્ષજ્ઞાન કે જેને આત્મસાક્ષાત્કાર - સ્વાનુભવ કહે છે. તે અનુભવીને તેમાં સ્થિત થઈને પરમ પદને પામીને પોતાનું કલ્યાણ કરી લેવું જોઈએ. એ પરમપદ વિશેની સમજણ કે જ્ઞાનનો સંકેત અલખ-નિરંજન સૂત્ર મારફતે મને સમજાય છે. તો યોગ્ય પુરુષાર્થ કરીને પોતાના નિજ સ્વરૂપ આત્માનો અપરોક્ષ અનુભવ કરીને તેમાં કાયમી સ્થિતિ કેળવીને આપણું પોતાનું કલ્યાણ કરીએ એ જ શુભેચ્છા સાથે અહીં વીરમું છું.

બસ એ જ...
દિલસુખના સત રામ રામ
જય ભગવાન - અલખ નિરંજન

::------------:: ॥ ::------------::

તર્પણ એટલે શું ?

જવાબ : હિન્દુઓની પૂરાણી સંસ્કૃતિમાં એવી રૂઢિચુસ્ત પ્રથા ચાલી આવે છે તે મૂજબ કુળ-કુટુંબમાંથી કોઈકનું અવસાન થવાથી તેના પાર્થિવદેહની અંતિમક્રિયા બાદ મૃતકના જીવની તૃપ્તિ માટે કુળ ધર્મની અનેક પ્રકારની ક્રિયાઓ કરવામાં આવે છે. તેને તર્પણક્રિયા કે મરણોતરક્રિયા કહેવામાં આવે છે. તેમાં ખાસ કરીને મૃતકની પાછળ સરામણાં, પાણીઢોળ, ગરૂડ પારાયણ, પીંડ તારણ, કથા-કિર્તન કે ભજન કરવાં, ભંડારા કે દાડો કરવો, બ્રાહમણ જમાડવા, દર ભાદરવા માસે પીપળે પાણી રેડવું, ઘરના છાપરાઓ પર કાગવાસ નાંખવી, પ્રભાસના પીપળે કે સિદ્ધપુરના પાટણ જઈને શ્રાધ્ધ કરવું, હરિદ્વાર જઈને ગંગાજીમાં અસ્થિ પધરાવવા કે ગંગાજીના ઘાટે શ્રાધ્ધ-સરાવણાં કરવાની વિધિ કે પછી ભાગવત પારાયણની કથા બેસાડવી. એવી તો અનેક પ્રકારની વિધિ-વિધાનો કરવામાં આવે છે તેને મૃતક પાછળની તર્પણવિધિ કે મરણોતરક્રિયા કહે છે.

::-------------:: ॥ ::-------------::

તર્પણનો ઉદ્દેશ શું હોય છે ?

જવાબ : અજ્ઞાનતાના કારણે અવિદ્યાથી ઘેરાયેલા પ્રપંચમય સંસારમાં એવી ખોટી માન્યતાઓ ફેલાય રહી છે કે મૃત્યુ પામેલા જીવની જે જે વિષયો ભોગવવાની ઈચ્છાઓ અધુરી રહી ગઈ હોય ત્યાં સુધી તે જીવની તૃપ્તિ થતી નથી. અને તે જીવ અધોગતિમાં પ્રેતાત્મા તરીકે ભટકયા કરે છે અને દુઃખ ભોગવે છે. તથા બીજાના શરીરમાં પ્રવેશીને બીજાને પણ પરેશાન કરે છે. તેવી ગેરસમજણથી ભોળા અને અજ્ઞાની મનુષ્યો દુઃખી થાય છે. અને મૃતક જીવને પ્રેતયોનીના દુઃખમાંથી છોડાવવા માટે કુળગોર કે પછી કર્મકાંડ કરતાં પુરોહિતો પાસે જઈને મૃતકના છુટકારા માટેના ઉપાય બતાવવાની વિનંતી કરે છે. ત્યારે પાખંડ પ્રપંચયુકત પુરોહિતો તર્પણવિધી કે ઉત્તરક્રિયાઓ, શ્રાધ્ધ, બ્રાહ્મણ જમાડવા કે દાન-દક્ષિણા આપવી તથા મૃતક જે વસ્તુઓનો ઉપયોગ કરતા હોય તે વસ્તુઓ બ્રાહ્મણને દાનમાં આપવી તથા તેના પાછળ અનેક કર્મકાંડો તથા વિધિઓ કરવાની સલાહ સૂચન આપે છે.

આમ, મૃતકના જીવનનો પ્રેતયોનીમાંથી છુટકારાનો ઉદ્દેશ તર્પણવિધિ પાછળ રહેલ છે. તેમ કહેવામાં આવે છે. પણ ખરેખર જોઈએ તો કર્મકાંડ કરતાં પુરોહિતોને દાન-દક્ષિણા મળે, મૃતકના અજ્ઞાની પરિવારજનોને માનસિક થોડી શાંતિ મળે એ સિવાય બોજો કોઈ શુભ આશય હોય એવું મારી સમજદારીમાં આવતું નથી. બધી વિધિ-વિધાનો કપોળ કલ્પિત છે અને અજ્ઞાની સમાજની અજ્ઞાનતાનો લાભ ઉઠાવવા માટે જ પાખંડ-પ્રપંચ ચલાવવા સિવાય બીજું કંઈ છે જ નહી એવું મને સમજાય છે.

::-------------:: ॥ ::-------------::

તમારા મતે તર્પણનું કેવું સ્વરૂપ યોગ્ય ગણાય ?

જવાબ : પ્રકૃતિનો અચળ સિધ્ધાંત છે કે જેનું સર્જન થાય છે તેનું વિસર્જન પણ થાય જ છે. માનવ શરીરની અંદર રહેલાં ત્રણ દેહ સ્થૂળ, સૂક્ષ્મ અને કારણ. એ એકબીજા સાથે ઓતપ્રોત થઈને રહેલાં છે. તેમાં સ્થૂળદેહનું કેન્દ્ર નાભી, સૂક્ષ્મદેહનું કેન્દ્ર આજ્ઞાકેન્દ્ર (અંતઃકરણ) મસ્તકમાં, અને કારણદેહનું કેન્દ્ર હૃદય છે. મૂળ ચેતન તત્વમાંથી ઉત્પન્ન થયેલ ત્રિગુણી શકિત જેવી કે સત્વ, રજસ તથા તમોગુણ કે જને અનુક્રમે વિષ્ણું, બ્રહ્મા અને મહેશ કહેવામાં આવે છે. અને તેના સંયોજનની પ્રક્રિયાથી પાંચ સૂક્ષ્મ તત્વો જેવા કે શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ કે જે સ્થૂળ થતાં આકાશ, વાયુ, અગ્નિ, જળ અને પૃથ્વી રૂપે થયાં.

આ બધાંના એકબીજા સાથેના સંયોજનથી પરિણામે પાંચ ઈન્દ્રિય, પાંચ કર્મેન્દ્રિયએ તથા સ્થૂળ શરીરના બીજા અવયવોથી સ્થૂળ દેહની રચના થઈ. તથા મન, બુદ્ધિ, ચિત્ત ને અહંકાર અને પાંચ સુક્ષ્મ માત્રાઓ મળીને અતિવાહિક સૂક્ષ્મ દેહ કે જેને અંતઃકરણ પણ કહેવાય છે. આમ ત્રણ ગુણ, પાંચ તનમાત્રા, પાંચ જ્ઞાનેન્દ્રીયો, પાંચ કર્મેન્દ્રિયો, પાંચ સ્થૂળ તત્વો, એક મન (અંતઃકરણ) એમ કુલ ચોવીસ તત્વો તથા જીવાત્મા મળીને કુલ પચ્ચીસ પ્રકૃતિમાંથી શરીરની રચના થયેલી છે. એમ આધુનિક વૈજ્ઞાનિકોએ પણ માન્ય રાખેલી વાત છે.

નોંધ :- ચેતનની ચૈતન્યશકિત કે જેને જીવાત્મા કે પ્રાણશકિત કહેવામાં આવે છે તે પ્રાણ શરીરમાં પાંચ પ્રકારના કાર્યો કરતાં હોવાથી તેના કાર્ય ભેદે પાંચ નામ આપવામાં આવ્યા છે. જેવાકે અપાન, પ્રાણ, સમાન, ઉદાન, વ્યાન. તે જાણ માટે તેને જીવાત્મા પણ કહેવાય છે.

આ તો થઈ શરીરની રચના વિશેની સંક્ષિપ્તમાં સમજ. પણ મૂળ વિષય પર હવે પાછા આવીએ.

પુરુષ (ઈશ્વર) તથા પચીસ પ્રકૃતિથી બનેલા આ ચેતનવંતા દેહમાં પ્રકૃતિ જડ છે અને પુરુષ ચેતન છે. પ્રકૃતિની સાથે ચેતન ભળવાથી જીવાત્મા કહેવાય. હવે પ્રકૃતિનો સ્વભાવ જડતાને લઈને કોઈ સુખ-દુઃખ કે બીજી કોઈ પ્રકારની લાગણી કે ભાવ થતાં જ નથી. અને શુધ્ધ ચેતનતો હંમેશા આનંદ સ્વરૂપ, જ્ઞાન સ્વરૂપ, સુખ સ્વરૂપ, નિર્ભય તથા કલેશમુકત છે. પરમેશ્વર રૂપ છે. તેથી સાબીત થાય છે કે જયારે ચેતન જડ પ્રકૃતિની સાથે ભળે છે ત્યારે દેહાધ્યાસ થવાથી જીવાત્મામાં દુઃખી થાય છે. પરંતુ ચેતનના સ્વભાવમાં તો કોઈ પરિવર્તન આવતું જ નથી. તે તો કોઈપણ સ્થિતિમાં સદાય સુખી જ રહે છે. માટે દુઃખના કાર્યનું કારણ જડ પ્રકૃતિ છે. તો જીવને જો દુઃખમાંથી મુકત થઈને

કાયમી સુખી થવું હોય તો દેહાધ્યાસ છોડીને પરમ ચૈતન્યરૂપ પરમેશ્વરમાં વિલીન થવાથી પરમ શાંતિ, સુખ, આનંદ સ્થિતિને પામે છે એ પાકો નિશ્ચય થાય છે. થઈ ગયેલા સંતો તથા સતશાસ્ત્રોએ સ્વીકારેલી વાત છે.

દરેક જીવ હંમેશા સુખી થવા માટે જ પ્રયત્ન કરતો હોય છે. કારણ કે તેનું મૂળ સ્વરૂપ જ સુખ સ્વરૂપ, આનંદ સ્વરૂપ છે. પરંતુ અજ્ઞાનવસ પોતાના મૂળ આત્મ સ્વરૂપને ભૂલીને પ્રકૃતિથી સર્જાયેલા શરીર સાથે દેહાધ્યાસ થતાં હું શરીર છું તેવા ભાવથી જીવન વીતાવે છે અને પ્રકૃતિના સુખ-દુઃખને પોતાના ગણે છે. પરંતુ પ્રકૃતિના પાંચ વિષયો એ પાંચ જ્ઞાનેન્દ્રીયો વડે ભોગવે છે. તે વિષયોના સુખ વિષ જેવા છે. ક્ષણીક સુખ આપે છે. પણ આખરે દુઃખરૂપ થાય છે. ઈન્દ્રિયોનો સ્વભાવ પોતપોતાના વિષયો તરફ જવાનો છે. તેથી વિષયો તરફ ખેંચાય છે. તેની પાછળ પાછળ મન પણ દોડે છે. ત્યારે બુદ્ધિમાં રહેલું સુખી થવાનું સાચું જ્ઞાન પણ ખરે સમયે કામ લાગતું નથી અને જીવ પોતે વિષયમાં ફસાઈને દુઃખી થઈ જાય છે.

જીવનભર જગતની માયાના પદાર્થોના વિષયો તરફ જ ઢસડાયા કરે છે અને દુઃખી દુઃખી થઈને અધોગતિમાં જઈ પડે છે. શ્રીમદ્ ભગવત ગીતાજીમાં પણ કહેલું છે કે જો વિષયોમાં રહે ધ્યાન તેથી આસકિત ઉપજે. આસકિતથી જન્મે કામ, કામથી ક્રોધ નિપજે, ક્રોધથી મુઢતા આવે, મુઢતા સ્મૃત્તિને હરે, સ્મૃત્તિ લોપે બુદ્ધિ અને બુદ્ધિનો સર્વનાશ થાય છે. અષ્ઠાવક્ર મહાગીતામાં પણ અષ્ઠાવક્ર જનકને બોધ આપતાં કહે છે કે, ''તારે વિદેહ મુકિત જોઈતી હોય તો જગતના બધાં વિષયોને વિષ (જેર) સમાન સમજીને ફેંકી દે. અને ચિત્તને સંપૂર્ણ રીતે વિષયવૃત્તિ રહિત કરીશ ત્યારે તારા હૃદયમાં પૂર્ણ વૈરાગ્ય પ્રગટ થશે. પ્રકૃતિના વિષયો પ્રત્યેનો પરમ વૈરાગ્ય એ જ આત્માનું પ્રેમ સ્વરૂપ છે, આનંદ સ્વરૂપ છે. તેવી પ્રેમ, આનંદમય સ્થિતીને જ વિદેહમુકિત કહેવાય છે. તેનો તું તારા હૃદય (ચિત્ત) માં અનુભવ કરીશ. જયારે તારું હૃદય પૂર્ણ રીતે વિષય રહીત થાશે ત્યારે માટે જયાં સુધી જીવ જગતનાં વિષયો ભોગવવામાં જ રત રહે છે ત્યાં સુધી તેને તૃપ્તિ થતી નથી. કારણ કે જગતના વિષયો ક્ષણીક સુખ આપે છે અને પ્રકૃતિના બંધનમાં ફસાવે છે.''

તે બંધનમાંથી કયારેય પણ મુકત થતો નથી. પરંતુ જો મન તેની બધી કામનાઓ છોડીને પોતાના મૂળ સ્વરૂપ આત્માનો સાક્ષાત્કાર અનુભવ કરીને, આત્માની સાથે એકરૂપ થઈને કાયમને માટે આત્મામાં સ્થિતિ પામે છે. ત્યારે બુદ્ધિ પણ પ્રજ્ઞાવાન થાય છે અને અજ્ઞાનવશ ઉત્પન્ન થયેલા અહંકારનું નામ નિશાન પણ રહેતું નથી. જેમ સૂર્ય ઉગતાં અંધારાનો નાશ થાય છે. ત્યારે શાશ્વત સુખ, શાંતિ, આનંદને પામે છે. તે અવસ્થાને જીવતો જીવ મરણ પામ્યો કહેવાય. અને શિવ સ્વરૂપ થઈને નિર્વાણપદને પામે છે. એટલે કે જીવમાંથી શિવ થયો કહેવાય. ત્યારે જીવની ઉર્ધ્વગતિ થઈ કહેવાય. તેને

જ ઉત્તરક્રિયા કે મુકત થવા માટેની ક્રિયાથી જીવ સદગતિને પામ્યો કહેવાય. તેને જ ખરી રીતે વિષયોનું તર્પણ થયું કહેવાય. ત્યારે જ પ્રેતાત્મારૂપે જુદા જુદા દેહ ધારણ કરીને જગતનાં દુઃખોની ભવોભવની ભાવઠમાંથી છુટકારો મળ્યો કહેવાય.

સાર રૂપે જોઈએ તો આપણાં અંતરની શુદ્ધ વિચાર રહિત સ્થિતિના અનુભવને જ આપણો આત્મા કહેવાય. તે રૂપ રહિત નિરાકાર, ગુણોથી પર નિર્ગુણ, શુદ્ધ ચૈતન્ય છે. તેનું સ્વરૂપ જ્ઞાન છે. તે પ્રેમમય, આનંદમય, શાશ્વત સુખદાયી તથા સદાય મુકત સ્વરૂપ છે. તે અવિનાશી હોવાથી જન્મ-મરણથી પર છે. તે પૂર્ણકામી હોવાથી સદાય સંતોષી અને તૃપ્ત જ છે. તેથી જો કોઈ સુજ્ઞજન પોતાના જીવન દરમ્યાન અનુભવી સંતના માર્ગદર્શન પ્રમાણે પોતાના સ્વરૂપને ઓળખી, પારખી, નીરખીને દ્રઢ નિશ્ચય કરીને તેમાં સ્થિત થાય છે ત્યારે તેનું જીવપણું જાય છે. તે અવસ્થાને જીવતા મરણ પામ્યો કહેવાય. અને માયાની અધોગતિમાંથી મુકત થઈને આખરે પરમાત્મા સાથે એકરૂપ થઈને મોક્ષગતિને પામે છે. તો આ સ્થિતિએ પહોંચવાની વિધિ-વિધાન કે સંતોના જ્ઞાન-વિજ્ઞાન પ્રમાણેની ક્રિયાને પૂર્ણ કરીને, જીવપણાંમાંથી મુકત થઈને પોતાના નિજ સ્વરૂપ આત્મામાં સ્થિત થવાની ક્રિયાને જીવના મૃત્યું પછીની ઉત્તરક્રિયા કે તર્પણવિધિ કહી શકાય એવી મારી સમજ છે.

અંતિમ સંસ્કાર એને જ કહેવાય કે પછી કોઈ ક્રિયા હોતી નથી.

::------------:: ॥ ::------------::

:: શ્રાધ ને પાણી ::

પાણી રેડતા પીપળે, છાપરે નાખતા અન્ન,
તૃપ્ત થશે મુજ પૂર્વજો, પામશે એ જ ભોજન.
ગણના ન કરે જીવતા, કરતાં હોય હડધૂત,
પછી પ્રાંચીના પીપળે, કરે છે જઈ આ તૂત.

મિલ્કત જે મા-બાપની, હકકદાર ભલે ગણાય,
પુત્રધર્મ પાળે નહીં, પછી શ્રાધ-સરાવા જાય.
અમાસે પાણી પાય, ને જીવતા કરે અપમાન,
દોષ-ગુણ એના ગણી, ભૂલતાં ફરજનું ભાન.

માન્યતા જે લોકો તણી, આચરતાં બહુજન,
માન્યતા કે રૂઢિ વિશે, સત્યાર્થ કરે નહીં મન.
આપણે પણ પૂર્વજો, ગણાઈએ કોઈના એક,
આજ સુધી પામ્યાં નથી, શ્રાધ પાણી કંઈ છેક.

પૂર્વજોના ઋણથી, આમ નહીં જ છુટાય,
ધર્મ અને સતકાર્યથી, ઋણ એનું ચુકવાય.
વિચાર એવો આવતા, સત્યની કરજો ખોજ,
શ્રાધ પાણી પહોંચે નહીં, ઉતારો વહેમનો બોજ.

જીવતા જ મા-બાપની, સેવા ભાવથી જ થાય,
મૂઆ પછી તો પાણીની, કિંમત નથી જરાય.
ભૂતકાળની ભૂલોનું, રૂઢિઓ આપતી જ્ઞાન,
પૂર્વજોના તો ઋણનુ, વિસરો કદી નહીં ભાન.

અવધ સત્ય ઓળખતાં, છુટે પ્રપંચ વહેવાર,
સંત-ગુરૂના સંગથી, જાણો સ્વપ્નમય સંસાર.

બસ એ જ....
દિલસુખના સત રામ રામ
ભગવાન
અલખ નિરંજન

::------------:: ।। ::------------::

પરિબ્રહ્મ પરમાત્મા

।

ચેતના

।

વચન (નાદબ્રહ્મ)

।

પ્રાણ (સતનામ)

।

પ્રકૃતિ (જગત)

(૩) હકુબેનનો (દીશા) પ્રશ્ન

''રઘુકુલ રીત સદા ચલી આઈ, પ્રાણ જાય પર વચન ન જાય''
તે પંકિત વિશેની સમજ માટે.

ઉપરોકત પંકિતને સમજવા માટે તેમાં આવેલ ત્રણ શબ્દો... (૧) રઘુકુલ (૨) વચન (૩) પ્રાણ. આ ત્રણને સૌ પ્રથમ સમજી લઈએ.

(૧) રઘુકુલ : તુલસીદાસે રઘુપતિ, રાઘવ, રાજા રામ. વગેરે શબ્દનો પ્રયોગ પરમાત્માના ઉદ્દ્બોધન માટે કરેલ હોય તેમ લાગે છે. સમષ્ઠિ પ્રકૃતિના મૂળ અધિષ્ઠાતા પરમાત્માને માટે સમષ્ઠિ પ્રકૃતિના પ્રાણીઓ પરમાત્માનો પરિવાર ગણાય. એટલે તેને રઘુકુલ તરીકે પણ ગણી શકાય.

(૨) વચન : વ્યાપક ચેતનાનું સ્કુરણ નાદ રૂપે તેને મૂળ વચન, પ્રણવનાદ, ઓમકાર દ્વનિ, રણકાર કે પરાવાણી વગેરે શબ્દો બ્રહ્મ તત્વ માટે વપરાય છે. તેને આત્માનો અવાજ પણ કહેવામાં આવે છે. આધુનિક વૈજ્ઞાનિકો તે વચનને વિશ્વના કેન્દ્રમાંથી થઈ રહેલ સ્પંદન કે ધડકન કહે છે. તે જગત કે માનવમાત્રનો આધાર છે. તે દરેક પ્રાણીઓનો આત્મા કે જે નિર્ગુણ, નિરાકાર, શુધ્ધ ચૈતન્ય છે તેનું સ્વરૂપજ્ઞાન છે. તે આકાશવત છે. અને સર્વવ્યાપી છે.

(૩) પ્રાણ : હંસો-સોહં, સતનામ એ શબ્દો પ્રાણનાં પર્યાય તરીકે વપરાય છે. પ્રાણ એ આત્માનું અથવા વચનનું સ્કુરણ છે. તેના થકી બધી જ પ્રકૃતિ

કાર્ય કરતી રહે છે. અને શરીરમાં બધે ચેતના ફેલાયેલી રહે છે. જયારે પ્રાણ બંધ પડે છે ત્યારે શરીર નિશ્ચેતન થઈને પડી જાય છે. ત્યારે તેનું મૃત્યુ થયું કહેવાય. ત્યારે શરીરમાં રહેલ આત્મા (વચન) કયાંય જતો નથી. પણ પ્રાણ નીકળી જાય છે. સાથે અંતઃકરણને લઈ જાય છે અને બીજા દેહમાં પ્રાણ પ્રતિષ્ઠા પામીને નવો જન્મ ધારણ કરાવે છે.

આમ જયારે પ્રાણ નીકળી જાય છે ત્યારે સ્થૂળ શરીરનો નાશ થાય છે. પરંતુ તેમાં રહેલા ચિદાકાશ કે આત્મા કે જેને સંતો વચન કહે છે તે કયાંય પણ જાતું નથી. અને મૂળ વચન (મહાઆકાશ) માં એકરૂપ થઈ જાય છે.

જેમ એક માટીનો ઘડો હોય એમાં ઘણી ચીજ વસ્તુ કે પાણી ભરેલા હોય છે. ત્યારે તે ઘડામાં થોડો ભાગ ખાલી હોય. તે ભાગમાં આકાશ તત્વ આખા ઘડામાં વ્યાપેલું હોય છે. હવે જો ઘડો તૂટી જાય તો તેમાં રહેલી બધી વસ્તુઓ વેર-વિખેર થઈને નાશ પામે છે. પણ તેમાં રહેલું આકાશ તત્વ કયાંય જતું નથી. ઘડાના આવરણથી તે સીમિત લાગતું હતું. તે ઘડાનું આવરણ દૂર થતાં વ્યાપક આકાશ સાથે એકરૂપ થઈ જાય છે. પણ કયાંય જતું નથી. આવતું નથી. એટલે કે આકાશરૂપી વચન (આત્મા) કયાંય જતું આવતું નથી.

માટે પંકિતમાં કહેવામાં આવ્યું છે કે રઘુકુળ રીત કેતાં પ્રકૃતિનો સદાયનો નિયમ છે કે જયારે શરીરમાંથી પ્રાણ અંતઃકરણ સાથે નીકળી જાય છે ત્યારે વચન કેતાં આત્માને કયાંય જવા-આવવા જેવું હોતું નથી. આવું કંઈક મને સમજાય છે. અને એટલા માટે જ શરીરનાં મૃત્યુ પહેલાં આપણા અંતઃકરણનું સૂરતા શબ્દના યોગ કે અન્ય કોઈ પદ્ધતિથી બ્રહ્મ તત્વમાં વિલિનીકરણ કરવામાં આવે. એટલે કે અહંકાર અહમ બ્રહ્માસ્મિ, બુદ્ધિ પ્રજ્ઞાનમબ્રહ્મ, મન કેતાં સૂરતાનું શબ્દ સાથે એકરૂપ થાય ત્યારે જીવાત્મા અયમ આત્માબ્રહ્મ રૂપે થાય છે.

આમ આખુ અંતઃકરણ બ્રહ્માકાર થઈ જાય છે. એટલે કે વચન સાથે એકરૂપ થઈ જાય છે. પછી અંતે પ્રાણ જયારે શરીરને છોડી દે છે ત્યારે શરીર પડી જાય છે. ત્યારે વચન મૂળ વચનમાં એટલે કે આત્મા પરમાત્મા સાથે એકરૂપ થઈને પરમપદને, કૈવલ્યપદને, નિર્વાણપદ કે મોક્ષગતિને પામે છે. પણ જો યોગ, અભ્યાસ ન કર્યો હોય તો ચિત્તમાં ભરાયેલી વાસના મુજબ જયાં આશા ત્યાં વાશા, જયાં સૂરતા ત્યાં દેહ ધરતા, જેવી મતિ તેવી ગતિ. તે મુજબ જન્મ-મરણના ચક્રમાં ફસાયને દુઃખી થાય છે.

બસ એ જ...
દિલસુખના રામ રામ
જય ભગવાન, અલખ નિરંજન

::------------:: ॥ ::------------::

(૪) ડો. હેતવીનો પ્રશ્ન

ચિદાનંદરૂપ શિવોડહમ શિવોડહમ. વિશેની ખરી સમજ શું ?

જવાબ : કોઈપણ સૂત્રનો શબ્દાર્થ, ભાવાર્થ, લક્ષ્યાર્થ તથા ગુઢાર્થ યથાર્થ રીતે સમજાય ત્યારે જ તેનું ખરેખરું પૂર્ણ જ્ઞાન થાય છે. તો તે સૂત્રને યથાર્થ રીતે સમજવાં માટે થોડું વિશેષ ઉંડાણપૂર્વક સમજવું જરૂરી છે. આપણી અંદર જ્ઞાનનું કેન્દ્ર બુદ્ધિ છે. મન તથા જ્ઞાનેન્દ્રિયો મારફતે મેળવેલી માહિતી બુદ્ધિમાં કેન્દ્રિત થાય છે. દરેક જ્ઞાનેન્દ્રિયો જ્ઞાનતંતુ (તનમાત્રા) થી મન સાથે પોતપોતાના અલગ કેન્દ્રમાં જોડાયેલી હોય છે. જેમ વૃક્ષની પાંચ શાખાઓ તેના થડની સાથે જુદી જુદી જગ્યાએ જોડાયેલી હોય તેમ પાંચેય જ્ઞાનેન્દ્રિયો બહિર્મુખી હોય છે ત્યારે જગતના પદાર્થો કે વસ્તુના સંપર્કમાં આવે છે. તેથી તે પદાર્થ વિષેના જ્ઞાન થવાની ક્રિયા મનમાં થવા લાગે છે અને તે ક્રિયાની પ્રતિક્રિયારૂપે જે જ્ઞાન (બોધ) થાય છે તેને બુદ્ધિ કહે છે. અને જયાં કેન્દ્રિત થાય છે તેને બુદ્ધિનું કેન્દ્ર કહે છે.

હવે જો ઈન્દ્રિયો પોત પોતાના વિષયો (શબ્દ, સ્પર્શ, રૂપ, રસ, ગંધ) ના વાસનાથી મલિન થયેલી હોય અને મન, વિકારો, કામ, ક્રોધ, લોભ આદિ તથા કલેશો જેવા કે અવિદ્યા, હું-મારું, રાગ-દ્વેષ આદિથી ઘેરાયેલ હોય તે સ્થિતિમાં પદાર્થ વિશેનું જે જ્ઞાન થાય છે તે જ્ઞાનને વિપર્યય (મિથ્યા) જ્ઞાન કહે છે. અને મિથ્યાજ્ઞાન ધરાવતી બુદ્ધિને અવિદ્યા કહે છે. જયારે ઈન્દ્રિયો અને મનને કોઈપણ યોગના અભ્યાસ વડે શુદ્ધ અને પવિત્ર કરવામાં આવે છે ત્યારે જે જ્ઞાન થાય છે તેને વસ્તુ કે પદાર્થનું યથાર્થજ્ઞાન થાય છે (સમ્યક જ્ઞાન) તે જ્ઞાન ધરાવતી બુદ્ધિને પ્રાકૃતિક (અપરા) બુદ્ધિ કહે છે. અને જયારે કોઈપણ ઈન્દ્રીયોનો આધાર લીધા સિવાય માત્ર સૂરતા વડે (ધારણા, ધ્યાન કે સમાધી દ્વારા) કોઈ પદાર્થ કે વિષયનું જે જ્ઞાન થાય છે તે જ્ઞાનને તે વિષયનું તત્વજ્ઞાન કહે છે. તે તત્વજ્ઞાન ધરાવતી બુદ્ધિને પ્રજ્ઞા કહે છે. તેને બ્રહ્મવિદ્યા પણ કહે છે. અથવા તો પરાવિદ્યા પણ કહે છે. આમ...

(૧) પરાવિદ્યા વડે જે જે વસ્તું કે પદાર્થનું તત્વજ્ઞાન થાય છે અને તેથી કરીને અભેદ દૃષ્ટિ, આત્મસાક્ષાત્કાર, અદ્વૈતભાવ, શાશ્વત સુખ, શાંતિ, સંતોષ, આનંદ વગેરે હૃદયમાં વર્તાય અને જીવન મુકત બને છે.

(૨) અપરાવિદ્યા (પ્રાકૃત વિદ્યા) વડે જે તે વસ્તુ કે પદાર્થના ગુણધર્મો, રૂપ, રંગ અને તેનાં જુદા જુદા વિષયોનું મર્યાદિત ભેદાત્મક જ્ઞાન થાય છે. સંસાર, વહેવાર ચલાવવામાં સુખકારી નીવડે છે. પણ આખરે બંધનકારક થઈને રાગ, મોહ, વૈભવ, પદ, પ્રતિષ્ઠા, માલ-મિલકત, જન્મ-મરણ વગેરેમાં ફસાઈ જાય છે. (બંધનમાં ફસાય છે)

(૩) અવિદ્યા કે જેના વડે વિપરિત જ્ઞાન થાય છે. જેમકે અનિત્યમાં નિત્ય બુદ્ધિ, અશુદ્ધિમાં પવિત્ર બુદ્ધિ, દુઃખમાં સુખ બુદ્ધિ, જડમાં ચેતન (અનાત્મમાં આત્મા) રાગ-દ્વેષ તથા અભિનિવેષની જન્મદાતા છે. તેથી કરીને હંમેશને માટે આધિ, વ્યાધિ, ઉપાધિમાં રહે છે. ભય, ચિંતા, દુઃખ, ત્રાસ, રાગ-દ્વેષ, કુળ-કપટ યુકત જીવન પશુવત બનાવીને બીજાને પણ ત્રાસરૂપ થાય છે. એ બધું અવિદ્યાને કારણે થાય છે.

હવે જો આપણે બ્રહ્મવિદ્યા કે જેના વડે બુદ્ધિ પ્રજ્ઞાવાન બને છે અને તેથી કરીને તત્વજ્ઞાન પ્રાપ્ત થાય છે તે વિષે થોડું ઉંડાણપૂર્વક સમજીએ.

બારાખડીના અક્ષરોમાં સ્વાભાવિક જ્ઞાનશકિત રહેલી હોય છે. તે શકિતને માત્રુકા કહે છે. એ સીમિત જ્ઞાનનું કારણ છે. મર્યાદિત જ્ઞાન એ ભેદાત્મક જ્ઞાન છે. વહેવારિક અથવા તો દ્વૈત પેદા કરનારું છે. અક્ષરોમાંથી શબ્દો, શબ્દોમાંથી વાકયો બને છે અને તેમાંથી અર્થ નીકળે છે. તેમાંથી જ્ઞાન (સમજણ) આવે છે. અને એ જ જ્ઞાન આપણામાં લાગણી કે ભાવ પેદા કરે છે. આપણાં હૃદયમાં ઉદ્‌ભવતી ભિન્ન-ભિન્ન પ્રકારની લાગણીઓ કે સમજણ (જ્ઞાન) નું મૂળ આ જુદા જુદા શબ્દોની શકિત જ (કે શબ્દોની માયાજાળ) છે. અને આ બાબતે વધુ સમજવા માટે પુસ્તક ''આત્મસાક્ષાત્કાર - સ્વાનુભવ'' ના પ્રકરણ-૬ માં મંત્રો અને પ્રકરણ-૯ માં પ્રાણમાં તથા અલખ નિરંજન ગ્રુપમાં તા.૦૩-૧૧-૨૦૨૪ ના રોજ અલખ નિરંજન વિશે વિસ્તારથી સમજાવવામાં આવેલું છે. તો જરૂર જણાય તો તેમાંથી સમજી લેવું. માટે અહિં વિસ્તારથી વર્ણન નથી કરતો.

આપણા અંતર આત્માની શુદ્ધ વિચાર રહિત સ્થિતિમાં અંતર સ્પંદન, નાદ કે રણકારનો અનુભવ કરવો એ ઈશ્વરનો અનુભવ કરવા બરાબર છે. શિવ સિદ્ધાંતના શાસ્ત્રોમાં કહે છે કે મહામંત્ર (ઓમકાર - પ્રણવનાદ) એ જ મહેશ્વર છે. એ જ પરમેશ્વર છે કે પરિબ્રહ્મ પરમાત્મા છે. મંત્ર જ ઈશ્વરવાચક શબ્દ છે. ઈશ્વરના નામ અને તેનાં સ્વરૂપ વિષે કોઈ ભેદ નથી. તે જ આપણો આત્મા છે. નામ એ જ નામી છે.

હવે એ જાણીએ કે આપણા અંતઃકરણમાં ચિત્તની વૃત્તિઓ રહિત નિરૂદ્ધ સ્થિતિને ચિદ કહે છે તે ચિદ નિર્ગુણ, નિરાકાર, શુદ્ધ ચૈતન્ય હોવાથી તેને ચિદાકાશ પણ કહે છે. તેનું સ્વરૂપ જ્ઞાન છે. તે જ આપણો આત્મા કહેવાય છે. આપણી અંદર શુદ્ધ અહમનો એક બોધ છે. તે આત્માનું જ સ્ફુરણ છે. આ સ્ફુરણ દ્વારા જ આપણે પરમ તત્વ વિશે ચિંતન કરી શકીએ છીએ અને પરમ તત્વનો પ્રત્યક્ષ બોધ તથા અપરોક્ષ અનુભવ કરી શકીએ છીએ.

તો જયારે મન અંતરમુખી થઈને આંતરનાદ કે સ્પંદનની અંદર ડૂબીને એકાકાર થઈ જાય છે ત્યારે મન સ્પંદન રૂપે બની જાય છે. તે સ્પંદન જ આપણો આત્મા છે. ત્યારે આપણને શુધ્ધ અહમનું પૂર્ણ જ્ઞાન થાય છે. એટલે કે શુધ્ધ અહમનો બોધ થાય છે કે હું શુધ્ધ, બુધ્ધ અને મુકત આત્મા સ્વરૂપ છું. આમ મનને પોતાના મૂળ સ્વરૂપનું ભાન થવાથી ભ્રાન્તી અને ભ્રમણાથી પકડાયેલા ખોટા સ્વરૂપનો અંત આવે છે અને મનમાં પૂર્ણ જાગૃતિ આવે છે. અને અનુભવે છે કે હું તો શુધ્ધ, બુધ્ધ અને ચિદાનંદરૂપ સદાય મુકત એવો જે શબ્દ પ્રણવનાદ ગાજી-વાજી રહયો છે તે જ હું... તે જ હું... જે શબ્દ બોલે. એટલે કે સોહમ-સોહમ જે શબ્દ બોલે છે તે જ હું. તે જ હું અથવા તો શિવોઽહમ શિવોઽહમ વગેરે બધાં શબ્દોનો ભાવાર્થ એ જ છે કે અંતરઘટમાં નાદબ્રહ્મ થઈ રહયો છે તે ચિદાનંદરૂપ છે. અને તે જ મારું સ્વરૂપ છે. આમ મન અંતરમુખી થઈને કાયમ તે નાદ સાંભળવાનો અભ્યાસ કરે તો મનનું શુદ્ધિકરણ થઈને સૂરતામાં રૂપાંતર થઈ જાય છે. ત્યારબાદ સૂરતા વડે શબ્દ સાંભળવાનો જાપ આપોઆપ ચાલતો રહે છે. તેને અજપાજાપ કહે છે. અને પરિણામે મન શબ્દરૂપે થઈને બ્રહ્મનું રૂપ ધારણ કરે છે. બુદ્ધિમાં બ્રહ્મનું જ્ઞાન થવાથી પ્રજ્ઞાનું રૂપ ધારણ કરે છે અને અહંકાર પણ બ્રહ્મનો બોધ થવાથી હું બ્રહ્મ છું તેવું ભાન થવાથી બ્રહ્મમાં રૂપાંતર પામે છે.

અને ચિત્તવૃતિનો સંપૂર્ણ નિરોધ થાય છે. ત્યારે ચિત્તના બધાં આવરણો દૂર થાય છે. ત્યારે ચિત્ત ચિદાકાશમાં પરિવર્તન પામે છે. (ચિત્તાભાષમાંથી) જેમ સરોવર તરંગ રહીત, શાંત અને સ્વચ્છ હોય છે ત્યારે તેના તળીયા સુધી નજર પહોંચી શકે છે તેમ ચિત્ત પણ જયારે ચિદાકાશમાં પરિવર્તન પામે છે ત્યારે તે આપણા સ્વરૂપ આત્માને જોવા માટેનો અરીસો બની જાય છે. જેમ અરીસામાં આપણા સ્થૂળ દેહના પ્રતિબિંબને નિહારીએ છીએ તેમ ચિત્તવૃત્તિઓની નિરૂધ્ધ સ્થિતિના સમયે ચિદાકાશમાં પોતાના શુધ્ધ ચૈતન્ય આત્માના પ્રતિબિંબને અનુભવીએ ત્યારે તે અનુભવને આત્મસાક્ષાત્કાર કે સ્વસ્વરૂપનો અપરોક્ષ અનુભવ કહેવાય.

જયારે આત્માનુભૂતિ થાય ત્યારે હૃદયમાં પરમ તત્વ (પરમાત્મા) પ્રત્યે અલૌકિક પ્રેમ પ્રગટ થાય છે. જે માત્ર અનુભવી શકાય, વર્ણવી ન શકાય. તે મન, બુદ્ધિ કે ઈન્દ્રિયોથી પર છે. બુદ્ધિમાં બ્રહ્મનું અનુભવજન્ય જ્ઞાન થવાથી પ્રજ્ઞાવાન બને છે. અને સૂરતા (મન) તો શબ્દ (બ્રહ્મ) સાથે એકરૂપ થવાથી બ્રહ્માનંદમાં કાયમ રહે છે. માટે આત્માને પ્રેમ સ્વરૂપ, જ્ઞાન સ્વરૂપ અને આનંદ સ્વરૂપે ઓળખવામાં આવે છે. કારણ કે પ્રેમ, જ્ઞાન, આનંદ એ આત્માની સ્ફુરણા જ છે. હૃદયમાં પ્રેમ પ્રગટ થવાથી હિંસા, ધૃણા, નફરત, ભય વગેરે બધા અવગુણોનો નાશ થાય છે. અને હૃદય શુધ્ધ, પવિત્ર, પ્રેમાળ તથા અહિંસક તથા સાત્વિક બને છે.

બુધ્ધિ પ્રજ્ઞાવાન થવાથી અવિદ્યાનો નાશ થાય છે. ત્યારે સંશય, સંદેહ, પ્રમાદ, આળસ તથા વાદ-વિવાદ, લુચ્ચાઈ, ખોટી ચાલાકી વગેરે વિક્ષેપોમાંથી મુકિત મળે છે. અને અવિદ્યાનો નાશ થવાથી મન કલેશો, હું-મારું, રાગ-દ્રેષ, અભિનિવેશ જેવાં ભયંકર અવગુણો તથા મનના વિકારો કામ, ક્રોધ, લોભ આદિ દોષોનો પણ અંત આવે છે. અને સુખ-દુઃખ, હર્ષ-શોક, પાપ-પુણ્ય, શુભ-અશુભ આદિ બધા દ્વંદ્વોમાંથી મુકિત મળે છે. આમ માયાના બધા અવગુણોમાંથી છુટીને મન ઉનમુનિ (અમની) અવસ્થાને પામે છે. એટલે કે વડવાનરપણામાંથી છુટીને હનુમાનરૂપે રામનો પરમ ભકત બને છે. રામ-હનુમાનની જોડી બનીને જીવન સફળ બનાવે છે. આમ કોઈ સાધક પોતાની સાધનામાં પૂર્ણ કક્ષાએ પહોંચીને અંતઃકરણને બ્રહ્માકાર બનાવે છે. ત્યારે તેની બુધ્ધિમાં સત-અસતનો વિવેક પ્રગટ થાય છે. એટલે કે બ્રહ્મ એક જ સત્ય છે બાકી જગત મિથ્યા છે. એટલે કે એક ચેતન સિવાય બીજુ બધું જડ છે, નાશવંત છે અને દુઃખરૂપ છે. અને ચેતના હંમેશા સુખરૂપ, આનંદરૂપ, અજર અમર છે અને કલ્યાણકારી છે. તેવો બોધપૂર્વકનો, સત-અસતનો, પ્રકૃતિ જડ છે અને પુરુષ ચેતન છે તેનો વિવેક પ્રગટ થાય છે. પ્રકૃતિ જડ હોવા છતાં ચેતનવંતી હોય એવો ભાસ થાય છે. જેમ મેગ્નેટ (ચુંબક) ના ચુંબકીય ક્ષેત્રમાં લોખંડનો ટુકડો મુકવામાં આવે ત્યારે તે જડ પદાર્થ હોવા છતાં ગતિ કરવા લાગે છે.

તેવી જ રીતે ચેતનની ચૈતન્ય શકિત (ચિતિશકિત) વ્યાપક છે. તેમાં જડ પ્રવૃત્તિ ચિત્તિ શકિતને લઈને ચેતનવંતી બનીને ગતિ કરતી હોય છે. બીજી રીતે જોઈએ તો સૂર્યના તેજમાં રહેલ ચિત્તિ શકિતનું પ્રાણવાયુમાં રૂપાંતર થઈને જગતની બધી પ્રકૃતિને પ્રાણવાયુ રૂપે ચેતના પૂરી પાડે છે. અને પ્રકૃતિને ચેતનવંતી બનાવે છે. અને જયારે પ્રાણ શકિત નીકળી જાય છે ત્યારે પ્રકૃતિ પોતાના મૂળ સ્વરૂપ જડતાને પામે છે. હજુ એક વધુ ઉદાહરણ લઈએ તો જડ પદાર્થમાંથી બનાવેલી નાની-મોટી વસ્તુઓ કે મશીનરી તથા ઈલેકટ્રિક ઉપકરણો બધાં જડ પદાર્થ છે. પરંતુ તેને વીજળી આપવામાં આવે તો તે ગતિમાં આવે છે. આધુનિક વૈજ્ઞાનિકો જડ પદાર્થમાંથી બનાવેલ રોબોટને પણ વીજ પાવર આપીને ચેતનવંતો બનાવવામાં આવે છે તે આપણે સૌ જાણીએ છીએ.

હવે એક સિધ્ધાંત છે કે દરેક જીવ આવનારા દુઃખોનો હંમેશા ત્યાગ કરવા ઈચ્છતો હોય છે અને બધાં દુઃખોનું કારણ જડ પદાર્થ છે. કારણ કે ચેતન હંમેશા સુખરૂપ છે. પરંતુ પ્રકૃતિ સાથે ભળવાથી જ બધાં દુઃખો આવે છે. પણ પ્રકૃતિમાં જડ અને ચેતન બંનેનું મિશ્રણ છે. માટે જડ પદાર્થ દુઃખરૂપ છે તેમ સાબિત થાય છે. તો એ ચેતનને પ્રકૃતિમાંથી મુકત કરીને કાયમી સુખ મેળવવું હોય તો જેમ દુધમાંથી ઘી ને જુદુ કરી લેવામાં આવે છે તેમ આ દેહમાંથી ચેતનને જુદુ પાડવાનું વિજ્ઞાન છે. તો તે જ્ઞાન વૈજ્ઞાનિક પદધતિથી પોતાના સ્વરૂપ શુદધ ચેતન આત્મામાં સ્થિતિ પામીને,

બધાં દુઃખોમાંથી મુકિત મેળવીને નિર્વાણપદને પામી શકાય છે. આમ જયારે કોઈ સાધક સાધનામાં જ્ઞાન-વિજ્ઞાન દ્વારા પુરી સફળતા મેળવીને પોતાના ચેતન સ્વરૂપમાં સ્થિતિને પામે છે ત્યારે સર્વોચ્ચ આત્મકક્ષાએથી જે વાણી નીકળે છે તે વાણીને પરાવાણી કે આત્માનો અવાજ કહેવામાં આવે છે. એ પૂર્ણ કક્ષાએ પહોંચેલા કોઈ મહાપુરુષ કે સંત-ભકતો દ્વારા નિર્વાણ ષટ્કમની રચના થઈ હોય એમ મને જણાય છે. તે નિર્વાણ ષટ્કમના સાર રૂપ જોઈએ તો...

(૧) ન તો હું સૂક્ષ્મ શરીર મન, બુધ્ધિ, ચિત્ત કે અહંકાર તથા ન તો હું જ્ઞાનેન્દ્રિયો આંખ, કાન, નાક, જીભ, ત્વચા કે ન તો હું પાંચ તત્વો આકાશ, વાયુ, તેજ, પાણી, પૃથ્વી. પણ હું તો તે બધાને જાણનારો ચિદાનંદરૂપ જે નાદ સ્પંદિત થઈ રહયો છે તે જ હું... તે જ હું.

(૨) ન તો હું પાંચ પ્રાણ વાયુઓ, ન તો સપ્ત ધાતુ કે પાંચ કોષ. ન તો હું પાંચ કર્મેન્દ્રિયો જેવી કે વાણી, હાથ, પગ વગેરે પણ હું તો તે બધાથી પર બધાને જાણનાર ચિદાનંદરૂપ કે જે પ્રણવનાદ ગાજી-વાજી રહયો છે તે શિવોડહમ-શિવોડહમ છું.

(૩) ન તો મારામાં રાગ-દ્વેષ આદિ કલેશો કે ન તો મારામાં કામ, ક્રોધ, લોભ આદિ વિકારો છે. હું તો ચાર પુરુષાર્થ ધર્મ, અર્થ, કામ ને મોક્ષથી પર સત્યમ, શિવમ, સુંદરમ ચિદાકાશ રૂપ કે જે સોહમ - સોહમ ધુનાત્મક શબ્દ ગાજી-વાજી રહયો છે તે જ હું... તે જ હું ચૈતન્ય છું.

(૪) હું પાપ-પૂન્ય, સુખ-દુઃખ, શુભ-અશુભ, મંત્ર-તંત્ર, વેદ, હોમ-હવન, કર્તા-ભોકતા આદિ બધાં દ્વંદ્વોથી પર સાક્ષી સત-ચિત્ત-આનંદ ચિદાકાશરૂપ કે જે હંસો-હંસો રૂપે સંભળાય રહયું છે તે જ મારું સત્ય સ્વરૂપ છે.

(૫) મારે ન તો કોઈ માતા-પિતા, ગુરૂ-શિષ્ય, બંધુ-મિત્ર, જન્મ-મરણ આદિ છે. પણ હું તો તે બધાનું અધિષ્ઠાન ચિત્ત માત્ર ચૈતન્યઘન અસ્તિ-ભાતિ-પ્રિય ચિદાકાશરૂપે સર્વત્ર મારું તેજ વિલસી રહયું છે.

(૬) હું નિર્વિકલ્પ, નિરાકાર, નિર્ગુણ, શુધ્ધ ચૈતન્યરૂપે બધી વિભૂતિઓમાં આત્મા હું છું. પ્રાણીમાત્રમાં પ્રાણરૂપે હું જ છું. અખિલ અને બ્રહ્માંડમાં સર્વત્ર મારા સિવાય બીજુ કોઈ નથી. તેથી હું બંધન અને મોક્ષથી પર છું.

તે સચ્ચિદાનંદ પરિબ્રહ્મ પરમાત્માને મારા કોટિ કોટિ વંદન કરીને તથા આપણે સૌ એ ઉચ્ચતમ ગુરૂપદને પામીએ એવી શુભેચ્છા સાથે અહી વિરમુ છું.

બસ એ જ...

દિલસુખના રામ રામ

જય ભગવાન

અલખ નિરંજન સ્વિકારશો

::------------:: ॥ ::------------::

" અવિદ્યા અને તેનો નાશ શા માટે ? "

જેના વડે વિપરિત જ્ઞાન થાય છે તેને અવિદ્યા કહે છે. જેમકે અનિત્યમાં નિત્ય બુદ્ધિ, અશુદ્ધિમાં શુદ્ધ બુદ્ધિ, દુઃખમાં સુખ બુદ્ધિ, જડ (અનાત્મ) માં ચેતન (આત્મ) બુદ્ધિ. વગેરે અવિદ્યાને લીધે જ પુરુષ પ્રકૃતિની સાથે તાદાત્મ્ય પામ્યો છે. આમ હોવાથી એ પ્રકૃતિની આપણાં ઉપર જે સત્તા જામેલી છે તેમાંથી મુકત થવું એ જ આપણું મૂખ્ય લક્ષ્ય હોવું જોઈએ. દરેક આત્મા પોતે અવ્યકત બ્રહ્મ છે. બાહ્ય અને આંતર પ્રકૃતિને વશ કરીને પોતાના એ બ્રહ્મભાવને પ્રગટાવવો, અનુભવવો એ જ મનુષ્ય જીવનનું અંતિમ લક્ષ્ય છે. કર્મ, ઉપાસના, મનોનિગ્રહ, જ્ઞાન એમાંથી કોઈપણ એક, એક કરતાં વધારે અથવા બધા ઉપાયો વડે પોતાના બ્રહ્મભાવને પ્રગટાવવો અને મુકત થવું એ જ ધર્મનો મુખ્ય ઉદ્દેશ છે. સંપ્રદાયો, કર્મકાંડો, શાસ્ત્રો, મંદિરો, મૂર્તિઓ અને એવા બીજા અનેક બાહ્ય સાધનો તથા આચારો એ બધાં ધર્મના ગૌણ અંગો જ છે. યોગી તો આત્મ સંયમ દ્વારા જ આ પરમ લક્ષ્યની પ્રાપ્તિ કરવાનો પ્રયત્ન આદરે છે. જયાં સુધી આપણે આપણી જાતને પ્રકૃતિની સત્તામાંથી મુકત ન કરીએ ત્યાં સુધી આપણે અવિદ્યાના ગુલામ જ છીએ. અને પ્રકૃતિ જેમ ચલાવે તેમ આપણે ચાલવું જ પડે છે. જે પોતાના મનને વશ કરી લે છે તે બાહ્ય પદાર્થો ઉપર પણ પોતાની સત્તા બેસાડી દે છે. બાહ્ય પ્રકૃતિ કરતાં અંતઃપ્રકૃતિ ઉચા પ્રકારની હોવાથી અંતઃપ્રકૃતિ ઉપર જય મેળવવો એ બાહ્ય પ્રકૃતિને જીતવા કરતાં વધારે કઠિન છે.

આથી કરીને જે વ્યકિત અંતઃપ્રકૃતિને વશ કરી શકે છે તેને આખું જગત આપોઆપ વશ થઈ જાય છે. જગત તેનું દાસ બનીને ઉભુ રહે છે. પ્રકૃતિને આ રીતે વશ કરવાનો ઉપાય સૂરતા-શબ્દ યોગ કે રાજયોગ બતાવી રહયો છે. આપણે બાહ્ય જગતમાં કાર્ય કરતી જે જે સત્તાઓ અને શકિતઓને જોઈએ છીએ તેનાં કરતાં પણ વધારે બળવાન શકિતઓને તાબે કરવાનું યોગવિદ્યા બતાવે છે. શરીર તો મનનું બાહ્ય આવરણ જ છે. વાસ્તવમાં શરીર અને મન જુદી જુદી વસ્તુઓ નથી. શરીર અને મનનો સંબંધ કાલુ માછલી અને તેની છીપના સંબંધ જેવો છે. આ બંને એક જ વસ્તુની ભિન્ન-ભિન્ન અવસ્થાઓ છે. કાલુ માછલીની અંદર રહેલું તત્વ બહારથી નાના પ્રકારની સામગ્રી ગ્રહણ કરીને તેના વડે પોતાની ઉપરની છીપની રચના કરે છે. તે જ પ્રમાણે મન નામની એક આંતરિક સૂક્ષ્મ શકિત બહારથી સ્થૂળ પદાર્થોનું શોષણ કરીને તેના વડે શરીરરૂપી બાહ્ય આવરણ તૈયાર કરે છે. આમ હોવાથી જો આપણે અંતઃપ્રકૃતિને આપણા કાબુમાં લઈ દઈએ તો પછી બાહ્ય પ્રકૃતિને કાબુમાં લાવવી એ રમતવાત છે. વળી એ બે શકિતઓ એકબીજાથી જુદી હોય તેવું પણ નથી. અમુક શકિતઓ ભૌતિક છે અને અમુક શકિતઓ માનસિક છે એમ પણ નથી. આ દૃશ્યમાન બાહ્ય જગત એ

સૂક્ષ્મ જગતના સ્થૂળ વિકાસરૂપ જ છે. તેમ ભૌતિક શકિતઓ પણ સૂક્ષ્મ શકિતઓનું સ્થૂળરૂપ (ઘનીકરણ) જ છે. વાસ્તવિક રીતે એ બંનેની વચ્ચે કશો ભેદ નથી.

આમ, યોગ અભ્યાસ વડે બુધ્ધિમાં દિવ્યપ્રકાશ થવાથી પ્રજ્ઞાવાન બને છે. તેથી કરીને અવિદ્યાનો નાશ થાય છે અને પ્રજ્ઞા વડે બાહય કે આંતર વસ્તુનું યથાર્થ (સમ્યક) જ્ઞાન થાય છે. ત્યારે જે પુરુષ અને પ્રકૃતિની તાદાત્મ્યતા દૂર થાય છે. તથા અભ્યાસ વડે સુશુષ્ત રહેલી આંતરિક શકિતઓ જાગૃત થવાથી પ્રકૃતિ ઉપર કાબુ પણ મેળવી શકાય છે. પુરુષ ચેતન છે અને પ્રકૃતિ જડ છે. ચેતન સત છે અને જડ અસત છે. આમ, પ્રજ્ઞાબુધ્ધિમાં સત અને અસત શું છે તેનો વિવેક પ્રગટ થાય છે. (બ્રહ્મ સત્ય છે અને જગત મિથ્યા છે)

પુરુષ પ્રકૃતિથી સ્વતંત્ર છે એ જાણવું જોઈએ. વળી એ પણ ખાસ જાણી લેવું જોઈએ કે પુરુષ જડ પદાર્થ નથી. તેમ તે પ્રકૃતિ પણ નથી. તે લેશ માત્ર પણ પરિવર્તનશીલ નથી. પરિવર્તન તો હંમેશા એકલી પ્રકૃતિમાં જ થયા કરે છે. સંયોગીકરણ અને પૃથ્થકરણની ક્રિયા નિરંતર પ્રકૃતિમાં જ ચાલ્યા જ કરે છે. નિરંતર અભ્યાસ અને મનન કરવાથી જયારે આપણામાં વિવેક જાગૃત થાય છે એટલે કે અજ્ઞાન (અવિદ્યા) તરત જ દૂર થઈ જાય છે. અને તેમ થવાથી પુરુષ પોતાના ખરા સ્વરૂપમાં એટલે સર્વજ્ઞ, સર્વશકિતમાન અને સર્વવ્યાપી સ્વરૂપમાં પ્રકાશવા માંડે છે.

બસ એ જ...
દિલસુખના સત રામ રામ
જય ભગવાન
અલખ નિરંજન

::------------:: ॥ ::------------::

ૐ

પ્રશ્ન કર્તા : ડો. હેત્વી બહેન

પ્રશ્ન : વાલ્મિકી રામાયણમાં શ્રી રામે ચૌદ વર્ષનો વનવાસ ભોગવવો. એ વચનનું પાલન કરેલ. તેમાં ચૌદ વર્ષ વિશે સમજણ આપવા વિનંતી.

જવાબ : મૂળ પ્રશ્નની ચર્ચા કરતાં પહેલાં આપણે સનાતન ધર્મમાં શ્રીરામ વિશેની સમજ શું છે ? એ બાબતે થોડું સમજી લેવું જરૂરી છે.

એમ કહેવાય છે કે સતયુગમાં વાલ્મિકી ઋષિ એક મહાન સંત થઈ ગયેલા અને તેમણે વેદાંતનું જ્ઞાન સરળતાથી સમજાવવા માટે સતશાસ્ત્રો જેવા કે (૧) યોગ વાશિષ્ઠ મહારામાયણ (૨) વાલ્મિકી રામાયણ ની રચના કરેલી.

પહેલું શાસ્ત્ર :- યોગ વાશિષ્ઠ મહારામાયણ. યોગ વાશિષ્ઠ રામાયણ દ્વારા એમ સમજાવવામાં આવે છે કે, જયારે ઈન્ડ, પીંડ કે બ્રહ્માંડ કંઈ ન હતું ત્યારે જે કંઈ મૂળ તત્વ હતું તે નિર્ગુણ, નિરાકાર, શુદ્ધ, ચૈતન્યઘન કે જેના રૂપનું સ્વરૂપ જ્ઞાન છે. તેને રામનું વ્યતિરેક રૂપ કે ભગવાન પણ કહેવામાં આવે છે. કે જે કાયમ ત્રિકાળા બાધિત પરમ સત્ય છે. તેમાં કદી કોઈપણ જાતનો ફેરફાર થતો નથી. તે રામના મૂળ સ્વરૂપને પરાત્પર બ્રહ્મ કે પરમાત્મા પણ કહેવાય છે. જે મૂળ વ્યતિરેક રામ ભગવાન છે તેનું ઓજસ, પ્રભા કે તેજ પ્રકાશ તેને રામનું અન્વયરૂપ કહેવામાં આવે છે. જેમ સૂર્ય અને તેનો પ્રકાશ વ્યાપક રીતે પ્રસરેલો છે. તથા જેમ ચુંબક અને તેના ચુંબકીયક્ષેત્રમાં તેની ચુંબકીય શકિત વ્યાપેલી હોય છે. તેવી રીતે રામના વ્યતિરેક રૂપમાંથી અન્વયરૂપ વ્યાપક રીતે પ્રસરેલું છે.

તેને ભગવાનની મૂળ પ્રકૃતિ, સત્વગુણ કે મહાવિષ્ણું પણ કહેવામાં આવે છે. સત્વગુણનો સ્વભાવ છે કે તેમાંથી મહત્વનું સ્કુરણ થાય છે. કે જેને નાદબ્રહ્મ પણ કહે છે. તેને મૂળમંત્ર કે મહામંત્ર પણ કહે છે. આધુનિક વૈજ્ઞાનિકો તેને મૂળ સ્પંદન કહે છે. તથા સંતો તેને મૂળ વચન કહે છે. વેદો તથા ઉપનિષદો તેને પ્રણવનાદ કે ૐકાર (ઈશ્વર વાચક શબ્દ છે) પણ કહે છે. તેને આદિ ભગવાનનું શબ્દ રાશી સ્વરૂપ ઈશ્વરનું પ્રાગટ્ય નાદ રૂપે થયું એમ પણ કહેવાય. અને તે નાદ દ્વારા જ સૃષ્ટિનું સર્જન થયું છે એમ માનવામાં આવે છે. અને આધુનિક વિજ્ઞાન પણ તેમાં સંમતિ પુરાવે છે. આમ, જગત અને માનવમાત્રનો આધાર નાદબ્રહ્મ છે. એટલે કે સકળ વિશ્વમાં રહેલ સૂર્ય, ચંદ્ર, ગ્રહો, નક્ષત્રો, નિહારિકાઓ, તારામંડળો વગરે તેના આધારે ટકી રહયાં છે. એટલે કે તે બધાં રામના શબ્દ સ્વરૂપ ઈશ્વરની ચિતિ શકિતના આધારે ટકી રહયાં છે. આમ, જગત

અને માનવમાત્રનો ઊર્જાનો સ્ત્રોત ચિતિશકિત છે. કે જે વ્યાપકપણે અંદર અને બહાર વિલસી રહેલ છે. તે શકિત જયારે માનવદેહમાં પ્રગટ થાય છે ત્યારે તેને રામનું પ્રાગટય થયું કે રામનો જન્મ થયો કહેવાય. જે દેહમાં પ્રગટ થયું હોય તેને રામનું સગુણરૂપ કહેવાય. તેને પૂર્ણ સંત પણ કહેવાય.

જયારે કોઈ યોગ્ય મુમુક્ષુ વ્યકિત સગુણ રામ (સંત) ને મળીને બ્રહ્મવિદ્યા માટેની પ્રાર્થના કરે ત્યારે સંત, તે મુમુક્ષનો શિષ્ય તરીકે સ્વીકાર કરે છે. અને પરમતત્વ વિશેના જ્ઞાન-વિજ્ઞાનનો બોધ કરે છે. જયારે શિષ્ય ગુરૂના જ્ઞાન-વિજ્ઞાનનો અભ્યાસ કરીને પરમ તત્વનો અંતરઘટમાં અનુભવ કરીને પોતાના મુળ સ્વરૂપ આત્મામાં સ્થિત થઈને પરમપદને પામીને શાશ્વત સુખ, સંતોષ, શાંતિ ને પરમ આનંદ ભોગવે છે. અને બીજા કંઈકને પણ આત્મજ્ઞાનનો લાભ આપે છે. (પોતાના અનુભવનો) આમ, પોતાના મનુષ્ય જીવનને સફળ બનાવે છે.

શાસ્ત્ર બીજું :- ''વાલ્મિકી રામાયણ'' કે જેમાં શ્રી રામચંદ્રજીએ ભકિતભાવ પૂર્વક તેમનાં કુળના સદ્‌ગુરૂ યોગ વશિષ્ઠમુનિના માર્ગદર્શન મૂજબ બાલ્યાવસ્થા (બ્રહ્મચર્યાશ્રમ)માં ભકિત, ધ્યાન, જ્ઞાન વગેરે જરૂરી યોગાભ્યાસ કરીને પોતાના મુળ સ્વરૂપ આત્મામાં સ્થિત રહીને સાંસારિક ગૃહસ્થાશ્રમનો પાઠ ''વાલ્મિકી રામાયણ'' માં દર્શાવ્યાં મુજબ શ્રી રામનું પાત્ર આબેહુબ રામાયણનાં બોધ પ્રમાણે જીવન ચરિત્રનો પાઠ ભજવીને માનવમાત્રને ખૂબ જ પ્રેરણારૂપ અને ઉપયોગી થાય તે પ્રમાણે સનાતન ધર્મનું પૂરેપૂરૂં પાલન કરીને એક અવતારી યુગ પુરુષ તરીકે ભારતવર્ષમાં રામરાજયની સ્થાપના કરેલી. સંસારમાં એકબીજા સાથે કેમ વર્તવું કે જેથી સંસારની બધી વ્યવસ્થાઓ સારી રીતે જળવાય રહે અને દરેક જનસમુદાય જીવ, શિવ, હંસ, પ્રાણી, પશુ, પક્ષી, વનસ્પતિ વગેરેની ઈશ્વરે બનાવેલી પ્રકૃતિ એકબીજાને ઉપયોગી થાય અને સુખ શાંતિ ભોગવે. તો એ રીતે રામાયણમાં રામકથાનું મહત્વ આદિકાળથી જળવાયેલું રહે છે. તેથી તેને સનાતન ધર્મનું શાસ્ત્ર પણ કહેવામાં આવે છે. અને તે બંને શાસ્ત્રો જ્ઞાન-વિજ્ઞાનથી સભર છે. હવે મૂળ પ્રશ્ન પર આવીએ...

કોઈપણ વસ્તુ કે પદાર્થનું પૂર્ણ જ્ઞાન મેળવવું હોય તો તે વિષયનો ક્રમબદ્ધ રીતે અભ્યાસ કરવો જોઈએ એ તો આપણે સૌ જાણીએ છીએ. એ મુજબ શ્રી રામચંદ્રજીએ પોતાની બાલ્યાવસ્થા દરમ્યાન તેમના કુળના સદ્‌ગુરૂ શ્રી વશિષ્ઠમુનિના શરણે રહીને જરૂરી પ્રકૃતિનું તથા બ્રહ્મ વિશેનું જ્ઞાન મેળવવા માટે પ્રાકૃતિક વિદ્યા અને બ્રહ્મવિદ્યાનું જ્ઞાન-વિજ્ઞાન જાણીને ગુરૂના માર્ગદર્શન મુજબ ક્રમબદ્ધ રીતે અભ્યાસ પૂર્ણ કરેલું.

પ્રથમ ભૂમિકાએ નવધા ભકિત મુજબ સેવા, સમરણ, સત્સંગ, અર્ચન, પૂજન, વંદન, દાસભાવ, સખાભાવ વગેરે કેળવીને પોતાની ઈન્દ્રિયો તથા મનને જગતના

બહારના વિષયોમાંથી પાછા વાળીને પોતાના આત્મા તરફ અંતરમૂખી બનાવીને આત્મસમર્પણ કરેલ. એ અભ્યાસ પૂર્ણ થતાં પરિણામ રૂપે પાંચે જ્ઞાનેન્દ્રીયો (શબ્દ, સ્પર્શ, રૂપ, રસ, ગંધ) ની ચેતન શકિતઓ કે જેને તનમાત્રા કહે છે તે પાંચ તનમાત્રાઓ તથા મનની વિચાર કલ્પના શકિત આ છ (૬) એ શકિતઓ જગતના વિષયો કે પદાર્થોમાંથી પાછી વાળીને એકદોર થઈને આત્મા તરફ વળે છે. (તેને સૂરતા અથવા તો આત્મા તરફની આત્મવૃતિ પણ કહે છે) અને તે સૂરતા વડે અનાહતનાદ પણ વગર કાને સંભળાવા લાગે છે. તે નાદાનુસંધાન દ્વારા અભ્યાસ કરતાં, મનનું પૂર્ણ રીતે સૂરતામાં રૂપાંતર થાય છે. ત્યારબાદ વધુ અભ્યાસ કરતાં સૂરતા શબ્દ એકરૂપ થઈને નૂરતા (પ્રકાશ, આંતર દૃષ્ટિ) ના માર્ગે આગળ વધીને આજ્ઞાકેન્દ્ર સુધી પહોંચીને તે કેન્દ્રમાં વધુ અભ્યાસ કરવાથી પરિણામરૂપે સૂરતાની બધી ચેતના તથા નાદબ્રહ્મની ચેતનાનું મિલન થાય છે.

ત્યારે અનાયાસે નાભીકેન્દ્રમાં રહેલી સુશુપ્ત ચિત્તિશકિત પ્રગટ થાય છે. અને તે શકિતનું વાયુમાં રૂપાંતર થઈને સૂક્ષમણાનાડીને માર્ગે ઉર્દ્વગામી થઈને તેનું પણ આજ્ઞા કેન્દ્રમાં સૂરતા-શબ્દની સાથે મિલન થાય છે. તેને ત્રિવેણી સંગમ પણ કહે છે. તેને સંતો મન, પવન અને બ્રહ્મ એક ઘરે આવ્યા એમ પણ કહે છે. આમ થવાથી ત્રણે શકિતનું એક મહાશકિતમાં રૂપાંતર થાય છે. તે સ્થિતિને સંતો મૂળ વચન પ્રગટ થયું એમ પણ કહે છે. એને જ આત્માનું પ્રાગટય અથવા દ્વીજન્મ થયો કહેવાય. તે સ્થિતિને નામ સિદ્ઘ થયું પણ કહે છે. આમ, નામ સિદ્ઘ થાય છે ત્યારે જ વચન પ્રગટ થાય છે. નામ એ અનાહત નાદ છે. (પ્રાણોના ઘર્ષણનો અવાજ). વચન એ પ્રણવનાદ છે. (પ્રાણોનું પણ મૂળ કે જેને ચિતિશકિત, સર્જનશકિત કે બ્રહ્મશકિત કહે છે. તેને ૐકાર કે ઈશ્વર (ઈ શ્વર એટલે કે રણકાર, અવાજ).

ઉપરોકત સ્થિતિએ પહોંચવા માટે, જ્ઞાન-વિજ્ઞાનનો પ્રયોગ કરવા માટે પાંચ કર્મેન્દ્રીયો, પાંચ જ્ઞાનેન્દ્રીયો તથા અંતઃકરણની ચાર વૃત્તિઓ જેવી કે મન, બુદ્ઘિ, ચિત્ત અને અહંકાર એમ કુલ ૧૪ અંગો કે સાધનોની જરૂરિયાત રહે છે. ત્યારબાદ વચન પ્રગટ કરીને પૂર્ણ શુદ્ઘ આત્માના પૂર્ણ સ્વરૂપને પામવા માટે ઉપરોકત ૧૪ અંગોનો ત્યાગ કરીને ઈન્દ્રિયાતીત, ચોથી તુરીયાવસ્થામાં રહીને જ અભ્યાસ થઈ શકે છે. કે જેને સમાધિ અવસ્થા કહે છે. તે અભ્યાસ માત્ર સૂરતા શબ્દ વડે જ થઈ શકે છે. અને તે દ્વારા જ વચન કે આત્મસિદ્ઘિ મેળવીને જ પરમાત્માના દીદાર કરીને જ આત્મ કલ્યાણ થાય છે.

નોંધ : જયારે નામ સિદ્ઘ થાય છે ત્યારે પરિણામ રૂપે દેહાધ્યાસ પણ છુટી જાય છે.

હવે તુરિયાવસ્થા વિષે થોડું સમજી લઈએ...

મનની ચાર અવસ્થા હોય છે.

(૧) જયારે મન ઈન્દ્રિયો સાથે રહીને સ્થૂળ દેહમાં પ્રવૃતિ કરે છે ત્યારે મનની જાગૃત અવસ્થા કહે છે.

(૨) જયારે મન ઈન્દ્રિયોથી પર થઈને વિચાર, કલ્પના કે મનોમય જગત રચીને તેમાં રાચે છે તેને સ્વપ્ન અવસ્થા કહે છે. તે પ્રવૃત્તિ સૂક્ષ્મ દેહમાં થાય છે.

(૩) જયારે સ્વપ્ન અવસ્થા છોડીને પ્રાણ સાથે લય પામે છે ત્યારે તેને સુષુપ્તિ કે ઊંઘ અવસ્થા કહે છે. તે કારણદેહની અજ્ઞાન અવસ્થા છે.

(૪) જયારે મન જાગૃત, સ્વપ્ન કે સુષુપ્તિમાં ન હોય અને મહાકારણ દેહમાં સૂરતા રૂપે (આત્મવૃત્તિ) થઈને શબ્દનો (નાદ બ્રહ્મનો) અભ્યાસ, ધ્યાન, ભજન કે સમાધિ દ્વારા કરે છે. તે અવસ્થાને તુરિયાવસ્થા કે ચોથી અવસ્થા કહે છે.

આપણે સૌ જાણીએ છીએ કે પ્રાથમિક શિક્ષણ આપણા વતનમાં કુટુંબ સાથે રહીને મેળવીએ છીએ. ત્યારબાદ વધુ અભ્યાસ માટે સ્કૂલ કે કોલેજમાં જઈને જરૂર પડે તો વતન છોડીને અભ્યાસ કરીએ છીએ. એથી વધારે ઉચ્ચ અભ્યાસ કરવો હોય તો રાજય કે રાષ્ટ્ર છોડીને વિદેશમાં જઈને પણ અભ્યાસ કરવો પડે છે. એ પધ્ધતિ થઈ જગતના પટ ઉપરની ભૌતિક પદાર્થના જ્ઞાન મેળવવાની રીત.

એ જ રીતે અધ્યાત્મ વિશેનું જ્ઞાન મેળવવા માટે પ્રાથમિક જ્ઞાન સ્થૂળ દેહમાં (કાયા નગરી) કર્મેન્દ્રિયો અને જ્ઞાનેન્દ્રિયો તથા મન વડે સેવા, સમરણ, સત્સંગ, સ્વાધ્યાય વગેરે દ્વારા થઈ શકે છે. (ત્રણે દેહ સ્થૂળ, સૂક્ષ્મ, કારણનો આધાર લઈને) તેના પરિણામરૂપે નામ સિધ્ધ થાય છે. દેહાધ્યાસ છુટે છે. ને બુધ્ધિ પ્રજ્ઞાવાન થાય છે. આત્મસ્વરૂપનો સાક્ષાત્કાર થાય છે.

હવે વધુ ઉચ્ચ કક્ષાઓ એટલે કે પરમાત્મા તરફ આગળ વધવાનો અભ્યાસ કરવા માટે જરૂરી પ્રજ્ઞાબુધ્ધિ - શુધ્ધ સૂરતાની (માત્ર આત્મવૃત્તિ જ) લાયકાત જોઈએ.

તે યોગ્યતાવાળા સાધકને ઉપદેશ એટલે કે મહાકારણ દેહમાં તુરિયાવસ્થામાં રહીને સર્વોતમ કક્ષાનો અભ્યાસ કરવો પડે છે. તેમાં દશ ઈન્દ્રિયો અને ચાર અંતઃકરણ વૃત્તિનો એટલે કે ચૌદ અંગોનો ત્યાગ તથા કાયાનગરી એટલે કે અયોધ્યાપુરીનો ત્યાગ કરીને અઘોર જંગલ એટલે શુન્ય અવસ્થા (મહાકારણ દેહ), ચોથી અવસ્થા કે જેને તુરિયાવસ્થા કહે છે. તેમાં રહીને ઉત્તરોત્તર સમાધિ દ્વારા અભ્યાસ થઈ શકે છે. આમ, ચૌદ વર્ષનો વનવાસ નો શબ્દપ્રયોગ કરીને જ્ઞાનથી સમજાવવાની કોશિશ કરેલ છે. એવું મને સમજાય છે.

બસ એ જ...
દિલસુખના સત રામ રામ
જય ભગવાન, અલખ નિરંજન

::------------:: ॥ ::------------::

પ્રશ્ન કર્તા : ડો.પારસ ભડાણીયા

પ્રશ્ન : સાત્વિક આહાર એટલે શું ?

જવાબ : ઉપરોક્ત પ્રશ્નના જવાબ વિશેની છણાવટ કરતા પહેલા સાત્વિક અને આહાર એ બંને શબ્દો વિશે થોડું તત્વ દૃષ્ટિએ સમજી લેવું ખૂબ જરૂરી છે. જેથી કરીને પ્રશ્નનો ઉતર સમજવા અને સમજાવવામાં સરળતા રહે. તો ચાલો તે વિશે સમજવા કપિલમુનિ રચિત્ત તત્વ સમાસ (પ્રાચીન સાંખ્ય દર્શન) આધારિત તત્વજ્ઞાન સંક્ષિપ્તમાં સમજીએ.

સંસારમાં બધાં પ્રાણીઓની એવી ઈચ્છા હોય છે કે હું સુખી થાઉં. કયારેય પણ દુઃખી ન થાવ. પરંતુ સુખની પ્રાપ્તિ વિના દુઃખની નિવૃત્તિ સંભવ નથી. કારણ કે દુઃખની નિવૃત્તિ એ જ સુખ છે. તેથી સુખની પ્રાપ્તિ માટે બધાં દુઃખોને તેના મુળમાંથી કાઢી નાંખવા જોઈએ. દુઃખનું કારણ અજ્ઞાન છે. જેટલું વધારે અજ્ઞાન તેટલું વધારે દુઃખ અને જેટલું ઓછુ અજ્ઞાન એટલું ઓછુ દુઃખ. જ્ઞાન અને અજ્ઞાન તત્વોના વિશેનું છે. જે તત્વનું અજ્ઞાન હશે તો તેનાથી દુઃખ થશે. જે તત્વનું જેટલું યથાર્થ જ્ઞાન થતું જશે એનાથી એટલું જ દુઃખ નિવૃત્તિ રૂપે પ્રાપ્ત થતું જશે. જયારે બધાંય તત્વોનું યથાર્થ જ્ઞાન થઈ જાય તો બધાંય તત્વોથી અભયરૂપ સુખનો લાભ થાય. એટલા માટે બધાં તત્વોનું યથાર્થ જ્ઞાન જ બધાં દુઃખોનું નિવારણ છે. માટે બધા તત્વો વિષે સંક્ષિપ્તમાં જાણી લઈએ.

મુખ્ય તત્વો બે છે. (૧) જડ (૨) ચેતન.

‘‘જડ તત્વ’’

જડ તત્વ :- ‘‘દુઃખ’’ નિવૃત્તિની ઈચ્છા કરવાવાળાનો દુઃખ સ્વાભાવિક ધર્મ ન હોય શકે. કારણ કે જો તેવું હોય તો તે એની નિવૃત્તિ માટેનો પ્રયાસ જ કરે નહીં. માટે એ સાબિત થાય છે કે દુઃખ એ નિવૃત્તિની ઈચ્છા કરવાવાળાથી જુદો જ એનાથી વિપરિત ધર્મવાળુ કોઈ બીજું તત્વ છે. કે જેનો સ્વાભાવિક ધર્મ દુઃખ અને જડતા છે. અગર જો એમ કહેવામાં આવે કે દુઃખ નિવૃત્તિની ઈચ્છા અને પ્રયાસ કરવાવાળુ જ એક એકલું ચેતન તત્વ છે. એનાથી જુદુ બીજુ કોઈ તત્વ નથી. પણ દુઃખની પ્રતીતિ તો અવિદ્યા, અજ્ઞાન, ભ્રમ અથવા માયાથી થાય છે. તો તે અવિદ્યા, અજ્ઞાન, ભ્રમ, માયા પણ સ્વયં કોઈ બીજા તત્વના અસ્તિત્વને સિધ્ધ કરે છે કે જેનો એ સ્વાભાવિક ધર્મ છે. જો એમ કહેવામાં આવે કે આ ચેતન તત્વથી અતિરિક બીજુ કોઈ નથી. તો આ દુઃખ સ્વાભાવિક ધર્મ હોવાથી દુઃખની કદી પણ નિવૃત્તિ થઈ શકે નહીં. અને એના માટે કોઈપણ પ્રકારના

પ્રયાસ કરવા વ્યર્થ હશે. જો એમ માનવામાં આવે કે એ ચેતન તત્વને ઠીક ઠીક ન જાણવાથી આ ભ્રમ, અવિદ્યા આદિ થઈ રહયાં છે. તેને (ચેતનને) યથાર્થ રૂપે જાણવાથી બધા દુઃખો અને ભ્રમણાની નિવૃત્તિ થઈ જાય છે. તો એનાથી પણ કોઈ બીજા તત્વની સાબિતી (સિધ્ધિ) થાય છે. કારણ કે જાણવું એ કોઈ બીજી વસ્તુ માટે હોય છે. બધાને જાણવાવાળાને કોનાથી જાણી શકાય છે ? માટે એનાથી પણ સિધ્ધ થાય છે કે ચેતન તત્વથી એક ભિન્ન જડ તત્વ છે. તો હવે તે જડ તત્વ વિશે યથાર્થ રૂપે સમજીએ.

જડ તત્વ :- જડ તત્વના પ્રથમ બે ભેદ પ્રકૃતિ અને વિકૃતિ છે. તેમાંથી આંઠ પ્રકૃતિઓ છે અને સોળ વિકૃતિઓ છે. કુલ ૨૪ ભેદ છે.

આંઠ (૮) પ્રકૃતિઓ :- પ્રધાન (મૂળ) પ્રકૃતિ, મહતત્વ, અહંકાર અને પાંચ તનમાત્રાઓ (શબ્દ, સ્પર્શ, રૂપ, રસ, ગંધ)

સોળ (૧૬) વિકૃતિઓ :- પાંચ સ્થૂળ તત્વ (આકાશ, વાયુ, અગ્નિ, પાણી, પૃથ્વી) અને અગીયાર ઈન્દ્રિયો (પાંચ જ્ઞાનેન્દ્રિયો, પાંચ કર્મેન્દ્રિયો અને અગીયારમું મન)

આમ, જડ તત્વનું કુલ ૨૪ ભાગમાં વિભાજન થયેલ છે. હવે પ્રકૃતિ અને વિકૃતિ વિશે જરા વધુ જાણીએ.

જેમાંથી કોઈ નવું તત્વ ઉત્પન્ન થાય અથવા કોઈ નવા તત્વનું ઉપાદાન કારણ હોય તેને પ્રકૃતિ કહેવાય. અને તેમાંથી જે કાંઈ નવું તત્વ ઉત્પન્ન થયું હોય તેને વિકૃતિ, વિકાર અથવા કાર્ય કહેવાય. (બીજી રીતે સમજીએ તો કારણ થકી જ કાર્ય હોય છે. તેમાં કારણને પ્રકૃતિ અને કાર્યને તેની વિકૃતિ કહેવાય) જેમકે, માટીમાંથી ઘડો બન્યો. તેમાં માટી પ્રકૃતિ અને ઘડો વિકૃતિ કહેવાય.

જડ તત્વના ૨૪ વિભાગોમાંથી ૮ પ્રકૃતિ બતાવી છે. એમાંથી પ્રધાન (મૂળ) પ્રકૃતિ એકમાત્ર પ્રકૃતિ છે. અને બીજી સાત પ્રકૃતિ અને વિકૃતિ બંને છે. જેમ કે મહતત્વ (ચિત્ત), મૂળ પ્રકૃતિની વિકૃતિ છે. અને અહંકારની પ્રકૃતિ છે. એ જ રીતે અહંકાર મહતત્વની વિકૃતિ છે. અને પાંચ તનમાત્રાઓ તથા અગીયાર ઈન્દ્રિયોની પ્રકૃતિ છે. તેમજ પાંચ તનમાત્રાઓ અહંકારની વિકૃતિ છે. અને પાંચ સ્થૂળ ભૂતની પ્રકૃતિ છે. અગીયાર ઈન્દ્રિયો કે જે અહંકારની વિકૃતિઓ છે તેમાંથી આગળ નવા તત્વો કોઈ બનતાં નથી. માટે તે કોઈની પ્રકૃતિ નથી. એટલે કે માત્ર વિકૃતિઓ જ છે. એ જ રીતે પાંચ સ્થૂળ ભૂત પાંચ તનમાત્રાની વિકૃતિ છે. તેનાથી આગળ કોઈ નવા તત્વ ઉત્પન્ન થતાં નથી. એટલે એ માત્ર વિકૃતિઓ જ છે.

આ ચોવીસ ભેદો વાસ્તવમાં એક જડ તત્વ પ્રધાન અથવા મૂળ પ્રકૃતિના છે. કે જે સક્રિય અને ચેતના રહિત છે.

જેમાંથી કોઈ નવું તત્વ બને તો તેને પ્રકૃતિ કહે છે. અને જેમાંથી આગળ કોઈ નવું તત્વ ન બને તો તેને વિકૃતિ કહે છે. વિકૃતિ સ્વરૂપથી પ્રગટ થાય છે. અને એનાથી એની પ્રકૃતિ અનુમાનગમ્ય હોય છે. કે જે એમાં અવ્યકત હોવાથી તેની સરખામણીમાં સૂક્ષ્મ અને વ્યાપ હોય છે.

અગિયાર ઈન્દ્રિયો અને પાંચ સ્થૂળ ભૂત અવ્યાપી અને વ્યકત (પ્રગટ, પ્રત્યક્ષ) છે. તેના આગળ કોઈ નવા તત્વો ઉત્પન્ન થતાં નથી. માટે તે માત્ર વિકૃતિ છે. એની પ્રકૃતિ અનુમાનગમ્ય છે. કે જે એમાં વ્યાપી અને અવ્યકત (અપ્રગટ) છે. (કાર્યમાં તેનું કારણ વ્યાપ્ત અને સૂક્ષ્મ રીતે અપ્રગટ હોય છે) જેમકે વિકૃતિરૂપ ઘડામાં તેની પ્રકૃતિરૂપ માટી સૂક્ષ્મ રીતે વ્યાપેલ અને અપ્રગટ હોય છે. પરંતુ તેની વિકૃતિ ઘડો પ્રત્યક્ષ અને પ્રગટ દેખાય છે.

હવે વધુ ઉંડાણપૂર્વક સમજીએ. જયારે ધ્યાનની પ્રથમ પરિપકવ અવસ્થામાં પાંચે જ્ઞાનેન્દ્રિયો દેહાધ્યાસ છોડીને અંતર્મુખી થાય છે ત્યારે દિવ્ય, નિર્મળ, શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધનો સાક્ષાત્કાર થાય છે. આ પાંચેય તનમાત્રાઓ પાંચે સ્થૂળ ભૂતોની પ્રકૃતિ છે. પરંતુ વ્યકત (પ્રગટ) થઈ જવાથી એ પ્રકૃતિ ન રહી. પણ વિકૃતિ થઈ ગઈ. માટે તેની અવ્યકત પ્રકૃતિ અનુમાનગમ્ય માનવી પડે. આ તનમાત્રાઓથી પણ અંતર્મુખી થવાથી ધ્યાનની પરિપકવ અવસ્થામાં માત્ર અહમસ્મિ (હંસો) વૃત્તિ રહે છે. આ અગિયાર ઈન્દ્રિયો અને પાંચ તનમાત્રાઓની પ્રકૃતિ અહંકારનો સાક્ષાત્કાર થયો કહેવાય. પરંતુ પ્રગટ (વ્યકત) થઈ જવાથી આ પ્રકૃતિ (અહંકાર) વિકૃતિરૂપ થઈ ગઈ. માટે એની અવ્યકત પ્રકૃતિ પણ અનુમાનગમ્ય માનવી પડે. આ અહમવૃત્તિથી પણ ધ્યાન દ્વારા વધુ અંતરમુખ થવાથી અહંકાર રહીત માત્ર અસ્મિતા વૃત્તિ (હોવાપણાની) રહે છે. આ મહતત્વ (ચિત્ત) અહંકારની પ્રકૃતિ છે. હવે જો વધુ ધ્યાન દ્વારા મહતત્વ (ચિત્ત) પણ વ્યકત થવાથી પ્રકૃતિ ન રહેતાં વિકૃતિ થઈ જાય છે. માટે એની પણ કોઈ પ્રકૃતિ અનુમાનગમ્ય માનવી પડે છે. એનાથી આગળ કોઈ જડતત્વનો સાક્ષાત્કાર થતો નથી. માત્ર ચેતન તત્વ જ રહે છે. માટે આ અનુમાનગમ્ય પ્રકૃતિ જ અવ્યકત પ્રધાન (મૂળ) પ્રકૃતિ છે. આ પ્રકારે સાંખ્ય યોગમાં કપિલમુનિ, પતંજલિ ઋષિ, ગુરૂ દતાત્રેય કે શ્રીમદ ભગવત ગીતામાં બતાવવામાં આવેલ કે ચોવીસ અવાન્તર ભેદ માત્ર બુદ્ધિ કે તર્કની ઉપજ નથી પણ અનુભવ સિદ્ધ છે. કે જેનો આજે પણ યોગ્ય સાધના વડે સાક્ષાત્કાર અનુભવ કરી શકાય છે. આ પાકકો નિશ્ચય છે. તેમાં જરા પણ સંદેહ નથી.

"ચેતન તત્વ"

ચેતન તત્વ :- ઉપરોકત રીતે જડતત્વના (અવાન્તર, એક પછી એક જુદા જુદા) ભેદોનો અનુભવ કર્યા પછી છેલ્લે જે ચેતન તત્વ શેષ રહે છે તેના બે ભેદ છે. એક જડ તત્વ સાથે ભળેલ (સંયોજીત) અથવા મિશ્રિત, સબળ, અપર, સગુણ સ્વરૂપ અને બીજું શુધ્ધ પર, નિર્ગુણ સ્વરૂપ. મિશ્રિતપણે બે ભેદ છે. એક વ્યષ્ઠિ રૂપે અનંત શરીરો (પીંડો) ના સંબંધમાં અને બીજું સમષ્ઠિરૂપે પૂરા બ્રહ્માંડમાં વ્યાપ્ત.

ચેતન તત્વને પુરુષ તરીકે પણ ઓળખવામાં આવે છે. અને જડ તત્વને પ્રકૃતિ કહે છે. શરીરમાં જડ તત્વના ચોવીસ વિભાગવાળી પ્રકૃતિ છે અને પચીસમો ચેતન તત્વ પુરુષ છે. તેને જીવ, ઈશ્વર, પરમાત્મા એમ ત્રણ રીતે ઓળખવામાં આવે છે.

(૧) જીવ પુરુષ :- વ્યષ્ટિ શરીરોમાં મિશ્રિત ચેતન તત્વ હૃદય (મસ્તિસ્કમાં અંતઃકરણનું ચિત્ત) માં જે આકાશ (અવકાશ) તત્વ છે એમાં આ પુરુષ છે. કે જે મનનો માલિક, અમૃત અને પરિછિન્ન ચિદાકાશ કહેવાય છે. અને પરિછિન્નતાને કારણે અલ્પજ્ઞ છે. એને જીવ પણ કહેવાય છે. એ અપેક્ષાએ ચેતન તત્વને આત્મા કહે છે.

(૨) ઈશ્વર પુરુષ :- ચેતન તત્વ સમષ્ટિ જગત સાથે મિશ્રિત આ પુરુષ હજારો મસ્તક, હજારો નેત્ર, હજારો હાથ-પગવાળો છે. તે બ્રહ્માંડની દશે દિશાઓમાં સર્વત્ર વ્યાપ્ત છે. એને ઈશ્વર પુરુષ કહે છે. તેને સગુણબ્રહ્મ, અપરબ્રહ્મ કે સબળબ્રહ્મ પણ કહે છે. આ અપેક્ષાએ (આમ હોવાથી) ચેતન તત્વને પરમેશ્વર કે મહેશ્વર પણ કહે છે.

(૩) કેવળ શુધ્ધ જ્ઞાન સ્વરૂપ પુરુષ :- જડ તત્વની ચોવીસ પ્રકૃતિથી પર નિર્ગુણ, નિરાકાર, શુધ્ધ ચેતન તત્વ કે જેનું સ્વરૂપ માત્ર જ્ઞાન છે. એ શુધ્ધ બ્રહ્મ, નિર્ગુણ બ્રહ્મ, પરબ્રહ્મ કે પરાત્પર બ્રહ્મ, પરમાત્મા તરીકે પણ ઓળખાય છે. આ જડ તત્વની બધી ઉપાધિઓ જેવી કે સમષ્ટિ, વ્યષ્ટિ, એકત્વ, બહુત્વ વગેરેથી પર માત્ર જ્ઞાન સ્વરૂપ છે. એનો મહિમા સર્વોત્તમ છે.

આ ચેતન તત્વનું શુધ્ધ સ્વરૂપ જડ તત્વથી હંમેશા વિલક્ષણ હોય છે. અથવા તો જ્ઞાન સ્વરૂપ અને નિષ્ક્રીય હોય છે. જેમ ચુંબકના ચુંબકીયક્ષેત્રમાં લોખંડની વસ્તુ કાર્ય કરે છે. તેમ ચેતન તત્વના સાનિધ્યમાં જ જડ તત્વમાં જ્ઞાન, નિયમ અને વ્યવસ્થાપૂર્વક ક્રિયાઓ થતી રહે છે. આ ચેતન તત્વના સાનીધ્યને કારણે ચોવીસ પ્રકૃતિ (જડ તત્વો) માં એક પ્રકારનો ક્ષોભ (પ્રક્રિયા, વિસમતા) પેદા થાય છે. જેના કારણે પ્રધાન પ્રકૃતિમાં મહતત્વ (ચિત્ત), મહતત્વમાં અહંકાર, અહંકારમાં તનમાત્રાઓ અને ઈન્દ્રિયો તથા તનમાત્રાઓમાં સૂક્ષ્મ ભૂતથી માંડીને સ્થૂળ ભૂતનું પરિણામ આવે છે.

''ત્રિગુણી પ્રકૃતિ''

પ્રકૃતિના ત્રણ ગુણ :- ચોવીસ જડ તત્વો. સત્વ, રજસ અને તમસ એમ ત્રણ ગુણ વાળા છે. સત્વનો સ્વભાવ પ્રકાશ, રજસનો ક્રિયા અને તમસનો સ્થિર છે. આ ત્રણે સ્વભાવ પ્રત્યેક વસ્તુમાં રહેલો હોય છે. જે વસ્તુ સ્થિર છે તેમાં ક્રિયા ઉત્પન્ન થઈ જાય છે. અને વેગવાળી ક્રિયા પછી એમાં પ્રકાશ પ્રગટ થાય છે. જો પ્રકાશવાળી વસ્તુ હોય તો સમયાંતરે પ્રકાશહીન થઈ જાય છે. અને અંતે ક્રિયાહીન થઈ જાય છે. જો વસ્તુ સ્થિર હોય તો તેમાં તમસ પ્રધાન હોય છે. રજસ અને સત્વ ગૌણરૂપે રહેલા હોય છે. અને પોતાના અનુકુળ સમયે તેમાં પ્રગટ થાય છે. જયારે વસ્તુ ક્રિયાવાળી હોય તો તેમાં રજસ પ્રધાન હોય છે. સત્વ અને તમસ ગૌણ હોય છે. પછી તે વસ્તુ જયારે પ્રકાશવાળી થઈ જાય તો તેમાં સત્વ પ્રધાન થઈ જાય છે. રજસ તથા તમસ ગૌણ થઈ જાય છે. આ પ્રકારે બધી વસ્તુઓમાં ત્રણે ગુણ પ્રધાન કે ગૌણ રૂપે વિદ્યમાન રહે છે. પુરુષ (ચેતન) થી અતિરિકત જે કંઈ પણ છે એ બધાં ત્રિગુણાત્મક જ છે. પરંતુ એ બધાં ત્રણે ગુણના વિકૃત રૂપ જ છે. ગુણોનું અસલી રૂપ દૃષ્ટિગોચર થતું નથી. પણ જે (વિસમ પરિણામ) દૃષ્ટિગોચર થાય છે તે માયા જેવું છે અને વિનાશી છે.

ગુણોનું પરિણામ :- ગુણ પરિણામશીલ હોય છે. પરિણામનો અર્થ થાય કોઈ વસ્તુમાંથી બીજી વસ્તુમાં રૂપાંતર થવું. એકમાંથી બીજું કંઈક તબદીલ થવું (બનવું) વસ્તુનો પહેલો ધર્મ છોડીને કોઈ બીજો ધર્મ ગ્રહણ કરવો.

પરિણામ બે પ્રકારના હોય છે. એક સામ્ય અથવા તો સરૂપ પરિણામ. જેમ કે દુધમાં દુધના નિર્વિકારપણે રહેવાની અવસ્થા થાય છે. અને બીજો પ્રકાર વિસમ અથવા તો વિરૂપ પરિણામ. જેમકે દુધમાં અમુક નિશ્ચિત સમય બાદ ખટાશ આદિ વિકારો થવાથી દુધનું રૂપાંતર થાય છે. વિસમ અથવા વિરૂપ પરિણામ જ પ્રત્યક્ષ થાય છે. એ પ્રત્યક્ષથી સામ્ય પરિણામનું અનુમાન કરવામાં આવે છે. ત્રણે ગુણોના સામ્ય પરિણામ જ અનુમાનગમ્ય, અવ્યકત અથવા પ્રધાન મૂળ પ્રકૃતિ અથવા કેવળ પ્રકૃતિ છે.

(૧) ગુણનું પ્રથમ વિસમ પરિણામ મહતત્વ :-

ચેતન તત્વના સાનિધ્યથી આ મૂળ પ્રકૃતિમાં ક્ષોભ (ફેરફાર) થઈને સત્વમાં ક્રિયા માત્ર રજસનો અને એ ક્રિયાને રોકવા માત્ર તમસનો વિસમ પરિણામ થાય છે કે જે મહતત્વ (ચિત્ત) છે. કે જેમાં કર્તાપણાનો અહંકાર બીજરૂપે છુપાયેલ છે. મહતત્વમાં ચેતન તત્વના જ્ઞાનના પ્રકાશને ગ્રહણ કરવાની અનાદિ યોગ્યતા છે. અને ચેતન તત્વમાં પોતાના જ્ઞાનનો પ્રકાશ મહતત્વમાં નાખવાની (આપવાની) અનાદિ યોગ્યતા છે. મહતત્વનું ચેતન તત્વથી પ્રકાશિત થવાનું ગીતાજીમાં ખૂબ જ સુંદર રીતે વર્ણન કરેલ છે.

હે અર્જુન, મારો આશ્રય કરીને પ્રકૃતિ ચરાચક સહિત આખા જગતની રચના કરે છે. એ કારણે જગત પરિવર્તનશીલ છે. હે અર્જુન, મારી યોની (ગર્ભ રાખવાનું સ્થાન) મહતત્વ છે. એમાં હું ગર્ભ રાખુ છું. (મારા જ્ઞાનનો પ્રકાશ નાખું છું) અને એ જડ ચેતનનાં સંયોગથી બધાં ભૂતોની ઉત્પતિ થાય છે. હે અર્જુન, બધી યોનીમાં જે શરીર ઉત્પન્ન થાય છે તે બધાની યોની મહતત્વ છે. એમાં બીજને રોપવાવાળો હું ચેતન તત્વ પિતા છું. તેથી કરીને હિરણયગર્ભને માટે મહતત્વના સંબંધમાં ચેતન તત્વની સંજ્ઞા કરવામાં આવેલ છે. જેમ સૂર્ય પાણીમાં પ્રતિબિંબિત થાય છે એવી જ રીતે જ્ઞાન સ્વરૂપ ચેતન તત્વ મહતત્વ (વિશુધ્ધ, સત્વમય, સમષ્ટિ ચિત્ત તથા અનંત વ્યષ્ટિ સત્વમય ચિત્તો) માં પ્રતિબિંબીત થઈ રહેલ છે. એક જ ભૂતાત્મા, ભૂત-ભૂતોમાં બિરાજમાન છે. જેવી રીતે એક જ ચંદ્રમા જલરાશીઓમાં અનેક થઈને દેખાય છે. એ જ પ્રકારે એક જ આત્મા અનેક રૂપમાં પ્રતિરૂપ થઈ રહેલ છે. જેમ ચુંબકના સાનિધ્યમાં (ચુંબકીયક્ષેત્રમાં) લોઢામાં ક્રિયા ઉત્પન્ન થાય છે. એ જ રીતે ચેતન તત્વના જ્ઞાનથી પ્રકાશીત હોવાના કારણે મહતત્વમાં જ્ઞાન, નિયમ અને વ્યવસ્થાપૂર્વક ક્રિયાઓ થાય છે. જેવી રીતે ઈચ્છારહીત ચુંબકના સાનિધ્યમાં રહેવાથી લોખંડ પ્રવૃત થાય છે. એવી રીતે સતા માત્ર દેવ (ચેતન પરમાત્મા) થી જગતની ઉત્પત્તિ સ્થિતિ, લય વગેરે થાય છે.

(૨) મહતત્વનું વિષમ પરિણામ અહંકાર :-

પુરુષ (ચેતન તત્વ) થી પ્રતિબિંબિત મહતત્વ જ સત્વમાં રજસ અને તમસની અધિકતાથી વિકૃત થઈને અહંકાર રૂપી વ્યકતભાવમાં બહિર્મુખ થઈ રહેલ છે. આ અહંકારથી જ કર્તાપણાના ભાવની શરૂઆત થાય છે. કર્તાપણું અહંકારમાં છે. ન કે પુરુષ (ચેતન) માં. મહતત્વનું વિષમ પરિણામ અહંકાર જ અહમભાવથી એકત્વ, બહુત્વ, વ્યષ્ટિ, સમષ્ટિરૂપ એમ બધાં પ્રકારની ભિન્નતા ઉત્પન્ન કરવાવાળો છે. વિભાજક અહંકારથી જ ગ્રહણ અને ગ્રાહયરૂપ બે પ્રકારના વિસમ પરિણામ થઈ રહયાં છે.

(૩) અહંકારના વિષમ પરિણામ ગ્રહણરૂપ અગિયાર ઈન્દ્રિયો :-

મહતત્વથી વ્યાપ્ત, વિભાજક અહંકાર જ સત્વમાં રજ અને તમની અધિકતાથી વિકૃત થઈને પરસ્પર ભેદવાળી ગ્રહણરૂપ પાંચ જ્ઞાનેન્દ્રિયો, પાંચ કર્મેન્દ્રિયો અને અગિયારમું ઈન્દ્રિયોનું નિયંતા મનના રૂપમાં વ્યકત થઈને બહિર્મુખ થઈ રહેલું હોય છે.

(૪) અહંકારનું વિષમ પરિણામ ગ્રાહયરૂપ પાંચ તનમાત્રાઓ :-

મહતત્વથી વ્યાપ્ત વિભાજક અહંકાર જ સત્વમાં રજસ અને તમસની અધિકતાથી વિકૃત થઈને પરસ્પર ભેદવાળી ગ્રાહય પાંચ તનમાત્રાઓના રૂપમાં વ્યકતભાવથી બહિર્મુખ થયેલ હોય છે.

(૫) તનમાત્રાઓના વિષમ પરિણામ ગ્રાહ્યરૂપ પાંચ સ્થૂળ ભૂત :-

વિભાજક અહંકારથી વ્યાપ્ત પાંચેય તનમાત્રાઓ જ સત્વમાં રજસ અને તમસની અધિકાથી વિકૃત થઈને પરસ્પર ભેદવાળા પાંચ સ્થૂળ ભૂતોમાં વ્યકતભાવથી બહિર્મુખ થયેલી હોય છે. સ્થૂળ ભૂત અને તનમાત્રાઓની વચમાં એક અવસ્થા સૂક્ષ્મ ભૂતોની હોય છે. જેની સૂક્ષ્મતાનું તારતમ્ય સ્થૂળ ભૂતોથી લઈને તનમાત્રાઓ સુધીનું થયેલું હોય છે.

આ પ્રકારે મહતત્વની અપેક્ષા અહંકારમાં, અહંકારની અપેક્ષા પાંચ તનમાત્રા અને અગિયાર ઈન્દ્રિયોમાં અને તનમાત્રાઓની અપેક્ષા પાંચ સ્થૂળ ભૂતોમાં ક્રમશઃ (ક્રમે - ક્રમે) રજસ તથા તમસની માત્રા વધતી જાય છે. અને સત્વની માત્રા ઘટતી જાય છે. ત્યાં સુધી કે સ્થૂળ જગત અને સ્થૂળ શરીરમાં રજસ તથા તમસનો જ વ્યવહાર ચાલતો હોય છે. સત્વ કેવળ પ્રકાશમાત્ર જ રહેલું હોય છે. અહિં એ પણ બતાવવું જરૂરી છે કે મહતત્વમાં પ્રતિબિંબિત ચેતન તત્વ (આત્મા-પરમાત્મા) પણ આ રાજસી, તામસી આવરણોથી ઢંકાયેલ ભૌતિક શરીર તથા ભૌતિક જગતમાં કેવળ ઝલકમાત્ર જ દેખાય છે. એટલા માટે ઉપનિષદોમાં પુરુષનું નિવાસ સ્થાન ચિત્તમાં જેનું વિશેષ સ્થાન અનુમાનિક અંગુષ્ઠ માત્ર હૃદય છે. એમ બતાવવામાં આવેલ છે. અને સાંખ્ય તથા યોગ દ્વારા એની પ્રાપ્તિનો ઉપાય, સ્થૂળ ભૂત, તનમાત્રાઓ, અહંકાર અને મહતત્વથી ક્રમશઃ અંતરમુખ થઈને સ્વરૂપમાં સ્થિત થવું એમ બતાવવામાં આવ્યું છે. આમ, તત્વ સમાસના (૧) અષ્ટધા પ્રકૃતિ (૨) સોળ વિકારો (૩) પુરુષ (ચેતન આત્મા) (૪) પ્રકૃતિના ત્રણ ગુણો (સત્વ, રજસ, તમસ) આ ચાર સુત્ર સાંખ્યની ચતુઃસૂત્રી કહેવાય છે. જેનો કપિલમુનિએ સર્વજ્ઞેય પદાર્થોના જીજ્ઞાસુ સાધકોને સમાધિ અવસ્થામાં અનુભવ કરવાને ઉપદેશ કરેલ છે.

પરમ તત્વ (કાયમ)

ચેતન-પુરુષ (કાયમ) + જડ-મૂળ પ્રકૃતિ (કાયમ)

મહતત્વ (ચિત્ત) (વિષમ-પ્રકૃતિ) (રજસ)

અહંકાર (વિકૃતિ-પ્રકૃતિ) (તમસ)

ગ્રહણ રૂપ | ગ્રાહ્ય રૂપ

પાંચ જ્ઞાનેન્દ્રિય | પાંચ કર્મેન્દ્રિયો | મન | પાંચ તનમાત્રા

પાંચ જ્ઞાનેન્દ્રિય	પાંચ કર્મેન્દ્રિયો
(૧) નેત્ર	હાથ
(૨) કાન	પગ
(૩) ત્વચા	શિષ્ન
(૪) જીભ	ગુદા
(૫) નાક	જીભ

પાંચ તનમાત્રા				
શબ્દ	સર્પ	રૂપ	રસ	ગંધ
આકાશ	વાયુ	તેજ	પાણી	પૃથ્વી

આમ, અહંકારની કુલ ૧૦ ઈન્દ્રિયો અને અગિયારમું મન વિકૃતિઓ છે. તથા પાંચ તનમાત્રાઓ અહંકારની વિકૃતિ-પ્રકૃતિ છે. અને પાંચ ભૂતો એ તનમાત્રાની વિકૃતિ જ છે.

આમ કુલ અષ્ટધા પ્રકૃતિ :- મૂળ પ્રકૃતિ, મહતત્વ, અહંકાર અને પાંચ તનમાત્રાઓ (શબ્દ, સ્પર્શ, રૂપ, રસ, ગંધ) અને સોળ વિકૃતિઓ :- પાંચ જ્ઞાનેન્દ્રિયો, પાંચ કર્મેન્દ્રિયો, એક મન તથા પાંચ ભૂતો મળીને કુલ ૧૬ વિકૃતિઓ છે.

આમ, કાયારૂપી નગરીમાં ૨૪ જડ તત્વો અને એક ચેતન તત્વ મળીને કુલ ૨૫ (પચીસ) તત્વોનો સમાવેશ થાય છે.

હવે આપણો મૂળ પ્રશ્ન :- સાત્વિક આહાર એટલે શું ? તે વિષય પર આવીએ.

માનવ શરીરની રચના જડ અને ચેતન એટલે કે પુરુષ અને પ્રકૃતિ વડે થયેલી છે. તેમાં ૮ પ્રકૃતિ અને ૧૬ વિકૃતિ એમ કુલ ૨૪ જડતત્વ છે. અને એક પુરુષ (જીવ) એ ચેતન તત્વ છે. તે બધાં મળીને કુલ ૨૫ (પચીસ) વડે થયેલી છે. એ વિષે આગળ વિસ્તારપૂર્વક વર્ણન કરવામાં આવેલ છે. આ મૂળ પ્રકૃતિમાંથી સત્વ, રજસ અને તમસ એમ ત્રણ ગુણો પહેલા ઉત્પન્ન થાય છે. આ ગુણો દેહમાં રહેલા દેહીને એટલે કે જીવાત્માને બંધનમાં નાંખે છે. મૂળ પ્રકૃતિમાં આ ત્રણે ગુણો તો હોય છે પણ તે સામ્ય અવસ્થામાં હોય છે. અર્થાત ત્રણે ગુણો એક સરખી માત્રામાં હોય છે. ગુણોની આ સામ્યાવસ્થાને પ્રલયાવસ્થા કહે છે. પછી જયારે સૃષ્ટિ રચનાકાળ શરું થાય છે ત્યારે આ ગુણોની સામ્યાવસ્થામાં ભંગ થઈને વિષમાવસ્થા થાય છે. આ વિષમાવસ્થાને અહીં ગુણોની ઉત્પત્તિ માની છે. જીવાત્મા ઉત્પન્ન થતો નથી. તે અનાદિ છે પણ આ ત્રણ ગુણોથી થનારી સૃષ્ટિ, દેહમાં રહેનાર દેહી (જીવાત્મા) ને પોત-પોતાની રીતે બધ્ધ (બંધન) કરે છે. અને પછી તેનામાં મમત્ત્વ, ભોગ, વાસના વગેરે ઈચ્છાઓ પેદા કરે છે. આ ઈચ્છાઓથી જ પ્રવૃત્તિ થાય છે અને સંસાર ચાલે છે.

હવે, કયો ગુણ શું કામ કરે છે તે જોઈએ.

(૧) સત્વ ગુણ :- તે નિર્મળ હોવાથી પ્રકાશ કરનારો ને નિર્વિકારી છે. તે પાપ રહીત છે. તે જીવાત્માને જ્ઞાન તરફ દોરી જાય છે અને જ્ઞાનનું આકર્ષણ કરાવે છે. જેથી કરીને જીવાત્માનું અજ્ઞાન ઘટે છે. અને જ્ઞાનમાં વધારો થાય છે. તેથી કરીને દુઃખમાં ઘટાડો થાય છે અને સુખમાં ઉત્તરોત્તર વધારો થતો રહે છે. સત્વગુણ ખોટા વિકારોથી રહીત છે. એટલે કે નિરોગી છે. માટે તે શારીરિક રોગોમાંથી મુકિત અપાવે છે. આ સત્વગુણ જીવાત્મામાં સુખેચ્છા પેદા કરે છે. એ સુખેચ્છા થવી એ તો પરમ સુખ પામવા માટેનું પહેલું પગથિયું છે. સત્વગુણ જ્ઞાનની ભૂખ જગાડે છે, અને એ જ્ઞાનપ્રાપ્તિ માટે પ્રવૃત્તિ કરાવે છે. આમ, સત્વગુણના પ્રભાવથી જીવાત્મા સુખ અને જ્ઞાન પ્રાપ્તિના લક્ષો તરફ આગળ વધવા માટે કાર્યરત થઈ જાય છે.

(૨) રજોગુણ :- રજોગુણ રાગાત્મક હોય છે. તે તૃષ્ણા અને આસકિતથી પેદા થાય છે અને જીવાત્માને કાર્ય પદ્ધતિમાં બાંધી દે છે. (રાગ એટલે જડ અને ચેતન પ્રત્યેનું આકર્ષણ) તે સુખ-દુઃખ, હર્ષ-શોક, રાગ-દ્વેષ, શુભ-અશુભ, લાભ-હાની વગેરે દ્વંદ્વોમાં નાંખે છે અને આખરમાં જીવાત્માને દુઃખી કરે છે. (ભય, ચિંતાને બંધન કરે છે)

(૩) તમોગુણ :- તે અજ્ઞાનમાંથી જન્મે છે. તે બધાં જીવોને મોહ પમાડનાર છે. તેમાંથી પ્રમાદ, આળસ, નિંદ્રા, ભ્રાંતિ, ભ્રમણા તથા અવિદ્યામાં વધારો થાય છે. અને જીવાત્મા તેમાં બંધાય જાય છે. અને પશુવત જીવે છે.

આમ, ત્રણેય ગુણોમાંથી સત્વગુણ સુખમાં જોડે છે. રજોગુણ કર્મોમાં જોડે છે તથા તમોગુણ જ્ઞાનને ઢાંકીને પ્રમાદમાં જીવાત્માને જોડે છે. જયારે સત્વગુણની પ્રધાનતા હોય છે ત્યારે રજસ તથા તમસ ગૌણ હોય છે. જયારે રજોગુણની પ્રધાનતા હોય છે ત્યારે તમસ અને સત્વ ગૌણ હોય છે. અને જયારે તમોગુણ પ્રધાન હોય છે ત્યારે સત્વ અને રજસ ગૌણ હોય છે. આ રીતે ત્રણેય ગુણો એકબીજાની પ્રધાનતા અને ગૌણતામાં સાથે રહે છે. એકલો કોઈ ગુણ રહેતો નથી.

હવે જયારે સત્વગુણ પ્રધાન હોય છે ત્યારે શરીરના નવ દ્વાર (બે આંખ, બે કાન, બે નસકોરા, એક મુખ, એક જનનાંગ, એક ગુદા) તથા દશમું બ્રહ્મરંધ્ર. એ બધાં દ્વારોમાં કલ્યાણકારી તત્વો આવ-જા કરવા લાગે છે. જેમકે નેત્રો દ્વારા સારા દૃશ્યો જોવાય. કદાચ સારા ન હોય તો પણ તેનું સારું અર્થઘટન કરીને તેને સારું બનાવાય, બહારથી સારા દૃશ્યો અનુભવાય અને અંદરથી સારી દૃષ્ટિનો વિકાસ થાય. આવી જ રીતે નાક, કાન વગેરેનું પણ થાય એમ સમજવું. તેમજ ઉપસ્થ અને ગુદા દ્વારા મળ-મુત્રનો ત્યાગ સહજ અને સરળતાથી થવા લાગે છે. અન નવે દ્વારો પોતપોતાની પ્રવૃતિ સારી અને સુખદાયી કરવા લાગે ત્યારે સત્વગુણ વધ્યો છે કે વધી રહયો છે તેમ જાણવું. સત્વગુણનો પ્રભાવ શરીર ઉપર પડતો જ હોય છે. આવી વ્યકિત તેજસ્વી અને પ્રભાવશાળી હોય છે. તેની ચારે તરફ પ્રકાશની સૂક્ષ્મ ઓરાઓ ફેલાયેલી હોય છે.

જયારે રજોગુણનું પ્રમાણ વધે છે ત્યારે લોભ પ્રવૃત્તિ, કર્મોનો વિસ્તાર અશાંતિ, સ્પૃહા, ચંચળતા, આસકિત વગેરે ઉત્પન્ન થાય છે. તમોગુણ વધવાથી અજ્ઞાનતા, અકર્મણ્યતા, પ્રમાદ, આળસ, મોહ વગેરેમાં વધારો થવા લાગે છે. પરિણામે દુઃખમાં વધારો થાય છે.

આમ, સાત્વિક જીવન જીવનારો માણસ સારા કર્મો કરતો રહે છે. તેને સુખ, શાંતિ, સંતોષ, આનંદ અને નિર્મળતા પ્રાપ્ત થાય છે. રજોગુણથી જીવનારો જીવાત્મા દુઃખ પ્રાપ્ત કરે છે અને બંધનમાં રહે છે. તથા તમોગુણી જીવાત્મા અજ્ઞાનરૂપી ફળને પામે છે અને પશુવત જીવન જીવે છે.

આમ, સાત્વિક જીવાત્માની ઉર્ધ્વગતિ થાય છે. રજોગુણી જીવાત્માની મધ્યમ ગતિ થાય છે. અને તામસી જીવાત્માની અધોગતિ થાય છે. એમ સતશાસ્ત્રો અને સંતોનું કહેવાનું થાય છે. આ ત્રણે ગુણો એકબીજા સાથે વર્તીને બધા કાર્યો કરે છે. તે સિવાય બીજો કોઈ કર્તા નથી એવું જયારે સ્પષ્ટ જ્ઞાન થાય છે ત્યારે ઈન્દ્રિયો તથા મન મારફતે થતાં કર્મોમાં કર્તાભિમાન ન રાખતાં પોતે સાક્ષીભાવે રહીને જે પરમતત્વ ત્રણે ગુણથી પર છે તેની સાથે એકાત્મકભાવને કેળવે છે. તે જીવાત્મા પોતાનું

કલ્યાણ કરે છે. આમ, દેહમાં ઉદભવતા આ ત્રણે ગુણોનું અતિક્રમણ કરીને જીવાત્મા જયારે પાર થાય છે ત્યારે જરા, વ્યાધી, જન્મ, મૃત્યું વગેરેથી પર થઈને અમૃત્વનું પાન કરે છે અથવા નિર્વાણપદને પામે છે.

જેમાં સત્વગુણ પ્રધાન હોય તેને સાત્વિક અને રજોગુણ પ્રધાન હોય તેને રાજસિક, અને તમોગુણ પ્રધાન હોય તેને તામસી વ્યકિત કહે છે. દરેક વ્યકિત તેના શરીરમાં રહેલ ઈન્દ્રિયો અને મન વડે ભોગતા થઈને ભોગ્ય પદાર્થોનો ભોગ કરે છે. તેથી શરીરને (પ્રકૃતિને) પોષણ મળે છે. અને પ્રકૃતિ (શરીર)નો વિકાસ પણ થાય છે. તેનો આધાર ભોગ્ય પદાર્થો પર છે. તેને શરીરનો આહાર કે ખોરાક કહેવાય છે. તેના આહાર પ્રમાણે પ્રકૃતિનો સ્વભાવ હોય છે. જો આહારમાં સત્વગુણનું પ્રમાણ વધુ હોય તો તેની પ્રકૃતિ સાત્વિક બને છે. જો રજોગુણનું પ્રમાણ વધુ હોય તો રાજસી, અને તમોગુણનું પ્રમાણ વધુ હોય તો તામસી બને છે. સાત્ત્વીક ગુણથી જીવનમાં જ્ઞાન પ્રકાશ, દુઃખોમાંથી મુકિત અને સુખનો વધારો, શાંતિ, સંતોષ, આનંદ વગેરે વર્તાય છે. એટલે ખુબ જ લાભકર્તા છે. માટે સાત્વિક આહાર ખૂબ જ જરૂરી છે. તો તેના માટે કેવા ઉપાયો કરવા જોઈએ કે જેથી કરીને આહારમાં સત્વગુણનું પ્રમાણ વધારે રહે. તેના વિશે થોડું સમજી લઈએ.

સત્વગુણનું સ્રોત છે ચેતન વિશેનું જ્ઞાન. ચેતનનું જ્ઞાન વધવાથી સત્વગુણમાં વધારો થાય છે. રજોગુણનું સ્ત્રોત છે પ્રકૃતિ વિશેનું જ્ઞાન. પ્રકૃતિનું જ્ઞાન વધવાથી રજોગુણમાં વધારો થાય છે. તમોગુણનું સ્રોત છે તત્વો (જડ, ચેતન) વિશેનું અજ્ઞાન. કે જેના કારણે તમોગુણમાં વધારો થાય છે.

જીવાત્માના બધાં કાર્યો અહંકાર, તેની બુદ્ધિ (જ્ઞાન) પ્રમાણે મન અને ઈન્દ્રિયો દ્વારા કરાવે છે. અને તે કાર્યનું જે કાંઈ પરિણામ આવે છે તેને જીવાત્મા ભોગવે છે. આમ, મૂળમાં જોઈએ તો અહંકાર કર્તા છે અને જીવાત્મા ભોગતા છે. તે ઉપરથી એમ સમજાય છે કે જો બુદ્ધિ સાત્વિક હોય તો તેના સાત્વિક જ્ઞાન પ્રકાશ વડે મન તેના વિચાર, વાણી, વર્તન તથા ઈન્દ્રિયો પોતપોતાના વિષયો સાત્વિકતા પૂર્વક ભોગવશે. તેને જ સાત્વિક આહાર કહેવાય. આમ, મન તથા ઈન્દ્રિયોના સાત્વિક આહાર વડે જ અહંકારમાં સત્વગુણનો વધારો થવા લાગે છે. જેથી કરીને જીવાત્મામાં સુખનો વધારો થાય છે. અને દુઃખમાં ઘટાડો થાય છે. અને અંતે સર્વ દુઃખનો નાશ થાય છે ને શાશ્વત સુખની પ્રાપ્તિ થાય છે.

તો હવે બુદ્ધિને સાત્વિક (સદબુદ્ધિ, પ્રજ્ઞાબુદ્ધિ) કરવાનો ઉપાય પણ સંક્ષિપ્તમાં જોઈ લઈએ.

મન તથા ઈન્દ્રિયોનો સ્વભાવ છે કે તે બહિર્મુખી થઈને જગતના વિષયો કે પદાર્થો તરફ ખેંચાયા કરે છે અને પ્રકૃતિ (જગત) ના વિષયો ભોગવે છે. અને પ્રકૃતિના ભોગોથી રજોગુણ તથા તમોગુણમાં વધારો થતો જાય છે, અને સત્વગુણ માત્ર નહિંવત જ રહે છે અને પ્રભાવહીન થઈ જાય છે. તેમ થવાથી અહંકાર જ જીવાત્માને દુઃખી કરે છે. ગીતાજીમાં શ્રીકૃષ્ણ અર્જુનને બોધ આપતાં કહે છે કે જો વિષયો રહે ધ્યાન તો તેનાથી આસકિત ઉપજે, આ આસકિતથી કામનાઓ જન્મે છે. અને કામનાઓથી ક્રોધ, લોભ આદિ વિકારો પેદા થાય છે. તેથી કરીને મૂઢ બની જાય છે ને પોતાનું ભાન પણ ભૂલી જાય છે. ત્યારે તેની બુદ્ધિનું જ્ઞાન કામ આપતું નથી. અને બુદ્ધિનો નાશ થાય છે. તેથી કરીને સર્વનાશને નોતરે છે.

પણ જો એ જ મન તથા ઈન્દ્રિયો (તનમાત્રા) ને પ્રકૃતિના વિષયોમાંથી પાછી વાળી અંતર્મુખી બનાવી (યોગ અભ્યાસ વડે) ને પુરુષ (ચેતન) સાથે જોડવામાં આવે તો પ્રકૃતિ તરફના રાગ-દ્રેષ છુટી જાય છે. અને ચેતન (આત્મા) ના સાનિધ્યથી સાત્વિકતામાં વધારો થતો જાય છે. આમ, રાગ-દ્રેષમાંથી મુકત થયેલ મન ઈન્દ્રિયોને વશ કરીને આત્મા સાથે સ્થિત (જોડાણ) રાખીને વાસના રહિત થયેલ ઈન્દ્રિયો વડે વિષયો ભોગવવામાં આવે તો તે આહાર (ભોગ) સાત્વિક બની જાય છે. સાત્વિક આહારથી જીવાત્મા પ્રસન્નતાને પામે છે. અને જયારે પ્રસન્નતાને પામે છે ત્યારે તેના સર્વ દુઃખોનો નાશ થાય છે. અને તેની બુદ્ધિ દિવ્ય પ્રકાશવાળી (પ્રજ્ઞાવાન) બને છે. જેની બુદ્ધિ પ્રજ્ઞાવાન હોય છે તેને જગત (પ્રકૃતિ) ના દુઃખો સતાવી શકતા નથી. એટલે કે હૃદયમાં ઉદ્વેગ થતો નથી અને જગતના સુખોની ઝંખના મટી જાય છે. તથા રાગ, ભય, ક્રોધ વગેરે સમી જાય છે.

મન અને ઈન્દ્રિયો આસકત રહિત થઈને જે કોઈ શુભ-અશુભ મળે તેમાં હર્ષ-શોકને પામતી નથી, અને કાચબો જેમ તેનાં દરેક અંગોને ઢાલ નીચે સંકેલીને સુરક્ષિત રાખે છે તેમ મન તથા ઈન્દ્રયોને વિષયમાંથી પાછી વાળીને આત્મા સાથે સ્થિત કરીને પ્રકૃતિના વિષયોમાંથી બચાવે છે. આમ, વાસના રહિત થઈને ભોગ ભોગવવાથી સત્વગુણનું પ્રમાણ વધે છે. તેના પરિણામે બુદ્ધિ જ્ઞાન પ્રકાશવાળી (પ્રજ્ઞાવાન) બને છે.

આમ, જીવાત્મા વાસના રહીત થઈને, નિષ્પૃહી થઈને રહે છે ત્યારે અહંકાર હું અને મારું છોડીને કાયમના સુખ, શાંતિ, સંતોષ અને આનંદપૂર્વક વર્તવા લાગે છે. જીવાત્માની આ સ્થિતીને જ બ્રહ્મદશા કહેવાય. તે દશામાં પોતાના જીવપણાની દશાને મુકીને બ્રહ્મપણાને પામ્યો એમ કહેવાય. એ બ્રહ્મદશાને પામ્યાં પછી પ્રકૃતિના (જગતના) વિષયો કે પદાર્થોમાં મોહ થતો નથી અને જીવન મુકત થઈને બાકી પ્રારબ્ધ ભોગવીને અંતે નિર્વાણપદને પામે છે.

આમ, સાત્વિક આહાર એટલે શું ? અને જીવનમાં તેનું મહત્વ શું છે ? તેના માટે યોગ્ય પ્રયાસો કેમ કરવાં ? વગેરે પ્રશ્નોના ઉકેલ માટે યોગ્ય પ્રયત્નો કરતાં (સફળતાપૂર્વક) પરિણામે જે જ્ઞાન થાય તેનો જીવનમાં અમલ કરવામાં આવે તો અંતે સદગતિ પામે છે. આને મનુષ્ય જીવન સફળ થયું કહેવાય.

ફરીથી... પ્રશ્ન બહુ જ સારો છે. તે સમજી, વિચારીને જો અમલ કરવામાં આવે તો જીવનું કલ્યાણ થાય. તેમાં જરા પણ સંદેહ નથી.

બસ એ જ...
દિલસુખના સત રામ રામ
જય ભગવાન
ગુરૂ પ્રણામ
અલખ નિરંજન

::------------:: ॥ ::------------::

પ્રશ્નકર્તા : દીશાબહેન તથા ડો.હેત્વી.

પ્રશ્ન : મનુષ્ય જીવનમાં સુખ પામીને કર્મ કરવાનું કે કર્મ કરીને સુખ પામવાનું ?

જવાબ : મૂળ પ્રશ્નની ચર્ચા કરતા પહેલાં તેમાં રહેલા બે શબ્દો (૧) કર્મ અને (૨) સુખ. તે વિષેના અર્થ અને તે દ્વારા જ્ઞાનનો જે નિર્દેશ થાય છે તે સમજી લેવું ખુબ જરૂરી છે. કારણ કે, શબ્દનો ભાવાર્થ બરાબર સમજાય તો જ શબ્દોથી બનેલી વાકય રચનાનું જ્ઞાન (સમજણ) યથાર્થ રીતે સમજાય. નહીં તો ગેરસમજણ થાય.

(૧) કર્મ :-

કર્મની ગતિ અતિ ગહન અને અટપટી છે. કારણ કે, એક કર્મ એક વ્યકિતને સુખી કરે છે અને એ જ કર્મ બીજા વ્યકિતને દુઃખી કરે છે. કારણ કે, કર્મના નીતિ-નિયમો (સિધ્ધાંતો) ની જાણકારીના અભાવે આવું બનતું હોય છે. આખી સૃષ્ટિના અનેક બ્રહ્માંડોનાં સંચાલન માટે પણ નીતિ નિયમો છે જ. જેમ કે, સૂર્યનું ઉગવું-આથમવું, પૃથ્વી, તારા, નક્ષત્રો, ગ્રહો બધાં નિયમિત રીતે ગતિ કરે છે. ઋતુઓ તથા જગતની ઉત્પતિ, સ્થિતિ, લય વગેરે વિશ્વના સંચાલન માટે, અને તે બધું સુવ્યવસ્થિત ચાલે તે માટે પણ કુદરતના કાયદાઓ છે. અને આખું વિશ્વ કર્મના કાયદા મુજબ વ્યવસ્થિત ચાલે છે. તેમાં જરાપણ ગડબડ નથી, જરાપણ બાંધછોડ નથી. એટલે કે, ખૂદ ભગવાન નિર્ગુણ, નિરાકાર, શુધ્ધ બ્રહ્મ પણ જયારે સગુણ સાકાર બનીને, દેહ ધારણ કરીને પૃથ્વી ઉપર અવતરે છે ત્યારે તેને પણ કર્મના કાયદાનું ચુસ્તપણે પાલન કરવું પડે છે. કર્મના કાયદામાં કયાંય દેર નથી અને અંધેર પણ નથી. અને કોઈ ખાસ અપવાદ પણ નથી. એ આ કાયદાની ખાસ ખૂબી છે. તો હવે કર્મના કાયદા વિશે જરા વિશેષ કરીને સમજીએ.

(૨) કર્મ એટલે શું ?

કર્મ એટલે આપણે જે કાંઈ ક્રિયા (કામ) કરીએ છીએ એને કર્મ કહેવાય. જેમ કે ખાવું, પીવું, નહાવું, ચાલવું, ઉભા રહેવું, નોકરી, ધંધો, અભ્યાસ કરવો, વિચારવું, ઉઘવું, જાગવું, જોવું, સાંભળવું, સ્પર્શ, અસ્પર્શ, બોલવું, મૌન રહેવું વગેરે વગેરે તમામ શારીરિક કે માનસિક ક્રિયાને કર્મ કહેવાય છે. આ કર્મના મુખ્યત્વે ત્રણ પ્રકાર છે. (૧) ક્રિયમાણ (૨) સંચિત્ત (૩) પ્રારબ્ધ. હવે આ ત્રણેય પ્રકારોને ઊંડાણપૂર્વક સમજીએ.

(૧) ક્રિયમાણ કર્મ :- માણસ સવારે જાગે અને ઊઠે ત્યારથી રાત્રે સુઈ જાય ત્યાં સુધી જે જે કર્મ કરે તે ક્રિયમાણ કર્મ કહેવાય. આવા જે જે ક્રિયમાણ કર્મ કરે તે અવશ્ય ફળ આપે પછી જ તે શાંત થાય. ફળ આપ્યા સિવાય શાંત થાય નહી. ક્રિયમાણ કર્મને ફળ આપ્યે જ છુટકો. દા.ત. તરસ લાગી, પાણી પીવાનું કર્મ કર્યુ, તરસ મટી ગઈ. કર્મ ફળ આપીને શાંત થઈ ગયું. ખાવાનું કર્મ કર્યુ તો કર્મના ફળ રૂપે ભૂખ મટી ગઈ. તે કર્મ ફળ આપીને શાંત થઈ ગયું. વગેરે વગેરે તમામ ક્રિયામણ કર્મને ફળ લાગે જ. અને ફળ ભોગવાવીને જ શાંત થાય.

(૨) સંચિત્ત કર્મ :- કેટલાક ક્રિયામણ કર્મો એવા હોય છે કે, તે કર્મ કરવાની સાથે તાત્કાલિક ફળ આપતાં નથી અને કર્મના ફળને પાકતાં વાર લાગે છે. કર્મ ફળ આપે નહીં ત્યાં સુધી સંચિત્ત (જમાં) થાય છે. તેને સંચિત્ત કર્મ કહેવાય. દા.ત. આજે પરીક્ષા આપી, મહિના પછી તેનું પરિણામ આવે. આજે દવા લીધી, બે દિવસ બાદ તે ફળ આપે. આજે કોઈને ગાળ આપી, તો થોડા દિવસ બાદ તેનું પરિણામ આવે. આપણે જયારે માતા, પિતા, પુત્ર, પરિવાર, હેતુમિત્ર કે કોઈ જીવ, શિવ, હંસ, પ્રાણીમાત્રને સુખી કે દુઃખી કરવા માટેના કર્મો કરીએ તો તે કર્મના ફળ કાળે કરીને જયારે પાકે ત્યારે ફળ આપે. ત્યાં સુધી તે સંચિત્ત કર્મમાં જમાં પડયાં રહે. આ તમામ સંચિત્ત કર્મો આ જન્મે કે હવે પછીનાં અનંતકાળ સુધીના અનેક જન્મોમાં ગમે ત્યારે પાકે. અને તે ભોગવાયા બાદ જ શાંત થાય. તે ન ભોગવાય ત્યાં સુધી શાંત થાય જ નહીં. જીવ જો સાવધાનીથી ગંભીરતાપૂર્વક આની કલ્પના કરે તો ધ્રુજી ઊઠે. પરંતુ અવિદ્યાથી ઘેરાયેલો જીવ આની કલ્પના કયારેય કરતો જ નથી. આ પ્રમાણે ક્રિયમાણ કર્મ જે ફળ આપીને શાંત થયા ન હોય તે સંચિત્ત કર્મ કહેવાય.

(૩) પ્રારબ્ધ કર્મ :- સંચિત્ત કર્મ પાકીને ફળ આપવા તૈયાર થાય તેને પ્રારબ્ધ કર્મ કહેવાય. તે પ્રારબ્ધ કર્મોને ભોગવવાનો અનુરૂપ દેહ, આરોગ્ય, કુટુંબ પરિવાર, સુખ-દુઃખ, માલ-મિલકત વગેરે તે જીવનકાળ દરમ્યાન જીવને આવી મળે છે. અને તે પ્રારબ્ધ કર્મ પૂરેપૂરા ભોગવાયા બાદ જ દેહનો છુટકારો થાય. અને દેહનો છુટકારો થયા બાદ તરત જ બીજા સંચિત્ત કર્મો પાકીને તૈયાર થયેલા હોય, તે પ્રારબ્ધ બનીને ફળ આપવા માટે (ભોગવવા માટે) અનુકૂળ એવો બીજો દેહ જીવ ધારણ કરે છે. અને તેને અનુરૂપ માતા-પિતા આદિ મળે અને તે જીવનકાળ દરમ્યાન તમામ પ્રારબ્ધ કર્મોને ભોગવીને છુટે. એમ જીવ વારંવાર જન્મ-મરણનાં ચક્રમાં ભમ્યાં કરે, નવા ક્રિયમાણ કરતો રહે અને તેમાંથી અનેક સંચિત્ત કર્મો જમાં થયા જ કરે. તે કાળે કરીને ફળ આપવા તૈયાર થઈને જીવની સામે આવીને ઊભા જ રહે અને અનંતકાળ સુધી જીવનો મોક્ષ થવા દે જ નહીં. એવો પ્રકૃતિના કર્મનો અટલ સિદ્ધાંત છે. તેમ આપણાં સનાતન ધર્મનાં

સતશાસ્ત્રો, સંતો વગેરે પોકારીને કહે છે. સાર રૂપે કહીએ તો કર્મ, ફળ આપીને જ શાંત થાય છે. કરેલા કર્મના ફળ ભોગવવા જ પડે અને તે ભોગવવા માટે જન્મ-મરણના ચકકર ચાલું રહે. તેમ નકકી માનવું જોઈએ.

હવે ક્રિયમાણ કર્મ કરવાની પદ્ધતિ સમજીએ...

જીવો ત્રણ પ્રકારના હોય છે. (૧) સત્વગુણી (૨) રજોગુણી (૩) તમોગુણી. આ ત્રણેય પ્રકારના જીવોની ક્રિયમાણ કર્મ કરવાની રીત પણ અલગ-અલગ હોય છે. કર્મનું ફળ તો ત્રણેય પ્રકારના જીવોને મળવાનું જ.

- સત્વગુણી જીવ કર્મ કરે પરંતુ ફળની આશા ન રાખે.
- રજોગુણી જીવ ફળની આશા સાથે કર્મ કરે.
- તમોગુણી જીવ ફળ પહેલાં મળે તો જ કર્મ કરે.

જે ક્રિયમાણ કર્મો જેટલાં કરો અને જેવા ભાવથી કરો તેટલું જ પ્રારબ્ધ ફળ મળે, તેથી જરા પણ ઓછું કે વધું નહીં. જેમાંથી, જેનાથી, જેવી રીતે, જયારે, જેટલા વખત માટે, જયાં શુભ-અશુભ ક્રિયમાણ કર્મ કરેલાં હોય તેમાંથી જ અને તેનાથી જ અને તેવી જ રીતે તેટલા વખત માટે જ અને ત્યાં જ તેવું જ પ્રારબ્ધ બનીને આવે. આમ, કરેલું ક્રિયમાણ કર્મ પાકીને પ્રારબ્ધ રૂપે સામું આવે અને તે પૂરેપૂરૂં જીવનકાળ દરમ્યાન ભોગવાય જાય (ઋણાનુંબંધ પુરા થાય) કે તરત જ જીવનો તેમાંથી છુટકારો થાય. કહેવાનો ભાવાર્થ એ છે કે પોતાના જ કરેલાં ક્રિયમાણ કર્મો પ્રમાણે જીવનું પ્રારબ્ધ જન્મતાની સાથે જ નિર્માણ થઈ ચૂકયું હોય છે. (જેને નિયતિ કે ભાગ્ય પણ કહે છે) તે જ મળે છે. તેથી વધારે કે ઓછું મેળવવા માટે કોઈપણ ઉપાયથી તેમાં ફેરફાર કરી શકાતો નથી. તો પછી પ્રશ્ન એ થાય છે કે માણસને પુરુષાર્થ ન કરવો ?

ઃઃ પુરુષાર્થ ઃ- કેટલાક ચુસ્ત પ્રારબ્ધવાદીઓ એમ જ માને છે કે, માણસે કાંઈપણ પુરુષાર્થ કરવાની જરૂર નથી. પ્રારબ્ધમાં જે હશે તે મળશે. દા.ત. પરીક્ષામાં પાસ થવાનું પ્રારબ્ધ હશે તો જ પાસ થઈશું. નહીં તો ગમે તેટલી મહેનત કરીશું છતાં, નાપાસ થવાનું પ્રારબ્ધમાં હશે તો નાપાસ જ થવાશે. માટે, વાંચવા માટેનો પુરુષાર્થ નાહકનો કરવો. એવી ગેરસમજ સાથે કેટલાંક પ્રારબ્ધવાદીઓ ભગવાન ઉપર છોડી દે છે. આવા ગાંડા પ્રારબ્ધવાદીઓ પુરુષાર્થનો અર્થ સમજયાં જ નથી. પ્રારબ્ધમાં હોય તો જ મળે તે વાત બિલકુલ સાચી છે. પરંતુ પ્રારબ્ધ કયાં લગાવવું અને પુરુષાર્થ કયાં કરવો તેનો વિવેક માણસે બરાબર સમજી લેવો જોઈએ. દા.ત. નોકરી મળવી એ પ્રારબ્ધ છે. પણ નોકરી ઈમાનદારીથી ટકાવી રાખવી તેમાં પુરુષાર્થ છે. બંગલો મળવો તે પ્રારબ્ધ છે, પણ તેને સાચવી જાણવો તે પુરુષાર્થ છે. પૈસા મળવા તે પ્રારબ્ધ છે, પણ તેનો કેવી રીતે ઉપયોગ કરવો તે પુરુષાર્થ છે. સંતાનો મળવા તે

પ્રારબ્ધ છે, પરંતુ સંતાનોને કેળવણી આપવી તે પુરુષાર્થ છે. આમ, પ્રારબ્ધ મુજબ જે કાંઈ મળે તેનો સાધન તરીકે વિવેક બુદ્ધિથી ઉપયોગ કરવો. તેમાં ખરો પુરુષાર્થ સમાયેલો છે. પાસ થવું તે પ્રારબ્ધ છે, પણ પોતાના આત્માને સંતોષ થાય તેવો પુરુષાર્થ તો મનુષ્યે કરવો જ જોઈએ. પૈસા વતા-ઓછા મળે એ પ્રારબ્ધ છે, પણ નીતિથી કમાવા એ પુરુષાર્થ છે. પ્રારબ્ધ વસાત જે દેહ, કુટુંબ પરિવાર, માલ-મિલકત આદિ જે કાંઈ પ્રાપ્ત થાય તો જે તે પરિસ્થિતિનો લાભ લઈને મોક્ષમાર્ગ (પોતાના કલ્યાણ માટે) ઉપર જવાનો પુરુષાર્થ કરવો એ મનુષ્ય માટે ઉત્તમ ગણાય. પોતાના આત્માને કલેશ કરાવ્યા સિવાય જે કાંઈ થોડું-ઘણું પ્રારબ્ધવસાત મળે તેમાં પ્રભુઈચ્છા સમજી, સંતોષ માનીને નિર્ભયપણે યોગ્ય પુરુષાર્થ કરતાં જ રહેવું જોઈએ. એમ આપણાં સતશાસ્ત્રો, સંતો વગેરેનું કહેવાનું થાય છે. તો હવે પ્રશ્ન એ થાય છે કે, પ્રારબ્ધ ક્યાં લગાવવું અને પુરુષાર્થ ક્યાં કરવો ? તે સમજી લઈએ.

માણસને જીવનકાળ દરમ્યાન અનેક વસ્તુ પ્રાપ્ત કરવાની ઈચ્છા થાય છે. દાંપત્યજીવન, સંતાન, માલ-મિલકત, બંગલો, મોટર, કીર્તિ, પદ, પ્રતિષ્ઠા, ધર્મ, ધ્યાન, મોક્ષ વગેરે વગેરે. આવી ઘણી વસ્તુઓ મેળવવાની તેમને ઈચ્છાઓ અને કામનાઓ હોય છે. સતશાસ્ત્રોએ ઉપરોક્ત ઈચ્છાઓ પૂર્ણ કરવાં માટે જરૂરી પુરુષાર્થને ચાર વિભાગોમાં બતાવવામાં આવ્યાં છે.

(૧) ધર્મ (૨) અર્થ (૩) કામ (૪) મોક્ષ.

મનુષ્યે ઉપરોક્ત ચારેય પુરુષાર્થોનું યોગ્ય રીતે પાલન કરીને આદર્શમય જીવન બનાવવું જોઈએ. ધર્મમય પુરુષાર્થ કરીને અર્થ ઉપાર્જન કરવું જોઈએ. અધર્મથી પ્રાપ્ત કરેલ અર્થ, અનર્થ બની જાય છે. ધર્મ અને અર્થથી પ્રાપ્ત થયેલ કામનાઓથી તૃપ્ત (સંતોષ) થઈને જીવનનું આખરી ધ્યેય મોક્ષ પ્રાપ્ત થવાનું હોવું જોઈએ. આ ચાર હેતુઓ (ધ્યેય) પૈકી ધર્મ અને મોક્ષ માટે સતત યોગ્ય પુરુષાર્થ કરવો જોઈએ. તેને કદાપિ પ્રારબ્ધ ઉપર છોડાય નહીં. જયારે, અર્થ અને કામ પ્રાપ્ત કરવાનું માણસે પ્રારબ્ધ ઉપર છોડી દેવું જોઈએ. તેના માટે અલગથી પુરુષાર્થ કરવાની જરૂર નથી. પરંતુ, મોટેભાગે મનુષ્ય તેનાથી ઉંધી રીતે વર્તે છે. અર્થ અને કામનાઓ માટે સતત રાત-દિવસ પુરુષાર્થ કરે છે અને આખરે પ્રારબ્ધ આગળ ઢીલો પડી જાય છે. જયારે, ધર્મ અને મોક્ષ કે જેના માટે માણસે સતત હંમેશા જાગૃત રહીને પુરુષાર્થ કરવો જોઈએ તેમ ન કરતા તદન પ્રારબ્ધ ઉપર છોડી દે છે. અને તેથી કરીને તે બંને બાજુએ ગોથા ખાય છે. (નિશ્ફળ જાય છે)

:: પ્રારબ્ધ અને પુરુષાર્થ એકબીજાના પૂરક છે. વિરોધી નથી ::

આજે જે ક્રિયમાણ કર્મ (પુરુષાર્થ) કરીએ છીએ તેનું ફળ કાચું હોય તો સંચિત્તમાં જમાં થશે અને તે જ કાળેકરીને પાકીને પ્રારબ્ધ બને છે. તે પ્રારબ્ધ ભોગવવાને અનુરૂપ શરીર પ્રાપ્ત થાય છે. સાથે જ દેશ, કાળ, વસ્તું, સ્થિતિ, સંજોગો વગેરે જરૂરી વસ્તુઓ પણ પ્રારબ્ધ મુજબ ઉપલબ્ધ થઈ જાય છે. તે કર્મનો અટલ સિદ્ધાંત છે.

ખરી રીતે તો પુરુષાર્થ જ કાળેકરીને પ્રારબ્ધ બને છે. તેથી પ્રારબ્ધ અને પુરુષાર્થ વિરોધી હોઈ શકે જ નહીં. બંને એક જ છે. તે બંનેના કાર્યક્ષેત્રો જુદા જુદા હોવાથી કાર્ય ભેદે નામ અલગ રાખવામાં આવ્યા છે અને બંને એકબીજાની અથડામણમાં પણ આવતાં નથી. પ્રારબ્ધ ચાલુ શરીરને ભોગ પ્રદાન કરે છે. જયારે પુરુષાર્થ ભવિષ્યની સૃષ્ટિને તૈયાર કરે છે. જેથી કરીને કાળાન્તરે તે જ પુરુષાર્થ પ્રારબ્ધ બનીને ભવિષ્યમાં શરીર ધારણ કરાવે છે.

માણસ પોતાનું પ્રારબ્ધ પોતાની જાતે જ પોતાના હાલના પુરુષાર્થમાંથી ઘડી શકે છે. પ્રારબ્ધ સિવાયનો પુરુષાર્થ પાંગળો છે અને પુરુષાર્થ વગરનું પ્રારબ્ધ આંધળું છે. એક આંધળા અને એક લંગડા મિત્રની વાત જેવું છે. આંધળાને રસ્તો દેખાતો નથી અને લંગડો રસ્તા પર ચાલી શકતો નથી. તેથી બંને રસ્તા પર પ્રવાસ કરી શકતાં નથી. પરંતુ બંને મિત્રોએ વિવેક બુદ્ધિ વાપરી. લંગડો આંધળાના ખભા પર બેસી ગયો અને રસ્તો બતાવવા લાગ્યો અને આંધળો ચાલવા લાગ્યો. આમ, બંનેએ રસ્તાની યાત્રા સફળતાપૂર્વક પુરી કરી. એમ જીવનયાત્રા પણ સુખ શાંતિથી સફળતાપૂવર્ક કરવા માટે પુરુષાર્થ અને પ્રારબ્ધ એકબીજાના પૂરક બને છે. પોતાના પ્રારબ્ધ પ્રમાણે સુખ-દુઃખ ભોગવાય જાય છે. બીજા કોઈપણ માણસ આપણને સુખી કે દુઃખી કરી શકતા નથી. તે તો ફકત નિમિત્ત માત્ર જ હોય છે.

:: કર્મ કરવામાં સ્વતંત્ર પણ ફળ ભોગવવામાં પરતંત્ર ::

-: ગીતાજીનું એક મહાસૂત્ર છે કે...

કર્મણ્યેવાધિકારસ્તે - મા ફલેસુ કદાચન.

કર્મ કરવામાં તારો અધિકાર છે. એટલે કે તું કર્મ કરવામાં સ્વતંત્ર છો. પરંતુ કરેલા કર્મનું ફળ ભોગવવામાં તારો અધિકાર નથી. તું કર્મ કર પણ ફળની આશા રાખીશ નહીં. આ મહાવાકયનો યથાર્થ અર્થ કરવામાં થોડી ગેરસમજણ થવા સંભવ છે.

ભગવાન એવું ના કહે કે તું કર્મ કર પરંતુ ફળની આશા રાખીશ નહીં. તું આખો મહિનો નોકરી કર, પણ પહેલી તારીખે પગાર માંગીશ નહીં અને લઈશ પણ નહી. ગીતાનો બોધ એમ સ્પષ્ટ અર્થ કરે છે. કર્મ કરવામાં તું સ્વતંત્ર છો. કર્મ કરવું

કે ન કરવું. પરંતુ ફળ ભોગવવામાં તું પરતંત્ર છો. એટલે કે કર્મ ફળ ભોગવવાની ઈચ્છા હોય કે ન હોય તેમાં તું પરતંત્ર છો. કર્મ તો ફળ પાકયે ફરજીયાત ભોગવવા જ પડે. તેમાં આનાકાની કે છટકબારી ચાલશે જ નહી. દા.ત. સ્વાદિષ્ટ ભોજન માટે અનેક વાનગીઓ જેવી કે દુધપાક, પૂરી, બે-ત્રણ શાક, ભજીયા, કઠોળ, ફરસાણ, અથાણાં, પાપડ વગરે અનેક વાનગીઓ બનાવી બનાવીને પીરસવામાં આવે. તેમાંથી શું ખાવું, શું ન ખાવું, કેટલું ખાવું, વધારે કે ઓછું ખાવું તેમાં તમે સ્વતંત્ર છો. શરીરની તંદુરસ્તીને ધ્યાનમાં રાખીને ભોજન કરનારે વાનગીઓ પ્રમાણસર લેવી જોઈએ. તેનું ભાન ભોજન કરનારે રાખવું જોઈએ. નહિં કે પીરસનારે. પરંતુ એમાં જો શરીરને અનુકુળ ન હોય અને સ્વાદને ખાતર વધુ પડતું ખાવામાં આવે તો તેનું પરિણામ ખરાબ આવે તો તે ભોગવવું જ પડે. તેમાં પરતંત્ર છો. તેમાંથી છટકી શકાય નહીં.

:: ફળ ભોગવવા દેહ ધારણ કરવો જ પડે ::

શુભ કર્મનું ફળ 'સુખ' ભોગવવા દેહ ધારણ કરવો પડે. અને પાપ કર્મનું ફળ 'દુઃખ' ભોગવવા પણ દેહ ધારણ કરવો જ પડે. કર્મફળ ભોગવવાનું સાધન દેહ છે. એટલે જન્મ-મરણનાં ચકકરમાં આવવું જ પડે. અને ત્યાં સુધી મોક્ષ મળ્યો પણ ગણાય નહીં. જયાં સુધી શુભ-અશુભ કર્મફળો સંચિત્ત કર્મમાં જમાં થયેલા હોય અને તે પૂરેપૂરા ભોગવી ન લેવાય ત્યાં સુધી આ સંસાર ચક્ર ચાલ્યાં જ કરે. દેહ ધારણ કરવો પડે એ જ ખરું બંધન છે. શુભ કર્મના ફળ સ્વરૂપે સુખ, અને અશુભ કર્મના ફળ સ્વરૂપે દુઃખ ભોગવવા દેહ તો ધારણ કરવો જ પડે. સુખ એ સોનાની બેડી અને દુઃખ એ લોખંડની બેડી. પરંતુ બન્ને પ્રકારના ફળ ભોગવવા માટે જીવને દેહ ધારણ કરવો જ પડે. એટલે તે બંને શુભ-અશુભ કર્મ માત્ર જીવને બંધનકર્તા છે અને જીવને બંધનરૂપ જન્મ-મરણની બેડી પહેરાવે છે.

:: તો પછી મોક્ષ કયારે થાય ? ::

માનવમાત્ર મોક્ષનો અધિકારી છે અને માનવ શરીર મોક્ષ મેળવવાનું ઉત્તમ સાધન છે. મનુષ્ય માત્ર દેહના બંધનમાંથી છુટીને પર બ્રહ્મમાં લીન થવાને ધારે તો તે સમર્થ છે અને સ્વતંત્ર પણ છે. કારણ કે, તે પરાત્પર બ્રહ્મનો જ અંશ હોય તેમાં જ લીન થવાને (મોક્ષ પ્રાપ્ત કરવાને) માટે તે આખરે સર્જાયો છે. પરંતે જયાં સુધી પૂરેપૂરા પ્રારબ્ધ કર્મ ભોગવી ન લે અને બધાં સંચિત્ત કર્મોને આ જીવનકાળ દરમ્યાન સાફ ન કરે (ભસ્મ ન કરે) ત્યાં સુધી તેને અનંતકાળ સુધી અનેક જન્મો ધારણ કરવાં પડે. એમ સતશાસ્ત્રો અને અનુભવી સંતોનું કહેવાનું થાય છે. જેને મોક્ષ મેળવવાની તીવ્ર ઈચ્છા થાય તેને તમામ સંચિત્ત કર્મોનો નાશ કરવો પડે. સંચિત્ત કર્મોને જ્ઞાન અગ્નિ

(બ્રહ્મજ્ઞાન) થી ભસ્મ કરીને તથા ચાલું જીવનના પ્રારબ્ધ કર્મોને પૂરેપૂરા વિવેકબુદ્ધિથી ભોગવવાની સાથે સાથે નવા ક્રિયમાણ કર્મો એવી રીતે કરવા જોઈએ કે, જે કરતાની સાથે જ ફળ આપીને શાંત થઈ જાય. અને તેથી કરીને તેમનું એકપણ ક્રિયમાણ કર્મ સંચિત્તમાં જમાં થાય નહી. જેથી ભવિષ્યમાં તે ભોગવવાનું બાકી રહે નહી, અને તે માટે નવો દેહ ધારણ કરવો પડે નહી. પરંતુ મુશ્કેલી એ છે કે, જીવ ચાલુ જીવનકાળ દરમ્યાન ભોગવવા પાત્ર થતાં પ્રારબ્ધ કર્મો ભોગવતાં ભોગવતાં એટલાં બીજા નવા અનેક ક્રિયમાણ કર્મો કરે છે કે તે ભોગવવા બીજા અનેક જન્મો ધારણ કરવાં પડે. એટલે આ વિષચક્રનો અંત આવતો જ નથી. માટે પહેલાં તો આ જીવનકાળ દરમ્યાન હવે પછી તે જે-જે ક્રિયમાણ કર્મો કરે તે એવી રીતે કુશળતાપૂર્વક કરે કે કર્મો કદાપિ સંચિત્તમાં જમાં થાય જ નહી. ભવિષ્યમાં નવા દેહના બંધનમાં પડે જ નહીં. આવી કુશળતાપૂર્વક કર્મ કરવું તેનું નામ જ કર્મયોગ. ગીતામાં યોગની વ્યાખ્યા આપી છે કે... યોગ કર્મસુ કૌશલમ.

:: નીચે મુજબના ક્રિયમાણ કર્મો સંચિત્તમાં જમાં થતાં નથી ::

(૧) અબુધ દશામાં કરેલાં કર્મો.
(૨) અભાન અવસ્થામાં કરેલા કર્મો.
(૩) કર્તાપણાના અભિમાન સિવાય કરેલા કર્મો.
(૪) સમષ્ટિના કલ્યાણ માટેના કરેલા કર્મો.
(૫) મનુષ્ય સિવાયની બીજી યોનીમાં થયેલાં કર્મો.
(૬) નિષ્કામ કર્મો.

ઉપરોકત ક્રમ ત્રણ (૩) માં બતાવ્યાં પ્રમાણે કર્તાપણાના અભિમાન સિવાય કર્મ કઈ રીતે કરી શકાય તે જરા સમજી લઈએ.

આ માનવ શરીર કાયા એ જ માયા શકિતથી ઉત્પન્ન થયેલ છે. માયાની ત્રિગુણાત્મક શકિત જેવી કે, જ્ઞાન શકિત (વિષ્ણુ), સર્જન શકિત (બ્રહ્મા), ગતિ શકિત (મહેશ) ધરાવતાં ગુણો જ એકબીજા સાથે વર્તીને પ્રક્રિયા કરતાં હોય છે. (એટલે કે ગુણો જ ગુણો સાથે વર્તી રહેલા હોય છે) એમ તત્વજ્ઞાન વડે પૂરેપૂરૂં સમજીને (અનુભવીને) તેમજ મન-ઈન્દ્રિયો વડે થતી ક્રિયાઓમાં કર્તાભિમાન (કર્તાપણાનું અભિમાન) ન રાખતા દેહ અને ઈન્દ્રિયોથી મુકત થઈ સાક્ષીભાવે બધી ક્રિયા અને પ્રક્રિયાથી મુકત રહીને સર્વ વ્યાપિ, સચ્ચિદાનંદ ઘન પરમાત્મામાં એકાત્મભાવે સ્થિતિ કેળવી લેવી જોઈએ. અને તેમ કરવાં જરૂરી યોગ કે જેને જ્ઞાનયોગ, સાંખ્યયોગ કે સન્યાસ વગેરે નામો આપ્યા છે તેનો સંપૂર્ણ અભ્યાસ કરીને સાક્ષીભાવ કેળવી લેવાથી કર્તાપણાના અભિમાન રહિત કરેલા ક્રિયમાણ કર્મો સંચિત્તમાં જમાં થશે નહીં.

ઉપરોકત કમ છ (૬) નિષ્કામ કર્મો કેમ કરવાં તે પણ સમજી લઈએ. નિષ્કામ કર્મ એટલે પ્રારબ્ધ કર્મ ભોગવતી વખતે જે પુરુષાર્થ કરતા હોય ત્યારે ફળની આશા રાખ્યાં વગર તેમજ આસકિત રહિત થઈને પ્રભુનું છે, પ્રભુની ઈચ્છાથી પ્રભુ જ કરાવે છે તેમાં કર્મ પુરૂં થાય છે કે અધુરૂ રહે, શુભ થાય કે અશુભ થાય તે બધું પ્રભુનું જ છે. એવી સમતાવાળી બુદ્ધિથી નિષ્કામ કર્મયોગી થઈને કર્મ કરવાથી કર્મો સંચિત્ત થતાં નથી. (એવો ભકિતયોગ કેળવવો)

મારું મારામાં કાંઈ નથી, જે કાંઈ છે તે તારું
તારું તને સોંપી દીધું, તો હવે કેમ કહેવાય મારું
જે કાંઈ કરે છે તે, તું જ કરે છે હું કરતો નથી.
અને જો હું કહું કે મે કર્યું, તો તે કહેવાવાળો પણ તું જ છો.

તો આવો નિષ્કામભાવ રાખવો જોઈએ.

:: પ્રારબ્ધ કર્મ તો ભોગવ્યે જ છુટકો ::

જીવનકાળ દરમ્યાન જેટલા પ્રારબ્ધથી કર્મો ભોગવવાના નહીં થયાં હોય તેટલા પૂરેપૂરા ભોગવી લીધા બાદ જ દેહ છુટે. તે પહેલાં નહીં. તેમાંથી કોઈ છટકી શકે નહીં. હાનિ-લાભ, જીવન-મરણ, જસ-અપજસ વગેરે બધું પ્રારબ્ધમાં નકકી થયું હોય તે પ્રમાણે જ બને છે. પ્રારબ્ધ ભોગવવામાં જીવ પરતંત્ર છે. માટે તેની બુદ્ધિ પ્રારબ્ધને અનુસરે છે. જે પ્રકારનું પ્રારબ્ધ ભોગવવું હોય તે પ્રમાણેની બુદ્ધિ સુઝે છે. બુદ્ધિ પ્રારબ્ધ કર્મ ભોગવવામાં પ્રેરણા કરે છે અને મદદગાર થાય છે. ગમે તેવો બુદ્ધિશાળી માણસ હોય, તો પણ પ્રારબ્ધ ભોગવવામાં અવળી બુદ્ધિ વાપરતો દેખાય છે. આપણને નવાઈ લાગે કે આટલો બધો બુદ્ધિશાળી માણસ કોઈથી છેતરાય નહીં, કોઈના ચંગુલમાં આવે નહી અને આમાં કેમ ફસાયો ? પણ તેનું પ્રારબ્ધ કર્મ એવી બુદ્ધિ સુઝાડે કે ઓછી બુદ્ધિવાળો માણસ પણ જે ભૂલ ન કરે એવી બાબતમાં આવો મહાન બુદ્ધિશાળી પણ ફસાય.

ધર્મ અને અધર્મનું ભાન હોવા છતાંય અંતઃકરણમાં પડેલી કામનાઓ અને વાસનાઓ પ્રારબ્ધ ભોગવવામાં બુદ્ધિને અવળી ફેરવી નાંખે છે. હવે, તેનાથી ઉલટું ક્રિયમાણ કર્મ કરવામાં જીવ સ્વતંત્ર હોવાથી તેનું તેવું ક્રિયમાણ કર્મ તેની શુધ્ધ અગર અશુધ્ધ બુદ્ધિને અનુસરે છે. બુદ્ધિ જેટલી શુધ્ધ અને સાત્વિક હોય તેટલું નવું ક્રિયમાણ કર્મ શુધ્ધ અને સાત્વિક બને છે. અનેક જન્મોના સંસ્કારો, વાસનાઓ, તૃષ્ણાઓ વગેરે અંતઃકરણમાં ભરાઈ પડેલા હોય છે. તે જીવ કામનાઓ અને વાસનાઓને વશ થઈ જાય છે. તેની બુદ્ધિ તેને નવા ખોટા ક્રિયમાણ કર્મો કરાવે છે. કે જે ભવિષ્યમાં પ્રારબ્ધ

થઈને સામા આવે છે. પણ જો મનુષ્ય કામનાઓ અને વાસનાઓ ઉપર કાબુ રાખે તો તેની બુધ્ધિ વિશુધ્ધ અને સાત્વિક (પ્રજ્ઞાવાન) બને અને તેને કુકર્મ કરતાં અટકાવે. ધર્મ, ન્યાય, નીતિથી વર્તવામાં મદદ કરે. ટૂંકમાં કહીએ તો પ્રારબ્ધ ભોગવવામાં બુધ્ધિ કર્મને અનુસરે છે. (કર્મ કરવામાં સ્વતંત્ર હોવાથી બુધ્ધિ પ્રમાણે કર્મ થાય છે) પ્રારબ્ધ ભોગવવામાં પ્રારબ્ધકર્મ પ્રમાણે જ બુધ્ધિને વર્તવું પડે છે. (કારણ કે ભોગવવામાં પરતંત્ર છે) અને ક્રિયમાણ કર્મ (નવા કર્મ) માં જેવી બુધ્ધિ તેવું નવું કર્મ થાય છે. (એટલે કે બુધ્ધિ પ્રમાણે થાય છે)

:: પ્રારબ્ધકર્મ ભોગવવામાં ઈશ્વરનું નામ સ્મરણ કે ગુરૂમંત્ર જાપ શી રીતે મદદ કરે છે ? ::

ઈશ્વરનું નામ સ્મરણ, ધ્યાન, ભજન, સમાધિ વગેરે જો યોગ્ય રીતે કરવામાં આવે તો જીવનકાળ દરમ્યાન બિનજરૂરી વેડફાય જતી જીવનઉર્જાનો (ચેતના) બચાવ કરી શકાય. સામાન્ય રીતે મનુષ્યોની જીવન શકિત વિચાર, વાણી અને વર્તન દ્વારા વપરાતી હોય છે. અને તેમાં ૮૦ થી ૯૦ ટકા બિનજરૂરી રીતે વપરાતી હોય છે. એ સમજી શકાય તેવી વાત છે. જેમકે, કુવામાંથી પંપ દ્વારા નીકળતું પાણી જરૂર હોય ત્યાં સુધી જ કુંડીમાં જવા દેવાય, અને જરૂરીયાત ન હોય ત્યારે પંપમાંથી નીકળતા પાણીને પાછું કુવામાં જ ઠાલવવામાં આવે તો પાણીનો ખોટો બગાડ અટકાવી શકાય. અને પાણીની બચત કરી શકાય. એવી જ રીતે પ્રારબ્ધકર્મ ભોગવવા માટે જરૂરી વિચાર, વાણી, વર્તનમાં ચેતના શકિતનો ઉપયોગ કરીને બાકી વેડફાઈ જતી ચેતનાને સૂરતા દ્વારા નામ સ્મરણ કે ધ્યાન ભજન દ્વારા અંતરમુખી કરીને હૃદય કેન્દ્ર એટલે કે અંતઃકરણમાં પાછી વાળવી જોઈએ. આમ કરવાથી શરીરની ઈન્દ્રિયો અને મન નામસ્મરણના અભ્યાસથી શુધ્ધ અને શકિતશાળી બને છે. અને તેમ થવાથી ગમે તેવા કઠીન પ્રારબ્ધ કર્મો હોય તો પણ મન અને ઈન્દ્રિયો વિચાર, વાણી, વર્તન દ્વારા સહજતાથી અને સરળ તાથી ભોગવી લે છે તથા નવા સંચિત્ત કર્મોથી બચાવે છે.

:: સંચિત્ત કર્મોથી કેવી રીતે છુટવું ? ::

જો જીવ ધારે તો આ જીવનકાળ દરમ્યાન જ તમામ સંચિત્ત કર્મોનો નાશ કરી શકે છે. પરંતુ તે ભોગવીને તેનો નાશ કરી શકાય તેમ નથી. તેના માટે એક ઉપાય છે. જેમ દારૂગોળાનો પહાડ જેવડો જથ્થો એક જ દિવાસળી ચાંપી દેવાથી તે સળગીને ભસ્મીભૂત થઈ જાય. તેવી જ રીતે સંચિત્ત કર્મોના જથ્થાને બ્રહ્મઅગ્નિથી (જ્ઞાન અગ્નિ) ભસ્મિભૂત કર્યા સિવાય બીજો કોઈ ઈલાજ નથી. જેમ કર્મયોગ દ્વારા

ક્રિયમાણ કર્મો નિયંત્રિત કરી શકાય અને ભકિતયોગ દ્વારા પ્રારબ્ધ કર્મોને પૂરેપૂરા ભોગવી લેવાય. તેમ જ્ઞાનયોગ દ્વારા અનેક જન્મ-જન્માંતરોના એકઠાં થયેલા સંચિત્ત કર્મો ભસ્મીભૂત કરી શકાય છે. તેમ કરીને કર્મયોગ, ભકિતયોગ અને જ્ઞાનયોગ દ્વારા જીવ તમામ ક્રિયમાણ, પ્રારબ્ધ અને સંચિત્ત કર્મોથી મુકત થઈને આ જીવનકાળને અંતે ચોકકસ મોક્ષ પ્રાપ્ત કરી શકે. ભગવાને ગીતામાં પણ સ્પષ્ટ કહયું છે કે, જેમ અગ્નિમાં નાંખેલા તમામ પ્રકારના જાડા, પાતળા, સુકાયેલા, લીલા, લાંબા, ટુંકા, કઠણ કે પોચા બધાં જ બળીને ખાખ થઈ જાય છે. તેવી જ રીતે જ્ઞાન અગ્નિમાં નાંખેલા તમામ પ્રકારના શુભ અશુભ ક્રિયમાણ, પ્રારબ્ધ તથા સંચિત્ત કર્મો બળીને ભસ્મીભૂત થઈ જાય છે. અને જીવ મોક્ષગતિને પામે છે.

:: જ્ઞાન અગ્નિ કેવી રીતે પ્રગટ થાય ? ::

જીવ પોતાના મૂળ સ્વરૂપને ભૂલી ગયો છે. જીવ બ્રહ્મનો જ અંશ છે. બ્રહ્મ સચ્ચિદાનંદ સ્વરૂપ છે. પરંતુ જીવને તેનું ભાન નથી. તેથી જન્મ-મરણનાં ચક્રમાં ભટકે છે. જીવને પોતાાના મૂળ સ્વરૂપનું યથાર્થ જ્ઞાન થાય તેનું નામ જ જ્ઞાન (અપરોક્ષનું જ્ઞાન) અને એ જ્ઞાનનો સાક્ષાત્કાર થતાની સાથે જ તેના તમામ સંચિત્ત કર્મો બળીને રાખ થઈ જાય છે. પરંતુ જીવને સ્વરૂપનું જ્ઞાન થવું બહુ કઠણ છે. પણ તે તો કોઈ સમર્થ ગુરૂ મળે તો જ તેના બોધ દ્વારા જ્ઞાન-વિજ્ઞાન મેળવીને, તે દ્વારા અનુભવ કરીને પોતાના મૂળ આત્મસ્વરૂપની જાગૃતિ થાય છે. આપણે સૌ જાણીએ છીએ કે, સ્વપ્ન અવસ્થાના સુખ-દુઃખ તે અવસ્થામાં સત્ય ભાસે છે. પરંતુ જાગૃત અવસ્થામાં તે મિથ્યા થઈ જાય છે. તેવી જ રીતે આ જાગૃત અવસ્થાના સુખ-દુઃખ જાગૃત અવસ્થામાં સત્ય લાગે છે. પરંતુ તે બધાં જ્ઞાન અવસ્થામાં મિથ્યા થઈ જાય છે.

તો જ્ઞાન અવસ્થા વિશે ટુંકમાં સમજી લઈએ...

આપણાં શરીરની રચના જોઈએ તો તેમાં સ્થૂળ દેહ, સૂક્ષ્મ દેહ, કારણ દેહ તથા મહાકારણ દેહ એકબીજાની સાથે જોડાયેલા છે.

:: ચાર દેહ ::

સ્થૂળ	સૂક્ષ્મ	કારણ	મહાકારણ
સ્થૂળ શરીર તથા ઈન્દ્રિયો	અંતઃકરણ મન, બુધ્ધિ અહંકાર, ચિત્ત અને પાંચ તનમાત્રાઓ	સંચિત્ત કર્મોના બીજકો, વાસના સંસ્કારો વગરે તૃષ્ણાઓ	ચેતન આત્મા, બ્રહ્મસ્વરૂપ નિર્ગુણ, નિરાકાર શુધ્ધ જ્ઞાનસ્વરૂપ

:: ચાર કેન્દ્ર ::

મૂળાધાર કેન્દ્ર	આજ્ઞા કેન્દ્ર	અનાહત કેન્દ્ર	સહસ્ત્ર કેન્દ્ર

:: ચાર અવસ્થા ::

જાગૃત	સ્વપ્ન	સુષુપ્તિ	તુરીયા-ચોથી જ્ઞાન અવસ્થા

:: ચાર વાણી ::

વેખરીવાણી	વિચારવાણી મધ્યમાવાણી	પશ્ચયંતિ ભાવવાણી	પરાવાણી વેદવાણી

:: મન/જીવની ચાર અવસ્થાના રૂપના નામ ::

ઈન્દ્રિયો સાથે હોય વૈશ્વિકરૂપ	ઈન્દ્રિયોથી પર વિચાર-કલ્પના સ્વપ્ન અવસ્થા તેજસ રૂપ	અજ્ઞાન સ્થિતિ પ્રાજ્ઞેય રૂપ	પ્રજ્ઞા-ઋતંભરા બ્રહ્મરૂપ વ્યાપક સ્વરૂપ શુધ્ધ આત્મા

જયારે બ્રહ્મનિષ્ક સમર્થ ગુરૂના જ્ઞાન વિજ્ઞાનના બોધ પ્રમાણે અંતર્મુખી થઈને ચોથી અવસ્થા (તુરીયા) માં રહીને જો નિયમિત અભ્યાસ કરવામાં આવે તો પોતાના મૂળ સ્વરૂપનો સાક્ષાત્કાર થાય છે. તેથી કરીને વશીકાર વૈરાગ્ય પ્રાપ્ત થાય છે અને દેહાધ્યાસ છુટી જાય છે. ત્યારબાદ વધુ ઊંડાણપૂર્વકનો સમાધિ દ્વારા અભ્યાસ કરતાં બધાં સંચિત્ત કર્મોનો પણ નાશ થાય છે. ત્યારે પર વૈરાગ્ય સ્થિતીને પામીને પરાત્પર બ્રહ્મ, અલખ નિરંજન, પરમાત્મા સાથે એકાત્મભાવ થઈ જાય છે. તે અવસ્થાને તુરીયાતીત, શબ્દાતીત, ભાવાતીત, ગુણાતીત, જ્ઞાનાતીત એવી કુટસ્થ બ્રહ્મદશા કહેવામાં આવે છે. ત્યારે શાશ્વત સુખ, અખંડ આનંદ, પરમ શાંતિ, પૂર્ણ સંતોષ અનુભવાય છે. તેનું વર્ણન થઈ શકે તેમ નથી.

ગીતામાં શ્રીકૃષ્ણએ અર્જુનને નિમિત બનાવીને કર્મયોગ, ભકિતયોગ તથા જ્ઞાનયોગ વિશે બોધ આપે છે અને ત્રણેય યોગનો ત્રિવેણી સંગમ કરીને, મહાયોગ સિધ્ધ કરીને, સત્તાશકિત પામીને, સર્વધર્મ બજાવીને હસ્તિનાપુરનું યુધ્ધ જીતીને પરમગતિને પામવા માટેનો સર્વોતમ જ્ઞાન-વિજ્ઞાનનો બોધ જગતના મુમુક્ષુ સાધકો માટે પણ ખૂબ જ ઉપયોગી છે. જગતના સતશાસ્ત્રોના સારનો સાર તેમાં આવી જાય છે. તેથી સર્વોત્તમ સતશાસ્ત્ર પણ કહેવાય છે.

હવે મૂળ પ્રશ્ન :- મનુષ્ય જીવનમાં સુખ પામીને કર્મ કરવાનું ? કે કર્મ કરીને સુખ પામવાનું ?

બંને પ્રશ્નો ઉત્તમ છે. તેમાં...

પહેલી ભૂમિકાએ કર્મ કરીને સુખ પામવું જરૂરી છે. એટલે કે પ્રારબ્ધ કર્મ ભોગવવા માટે કરવા પડતાં ક્રિયમાણ કર્મો ફળની આશા કે આસકિત રહીત ભકિતભાવપૂર્વક બધું ઈશ્વરનું જ છે, તેની ઈચ્છાથી જ થઈ રહયું છે અને તેના માટે જ થઈ રહયું છે. પોતે તો માત્ર નિમિત્તમાત્ર છે. અને સાથે બુધ્ધિમાં પણ સમતાપણાનો ભાવ એટલે કે કર્મ પુરૂં થાય કે અધુરૂં રહે, સારું થાય કે ખરાબ થાય. તે બધું ઈશ્વરનું છે. હું તો માત્ર તેનો દાસ છું. (કે જેને ઈશ્વર પ્રણાનિધાન કહે છે) આવો નિષ્કામ ભકિતભાવ રાખીને કર્મ કરવા અને સાથે સાથે કર્મયોગ દ્વારા ચિત્તવૃત્તિનો નિરોધ કરીને પોતાના મુળ સ્વરૂપ આત્માનો સાક્ષાત્કાર કરીને પોતાના સ્વરૂપનું કાયમનું સુખ પામી જવું જોઈએ. ત્યારબાદ...

બીજી ભૂમિકાએ પોતાની મૂળ જ્ઞાન અવસ્થા (તુરીયા-ચોથી) પરમ સુખને પામીને તે જ્ઞાનદશામાં રહીને અભ્યાસ (ધ્યાન-સમાધિ) કરીને બધાં સંચિત્ત કર્મોનો નાશ કરીને, પ્રારબ્ધ કર્મો સહજતાથી અને સરળતાથી ભોગવીને, સાક્ષીભાવે રહીને ક્રિયમાણ કર્મો કરવા છતાં બધાં અકર્મ રહે તેમ કરીને સૂક્ષ્મ અહંકારના કર્તાપણાના ભાવથી રહિત થઈને પર વૈરાગ્યને કેળવીને મોક્ષગતિને પામી જવું. એ જ અંતિમ લક્ષ હોવું જોઈએ.

બસ એ જ...
દાસાનુદાસ દિલસુખના
સત રામ રામ, ગુરૂ પ્રણામ
જય ભગવાન
અલખ નિરંજન

::------------:: ॥ ::------------::

પારસના પૂછાયેલા
બે પ્રશ્નોના જવાબ નીચે મુજબ છે.

પ્રશ્ન - ૧ : યોગક્રિયામાં પાળવામાં આવતાં દરેક યમ અને નિયમનાં વિવિધ ઉદ્દેશ્ય શું હોઈ શકે ? શા માટે તે જરૂરી બન્યાં છે ?

જવાબ : જો યોગ સાધવા માટે જરૂરી જ્ઞાન-વૈરાગ્ય ન હોય તો યમ-નિયમ કે વિવિધ ક્રિયાકાંડ દ્વારા મન અને ઈન્દ્રીયો ઉપર જરૂરી કંટ્રોલ મેળવી શકાય છે. અને તેમ કરવાથી મન અને ઈન્દ્રીયો મારફતે વેડફાતી ચેતના શકિતનો બચાવ કરી શકાય છે. અને મન અને ઈન્દ્રીયોમાંથી મલિનતા ઘટતી જાય છે. આમ કાયમ અભ્યાસ કરવાથી મન અને ઈન્દ્રીયોની શુધ્ધતા, સ્થિરતા તથા એકાગ્રતા કેળવાય છે અને બુધ્ધિમાં જ્ઞાન-પ્રકાશનો વધારો થતો જાય છે. તેથી કરીને મન અંતરમુખી થઈને આત્મજ્ઞાન મેળવવા માટે યોગ્યતાને પામે છે. તેવા અંતરમુખી એકાગ્રમનને સૂરતા કહે છે. આમ એ સૂરતા સાધવા માટેના યમ-નિયમ કે ક્રિયાકાંડનો જરૂરી સાધન તરીકે ઉપયોગ કરવાનો હોય છે. કાર્ય પુરૂં થયે તે સાધનો છોડી દેવાના હોય છે.

યમ-નિયમના વિવિધ ઉદેશ્ય

યમ અને નિયમ એ યોગ દર્શનના આઠ અંગોમાના મુખ્ય શરૂઆતના બે ચરણો છે. તો પ્રથમ યોગ વિશે થોડું સમજી લઈએ.

મનુષ્યની બુધ્ધિની સીમાની પેલી બાજુ વિચાર ભૂમિકા કરતાં પણ વધારે ઉચ્ચ ભૂમિકાઓ આવે છે. આધ્યાત્મિક પ્રવૃત્તિની શરૂઆત પણ બુધ્ધિથી ઊંચેની ભૂમિકામાં થાય છે. બુધ્ધિ, વિચાર કે તર્ક એ પ્રદેશને છોડીને આગળ વધીએ ત્યારે જ ઈશ્વર તરફના પહેલે મજલે પહોંચ્યા એમ કહેવાય. અને ખરેખરા જીવનનો એ જ આરંભ છે.

ભારતવર્ષમાં જે જે દર્શન શાસ્ત્રો રચાયા છે તેમનું સર્વેનું લક્ષ બુધ્ધિથી ઉચેના પ્રદેશ તરફ જ છે. ઘણાં યોગી પુરુષો સાહસ કરીને ત્યાં પહોંચ્યા છે. અને ત્યાં તેમને એક અમૂલ્ય તત્વ હાથ લાગ્યું છે. કે જેના વડે આ જગતની વર્તમાન સ્થિતિ અને

તેના કારણોનો યુકિતપૂર્વક ખુલાસો આપી શકાય છે. સા વિદ્યા યા વિમુકતયે... એટલે કે જે વિદ્યા આપણને આ ત્રિગુણાત્મક જગતથી મુકત કરે છે, તે જ ખરેખરી અને મહત્વની વિદ્યા છે. અને તેના વડે જ અવિદ્યાની પેલે પાર જઈ શકાય છે. ધર્મનું વૈજ્ઞાનિક સ્વરૂપ તે બ્રહ્મવિદ્યા કહેવાય. તે યોગથી પ્રાપ્ત થાય છે.

તો યોગ વિશે વિશેષ સંક્ષિપ્તમાં જાણીએ...

ચિત્તને નાના પ્રકારની વૃત્તિ કે જુદા જુદા સ્વરૂપો ધારણ કરતું અટકાવવું એને યોગ કહેવાય. મનની અંદર ચાલતી અનેક પ્રકારની ક્રિયાઓને ચિત્ત કહેવાય છે. અને ચિત્તની અંદર ઉત્પન્નન થતાં તરંગોને (વિચારોને) વૃત્તિ કહેવાય છે.

ચિત્ત હંમેશા પોતાની સ્વાભાવિક નિર્મળતા પ્રાપ્ત કરવા પ્રયત્ન કરે છે. પણ ઈન્દ્રીયો તેને વારંવાર બહારની બાજું ખેચ્યાં કરે છે. આ પ્રવૃત્તિને રોકવી કે ચિત્તના બહાર જવાના વલણને અટકાવી દેવું અને તેને પાછુ વાળીને ચૈતન્ય ઘન (ચેતન - આત્મા) પુરુષ તરફ જવાને પ્રવૃત કરવું એ જ યોગનું પ્રથમ પગલું છે. અને એ રીતે જ ચિત્તને પોતાના મૂળ રસ્તે પાછું વાળી શકાય છે.

ચિત્તવૃત્તિના નિરોધ સ્થિતિમાં દૃષ્ટા કેતાં પુરુષ પોતાના શુદ્ધ સચ્ચિદાનંદ સ્વરૂપમાં સ્થિતિ કેળવે છે. બાકી અન્ય સમયે એટલે કે ચિત્તવૃત્તિનો નિરોધ ન થયો હોય ત્યારે દૃષ્ટાવૃત્તિની સાથે તદાકાર થઈ જાય છે. એ કલેશ યુકત અને કલેશ રહિત પાંચ પ્રકારની વૃત્તિઓ છે. (૧) પ્રણામ જ્ઞાન (૨) વિપર્યય (૩) વિકલ્પ (કલ્પનાઓ) (૪) નિંદ્રા (૫) સ્મૃતિ.

(૧) પ્રમાણ જ્ઞાન : પ્રત્યક્ષ અનુભવ. અનુમાન. જેમ કે ધુમાડો જોવાથી ખ્યાલ આવી જાય કે ત્યાં નીચે અગ્નિનું અનુમાન કરી શકાય. અને અગમ એટલે કે જેના ઊપર વિશ્વાસ મુકી શકાય તેવાં પુરુષના શબ્દો એ ત્રણે યથાર્થ જ્ઞાનના સાધનો છે.

(૨) વિપર્યય : એટલે મિથ્યા અથવા વિપર્યય જ્ઞાન. જે વસ્તુ જેવી હોય તેવી ન જોવી તે. (જેમકે દોરડામાં સાપનો ભ્રમ થવો)

(૩) વિકલ્પ : જે વસ્તુનું અસ્તિત્વ જ ન હોય તેનુ વિચારો કે શબ્દો દ્વારા પ્રતિપાદન થાય એવી વૃત્તિને વિકલ્પ અથવા શબ્દોથી થયેલો ભ્રમ કહે છે. (જેમ કે સ્વપ્નો જોવા, ભૂત-પ્રેતનો ભ્રમ થવો)

(૪) નિંદ્રા : જે વૃત્તિ જાગૃત અને સ્વપ્નની વૃત્તિઓના અભાવના હેતુરૂપ તમસનું અવલંબન કરે છે તે નિંદ્રા કે સુશુપ્ત છે.

(૫) સ્મૃતિ : પૂર્વે અનુભવેલા વિષયોના સંસ્કારના ઉદ્‌ભવ દ્વારા માનસિક જ્ઞાન થવું તેનું નામ સ્મૃતિ.

ઉપરોકત કલેશયુકત વૃત્તિઓ જેમ કે મિથ્યાજ્ઞાન, ખોટી કલ્પનાઓ કે સ્મૃતિઓ દ્વારા મનમાં કલેશો પેદા થાય છે. (૧) અવિદ્યા (૨) અસ્મિતા (૩) રાગ (૪) દ્વેશ (૫) અભિનિવેશ. એમ પાંચ કલેશો દ્વારા મન ચંચળ, અસ્થિર અને અશુદ્ધ થઈ જાય છે. તેના પરિણામે મનમાં વિકારો જેવા કે કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, મસ્તર વગેરે ઉત્પન્ન થાય છે. અને ઈન્દ્રીયોના વિષયો જેવા કે શબ્દ, સ્પર્શ, રૂપ, ગંધ, રસ વગેરેની વાસનામાં વધારો થાય છે. તેથી કરીને મનમાં દુઃખ, અશાંતિ, ઘૃણા, આધિ, વ્યાધિ, ઉપાધિ, ભય વગેરે પેદા થાય છે. અને તે દ્વારા યોગમાં સાધકને વિઘ્નો આવી પડે છે. જેવા કે રોગ, માનસિક જડતા, સંશય, પ્રમાદ, આળસ, વૈરાગ્યની ન્યુનતા, મિથ્યા અનુભવ, એકાગ્રતા ન થવી, એકાગ્રતા પ્રાપ્ત થવા છતાં તેનો ટકાવ ન થવો વગેરે. અને આમ થવાથી મનમાં સતત માયાના વિચારોનો પ્રવાહ ચાલું રહે છે. તેમાનો જે વિચાર પોતાની પાછળ સંસ્કારો મુકતો જાય છે અને એવા સંસ્કારોને કારણે જ ટેવો બંધાય છે. આ પ્રમાણે આપણા તમામ પ્રકારના સંસ્કારોનો સરવાળો એ જ આપણું ચારિત્ર્ય બને છે. દૃષ્યવૃતિઓ નિર્મૂળ કરવાનો એક ઉપાય એ છે કે તેનાથી ઉલટી (વિપરિત) સારી ટેવો પાડવા માંડવી જોઈએ.

નવેસરથી સારી ટેવો પાડવાથી ખરાબ ટેવોનો નાશ થઈ જાય છે. હંમેશા શુભ વિચાર, વાણી-વર્તનનો અભ્યાસ કરવાથી ખરાબ ટેવો કાઢી શકાય છે. ચારિત્રય એ લાંબા સમયની ટેવોનું પરિણામ છે. એ જ પ્રમાણે સારી ટેવોનો અમુક સમય સુધી અભ્યાસ કરવાથી ચારિત્ર્ય બદલી શકાય છે. અને એમ કરવા માટે શુભ વિચારો, ચિંતન, મનન, સતશાસ્ત્રોનું વાંચન, સત્સંગ વગેરે દ્વારા એ જાણવાની કોશિષ કરવી જોઈએ કે હું કોણ છું ? મારે શું કરવું જોઈએ ? જડ અને ચેતન વિષેનું જ્ઞાન પ્રાપ્ત કરીને તેમાં સાર-અસાર વિષેનો વિવેક સમજી લેવો જોઈએ.

આપણી અંદર ચેતન (આત્મા) સિવાયના બધાં સ્થૂળ કે સૂક્ષ્મ પદાર્થો પ્રકૃતિના છે. અને પ્રકૃતિ જડ છે. આપણાં મનનો પણ સમાવેશ પ્રકૃતિમાં જ ગણવો. યોગદર્શન પ્રમાણે એ પ્રકૃતિ મનુષ્યના આત્માની આસપાસ વીંટળાયેલી છે. પ્રકૃતિનું આ આવરણ દૂર થાય ત્યારે જ આત્મા તેના પૂર્ણ પ્રકાશમાં દીપી નિકળે છે. અને પ્રકૃતિથી પૃથક થઈને પોતાના મૂળ ચૈતન્યઘન આત્માને પામીને અવિદ્યાનો કાયમને માટે નાશ કરીને પોતાના પરમપદ કે નિર્વાણપદ અથવા કૈવલ્યપદમાં સ્થિત થાય છે.

આ સ્થિતિ કેળવવા માટે મહાન જ્ઞાનીઓ જેવા કે બુદ્ધ ભગવાન, શંકરાચાર્ય, મહાવીર સ્વામિ, કપિલમુનિ, પતંજલિ ભગવાન, દતાત્રેય ભગવાન, વ્યાસમુનિ વગેરે વગેરે સતધર્મને ધ્યાનમાં રાખીને, સતશાસ્ત્રોની રચના કરીને જીવને કાયમી સુખ મેળવવા માટે અનેક પદ્ધતિઓનું નિર્માણ કરેલું છે. અને તેમાં પાયાના મુખ્ય અંગો યમ-નિયમનો સર્વેએ સ્વીકાર કરેલો છે. તો તે નિયમો શું છે અને તેના આદર્શો તથા હેતુ-લક્ષ શું છે ? તે વિશે આપણે જાણવું ખુબ જરૂરી છે.

યમ : એ મૂળ શબ્દ આત્મ સંયમનો પર્યાય શબ્દ છે. તેમાં અનુશાસન કેળવવા માટેના પાંચ આદર્શોનો સમાવેશ છે. (૧) અહિંસા (૨) સત્ય (૩) અસ્તેય (૪) બ્રહ્મચર્ય (૫) અપરિગ્રહ.

નિયમ : પોતાના સ્થૂળ અને સૂક્ષ્મ શરીરને પાળવાના નિયમો જેવા કે (૧) શૌચ (૨) સંતોષ (૩) તપ (૪) સ્વાધ્યાય (૫) ઈશ્વર પ્રણિધાન ને નિયમ કહેવામાં આવે છે.

હવે પહેલાં તો આપણે એ સમજી લઈએ કે યમ-નિયમના આદર્શોનું પાલન શા માટે કરવું જોઈએ ? તે સમજીએ...

પ્રાણીમાત્ર પોતાની જીવનઉર્જા (ચેતના) આકાશ, વાયુ, પ્રકાશ, પાણી અને ખોરાકમાંથી મેળવે છે. અને તેનો વપરાશ સ્થૂળ શરીરની જ્ઞાનેન્દ્રીયો પોત પોતાના વિષયો ભોગવવા માટે કરે છે. અને સૂક્ષ્મદેહ (અંતઃકરણ) તેમાં રહેલાં ચિત્ત, ચિન્તવન, મનન કરવામાં બુધ્ધિ જ્ઞાન અને નિર્ણયો કરવામાં મન, સંકલ્પ વિકલ્પ કરવામાં ઉપયોગ કરે છે. મનુષ્ય પોતાની જીવનઊર્જાનો માત્ર પાંચ થી દસ ટકા જ સદુપયોગ કરે છે. અને બાકીની શકિત અજ્ઞાનતાને કારણે ખોટા, બિનજરૂરી વિચાર, વાણી, વર્તન દ્વારા વેડફી નાંખે છે. અને અધોગતિને પામીને દુઃખ ભોગવે છે. તો દુઃખોમાંથી મુકિત મેળવવા માટે વેડફાઈ જતી ઊર્જાને પાછી વાળીને ઊર્ધ્વગામી કરીને પોતાના મૂળ સ્વરૂપ તરફ વાળવામાં આવે તો જીવનમાં સુખ, શાંતિ, સંતોષ, આનંદ વર્તાય છે. તો તે સ્થિતિને પામવા માટે યોગ સાધના કરવામાં આવે છે. અને તેમાં સફળતા મેળવવા માટે યમ-નિયમના મહાવ્રતનું યોગ્ય રીતે પાલન કરવું ખૂબ જ જરૂરી છે.

પૂરાણમાં એક રૂપક છે કે જેમાં વિષ્ણુ ભગવાન સદાશિવના દર્શન અને સત્સંગ કરવા માટે ગરૂડ કે હંસ જેવા વાહનનો ઉપયોગ કરીને ઉચે આકાશમાં ઉડાન ભરીને આકાશમાં આવેલા કૈલાસધામમાં પહોંચે છે. અને પોતે આનંદ પામે છે. તથા ધન્યતા અનુભવે છે.

તો રૂપકના સાર પ્રમાણે વિષ્ણુરૂપી મન જે ગરૂડરૂપી અષ્ટાંગ યોગ દ્વારા પોતાના આત્મરૂપ સદાશિવના દર્શન કરીને જીવમાંથી શિવમાં રૂપાંતર થઈને પોતાનું કલ્યાણ કરી શકે છે. જેમ ગરૂડની બંને પાંખો મજબુત, શકિતશાળી હોય તો જ તે ઉડાન ભરીને આકાશગમન કરી શકે છે. તેવી જ રીતે યમ-નિયમના આદર્શોનું યથાર્થ પૂર્ણ રીતે પાલન કરીને, બંને અંગોને મજબુત બનાવીને, શરીરને સ્થિર રાખીને, બંને પ્રાણોને સમાન-સમતોલ કરીને, સુશુષ્ત રહેલી શકિતને જાગૃત કરીને તે શકિત ઉપર મન (સૂરતા) ને સવાર કરીને સૂખમણાના માર્ગે ધારણ-ધ્યાન મારફતે જો ઉર્ધ્વગામી કરવામાં આવે તો જરૂરથી લાંબા અભ્યાસને અંતે સહસ્ત્રદળના કેન્દ્ર સુધી પહોંચીને પોતાના મૂળ સ્વરૂપ આત્માનો સાક્ષાત્કાર કરીને ધન્યતા અનુભવી શકે છે.

તો હવે યમ-નિયમના આદર્શોના પાલન વિશે જાણીએ.

: યમના આદર્શો :

(૧) અહિંસા : ''અહિંસા પરમો ધર્મ'' એમ સર્વ શાસ્ત્રો તથા અનુભવી મહાપુરુષોએ સ્વીકારેલો આદર્શ છે. બધાં જીવોની સાથે સંયમથી વહેવાર રાખવો એ અહિંસા છે. અને તે બધા સુખોની જન્મદાતા છે. સંસારમાં જે કોઈ પ્રાણીઓ છે તેને જાણતા કે અજાણતા ન પોતે મારવા જોઈએ કે ન મરાવવા જોઈએ. તથા જો કોઈ બીજા હિંસા કરતાં હોય તો તેની તરફદારી પણ ન કરવી જોઈએ. અને જો તેમ કરવામાં આવે તો સંસારમાં પોતાના વેરીઓનો વધારો થશે. કોઈપણ જીવને મન, વાણી કે શરીરથી કોઈ પ્રકારનો ત્રાસ ન આપવો જોઈએ. ભય અને વેરવૃત્તિથી પર થયેલાં સંશોધકોએ પણ સંસારમાં મોહ-મમતાથી જીવી રહેલાં બધાં પ્રાણીઓ પ્રત્યે પોતાના આત્મસમાન જાણીને કોઈપણ પ્રકારની હિંસા ન કરવી જોઈએ. કોઈપણ પ્રાણીની હિંસા ન કરે એ જ્ઞાનીનું એક લક્ષણ છે. એ જ અહિંસાના સિદ્ધાંતનું યથાર્થ વિજ્ઞાન છે. આ બોધ જેણે પોતાના આચરણમાં સ્વીકાર્યો એવા બુદ્ધિમાન મનુષ્યો, હિંસાથી ઉત્પન્નન થનારા વેરીઓ અને મહાભયંકર દુઃખોને જાણીને પોતાને પાપ કર્મોથી બચાવે છે. ટૂંકમાં સંસારમાં પ્રત્યેક પ્રાણીઓ પ્રત્યે સમભાવ રાખવો. તથા જીવન પર્યન્ત નાની-મોટી બધી પ્રકારની હિંસાનો ત્યાગ કરવો જોઈએ.

આ સર્વોત્તમ અહિંસક વૃત્તિથી હૃદયમાં સર્વ પ્રાણીઓ પ્રત્યે પ્રેમ પ્રગટ થાય છે. કે જે ગુણ સાધનામાં ખૂબ જ ઉપયોગી થઈ પડે છે. આ આદર્શનું પાલન વિવેકસભર હોવું જોઈએ. જેમકે કોઈ વિકરાળ પ્રાણી બીજા નાના પ્રાણીઓનો સંહાર કરતું હોય ત્યારે નિર્દોષ પ્રાણીઓના રક્ષણ માટે મનુષ્યે સ્વધર્મ સમજીને ત્રાસ આપતા પ્રાણીઓને પાંજરે પુરવા કે તેનો સંહાર કરવો. એ હિંસા થતી અટકાવવા માટે કરવી પડતી હિંસા એ અહિંસા જ ગણી શકાય. કોઈપણ વ્યકિત તેના કુળ, કુટુંબ કે સમાજ તથા દેશ કે વિદેશમાં ત્રાસ ફેલાવતા હોય અને હિંસાત્મક પ્રવૃત્તિ કરતાં હોય કે દુર્ગુણો ફેલાવતા હોય તેઓને પણ યોગ્ય સજા કરવી એ અહિંસા ગણી શકાય.

માનવ સમાજમાં અનૈતિક કાર્યો જેવા કે ચોરી, લુટફાટ કે ખૂન ખરાબા કરનારને પણ યોગ્ય સજા કરવી તે અહિંસા જ ગણાય. ટૂંકમાં પોતાના સમાજના કે રાષ્ટ્રના રક્ષણ માટે કરવી પડતી હિંસા એ અહિંસા જ ગણાય. કાર્ય એક જ હોય, પણ કયારે તે હિંસા અને કયારે તે અહિંસા કહેવાય તેનો વિવેક ખૂબ જ જરૂરી છે. સાધકે પોતાના જીવના રક્ષણ માટે આંતરિક રીતે ત્રાસ આપતા વિષયો, વિકારો, ખરાબ વૃત્તિઓ, કલેશો વગેરે અનેક અવગુણોનો સંહાર કરવો એ કાર્યને સર્વોતમ અહિંસક ગણીને તેનું પાલન જરૂરથી કરવું જોઈએ.

(૨) સત્ય : ''સત્ય એ જ પરમેશ્વર છે'' સત્ય ત્રિકાળા બાધિત કાયમ જેમ છે તેમ જ રહે છે. કોઈપણ જાતનું પરિવર્તન થતું નથી. તેથી તેને પરમેશ્વર (ચેતન તત્વ) કહેવાય છે. સત્ય અને અહિંસા એક સિક્કાના બે પાસા હોય તેમ એકબીજાના પૂરક છે. સત્યનું પાલન કરવા માટે અહિંસાની જરૂર પડે છે અને અહિંસાનું પાલન કરવા માટે સત્યની જરૂર પડે છે. વસ્તુના યથાર્થજ્ઞાનને જ સત્ય કહેવાય. તે જ્ઞાનનો ઉપયોગ શરીરથી કરવામાં આવે તો તે શરીરનું સત્ય કહેવાય. તેનો ઉપયોગ વાણી દ્વારા કરવામાં આવે ત્યારે સત્યવાણી કહેવાય. અને જો મન દ્વારા ઉપયોગ કરવામાં આવે તો મનનું સત્ય કહેવાય. જે-તે સમયે, જેના માટે જે યથાર્થકાર્ય કરવું પડે તે સત્ય છે. અથવા એ કર્તવ્ય જ સત્ય છે. અહિંસા ત્રણે કાળમાં સત્ય છે. એટલા માટે યથાર્થ રીતે યથાર્થ જ્ઞાનથી અહિંસાને માટે જે કાંઈ કરવું પડે તે સત્ય જ છે. જેમકે કોઈ વ્યકિત દ્વેષભાવથી દિલ દુભાવવા માટે આંધળાને તિરસ્કારથી આંધળો કહે તો તે અસત્ય છે. કારણકે કોઈનું દિલ દુભાવવું તે હિંસા છે. અને હિંસા હંમેશા અસત્ય છે. અર્થ, અનુકૂળ વાણી અને મનનો વહેવાર હોવો જોઈએ. અથવા તો જેવું જોયું, જેવું અનુમાન કર્યું કે જેવું સાંભળ્યું હોય તેવું જ વાણીથી બોલવું અને મનમાં તેવી જ ધારણા બાંધવી એ સત્ય છે. પોતની બુધ્ધિ પ્રમાણે બીજી વ્યકિતને સમજવા માટે જે વાણી કહેવામાં આવે તેનાથી કોઈ છેતરાય નહી, ભ્રાંતિમાં પડે નહી અને યથાર્થ રીતે જ્ઞાન કરાવવામાં સમર્થ હોય તે વાણીને સત્ય કહેવાય. જેના વિચાર, વાણી, વર્તન પ્રાણીઓના હિતાર્થે પ્રવૃત રહેતાં હોય તે પ્રવૃત્તિ સત્ય છે.

પણ તેમ કરવાથી બીજા પ્રાણીઓનો નાશ, પીડા કે નુકશાન ન થાય તે ધ્યાનમાં રાખવું જોઈએ. જો સત્ય પ્રવૃત્તિ બીજાને નુકસાન પહોંચાડે તો તેને અસત્ય કહેવાય. એટલા માટે વિચાર, વાણી કે વર્તન સારી રીતે સમજીને પૂરી ચકાસણી કરીને બીજા પ્રાણીઓના હિતાર્થે સત્યનું આચરણ કરવું જોઈએ. માટે હંમેશા બોલો, પ્રિય બોલો, એવું સત્ય ન બોલો કે બીજાને અપ્રિય હોય (ત્યારે મૌન થઈ જવું) અથવા તો સત્યને મીઠાશનો લેપ લગાડીને બોલો. પણ કડવાશથી ભરેલી ભાષામાં ન બોલવું જોઈએ. સાર રૂપે વિચાર, વાણી કે વર્તનથી સત્યનું પાલન હંમેશા વિવેકપૂર્વક થવું જોઈએ. જેવું વિચારીએ એવું જ બોલીએ. અને એ જ પ્રમાણે પોતાના વર્તનમાં હોય ત્યારે તેને સત્ય આચરણ કહેવાય. આમ, સત્યનું પાલન કરવાથી કલેશવૃત્તિઓ, અવિદ્યા આદિને નીવારી શકાય છે.

(૩) અસ્તેય : એ સત્યનું જ રૂપાંતર છે. કોઈપણ ચીજ વસ્તું, જીવીત પ્રાણી કે જડ પદાર્થનું તેના માલિકની પરવાનગી વગર ન પોતે સ્વીકારવું કે ન તો બીજાને એમ કરવા પ્રેરિત કરવા તથા જે કોઈએ એવી રીતે મેળવેલું હોય તેનું સમર્થન પણ ન કરવું. તેને અસ્તેય કહે છે. અને તેનાથી વિપરિત જો કોઈ છુપી રીતે ગ્રહણ કરે, કરાવરાવે કે તે પ્રવૃત્તિને સમર્થન આપે તેને ચોરી કરી કહેવાય. આમ જોઈએ તો જગત દૃષ્ટિએ જીવી રહેલાં બધાં મનુષ્યો નાના-મોટા ચોર જ ગણાય.

કારણ કે જગતમાં જે કાંઈ દૃશ્યમાન થાય છે તે સર્વેનો માલીક પરિબ્રહ્મ પરમાત્મા જ છે. પરંતુ એની પરવાનગી વગર જ મારું-તારું કરીને ભાગ-બટાઈ કરી લે છે તે તો મહાચોર ગણાય. પણ આખરે તો બધાં ચોર જ ગણાય. પણ જો એ ચોરીના ગુન્હામાંથી છુટવું હોય તો તેની પાસે જે કાંઈ છે તે ભગવાનનું સમજીને સારા વહીવટદાર તરીકે નીતિથી પોતાના દાસભાવ તરીકેની સેવા બજાવવી જોઈએ. અને તેમ કરવા માટે જ્યાં જ્યાં હું અને મારું લાગતું હોય ત્યાં ત્યાં તું અને તારું ગણી લેવું જોઈએ. તેથી ખરા રૂપમાં અસ્તેય વ્રતનું પાલન થાય.

કોઈપણ મનુષ્યના ધાર્મિક, સામાજીક કે નાગરિકતાના અધિકારોનું હરણ કરવું તે પણ ચોરી ગણાય. કોઈપણ શકિતશાળી મનુષ્યે નાના માણસનું શોષણ કરવું તે પણ ચોરી ગણાય. વેપારી, રિશ્વતખોર અધિકારી, વકીલ કે ડોકટર વગેરે અન્યાયપૂર્વક, અનુચિત્ત રીતથી ધન, વસ્તું કે અન્ય લાભ ઊઠાવે તો તે પણ ચોરી ગણાય. અસ્તેય આદર્શનું પાલન કરવાથી પાપકર્મોથી બચીને યોગ અભ્યાસમાં આગળ વધવાની લાયકાત કેળવાય છે.

(૪) બ્રહ્મચર્ય : જેની ચિત્તની વૃત્તિ સદાને માટે પ્રકૃતિના વિષયોમાંથી નિવૃત્ત પામીને પોતાના સ્વસ્વરૂપ એવાં બ્રહ્મમાં જ સ્થિતિ પામે અને કાયમને માટે તેની સૂરતા બ્રહ્મનો જ ચારો કરે તે ખરો બ્રહ્મચારી કહેવાય. અને એવા બ્રહ્મચારીઓ જ અધ્યાત્મની ઉચ્ચ ભૂમિકાને પામે છે. માટે સાધકે બ્રહ્મચર્ય વ્રતનું ખૂબજ ખંતપૂર્વક પાલન કરવું જોઈએ.

મનુષ્યમાં શારીરિક, માનસિક, બૌદ્ધિક, સામાજીક કે આધ્યાત્મિક વગેરે શકિતઓ બ્રહ્મચર્યનું પાલન કરવાથી જ પ્રગટ થાય છે. હૃદય પ્રફુલ્લિત રહે છે. માટે પચીસ વર્ષની ઉંમર સુધી તે વ્રતનું પાલન કરીને વિદ્યાભ્સાસ કરવો. ત્યારબાદ ગૃહસ્થાશ્રમમાં પ્રવેશીને શાસ્ત્રાજ્ઞાનુસાર પ્રજોત્પતિ કરવી. તો તેથી બ્રહ્મચર્ય વ્રતનું ખંડન થતું નથી. તે વૃત્તિનું પાલન કરવા માટે કામોત્તેજક પદાર્થનું સેવન ન કરવું. ધર્મપત્નિ સિવાય અન્ય સાથે મર્યાદામાં રહીને વહેવાર કરવો.

સંસારના બધાં દુઃખોનું મૂળ કારણ ભોગની વાસના જ છે. એમ સમજીને સાધકે વિતરાગી રહેવું. આવી રીતે બ્રહ્મચર્યનું પાલન કરીને શારીરિક કે માનસિક દુઃખોથી મુકત થઈને અને જીવનઊર્જાનો બચાવ કરીને ઉર્દ્વગામી કરીને યોગમાં સરળતાથી સિદ્દિધ મેળવી લેવી જોઈએ.

(૫) અપરિગ્રહ : કોઈપણ વસ્તુની સંગ્રહખોરી ન કરવી તે અપરિગ્રહ કહેવાય. કોઈપણ પદાર્થ, ધન, દોલત, માલ-મિલ્કત, પદ-પ્રતિષ્ઠા, કુટુંબ-પરિવાર કે પોતાના શરીર ઉપર પણ માલિકીપણાનો ભાવ નહી રાખતાં બધું પરમાત્માનુ છે, પોતે એક વહીવટદાર થઈને નીતિથી વહીવટ ચલાવવો. કોઈ વસ્તુની સંગ્રહખોરી નહીં કરતાં ઉદારતાથી બીજાને ઉપયોગમાં આવે તે રીતે નિકાલ કરતાં રહેવું. એને અપરિગ્રહ કહેવાય. ઘણા લોકો ગેરસમજથી યોગ સાધવા માટે કુટુંબ-કબીલા, ઘર-બાર છોડીને આશ્રમોમાં કે જંગલમાં ચાલ્યા જાય છે. ત્યાં કોઈપણ જાતની માલિકીપણું રાખ્યા વગર રહે છે અને આશ્રમવાસીઓની સેવા કરે છે. તો તેવી જ રીતે પોતાના પરિવાર સાથે એક સેવાભાવી તરીકે પોતાના ઘરને આશ્રમ સમજીને ગૃહસ્થાશ્રમમાં રહીને પણ પોતાનો આશરા ધર્મ બજાવતાં બજાવતાં યોગ સાધના થઈ શકે છે. એ અનુભવ સિદ્ધ છે. જયારે યોગી બીજાની પાસેથી કંઈ લેવું જ નહીં એવા સંકલ્પનું પાલન કરે છે ત્યારે તેનું મન બીજાઓની અસરમાંથી મુકત થઈ સ્વતંત્ર તથા શુદ્ધ બને છે. ધન, દક્ષિણા કે ભેટ ગ્રહણ કરવાની સાથે જ દાન આપનારના પાપ તેમજ અવગુણોની અસરો પણ આપોઆપ સ્વીકાર થઈ જાય છે. અને મન ઉપર તેના આવરણો બંધાતા જાય છે અને મન તેમાં રુંધાય જાય છે. તેથી પરિગ્રહનો ત્યાગ કરવાથી એ થતું અટકે છે અને મન નિર્મળ રહે છે.

:: નિયમ ::

શૌચ, સંતોષ, તપ, સ્વાધ્યાય અને ઈશ્વર પણિધાન. એ પાંચ આદર્શો નિયમના અંગના છે.

(૧) શૌચ : શૌચ એટલે શુદ્ધતા. સાધકે પોતાના તન-મનને શુદ્ધ રાખવા માટે ખૂબ જ જરૂરી છે. શુદ્ધતાથી હળવાશ રહે છે અને અશુદ્ધતાથી ભારેપણું લાગે છે. સ્વચ્છ વ્યકિત શાંતિ અને સરળતાથી કાર્ય કરી શકે છે. અને અસ્વચ્છ વ્યકિતને કાર્ય કરવામાં ખૂબ જ મહેનત કરવી પડે છે અને તે થાક અનુભવે છે. તેથી ઊર્જાનો વપરાશ વધી જાય છે અને દુઃખ અનુભવે છે. શુદ્ધતા માટે ત્રણ ગુણોને સમજી લેવા જોઈએ. સત્વ, રજસ અને તમસ.

સત્વ એ શુધ્ધતાનો ગુણ છે. રજસ એ ઊર્જાનો ગુણ છે અને તમસ એ અશુધ્ધતા, ભારેપણું કે અજ્ઞાનતાનો ગુણ છે. માટે સાધકે સત્વગુણી ખોરાક જેવાકે દુધ, ફળ, મગ, ચાવલ, રોટી વગેરે શુધ્ધ અને જરૂર પૂરતા જ લેવા જોઈએ કે જેથી કરીને આળસ, પ્રમાદ, કંટાળો, થાક જેવા વિઘ્નો નિવારી શકાય. અને સત્વગુણનો વધારો કરી શકાય. તથા પાણી પણ શુધ્ધ વાપરવું જરૂરી છે. હંમેશા શરીરને નાહી-ધોઈને સ્વચ્છ રાખવું જોઈએ. સ્નાન કર્યા બાદ સાધકે પ્રભુ-પ્રાર્થના, મંત્રજાપ કે ધ્યાન વગેરે કરવાથી મનની શુધ્ધિ થાય છે. તો શૌચનો અર્થ છે ભોજનની શુધ્ધતા, મનની શુધ્ધતા, શરીરની શુધ્ધતા, ઈન્દ્રિયોની શુધ્ધતા. મનુષ્યનો જીવન વહેવાર શરીર, ઈન્દ્રિયો તથા મનથી જ એટલે કે વિચાર, વાણી, વર્તનથી ચાલતો હોય છે. તેથી દરરોજ તેમાં બહારની અશુધ્ધિઓ ભળતી હોય છે. માટે હર હંમેશા શુધ્ધ સાત્વીક ખોરાક, પાણી, સ્નાન, પ્રાર્થના, નામ જાપ, ધ્યાન નિયમિત કરવાથી જીવન સહજ, સરળ, સાત્વિક અને દિવ્ય બની જાય છે. અને હૃદયમાં શાંતિ, આનંદ વર્તાય છે. તે સ્થિતિ સાધકને માટે ખૂબ જ જરૂરી છે. તેથી ટૂંકમાં શરીર અને તેના કાર્યો જેવા કે વિચાર, વાણી, વર્તન શુધ્ધ રાખવાથી સાત્વિક ગુણોનો વધારો થાય છે. કે જેનાથી સાધનામાં વેગ મળે છે.

(૨) સંતોષ : સંતોષ એક વિધાયક અવસ્થા છે. એ અનુભૂતિનો વિષય છે. તેનું વર્ણન લખીને કરવું શકય નથી. એવી અનુભૂતિ થાય કે જે કાંઈ છે તે તેના સ્થાને શ્રેષ્ઠતમ છે. એનાથી વધારે સંભવ નથી. એવી એક ગહન સ્વીકારની સ્થિતિને (અનુભૂતિને) જ સંતોષ કહેવાય છે. અને તે અનુભૂતિ કરવા માટે પોતાના દરેક કર્તવ્યો કોઈપણ જાતના ફળની આશા રાખ્યા વગર, આસકિત રહિત, ઈશ્વર ઈચ્છાથી, તે પોતે જ કરે છે, તે કાર્ય પુરૂં થાય કે અધુરું રહે, સારું થાય કે ખરાબ થાય, કે જે કાંઈ પરિણામ આવે તેમાં સમત્ત્વ બુધ્ધિથી કરે તે નિષ્કામ કર્મયોગી કહેવાય. અને તે સદાય સંતોષી હોય છે. બાકી કોઈપણ જાતની ઈચ્છા કે અપેક્ષાથી કાર્ય કરવામાં આવે ત્યારે તે પ્રમાણે ન થતાં અસંતોષ થાય છે. એટલે સંતોષ એક દૃષ્ટિકોણ છે. કારણ કે એક જ કાર્ય કોઈને સંતોષ આપે છે અને બીજાને અસંતોષ આપે છે.

સંતોષ કે અસંતોષ કાર્યના મૂલ્યાંકન ઉપર આધાર રાખે છે. કોઈપણ કાર્ય કામના કે અપેક્ષાઓ દ્વારા જોવામાં આવે તો સંતોષ નહી થાય. કારણ કે કામનાનો ગુણ છે કે તે મનીવેલની જેમ વધતી જ જાય છે. જેમકે કોઈની પાસે દસ હજાર રૂપિયા છે તો તેની કામના રહેશે કે એક લાખ થાય તો સારૂ. અને તેમ થાય તો કામનામાં પણ વધારો થઈ ગયો હોય છે કે હવે દસ લાખ થાય તો સારૂ એવી ઈચ્છા થાય છે. એમ ઉત્તરોતર કામના વધતી જાય છે. કયારેય સંતોષ થતો નથી. અને તેમ થવાથી યોગ સાધનામાં માયાનું વિઘ્ન આવી જાય છે. આમ, કામના આગળ અને પોતે પાછળ રહીને અસંતોષને પામે છે. અસંતોષ હંમેશા જીવનને નર્કાગાર બનાવી દે છે. જીવનમાં સંતોષ પામ્યા બાદ જ અનાયાસે સાદગી, સહજતા, સરળતા વગેરે ગુણો ઉગી નીકળે છે.

(૩) તપ : શરીર, ઈન્દ્રિયો, મન તથા પ્રાણને ઉચીત રીતથી તથા યોગ્ય અભ્યાસ કરવાની પધ્ધતિને તપ કહેવામાં આવે છે. એમ કરવાથી ઠંડી-ગરમી, ભૂખ-તરસ, સુખ-દુઃખ, હર્ષ-શોક, માન-અપમાન વગેરે દ્વંદ્વો રહિત અવસ્થામાં કોઈપણ જાતના વિક્ષેપ વગર નિરોગી શરીર અને શુધ્ધ અંતઃકરણ મારફતે યોગમાર્ગમાં સરળતાથી પ્રવૃત રહી શકાય છે. તપનો હેતુ ચિત્તની પ્રસન્નતા કેળવવાનો છે. અને કલેશ દૂર કરીને યોગમાં આગળ વધવાનો છે. ચિત્તની અપ્રસંન્નતા યોગમાં વિઘ્નરૂપ થાય છે. જેવી રીતે અગ્નિમાં ધાતુને તપાવવાથી તેનાં મેલનો નાશ થઈને તેમાં સ્વચ્છતા અને ચમક આવી જાય છે. તે જ પ્રમાણે તપની અગ્નિમાં શરીર, ઈન્દ્રિયો, મન વગેરે તમો ગુણી આવરણો જેવા કે શરીરના રોગો, ઈન્દ્રિયોની વિષય વાસનાઓ, મનના કલેશો, બુધ્ધિના વિક્ષેપો કે ચિત્તની વૃત્તિઓ વિગેરે અવગુણોનો નાશ થઈ જાય છે. અને તેમાં સત્વગુણ પ્રકાશી ઉઠે છે. આમ, યોગ માર્ગમાં સફળતા મેળવવાનું ઉત્તમ સાધન છે.

- **શરીરનું તપ :** જરૂર પૂરતું જ સાત્વિક ભોજન લેવું. પોતાના કર્તવ્યનું પાલન નીતિ-નિયમથી કરવું. પણ એ રીતે કરવું કે જેથી વધુ થાક ન લાગે. જેના કારણે આળસ, પ્રમાદ, નિંદ્રા વગેરે યોગ સાધવામાં નડતરરૂપ થાય. રાત્રે સાત કલાકથી વધુ ઊંઘ કરવાથી તમો ગુણનું પ્રમાણ વધે છે. અને ઓછામાં ઓછી પાંચ કલાક તો ઊંઘ કરી જ લેવી. કે જેથી ધ્યાન-ભજન સારી રીતે થઈ શકે.

- **વાણીનું તપ :** વાણીને સંયમમાં રાખવી. એટલે કે માત્ર સત્ય-પ્રિય રાખીને જ બોલવું. તદઉપરાંત અઠવાડિયામાં એકાદ દિવસ મૌન પાળવું તે સાધક માટે ઉત્તમ છે. વાણીનો સંયમ રાખ્યા સિવાય દેખાદેખીએ મૌન પાળવું એ મિથ્યાચાર છે. બિનજરૂરી બોલવાથી જીવનઉર્જા વેડફાઈ જાય છે. કારણ કે વાણીમાં ચેતનઊર્જાનો વધુ વપરાશ થતો હોય છે.

- **મનનું તપ :** મનને સંયમમાં રાખવું એ મનનું તપ છે. ખરાબ ભાવના કે હિંસાત્મક, અપવિત્ર વિચારોને મનમાંથી હટાવીને તેના સ્થાને અહિંસક અને સારી ભાવનાવાળા પવિત્ર વિચારો ધારણ કરવા પ્રયાસ કરવો. આ રીતે દુષ્ટ વિચારો પર વિજય મેળવ્યા બાદ ભવિષ્યની ચિંતાઓ તથા ભૂતકાળની બિનજરૂરી સ્મૃતિઓમાંથી મુકત કરીને મન બધી જ કામનાઓ છોડીને પોતાના નિજ સ્વરૂપ આત્મામાં સ્થિતિને પામે છે. અને આમ થવાથી બુધ્ધિ પ્રકાશવાન થઈને પ્રજ્ઞારૂપે બને છે.

- **ઈન્દ્રિયોનું તપ :** ઈન્દ્રિયોને કંટ્રોલમાં રાખવી એ ઈન્દ્રિયોનું તપ કહેવાય. પાંચ જ્ઞાનેન્દ્રીયો અને પાંચ કર્મેન્દ્રીયોને સાત્વિક અને જરૂરી સિવાયના વિષયોમાંથી મુકત કરીને પોતાના આત્મ સ્વરૂપ પાછી વાળવી એ સાધક માટે ખૂબ જ જરૂરી છે. નહીં તો ઈન્દ્રિયો વિષયો તરફ દોડતી રહે. તેની પાછળ મન દોડે. અને

તેમ થવાથી બુદ્દિધ કંટ્રોલ ગુમાવે છે અને જીવને દુઃખી થાવું પડે છે. તેથી જેણે બધી રીતે સંકેલી વિષયો થકી ઈન્દ્રિયોને નિગ્રહે રાખી તેની બુદ્દિધ પ્રજ્ઞાવાન બને છે. પણ જો ઈન્દ્રિયો અને મનનું ધ્યાન વિષયો તરફ જ રહે તો તેનાથી આસકિત ઉપજે છે.

અને તેમ થવાથી કામનાઓ ઉત્પન્ન થાય છે. કામનાઓ સંતોષાય તો લોભ અને જો ન સંતોષાય તો ક્રોધ ઉત્પન્ન થાય છે. આમ વિકારો ઉત્પન્ન થવાથી ચિત્તવૃત્તિ મુઢ બની જાય છે. તેમ થવાથી પોતાનું ભાન ભૂલાય જાય છે અને બુદ્દિધનો પણ નાશ થાય છે. અને આમ થવાથી પોતાનો સર્વનાશ થાય છે. આમ જીવનમાં તપના વ્રતને ખૂબ જ મહત્વ આપવું જોઈએ.

(૪) સ્વાધ્યાય : સ્વનું (પોતાનું) અધ્યયન કરવું તેને સ્વાધ્યાય કહેવાય છે. હું કોણ છું ? મારું સત્ય સ્વરૂપ શું છે ? મારે શું કરવું જોઈએ ? કાયમી સુખ શાંતિ કેવી રીતે મળે ? મારું હિત કે કલ્યાણ શેમાં છે ? વગેરે પ્રશ્નોનો ઉકેલ મેળવવા માટે શુભ વિચારો કરવા. તેને લગતું જ્ઞાન ધરાવતા સતશાસ્ત્રોનું અધ્યયન કરવું. બ્રહ્મજ્ઞાની એવા અનુભવી સંત પુરુષોનો સમાગમ કરવો અને તેમની સાથે સત્સંગ કરવો. વગેરે શુભ પ્રયાસો દ્વારા પોતાના પ્રશ્નોનું સમાધાન મેળવી લેવું તેને સ્વાધ્યાય પ્રવૃત્તિ કહેવાય. યમ-નિયમના બધાં આદર્શોનું પાલન કરવું તેને પણ સ્વાધ્યાય કહેવાય. યોગમાર્ગમાં પ્રવેશ કરવાની ઈચ્છા ધરાવનાર વાદ-વિવાદ કે તર્ક-વિતર્કની અવસ્થાને ઓળંગી ચૂકેલા અને સત્ય વસ્તુંનો સ્વીકાર કરવાની જીજ્ઞાસા તથા મુમુક્ષભાવ હોવો ખૂબ જ જરૂરી છે. તો જ યોગ પ્રક્રિયામાં આગળ વધી શકાય. માત્ર કુતૂહલપૂર્વક જાણવાથી કોઈ ફાયદો થતો નથી. તેમાં સમય અને શકિત બંને વેડફાય જાય છે.

(૫) ઈશ્વર પ્રણાનિધાન : શરીર, ઈન્દ્રિયો, મન, વાણી દ્વારા થતાં બધા કર્મો પરમાત્માની પ્રકૃતિ દ્વારા જ થાય છે. તેમ સમજી વિચારીને તેનો અનુભવ કરીને કર્તાભાવ (કર્તા અભિમાન) છોડીને, જેનું છે તે ઈશ્વરનુ અર્પણ કરવું તેને ઈશ્વર પ્રણાનિધાન કહેવાય. અને પોતે પોતાના સ્વરૂપમાં રહીને સાક્ષીભાવે અનુભવવું. સાધનામાં યમ-નિયમના આદર્શોનું યોગ્ય રીતે પાલન કરતાં આગળ વધતા યોગીમાં જયારે પ્રજ્ઞાબુદ્દિધ પ્રકાશે ત્યારે તેનામાં અનાયાસે ઈશ્વર પ્રણાનિધાનનો ભાવ પ્રગટ થાય છે. એ કોઈ ક્રિયા કે પ્રયાસનો વિષય નથી. પણ અનુભૂતિનો વિષય છે. અને જયારે યોગી તે ભુમિકાનો ઉચ્ચ કક્ષાએ પહોંચે ત્યારે તેને એવો બુદ્દિધમાં અહેસાસ થાય છે કે...

‘‘મારું મારામાં કાંચ નથી, જે કાંઈ છે તે તારું
તારું તને સોંપી દીધું, તો પછી કેમ લાગે મારું’’
‘‘જે કાંઈ કર્યું તે જ કર્યુ, મેં નથી કર્યું કાંઈ
જો હું કહું કે મેં કર્યું, તો તુ જ હતો મારા માંઈ’’

તો આવી રીતે ખંતપૂર્વક યમ-નિયમને સાધીને બાકી રહેલા આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધારણા, ધ્યાન, સમાધિ ક્રમ મુજબ સાધવામાં સરળતા અને સફળતા મેળવીને દેહ મુકિત તથા વિદેહ મુકિતને મેળવીને પરમપદને, નિર્વાણપદને કે સાસ્વત મોક્ષગતિ પામીને, શુધ્ધ બુધ્ધ અને મુકત એવાં સચ્ચિદાનંદ સ્વરૂપમાં કાયમને માટે રહીએ.

બસ એ જ...
દિલસુખના રામ રામ
જય ભગવાન,   અલખ નિરંજન

::------------:: ॥ ::------------::

પ્રશ્ન - ૨ : શું માત્ર ઔપચારિક રીતે યમ-નિયમનાં થતા આચરણ દ્વારા જ ક્રિયાકાંડો જન્મે છે ? હા. તો તેનું પ્રિવેન્શન કેમ કરવું ?

જવાબ : સાધકનું લક્ષ સાધના દ્વારા પોતાના સ્વરૂપનો સાક્ષાત્કાર કરીને સ્વ-સ્વરૂપમાં સ્થિત થવાનું હોય છે. જો એ લક્ષ ચૂકાય જાય, ને માત્ર ઔપચારિક રીતે જ યમ-નિયમ કે બીજા કર્મકાંડના જરૂરી સાધનોને સાધ્ય તરીકે ગણીને કાયમ ક્રિયા કરતો રહે તો તેનાથી તેના હૃદયમાં ક્ષણિક શાંતિ અને આનંદ વર્તાય છે. અને સમાજમાં પણ તેની વાહ વાહ થાય છે. તેના ધાર્મિકપણાના વખાણ થાય છે. તેથી ક્રિયાકાંડમાં મોહ ઉત્પન્નન થાય છે. માટે ઔપચારિક રીતે પણ કાયમ યમ-નિયમ કે ક્રિયાકાંડમાં ઓતપ્રોત રહે છે. તેમ થવાથી તો ઉલટાનું કર્તાભિમાન વધી જાય છે. આમ બકરું કાઢતા ઊંટ પેસી જાય છે. અને કર્મકાંડમાં જ પોતાનું જીવન પણ બરબાદ કરી બેસે છે. અને કંઈક બીજાઓને પણ દુઃખી કરે છે. આમ થતું અટકાવવું હોય તો તેને પોતાના મુળ લક્ષને યાદ કરીને સિધ્ધ કરવા માટે સતશાસ્ત્રો તથા બ્રહ્મજ્ઞાની, બ્રહ્મનિષ્ઠ, બ્રહ્મવેતા પુરુષનો સંગ કરીને યોગ્ય માર્ગદર્શન મેળવીને સાધનોનો જરૂરી ઉપયોગ કરીને જ્ઞાન વૈરાગ્ય મેળવીને પોતાના સ્વરૂપમાં સ્થિતિ પામવાથી બિનજરૂરી ક્રિયાકાંડમાંથી મુકિત મેળવી શકાય છે.

બસ એ જ...
દિલસુખના રામ રામ
જય ભગવાન
અલખ નિરંજન

::------------:: ॥ ::------------::

વિભાગ - ચાર
અધ્યાત્મ જ્ઞાન-વિજ્ઞાનનું તત્વ ચિંતન

(૧૫) સત-ચિત્ત-આનંદ ને નામ-રૂપના પંચીકૃત વડે થયેલ પ્રપંચરૂપી સંસાર સાગરમાં અધ્યાત્મ વિદ્યાના વિવિધ વિષયોનું પદ્ય વાણીમાં વર્ણન

:: વૃતિ જ્ઞાન ::

દરેક માનવમાત્રમાં, હોય છે જ્ઞાન અજ્ઞાન,
વૃત્તિ તો આ મન તણી, સમજો બંને સમાન.

ચિત્ત તણું સ્ફુરણ એ, વૃત્તિ નામ કહેવાય,
આંતર બાહય નામની, વૃત્તિઓ બે મનાય.

દૃષ્ટિથી જે જે ભાષસુ, વૃત્તિ બહિર મનાય,
મન થકી કલ્પાય તે, અંતર વૃત્તિ ગણાય.

બહિરમુખી અને બીજું, અંતરમુખ બે છે નામ,
આના થકી તો માનવી, કરતા સઘળા કામ.

વૃત્તિ પોતાથી ઉપજે, કરે એથી વહેવાર,
એથી ગણાય એમની, સ્ત્રી જેમ જ સંસાર.

બ્રહ્મા પરાસર વિશે, કલ્પના ખોટી કરાય,
વિવેકથી વિચારતા, સંયમ નહીં જરાય.

પુરાણોની કથા વિશે, અનુમાન જે કરાય,
યથાર્થ એનો જાણયા વિના, સમજ ઉલટી થાય.

જગત કરે વૃત્તિથી, જગતનો વહેવાર,
બ્રહ્માકારા તો વૃત્તિથી, નિસાર થાય સંસાર.

ઈશ્વર ધર્મ એ આપવું, લેવાની વૃત્તિ એ જીવ,
જીવ ઈશ્વર એકે નહીં, વૃત્તિ રહિત છે શિવ.

અન્ય વૃત્તિ ન ઉપજે, આપ આપમાં તલ્લીન,
જ્ઞાની એ જ ગણાય છે, રહે સ્વરૂપમાં લીન.

વૃત્તિ પોતાની પારખી, યોગ્ય કરો વહેવાર,
અવધ સુજ્ઞાજન એ મોહ, પામે નહી સંસાર.

તો આમ પોતે પોતાને ઓળખી, પારખી, નીરખીને પોતાના આત્મસ્વરૂપમાં સ્થિત થઈને આત્મવૃત્તિથી (સૂરતાથી) જ પોતાનું કલ્યાણ કરવું.

::------------:: ।। ::------------::

:: પરિછિન્ન અહમ ::

પરિછિન્ન અહમથી જ, ભૂલાય મૂળ સ્વરૂપ,
અન્ય અહમ ઊભા થતા, રંક બન્યો એ ભૂપ.

હું કોણના અભાન થી, ગુમાવ્યું પોતાનું ભાન,
અજ્ઞાનતાના કારણે, જીવ પશુ સમાન.

દૃશ્યને સત્ય માનતા, દૃશ્યમાં જાય જોડાય,
કરતો રાગ સર્વમા, પરીછિન્ન એથી થાય.

પત્નિને પોતાની માનતા, પતિપણું દ્રઢ થાય,
પુત્ર માનતા આપનો, પિતારૂપ બની જાય.

અહમ બધાં સાપેક્ષ છે, કરો વિચાર વિવેક,
પરીછિન્ન અહમ થતાં, ઉપાધિ થાય અનેક.

બહીર દૃષ્ટિ જેમની, નહી અંતર વિચાર,
એથી જ અહમ આપણો, બનતો રોજ અપાર.

સૂર્ય એક જ હોય છે, કિરણ એના અનેક,
આગીયા કાચે કિરણો, મળતા જ બાળે છેક.

એમ જ અહમ આપણો, બહિર બન્યો અનેક,
સ્વરૂપે જો એ જાય તો, અનેક રહે જ છેક.

સાત્વીક હું ના સાથથી, સ્વરૂપને પમાય,
તામસ રૂપે અહમ થકી, પ્રપંચે રહે ફસાય.

માત્ર એક જ માનવી, અહમનું જાણતો જ્ઞાન,
અન્ય પ્રાણી જ કોઈને, નહીં અહમનું ભાન.

પરીછિન્ન એ અહમ જો, સો હું પદે લીન થાય,
અવધ બ્રહ્મ બનતાં, અવિદ્યા સમુળી જાય.

માટે સૂરતા-શબ્દ (ધારણા-ધ્યાન) ના યોગથી અવિદ્યાનો નાશ કરી બ્રહ્મવિદ્યાને પામીને પોતાના મૂળ આત્મસ્વરૂપનો સાક્ષાત્કાર કરી લેવો.

::------------:: ॥ ::------------::

" ધ્યાન "

વૈજ્ઞાનિક શોધો બધી, ધ્યાનનું જ પરિણામ,
એકાગ્ર મન ચિત્તથી, કાર્ય સફળ તમામ.

ધ્યાનથી વહેવાર છે, થાય છે ધ્યાનથી કામ,
ધ્યાન જો ન હોય તો, બગડે કાર્ય તમામ.

સ્થિર આસને થાય એ, એકાગ્રતા કહેવાય,
એકાગ્રતા કરવા તણો, અહંકાર પણ થાય.

નિંદા અને સ્તુતિઓ, ધ્યાનથી અનુભવાય,
ધ્યાન ત્યાં ન હોય તો, અસર કદી ન થાય.

સમજવા જેવું ધ્યાન છે, કરવાથી નહી થાય,
સ્વરૂપની સમજ એ, સાચું ધ્યાન કહેવાય.

પ્રકાશરૂપ ચૈતન્ય હું, પળ-પળ રહે એ ભાન,
સ્થૂળ સૂક્ષ્મ શરીરનું, ઓગળી જાય અભિમાન.

ધ્યેય રહિત કોઈનું, થાય નહી કદીએ ધ્યાન,
આત્મા ધ્યેય જાણતાં, સતત રહે એ ભાન.

આત્મા શબ્દ કે સંજ્ઞા નહી, છે પોતાનું જ સ્વરૂપ,
એ કદી ભૂલાય નહી, રહો તેમાં જ તદરૂપ.

આત્માના ગુણો તણું, સતત રહે સ્મરણ,
શુદ્ધાત્મા છું એ ખ્યાલનું, થાય નહી વિસ્મરણ.

નામ રૂપ ને સંબંધનું, ધ્યાન રહે નહીં છેક,
વહેવારે રહે છતાં, ધ્યાનનું ધ્યાન જ એક.

ધ્યાન કરતાં ત્રણ થશે, જોઈએ દેશ ને કાળ,
અવધ ગુરૂને આશરે, તુટે બંધન તત્કાળ.

માટે ચિત્તની વિચાર રહિત સ્થિતિનો અનુભવ એ જ આપણો આત્મા સમજવો. અને તે જ હું નો ખરો બોધ છે તેમ બુદ્ધિમાં પાકો નિશ્ચય કરવો. અને પોતાના સ્વરૂપ વિશેનું અખંડ ધ્યાન કેળવી લેવું. તેને પૂર્ણ જાગૃતિ કહેવાય. અને એ જાગૃત અવસ્થામાં જ વિચાર, વાણી, વર્તન કરવા એ જ સાચું ધ્યાન છે.

::------------:: ॥ ::------------::

" પરમતત્વ "

ગુરૂગમ જાણયા વિના, મટે નહીં મનનો ભ્રમ,
સદ્‌ગુરૂના સંગથી, સમજાશે પરબ્રહ્મ.
નામરૂપથી રહિત ને , અકલ્પ અમૂર્ત અનંત,
ઉપજે સર્વ એથી છતાં, આકાશ સમ અસંગ.

જ્ઞાનરૂપે મનમાં રહે, બુદ્‌ધિ એ થાય પ્રકાશ,
દર્શન પામે હૃદયમાં, વાણીમાં મયૂરનો વાસ.
ચેતન રૂપે દેહમાં, કરતો રહીને કામ,
એ વિણ વેવાર નહીં, એથી કાર્ય તમામ.

સ્થાન ભેદ બદલતાં, વિવિધ નામ અનેક,
અવિકારી મૂળ તત્વ એ, જેમનો તેમ જ છેક.

તત્વ આધાર દેહ છે, જે શબ્દ બ્રહ્મ કહેવાય,
પંચ ભૂતો એના થકી, સર્વત્ર એ જ ગણાય.

સૂક્ષ્મરૂપે વિચારમાં, ભાષામાં સ્થૂળ રૂપ,
જીવનકાર્ય એ થકી, છતાંયે અજાણ સ્વરૂપ.
એના થકી ઉપજયાં, બ્રહ્મા, વિષ્ણુ ને મહેશ,
એ ત્રણેય એકત્ર થઈ, કહેવાયા પરમેશ.

દૃષ્ટા દૃશ્ય પોતે બને, દર્શન કરતાં આપ,
મન બુદ્‌ધિ માપે નહીં, મહાતત્વ એ અમાપ.
પર્વત ભૂમિ સમુદ્રમાં, સ્વર્ગ નરક કે પાતાળ,
વ્યાપ્ત છે જડ ચેતને, તેમજ સંખ્યા ને કાળ.

પરમતત્વ ઓળખવા, જપ તપ યોગ ન કોઈ,
સદગુરૂની સહાયથી, અવધ સૂલભ એ હોઈ.

આમ, સદગુરૂના જ્ઞાન-વિજ્ઞાનથી સૂરતા-શબ્દનો યોગ સાધી અનાયાસે જાગૃત થયેલી દિવ્યશકિત (કુંડલીની) બધાં પ્રાણો સાથે સુક્ષમણાના માર્ગે આજ્ઞા કેન્દ્રમાં સૂરતા-શબ્દની સાથે ભળે છે. ત્યારે ત્રણેય શકિતઓ એકરૂપ થાય છે. તેને પરમતત્વ પરમેશ્વર કહેવાય છે.

::-------------:: ॥ ::-------------::

:: ચેતન તત્વ ::

શુધ્ધ ચૈતન્ય અદ્વૈત જે, અભાવે લાગતું એક
સ્થૂળ સૂક્ષ્મ ભૂતો બધાં, પ્રકાશે એથી પ્રત્યેક
માયા ઉપાધી રહિત એ, શુધ્ધ ચૈતન્ય કહેવાય,
વ્યવહાર ભેદ પામતાં, વિવિધ રૂપે જણાય.
વિશિષ્ટ માયા વડે, ચૈતન્ય ઈશ્વર થાય,
વિશ્વના સર્જન બની, સ્વતંત્ર સર્વજ્ઞ મનાય.

અવિદ્યાની ઉપાધિ એ, બનતું ચૈતન્ય જીવ,
પ્રપંચમાં આસકત રહી, ભૂલ્યો સ્વયં પદ શિવ.
અંતઃકરતમાં મૂખ્ય જે, કરતું મન વહેવાર,
ચૈતન્યના સંગ વીના, કાર્ય બને નહીં લગાર.

દૃષ્ટારૂપ સંબંધથી, ચેતન પ્રમાતા ગણાય,
ચૈતન્ય સંબંધ વિણ, જડથી કશું જ ન થાય.
પ્રમાણ પણ એના થકી, તત્વ બીજું નહીં કોઈ,
દૃશ્યને નીહાળવા, ચૈતન્ય તત્વ જ સોઈ.
પ્રમેય સ્વતંત્ર નહીં, ચૈતન્યનો જ છે આધાર,
ત્રિપુટી ીવણ કાર્ય નહીં, બનશે નહી સાકાર.

જોડાતું ચૈતન્ય જયાં, બનતું એ તે તદરૂપ,
અખંડ ચૈતન્ય જ એ, અનેક ધરે છે રૂપ.
તત્વ એકના આધારથી, ભાસતું વિશ્વ મહાન,
જડ ચેતન સર્વમા, વિલસી રહયું સમાન.
ચેતન આત્મા બ્રહ્મ જે, સઘળા નામ કલ્પિત,
અવધ પરમતત્વ તે, દેશ કાળ વસ્તુ રહિત.

નોંધ : જેમ સૂર્ય અને તેની પ્રભાએ તેજ (પ્રકાશ) છે. લોહચુંબક અને તેની પ્રભા ચુંબકીયક્ષેત્ર છે. તેમ ચેતન (આત્મા) તત્વ અને તેની પ્રભા ચૈતન્ય (જ્ઞાનશકિત) છે.

::------------:: ॥ ::------------::

:: આત્મજ્ઞાન ::

જ્ઞાન વિજ્ઞાન અપાર જે, જેમના આધારે એ થાય,
એ જ જ્ઞાન સત્ય માનવું, અન્ય વિદ્યા જ કહેવાય.
વિદ્યા માત્રનો આધાર જે, ચૈતન્ય આત્મા ગણાય,
આત્માના પ્રકાશ વિણ, સ્ફુરણા કદીએ ન થાય.

દેશ કાળ અને પદાર્થના, ધર્મ બંધન નહીં કોઈ,
આ ત્રણેયથી અતીત જે, પરમતત્વ એ જ હોઈ.
જડ તેમજ ચેતન એ, દેશ કાળ ીવણ ન હોઈ,
આત્મા તો વ્યાપક અને, અખંડ અહર્નિશ સોઈ.

ભૂત પદાર્થ દરેકના, વિવિધ ધર્મ જણાય,
ગુણધર્મથી અતીત જે, આત્મા એક જ ગણાય.
વિષય તેમજ શાસ્ત્રોનું જ્ઞાન, જ્ઞાન ન કહેવાય,
શાસ્ત્રો છે એમને જાણવા, વિવેકથી તે જણાય.

જીજ્ઞાસા થાય જો સત્યમાં, પ્રપંચનો થાય અભાવ,
મૂકે મમતા રાગ દ્વેષ, પ્રગટે આત્મામાં ભાવ.
આત્મા શબ્દ માત્રથી, આત્માનું જ્ઞાન ન થાય,
સાકર શબ્દની જાણથી, મીઠાશ નહી પરખાય.
અનુભવ વિણ જ્ઞાન જે, શબ્દથી જ ન સમજાય,
સાકરના સ્વાદ થકી, એની મીઠાશ અનુભવાય.

વ્રત ઉપવાસ કે યોગથી, આત્મા નહીં ઓળખાય,
દૃષ્યમાન આ તો છે જ નહીં, સર્વનો દૃષ્ટા ગણાય.
આત્મતત્વને પામવું, એજ ધર્મ કહેવાય,
આત્મજ્ઞાન વગર તો, અવધ ભૂત સર્જાય.

વેદનું મહાવાકય કહે છે કે ''અયમ આત્મા બ્રહ્મ'' બીજુ છે ''પ્રજ્ઞાનમ બ્રહ્મ''.

જો બુદ્દિધ પ્રજ્ઞાવાન હોય તો તે બુદ્દિધ વડે બ્રહ્મજ્ઞાન થાય છે. આપણો આત્મા એ જ બ્રહ્મતત્વ છે. માટે યોગ-સાધના વડે દિવ્ય પ્રકાશવાળી પ્રજ્ઞાબુદ્દિધ કેળવવી જોઈએ. તો જ એ પ્રજ્ઞાબુદ્દિધથી આત્મજ્ઞાન થાય. અને તેના જ દ્વારા આત્માનુભૂતિ થઈ શકે. આત્મા બુદ્દિધ ગ્રાહય છે.

::------------:: ॥ ::------------::

:: એથી શું ? ::

કરી ભૂતકાળમાં ભૂલો, વર્તમાનને વિચાર્યેથી શું ?
છતાંયે કરતાં હજી ભૂલો, તો અફસોસ કર્યેથી શું ?
અભ્યાસકાળે કરી આળસ, પછીના પ્રયત્નેથી તો શું ?
વિચાર્યું ન ભાવી પોતાનું, પછી ગમગીન થયેથી શું ?

ન જાણ્યા આપના અવગુણો, અન્યના જાણવાથી શું ?
કર્યો વિચાર નહીં નિજનો, કોઈને નિંદવાથી શું ?
જાણ્યું નહીં રૂપ પોતાનું, જગતનું જાણવાથી શું ?
દેખ્યો નહીં ઈશ્વર ચેતનામાં, પ્રતિકો પૂજવાથી શું ?

કથન ચિંતન ઘણું કિધું, આવ્યું પરિણામ એનું શું ?
ઘટી નહીં કામનાઓ તો, ચિંતનજ્ઞાન કામનું શું ?
રાગ દ્વેષો અંતરે રહેલા, ત્યાગ-વૈરાગ્ય જાણ્યે શું ?
રાચતા પંચ વિષયમાં, લુખા એ જ્ઞાનથી તો શું ?

વાપર્યું ન ધન સત્કાર્યે, ફકત સંગ્રહ કર્યેથી શું ?
રાખ્યું કંગાળ જીવન તો, આસુરી એ ધન કામનું શું ?
મંદિર માન્યુ નહિં દેહને, ને અન્ય મંદિરે જવાથી શું ?
ઓળખ્યો ન દેવ પોતામાં, પ્રતિમા પૂજવાથી શું ?

વધ્યો અહમ ભજન-સેવાથી, તો ભકિત એ કામની શું ?
તૃષ્ણા મમતા ટળી નહીં તો, જ્ઞાન-ભકિત કર્યેથી શું ?
કરી ખૂબ દેહની પૂજા, પૂષ્ટ જ દેહને કરવાથી શું ?
ન જાણયો દેહીને તો, માનવ બુદ્ધિ કામની શું ?

શોધ્યું ન અવધ સુખ તો, ક્ષણિક સુખ ભોગથી શું ?
જાણ્યું નહી ગુરૂતત્વ તો, નામરૂપ પૂજવાથી શું ?

ઉપરોકત બધાં પ્રશ્નોનો ઉકેલ (નીવેડો) લાવવા માટે કોઈ અનુભવી સંત મહાત્મા પાસેથી ગુરૂતત્વનો બોધ તથા તેનું જ્ઞાન-વિજ્ઞાન જાણી તેનો યોગ્ય રીતે અભ્યાસ કરીને પોતાના મૂળ સ્વરૂપ શુદ્ધ ચૈતન્ય આત્મામાં સ્થિત થવાથી ઉકેલ આવી જાય છે.

::-------------:: ॥ ::-------------::

:: નામ રૂપ ::

નામ વિણ નહિં જ રૂપ, જાણો એમને માયા રૂપ,
માયા વિશિષ્ટ ઈશ્વર એક, એણે રચ્યાં રૂપ અનેક.
રૂપે રૂપે નામ જ હોઈ, એથી એની ઓળખ સોઈ,
નામ રૂપે બધો વિસ્તાર, તેથી જ બન્યો આ સંસાર.

મારા તારામાં એ પડી, અન્યોન્ય રહયાં લડી,
એનો આવે જ નહી પાર, અંતે થાતા સૌ લાચાર.
નામ રૂપે છે વહેવાર, બધો બનતો એ આધાર,
જડ ચેતન સર્વે કોઈ, નામ રૂપે એ બંને હોઈ.

નામ રૂપમાં પામે મોહ, માનો એ તો મોટો સંમોહ,
માયાજાળે સૌ બંધાય, વિચારે તો છુટી જાય.
રૂપ બધાનો નાશ થાય, નામ પામે ન વિનાશ,
મૂળ બંનેનું જાણે કોઈ, એ જ પરમતત્વ હોઈ.

પંચભૂતે દેહ સંઘાત, એમાં નામની કરી ભ્રાન્ત,
નામ રૂપે ઉપજયો ભેદ, જ્ઞાન અભાવે પામે ખેદ.
નામ રૂપનો ન વિવેક, તેથી ઉપજે દુઃખ અનેક,
આ તો બંને છે કલ્પિત, કરશો નહીં એમાં પ્રીત.

નામ રૂપમાં ભૂલા પડી, ઉપાધી સૌએ ખડી કરી,
નામ રૂપને કરતાં બાદ, ટળશે સૌ વાદ વિવાદ.
પરમતત્વ જે અકળ, બન્યું એથી વિશ્વ સકળ,
નામ રૂપ એનો વાસ, એમ કહે છે ગીતા ખાસ.

શાસ્ત્ર પૂરાણો વાંચે અતિ, અનુભવે ના એક રતિ,
સદગુરૂ જો આપે જ્ઞાન, તો જ અવધ પામે ભાન.

પરમેશ્વરમાંથી પંચીકરણ સત-ચિત્ત-આનંદ, નામ-રૂપ એમ પાંચથી જગત બન્યું. તેમાં સત-ચિત્ત-આનંદ રૂપ આત્મા સત્ય છે. અને અવિનાશી, નિર્ગુણ, નિરાકાર છે. તથા તેનું સ્વરૂપ જ્ઞાન છે. અને નામ ને રૂપ છે. છતાં કાયમ નથી. મિથ્યારૂપે ભાસે છે તેથી અસત્ય છે. માટે બ્રહ્મ સત્ય છે. અને જગત (માયારૂપ ભાસે છે) મીથ્યા છે.

::-------------:: ॥ ::-------------::

:: ભેદ બુધ્ધિ ::

પરસ્પરના ભેદથી, કરતા સૌ વહેવાર,
અંતરે અળગા રહે, પ્રેમ ન થાય લગાર.

‘‘હું’’ ને આગળ રાખીને, વર્તન સૌના થાય,
અહમ તણા એ ભાવથી, સ્વાર્થ છતો થાય.

અહંકાર કપટ જે, આત્માને રાખે દૂર,
પરસ્પર પ્રેમ થકી, એકત્વ થશે જરૂર.

એક જ તત્વે ઉપજે, વ્યષ્ઠિ સમષ્ઠિ બેય,
ભેદ બુધ્ધિ વર્તને, ઓળખાય ન એકેય.

સૌના ગૃહ સંસારમાં, અભેદે થાય વહેવાર,
તો કલેશ ન જ ઉપજે, પામે સુખ સંસાર.

વર્ષા તેમજ સૂર્ય એ, કરે ન જરાય ભેદ,
રણ સમુદ્ર ખેતરે, બજાવે ધર્મ અભેદ.

નદી વૃક્ષ ને સંતો, રાખે ન ભેદ જરાય,
ગણે ન ભૂલ કોઈની, સમભાવથી એ સદાય.

ભેદભાવને દેખતાં, રહેવું તેનાથી દૂર,
વાણી વર્તને ભિન્નતા, માનજો દંભી જરૂર.

રાગ-દ્રેષ જેમાં નહીં, હોય સૌમા સમભાવ,
આત્મજ્ઞાની એ જાણવા, રાખે એનાથી ભાવ.

એક જ આત્મા સર્વમા, ભલે સ્વભાવે ભિન્ન,
વહેવારે ભેદ છતાં, આત્મભાવે તો અભિન્ન.

જીવભાવને જાણતાં, પ્રગટે એકત્વ ભાવ,
આત્મભાવને પામતાં, અવધ ભેદનો અભાવ.

સૌ માં સદ્‌બુધ્ધિ પ્રગટે એ જ ભાવના સાથે...

::------------:: ॥ ::------------::

:: આત્મભાવ ::

અહમ્‌ભાવ જો થાય, ઉપજે તો જ ત્વમભાવ,
આત્મભાવ પ્રગટતાં, બંને ભાવનો અભાવ.

હું થી તું તે ઉપજતાં, વધતો જશે વિસ્તાર,
રજ સમા એ હું વડે, ઉપાધિ વધે અપાર.

હું થી અજ્ઞાન ઉપજે, તું થી જ અહમનો નાશ,
હું - તું ઉપાધી છોડતાં, બાકી તે અવિનાશ.

ઘટ - મઠ ઉપાધિએ, ઘટાદી થાય આકાશ,
બંને ઉપાધિ મૂકતાં, રહેતું એ મહાકાશ.

મોજા અને તરંગ એ, જળના બે રૂપ નામ,
નામ રૂપ રહિત તો, કેવળ જળ તમામ.

સમુદ્ર પણ નામનો, જળ ીવણ નહીં જ એ,
ફીણ - મોજા બુંદ - બુંદો, જળના આધારે જ તે.

પશુ પંખી જીવ બધાં, કીડી કુંજર મહાન,
નામ રૂપે જુદા ભલે, પંચ ભૂતે સૌ સમાન.

નામ રૂપથી દેખાતા, તરત ઉપજે ભેદ,
જીવ ભાવે જુદા છતાં, આત્મભાવે તો અભેદ.

ભેદતણા તો ભાવથી, થાય બધો વહેવાર,
એથી જ તો સંસારમાં, વેર-ઝેર છે અપાર.

આત્મભાવે જીવાય તો, પરસ્પર થાયે ભાવ,
રાગ-દ્વેષ રહે નહી, ઉપજે નહી કુભાવ.

આત્મભાવને પામતાં, ટળે કલેશ તમામ,
પરમાત્માને ઓળખી, અવધ પામે વિશ્રામ.

આપણાં નિજ સ્વરૂપ સચ્ચિદાનંદને પામીને તેમાં સ્થિતિ કેળવીએ એ જ પ્રભુ પ્રાર્થના.

::-------------:: ॥ ::-------------::

:: જ્ઞાન ::

વૃત્તિ રહિત જ્ઞાન જે, અને શૂન્યની પણ સાન,
સત્યમાં એ જાણવું, ઉલટું બધેએ અજ્ઞાન.
જગતમાં જે જે ભાસતું, એમના આકાર ને નામ,
નામ રૂપનું જ્ઞાન એ, કરશે ભ્રાન્તિ જ તમામ.

પંચભૂત ને ત્રિગુણની, સમજણ ભલેને થાય,
પ્રકૃતિનું તો જ્ઞાન એ, બધુંએ અજ્ઞાન ગણાય.
ઉપાસના કર્મકાંડથી, પ્રગટશે પ્રભુમાં પ્રેમ,
યજ્ઞ રૂપ ઉપવાસથી, જ્ઞાન સમજાશે કેમ ?
શાસ્ત્ર શ્રુતિ ઈતિહાસની, વિગતે કરાતી વાત,
યાદશકિત ભલે શ્રેષ્ઠ, એ થાય ચિત્ત નહી શાંત.

ખગોળ ભૂગોળ જાણતાં, નવીન ગણાશે શોધ,
અજ્ઞાન રૂપ એ બધાં, કરશે ઊભા અવરોધ.
ચંદ્ર શુક્રના પ્રવાસથી, કરાશે અંતરાય દૂર,
નામ રૂપ નિહાળતાં, કામનું વિજ્ઞાન જરૂર.

યાંત્રિક બાબતે બધું, ભૌતિક પ્રગતિ ગણાય,
અણુ-વિજાણુની શોધથી, માનવતા હટતી જાય.
શાંતિ માટેના પ્રયાસ આ, પણ કરાવતાં કલેશ,
અજ્ઞાનનું આ જ્ઞાન છે, જ્ઞાન નથી લવ લેશ.

જ્ઞાનનો અહમ થાય તો, એ પણ મોટું અજ્ઞાન,
હું-તું એમને ઓળખી, થવું સ્થિત એ જ્ઞાન.
જ્ઞાનનું પણ જ્ઞાન એ છે, પ્રકાશ સંવિત કે ભાન,
સદગુરૂની કૃપા થકી, મળે અવધને જ્ઞાન.

માટે અનુભવી બ્રહ્મનિષ્ઠ સંત પાસેથી સત્યજ્ઞાન માટેના વિજ્ઞાનનો બોધ મેળવી અને તેમના માર્ગદર્શન પ્રમાણે ખૂબ જ ખંતપૂર્વક મુમુક્ષુભાવે અભ્યાસ કરી, ચિત્તમાં પૂર્ણપણે વૈરાગ્ય કેળવીને બુદ્દિધને દિવ્ય પ્રકાશિત કરવાથી પ્રજ્ઞાવાન બુદ્દિધમાં સત્યજ્ઞાનની પ્રાપ્તિ થાય છે. તે સત્યજ્ઞાનથી અજ્ઞાનનો સંપૂર્ણ નાશ થાય છે.

::------------:: ।। ::------------::

:: માનવ દેહ ::

મોંઘેરા માનવ દેહથી, પમાય અવિચળ ધામ,
સ્થૂળ દેહે સૂક્ષ્મ રહી, થાય છે કાર્ય તમામ.

ઉપજે દેહ સંયોગથી, બને માત-પિતા નિમિત્ત,
ચેતન જીવ ભાવે બની, જીવાત્મા થાય છે ઉદીત.
પાંચ ભૂતના તત્વથી, સ્થૂળ શરીર બંધાય,
પૂર્વ સંચિત્ત સંસ્કારથી, સ્વભાવે એવો જ થાય.

કર્મને સંગના યોગથી, જીવન યોગ્ય ઘડાય,
છ ઉર્મિ ને વિકાર એ, સહુમાં સરખા જણાય.
વિકાર પામતો સર્વદા, નાશ વાન ચેતન હીન,
ઈન્દ્રિયોના વિષયોમાં, બનતો હંમેશા દીન.

સ્થૂળ સૂક્ષ્મ ક્રિયા બધી, વિધ-વિધ દેહથી થાય,
થતી હોય જે ભાવથી, એ સુજ્ઞને સમજાય.
સાપેક્ષને વહેવારમાં, બનતો રૂપ અનેક,
પ્રકૃતિના પ્રપંચમાં, ભૂલતો સ્વરૂપ છેક.

સુખ જગતના પામવા, કરે પરિશ્રમ અપાર,
ઈન્દ્રિય સુખની ઉણપે, બનતો સદા લાચાર.
હું ને મારું સત્ય માનીને, કરે કાયમ વહેવાર,
અસ્થિર આ સંસારનો, કરે કદી ન વિચાર.

ધર્મ-ધ્યાન કરવા છતાં, રહે જ નિત્ય અશાંત,
વિવેકના અભાવથી, વધતી મનની ભ્રાંત.
થવાય મિત્ર આપથી, શત્રુ બનતો પણ આપ,
કલ્પના કરતો સુખની, કયારેક કરતો વિલાપ.

અન્ય પ્રાણી ન ઓળખે, સત્ય કે અસત્ય કોઈ,
સુજ્ઞજન બુદ્ધિ થકી, સમજી શકતો હોઈ.
દેહ જીવ આદિ ભાવને, આધિન થાય ન લેશ,

ભાવ કભાવને જાણતાં, ઉપજે નહીં કલેશ.
સ્ફુરે જે કંઈ અંતરે, વિવેકથી કરો વિચાર,
બનો જો દૃષ્ટા એમનાં, લેવાશે નહીં લગાર.

મન તણી રમતમાં, માનવ બધા અથડાય,
હું-કોણ ના વિચારથી, મનના માલિક થવાય.
નામ રૂપને હું માનીને, કરતો રહે વહેવાર,
રાગ-દ્વેષ રહે રાચતો, ભોગવે દુઃખ અપાર.

શાસ્ત્ર સંતના સંગથી, સત્યમાં થાય અનુરાગ,
તજી રાગ પ્રપંચનો, ઉપજે આત્મામાં રાગ.
દેહભાવ જાય ઓગળી, ટળી જાય જીવ ભાવ,
આત્માની ઓળખ થતાં, છુટે જગતનાં ભાવ.

જ્ઞાન અજ્ઞાન સૂક્ષ્મને, ચોથુ શરીર છે સ્થૂળ,
એક-મેકની સહાયથી, સમજાય માયાનું મૂળ.
ક્ષણિક વિષય સુખની, આસકિત નિર્મૂળ થાય,
સ્વરૂપ પોતાનું ઓળખી, પરમ પદને પમાય.

સુજ્ઞાને સાધન યોગનું, મુરખ ભોગતાં ભોગ,
વિષય સુખના ભોગથી, વધતાં દેહના રોગ.
જ્ઞાન જયોતિ પ્રગટતાં, અજ્ઞાન અંધારું થાય,
ગુરૂ ચરણે અવધનો, અહમ નિર્મુળ થાય.

માટે, ત્રણ ગુણ અને પાંચ તત્વોથી બનેલી પચીસ પ્રકૃતિથી બનેલો માનવદેહ ત્રિગુણાત્મક માયાથી જન્મેલાં બધા ગુણો જ ગુણોમાં વર્તી રહયો છે. એમ સમજીને તેમજ મન, ઈન્દ્રિયો અને શરીર દ્વારા થતી સમસ્ત ક્રિયાઓમાં કર્તાપણાના અભિમાનથી રહિત થઈને સર્વવ્યાપી સચ્ચિદાનંદ પરમાત્મામાં એકાત્મભાવે સ્થિત રહેવાથી જીવનમાં શાશ્વત સુખ, શાંતિ, સંતોષ તથા આનંદને પામીને પોતાનું કલ્યાણ કરવા માટે મનુષ્ય દેહ સર્વોત્તમ સાધન છે. તો તે સાધન વડે યોગ્ય સાધના કરીને આત્મ સિદ્ધિને પામીએ એ જ શુભેચ્છા સાથે...

::------------:: ॥ ::------------::

:: દેહાધ્યાસ ::

ચાહતા હો જો સત્યને, દેહનો કરો વિચાર,
અસત્ય દેહાધ્યાસથી, ઉપાધિ થાય અપાર.

દેહ વિશે વિચારતાં, કાયમી નથી એ છેક,
દેહ શકિતને છોડીને, કરો જીવન વિવેક.
સ્વજન અને સંપત્તિ વિશે, મારાપણાનો ભાવ,
પોતાના મૂળ સ્વરૂપનો, કાયમ રહે અભાવ.
વિકારી વિનાશી અને, દૃશ્યમાન સૌ આકાર,
નાશ થતાં સૌ દેખીયે, એમનો કરો વિચાર.

દેહાધ્યાસના કારણે, સર્જાય સઘળા દુઃખ,
હું ને મારાના ભાવથી, જાગે ભૌતિક ભૂખ.
માયાના પ્રપંચ બધાં, એમનો જ છે વિલાસ,
સત્તારૂપ આત્મા જ છે, પ્રપંચ બધો આભાસ.

અહમના પરિચ્છેદથી, બંધન થાય અનેક,
છુટે અહમ દેહ તણો, તો પાશ છુટે પ્રત્યેક.
ભલે જ જાણો વિશ્વને, પ્રથમ ઓળખે આપ,
ઓળખ થતાં આપની, ટળશે બધાં સંતાપ.

પંચભૂતના પિંડનું, કલ્પિત આપ્યું નામ,
નામના જ અધ્યાસથી, થાય વહેવાર તમામ.
દેહ અધ્યાસના કારણે, રચાયો આપણો સંસાર,
પ્રપંચ તણાં ભોગમાં, ભૂલ્યાં જ સર્જનહાર.

દેહ અધ્યાસને છોડતાં, થાશે ચેતનનું ભાન,
અવધ તત્વ જાણતાં ટળે દેહ અભિમાન.

માટે, સૂરતા-શબ્દના યોગ વડે વશીકરણ, વૈરાગ્ય તથા પર વૈરાગ્ય કેળવીને સ્થૂળદેહ તથા સૂક્ષ્મદેહના અહંકારનો નાશ કરી, કારણદેહમાં રહેલ સંચિત્ત કર્મોને પણ નિષ્ક્રીય કરીને પોતાના શુધ્ધ ચેતન તત્વનો અનુભવ કરવાથી માયાથી ઉપજતાં બધાં પ્રપંચો મારફતે થતાં બધા સંતાપો તથા બધા બંધનો અને દુઃખોનો નાશ થશે.

::------------:: ॥ ::------------::

:: ગુરૂ ::

સુખ સઘડા હોવા છતાં, મન રહે અશાંત,
અજ્ઞાનતાના કારણે, મટે નહી મનની ભ્રાંત.

શાસ્ત્ર કથાના શ્રવણથી, જ્ઞાન અનુમાન થાય,
સદ્‌ગુરૂના સંગ વિણ, અનુભવ એક ન થાય.
જપ તપ કે ધ્યાનથી, બનતું નિર્મળ ચિત્ત,
સદ્‌ગુરૂના શરણ વિના, પામે સત્ય નહીં પંડિત.

ભૌતિક વિદ્યા આપતી, સુલભ અભ્યાસે થાય,
આત્મ વિદ્યા છે આકરી, ગુરૂ થકી જ સમજાય.
સત્સંગના પ્રભાવથી, ટળશે માયાનો ભ્રમ,
ગુરૂના ઉપદેશથી, સત્ય સમજાશે બ્રહ્મ.

વ્યાપક ચેતન બ્રહ્મથી, સમજાતી પૂરી વાત,
વહેવાર સિધ્ધ કરી, બતાવે ગુરૂ સાક્ષાત.
જ્ઞાનરૂપે મનમાં રહે, ઉરમાં દર્શન રૂપ,
બુધ્ધિએ એ જ પ્રકાશીને, તનમાં બને સુખરૂપ.

સરસ્વતી રૂપે વાણીમાં, વસીને શોભાવે સ્થાન,
વાણીના અવિવેકથી, પામે બધે અપમાન.
સપ્ત ભૂમિકા જ્ઞાનની, સમજે પ્રથમ પ્રત્યેક,
સમર્પણ થયાં પછી, અહમ રહે નહીં છેક.

કર્તા ભોકતાના ભારથી, મુકત કરે ગુરૂદેવ,
અહમ મમતા છુટતાં, મોકળો બને તતખેવ.
યત્ન કરતાં આપથી, અવધ જ્ઞાન ન થાય,
ગુરૂ વિણ અજ્ઞાનતા, સમૂળી કદી ન જાય.

આમ, સતશાસ્ત્રોમાં કહેવામાં આવ્યું છે કે ...

ગુરૂ બ્રહ્મા, ગુરૂ વિષ્ણુ, ગુરૂદેવો મહેશ્વરા,
ગુરૂ સાક્ષાત પરિબ્રહ્મ, તસ્મેય શ્રી ગુરૂવે નમઃ.

ત્વમેવ માતા ચ પિતા ત્વમેવ, ત્વમેવ બંધુ ચ સખા ત્વમેવ
ત્વમેવ વિદ્યા દ્રવિણમ ત્વમેવ, ત્વમેવ સર્વ મમ દેવો દેવ

::-------------:: ॥ ::-------------::

: સુખ અને આનંદનો તફાવત ::

અજ્ઞાનતા એ જ દુઃખ, ને સુખરૂપ ગણાય જ્ઞાન,
સ્વરૂપનું ભાન એ જ્ઞાન, માયાનું જ્ઞાન એ અજ્ઞાન.

સુખ મનાયુ વૃત્તિ વડે, વૃત્તિ અભાવે સુખ નાશ,
વૃત્તિ રહિતનું સુખ જે, આનંદ હોય અવિનાશ.
વ્યકિત કે પદાર્થથી, મળતું સુખ કહેવાય,
પ્રતિકુળ બંને છતાં, દુઃખરૂપ એ થઈ જાય.

સુખ અભાવે દુઃખ છે, વિષય રહિત આનંદ,
વિષયજન્ય છે જોડકું, અવધ સચ્ચિદાનંદ.
આત્મભાવથી જીવતાં, આનંદ નિત્ય ભરપૂર,
દેહભાવે જીવાય તો, આનંદ આવે નહીં ઉર.

પ્રવૃત્તિ નિવૃત્તિ બેયમાં, સંપૂર્ણ જાગૃત જે બુદ્ધ,
અવધ આનંદે જીવતાં, જીવન વહેવારે શુદ્ધ.

-: પ્રશ્ન :-

આત્મરૂપ આનંદ એ, ધ્યાન-સમાધિએ થાય,
પણ એકેય સમજાય નહી, મુંજવણ મોટી જણાય.

-: જવાબ :-

પતંજલિના યોગના, અષ્ટાંગે મૂખ્ય છે બે અંગ,
ધ્યાન સમાધિ એમના, જરૂરી ગણાતા અંગ.

સૂરતા રાખી બ્રહ્મમાં, દેહે વહેવારો થાય,
સહેજે કર્મો થતાં રહે, અને લક્ષ મૂળે જાય.
યોગના સાધન આકરા, પ્રજ્ઞા બુદ્દિધએ સહેલ,
આસન કે ન્યાસ વિના, નિવૃત્તિ પ્રવૃત્તિ ખેલ.

ધ્યાન સમાધિ જરૂરના, પણ લક્ષ સુધી હદ,
રહે શબ્દમાં સૂરતા, તો પામે પરમ પદ.
ધ્યાન સમાધિ જુદા, છતાં ક્રિયા માત્ર એક,
કરવું કોનું ધ્યાન એ, મુંજાતા એમા પ્રત્યેક.

ધ્યાન જ્ઞાનની હદ તો લક્ષ સુધી જ હોય.

ઓહમ આદિ મંત્રને, અથવા કોઈ પ્રતિક,
નામરૂપ ધ્યાન એ માયાથી, નહી અધિક.
કથન, શ્રવણ અને મનનને નિદિધ્યાસન,
પરમતત્વ પામવા સુધી જ એ અભ્યાસ.
વ્યષ્ઠિ અને સમષ્ઠિ એ પ્રપંચ માયાનું રૂપ,
પંચીકરણે એ ઓળખી, થાવું નહીં તેમાં તદરૂપ.

રહે સતત જો સૂરતા, બ્રહ્મ લક્ષમાં સેજ,
અવધ પ્રપંચ છુટતાં, પરમતત્વ છે તે જ.

-: પ્રશ્ન :-

પંચીકરણ કયા હેતુથી સમજાવો એની વાત,
મથતા સત્યને પામવા, પણ તત્વોથી અજ્ઞાત.

-: જવાબ :-

પંચીકરણનો હેતુ આ, સંસાર સમુદ્ર સમાન,
વાસ્તવિક જાણવા, જરૂરી તત્વનું જ્ઞાન.
પરમ સતાથી નીપજયાં, સૂક્ષ્મ પંચ મહાભૂત,
સૂર્ય કિરણ સમાન જે, પરમ બ્રહ્મના જે સૂત.

પંચભૂત પ્રકૃતિથી, વિશ્વ સમસ્ત રચાય,
પ્રત્યેક રૂપ આકાર એ, પંચભૂતના ગણાય.
બાહકારો અલગને, જુદા જ રૂપને નામ,
ઉપાંગો જેમ વૃક્ષના, એમ જ દૃશ્ય તમામ.

અજ્ઞાનતાથી દેહને, માન્યો કાયમને સત,
પંચીકરણના જ્ઞાનથી, સમજાશે જીવ જગત.
સ્થૂળ સૂક્ષ્મ ભૂત વિણ, ઉપજે ન વસ્તુ કોઈ,
ચેતન જડ દૃશ્ય સહુ, પંચ ભૂતોથી જ હોઈ.

આપ તેમજ અન્યના, દેહો કેમ સર્જાય,
તત્વોની તો જાણથી, દેહમાં મોહ ન થાય.
તત્વજ્ઞાનના અભાવથી, ઉપજે દ્વેષ ને રાગ,
રહે આસકત અંત સુધી, આવે ન વિવેક વૈરાગ.

મોંઘો માનવદેહ તો, અન્ય દેહથી વિશેષ,
પ્રપંચના તો ભોગમાં, કરતા જીવન શેષ.
પંચીકરણને જાણતા, થશે સ્વરૂપનું ભાન,
સદ્‌ગુરૂના સંગથી, ગયું અવધ અજ્ઞાન.

::------------:: ॥ ::------------::

:: નિષ્ઠા (નિશ્ચયાત્મક બુધ્ધિ) ::

ગુરૂ શિષ્યને કહે છે કે...
કથન આ જે જે કર્યું, કહી સમજણ મુજ,
સ્વતંત્ર બુધ્ધિ વાપરી, કહે જે નિર્ણય તુજ.

ત્યારે શિષ્ય બોલ્યો કે...
કથન સર્વ સાંભળી, આનંદ થયો છે ઉર,
અજ્ઞાનતા મારી ટળી, અંતરે પ્રગટયો નૂર.
તત્વો બધાનું મૂળ જે, બ્રહ્મ જ એક આધાર,
આધાર એ ઓળખવાં, ઉતમ એક વિચાર.

સ્થૂળ સૂક્ષ્મ દેહ નહી, કારણ મહા કારણ,
ચિદાનંદરૂપ આત્મા હું, નહીં જ ભવ ભ્રમણ.
ત્રિગુણી જે માયા બધી, પ્રથમના પંચભૂત,
સ્થૂળ ને સૂક્ષ્મ બધાં, તત્વો એના જ છે સુત.

દેહ રચાયો તત્વથી, ગુણ પણ એની સાથ,
બ્યાંસી તત્વો ભેગા મળી, રચાયો દેહ સંગાથ.
પૃથ્વી જળ આદિ હું, નહી પ્રાણ કે કોષ પ્રત્યેક,
જ્ઞાન કર્મેન્દ્રિયો નહીં, તત્વ ભાગ કોઈ એક.
રાગ-દ્વેષ બંને નહીં, ન મોહ મત્સર્ય ભાવ,
કામ-ક્રોધ મને નહી, સર્વ ભાવનો અભાવ.

જાતિ નીતિ કંઈ નહીં, જન્મ તેમ જ મરણ,
શિષ્ય ગુરૂ એકે નહીં, બંધ કોઈ આવરણ.
નિર્વિકલ્પ નિત્ય અને, આકાર રહિત જ હું,
ચિદાનંદરૂપ તથા જ્ઞાન સંમવિત કેવળ હું.

અજ્ઞાનતા સ્વયં ગઈ, ઓળખાઈ મૂળ રૂપ,
જાણ્યો અવધ એક જે, સર્વત્ર શબ્દ સ્વરૂપ.

માટે, સદગુરૂના જ્ઞાન-વિજ્ઞાન પ્રમાણે અભ્યાસ કરીને તથા સંતો અને સતશાસ્ત્રો દ્વારા સમ્યક જ્ઞાન મેળવીને પોતાના સ્વરૂપનો સાક્ષાત્કાર કરવાથી, બુધ્ધિમાં અનુભવજન્ય જ્ઞાન થવાથી નિષ્ઠાવાળી એટલે કે પ્રજ્ઞાવાન થાય છે. કે જેને નિશ્ચયાત્મક બુધ્ધિ કહે છે.

બસ એ જ...
દિલસુખના સત રામ રામ
જય ભગવાન, અલખ નિરંજન

::-------------:: ॥ ::-------------::

:: બ્રહ્મનિષ્ઠ ગુરૂ ::

ગુરૂ થકી જ્ઞાન ઉપજે, ગુરૂથી આવે વિવેક,
શોક ભય નિર્મૂળ કરી, મટાડે સંશય પ્રત્યેક.
બ્રહ્મ ક્ષેત્રીય પૂરા અને, બ્રહ્મનિષ્ઠ હોય સદાય,
પૂરણ સદગુરૂ જો મળે, ભવપાર તો જ થવાય.

હું કોણ ને ઓળખવા, સદ્‌ગુરૂ કરે સહાય,
પૂરા સદ્‌ગુરૂ ઓળખી, સત્સંગ કરો સદાય.
સદ્‌ગુરૂના પ્રકાશથી, અજ્ઞાન અંધારું જાય,
એવા સંત ચરણમાં, તન-મન-અહમ હોમાય.

સદ્‌ગુરૂ આપે જ્ઞાન ને, લેતાં શિષ્યનું અજ્ઞાન,
ભેદ બુધ્ધિ દૂર કરી, કરતાં આપ સમાન.
સત્ય જેવું જગત આ, એમનું કરાવે ભાન,
જડ-ચેતન તત્વનું, સત્ય જ આપતાં જ્ઞાન.

સત્ય સંસાર માનીને, કરતાં એમાં સદભાવ,
મમત્વ એ દૂર કરી, કરાવે એનો અભાવ.
રાગ-દ્વેષ ને અહમ જે, સહુને કરે હેરાન,
દેહભાવથી કાઢીને, સ્વરૂપની આપે સાન.

ઈશ્વર અને જીવની, કરાવતા ઓળખાણ,
આ બંને છે અપેક્ષાઓ, આપે એમનું પ્રમાણ.
આધિ-વ્યાધિ-ઉપાધિની, ત્રિપુટી આપતી દુઃખ,
ઈલાજ એનો આપીને, સ્વરૂપનું આપતાં સુખ.

બ્રહ્મમાં નિષ્ઠા એમની, કરે બ્રહ્મનો ઉપદેશ,
બ્રહ્મ શ્રોત્રિય સદ્‌ગુરૂ, અવધ બતાવે દેશ.

જયારે ચતુષ સાધન જેવા કે વિવેક, વૈરાગ્ય, ષટ સંપત્તિ અને મુમુક્ષુભાવ કેળવીને બ્રહ્મવિદ્યા માટે યોગ્ય પાત્રતા થતાં સર્વશકિતમાન, સર્વવ્યાપક ઈશ્વરની કૃપા દ્વારા સાધકોનો સદગુરૂ સાથેનો યોગ થઈ જાય છે. અને શ્રવણ, મનન, નિદિધ્યાસન દ્વારા સાધક પોતાના આત્મસ્વરૂપનો અનુભવ કરી જીવનમુકત થઈ જાય છે.

બસ એ જ...
દિલસુખના સત રામ રામ
જય ભગવાન, અલખ નિરંજન

::------------:: ॥ ::------------::

:: સ્વપ્ન સમ સંસાર ::

પંચભૂતનું જગત આ, સ્વપ્ન સમ ગણાય,
આકાર રંગ રૂપ ને, ભીન નામે જણાય.
વિધ વિધ આકાર ને, અવનવા રૂપ રંગ,
નાની મોટી જાણો ઘણી, નહીં જ સરખા રંગ.

દૃશ્યમાન પદાર્થ એ, વિકારી વિનાશી હોય,
કોઈ દીર્ઘ જીવી અને, ક્ષણિક જણાયે કોય.
દીર્ઘ અને ક્ષણિક એ, કલ્પના માત્ર સાપેક્ષ,
વહેવારે સત્ય ભલે, ગણના માત્ર નિરપેક્ષ.

દૃષ્ટા થકી દૃશ્ય બધાં, દૃષ્ટિગોચર થાય,
સ્વપ્ન અનુભવ કહે, કલ્પના માત્ર ગણાય.
સ્વપ્ન દૃષ્ટા પોતે બને, દૃષ્ટા દૃશ્ય વહેવાર,
અલ્પકાળે રચાયને, ઊભો જ થાય સંસાર.

જગત જેવું ભાસતું, રાગ-દ્વેષ પણ થાય,
ક્ષણિક નું હોવા છતાં, દીર્ઘકાળ જણાય.
જાગૃત થતાં દ્રવ્યનો, ન જ અવશેષ હોય,
વિવેકથી વિચારતા, જાગૃત એમ જ હોય.

સ્વપ્ન ને જાગૃત વિશે, અનુભવ છે સરખાં,
જાગતા એ ખોટું ઠરે, સંકેત કેવો મહાન.
જાગ્રત એવું જ પણ, સંત આપતાં પ્રમાણ,
અનુભવી પણ કહે, સમાન જ બંને જાણ.

સ્વપ્નના વહેવારનો, જાગતા થાય અભાવ,
અવધ બંને ઓળખી, ચૈતન્યે કરો સદભાવ.

::------------:: ॥ ::------------::

:: અનાદિ આત્મા ::

પૃથ્વી આદિ પદાર્થ એ, સૂર્ય પ્રકાશે જ દેખાય,
સૂર્યને પણ નિરખવા, સ્વયં આત્મા જ જણાય.
દેહ પર્વત આદિ સ્થૂળ, જે સૂક્ષ્મ પરમાણું મહાન,
સૂર્યની દૃષ્ટીએ બધાં, પ્રકાશ્ય ગણાય સમાન.

મન વાણીમાં જે આવતું, તેને કહેવાય અજ્ઞાન,
મન બુધ્ધિને પ્રકાશતું, ગણવું જ એને જ્ઞાન.
અસ્તિ ભાતિ પ્રિયમાં, ચૈતન્ય જ અધિષ્ઠાન,
આત્માના જ આધારથી, છે સર્વનું પ્રતિષ્ઠાન.
સ્થૂળ સૂક્ષ્મ પદાર્થ કોઈ, હોય એ રજ કે મહાન,
એક સરખો પ્રકાશતો, સૂર્ય સર્વમાં સમાન.

જીવ જંતુ પશુ પક્ષી કે, માનવ શરીર તમામ,
વધ ઘટ જયાં નહીં, આત્મા સૌમાં સમાન.
જ્ઞાન અને કર્મેન્દ્રીયો, કરતી સૌ સૌનું કામ,
આત્મા પ્રકાશે પ્રકાશતી, સ્વતંત્ર નહી તમામ.

માયા જગતને જીવ એ, અનાદિ મનાય પ્રત્યેક,
અપેક્ષાએ એમ માનતા, અધિષ્ઠાન અનાદિ એક.
મન-બુધ્ધિ તો અનાત્મ છે, દૃશ્યથી દૃષ્ટા ન મપાય,
દૃષ્ટા દૃશ્યને પ્રકાશતો, આત્મા અપેક્ષિત ગણાય.

દેશ કાળ ને પ્રકાશમાં, અસ્તિત્વ જેનું હોય,
અનિત્ય અનાત્મ એ ગણો, આત્મા સદા સર્વત્ર સોય.
કથન ચિત્તને આવતું, ગણાય તે માયીક રૂપ,
અવધ એ સાપેક્ષ સદા, આત્મા સ્વયં બ્રહ્મરૂપ.

::-------------:: ।। ::-------------::

:: કુટસ્થ આત્મા ::

અધિષ્ઠાનના અજ્ઞાનથી, માનીએ સત્યરૂપ નામ,
આભુષણો સુવર્ણથી, એમ જ માટીના ઠામ.
કુટસ્થ ચેતન એ જ છે, શરીર સર્વનો આધાર,
માયા પ્રપંચ દૃશ્ય સહુ, જાણો સ્વપ્નનો વહેવાર.

અધિષ્ઠાન મન થકી, સ્વપ્ન પળમાં રચાય,
જાગૃત દશા આવતાં, અધિષ્ઠાન એ સમાય.
જેમ એરણ ઉપરે, ઘાટ બધાય ઘડાય,
હથોડાના પ્રહારથી, ચલિત કદી ન થાય.

એમ કુટસ્થ આત્માને, નહીં જ કોઈ કલેશ,
કર્તા ભોકતા જીવ બને, આત્માને અડે નહીં લેશ.
પાષાણે જેમ પૂતળી, ને પાષાણ ન દેખાય,
એમ જ દેહ આત્માથી, શરીર માત્ર રચાય.

આત્માની સત્તા વડે, ઉપજે નામ ને રૂપ,
અજ્ઞાનતાના કારણે, બને સૌ નામ તદરૂપ.
કુટસ્થની સત્તા થકી, ચેતનવંતા રૂપ નામ,
સ્વયં સતા ન કોઈની, જડ છે દૃશ્ય તમામ.

આત્મરૂપ સુવર્ણ તો, નામ રૂપ અલંકાર,
પ્રવિષ્ઠ છે આ ઘાટમાં, ઘાટથી બને સાકાર.
પ્રપંચ કૃતિ સર્વ એ, અધિષ્ઠાનથી રચાય,
અધિષ્ઠાનને જાણતા, રાગ પ્રપંચે ન થાય.

પરીક્ષેદ્ય એ છે નહીં, સર્વત્ર એ ભરપૂર,
સદ્ગુરૂના શરણથી અવધ આનંદ ઉર.

::------------:: ॥ ::------------::

:: સ્વયં આત્મા ::

તારામંડળમાં ધ્રુવ જે, સદા સ્થિર ને અચલ,
તારા ને ગ્રહો એ સહુ, નહીં જ કોઈ નિશ્ચલ.

ભૂત પ્રપંચ માત્રનો, આધાર આત્મા જ એક,
ભૂતો માત્ર જડ બધા, ભાસે આત્માથી પ્રત્યેક.
રૂપ ને આકાર ીવણ, સમય નહી કે સ્થાન,
સતા નામ જ માત્રથી, સૌ સ્વયં કરે પલાન.

સત્તારૂપ છે આત્મા, એ નિત્ય અને નિરાકાર,
જડ ચેતન સર્વ એ, સૌનો એક આધાર.
પદાર્થ ક્રિયા જ્ઞાન એ, ત્રણેય શકિત ગણાય,
આત્મ વિણ શકિત તે, અશકિતવાન જણાય.

તમ રજ ને સત્વના, પદાર્થ ક્રિયા ને જ્ઞાન,
આત્મતત્વ સ્વયં વિના, એ ત્રણેય છે અભાન.
સર્વમાં વ્યાપક અને, દૃશ્ય આદિથી અતીત,
પ્રપંચના પદાર્થમાં, આત્મા નહી જ પ્રતીત.

મન વાણી ને બુધ્ધિથી, અગમ અગોચર એ,
ઈન્દ્રિયોને પ્રકાશતું, પરમ ચૈતન્ય જ તે.
જીવ અને જગત આ, સત્ય જે વહેવારિક,
ભ્રમણાં સમ જાણતાં, આત્મા જ છે વાસ્તવિક.

અવિદ્યા ને અજ્ઞાનથી, સંસાર સત્ય જણાય,
સ્વયં આત્મપ્રકાશથી, તમને ભ્રમણા જાય.
ચેષ્ટા તન મન તણી, આત્મ વિણ ન થાય,
સ્વયં આત્મા અવધ, તું ગુરૂ થકી સમજાય.

::------------:: ॥ ::------------::

:: સ્વયં સિધ્ધ ::

જળ ભરેલા પાત્રમાં, પડતો સૂર્યનો ભાસ,
ચૈતન્યરૂપ આત્માનો, માયામાં થાય આભાસ.
સૂરજતણા તાપથી, વરાળે વાદળું થાય,
ઉપજ્યું છે એ સૂર્યથી, એનાથી જ એ ઢંકાય.

આત્મ ચૈતન્ય ઉપજે, અવિદ્યા અને અજ્ઞાન,
સર્જકને એ ઢાંકીને, કરાવે પોતાનું ભાન.
જળ ભર્યાં ઘટ આદિમાં, જળ સ્થિર કે ચલિત,
મલિન કે શુધ્ધ જળે, ઘટાકાશ તો અલિપ્ત.

જળની જેમ જ હૃદયે, ચૈતન્ય થાય પ્રતીત,
આકાશ વત અલિપ્ત, તે આત્મા સર્વથી અતીત.
નામ રૂપ જગતનાં, પ્રકાશક દૃષ્ટા રૂપ,
એ આત્માને પ્રકાશવા, અન્ય નથી કોઈ ભૂપ.

ભૂત તથા ભવિષ્યને, વર્તમાન એકે કાળ,
સિધ્ધ એને કરે કદી નહીં, આત્મા સિધ્ધિ એ ત્રિકાળ.
જડ દેહે નિર્દોષ છે, બાધક મોટો અહમ,
એ અહમને મટાડવા, ઓળખવો આત્મ સ્વયં.

પ્રથમ પ્રગટે અહમ, એ પછી આવે ત્વમ મમ,
એ અહમને ત્યાગતા જ, આત્મા જણાયે સ્વયં.
અહમ દુઃખનું મૂળ છે, એથી ઉપજે અનર્થ,
અજ્ઞાન અહમ ટાળવા, આત્મા એક જ સમર્થ.

ઈશ તેમજ જીવ ને, જગત આત્માથી પ્રસિધ્ધ,
અવધ ગુરૂ બોધથી, થશે સ્વયં આત્મા સિધ્ધ.

::------------:: ॥ ::------------::

:: સ્વયં પ્રકાશ ::

દીપકના પ્રકાશથી, અંધકાર ચાલ્યો જાય,
આત્મપ્રકાશ આવતા, અહમ પલાયન થાય.

અહમ વિના કાર્ય નહીં, અહમનો પણ વિવેક,
વિવેકપૂર્ણ અહમથી, આત્મા ઓળખાશે નેક.
જણાય દૃષ્ટાથી સર્વ જે, અનાત્મા જ કહેવાય,
દ્રષ્ટા - દર્શન - દૃષ્યની, ત્રિપુટીએ ન જણાય.

જે વડે પદાર્થો બધાં, જાણી ઓળખી શકાય,
સ્વયં પ્રકાશ એ જાણવો, કોઈનું દૃશ્ય ન થાય.
વૃત્તિના ઉદય અસ્તને, પ્રકાશે અન્ય ન કોઈ,
પદાર્થ માત્રને પ્રકાશતો, સ્વયં પ્રકાશ એ હોઈ.

જાગૃતમાં સ્વપ્ન નહીં, સ્વપ્ને જાગૃત ન હોઈ,
ચારેય અવસ્થા જાણતો, સ્વયં પ્રકાશ એ સોઈ.
નામ રૂપ આકાર ને, મન બુદ્દિધ ચિત્ત અહમ,
ઈન્દ્રિયોને પ્રકાશતુ, સ્વયં પ્રકાશ એ બ્રહ્મ.

આંખ પ્રકાશે અન્યને, તેમજ સૂર્ય મહાન,
પર પ્રકાશી આંખ તો, બિચારી જળ સમાન.
સૂર્ય વિશ્વને પ્રકાશતો, પણ નહીં પ્રકાશી તે,
ચૈતન્યના પ્રકાશથી, પ્રકાશે સૂર્ય પણ એ.

ગગનમાં દેખાય જે, ગ્રહો ને તારા અપાર,
કોઈ સ્વયં પ્રકાશને, કોઈ અન્યને આધાર.
સ્વયં પ્રકાશ બ્રહ્મની, સદગુરૂ આપે જ્ઞાન,
આત્મા આત્માને ઓળખે, એવું અવધને ભાન.

::------------:: ॥ ::------------::

:: ઉપાધિ રહિત આત્મા ::

ઘટ આકાશ ઉપાધિ એ, આકાશ ઉપાધિ વિણ,
અવિદ્યાએ જીવ થયો, આત્મા ઉપાધિ હીન.
ઈશ્વર પણ એમ જ છે, માયા વિશિષ્ઠ ગણાય,
માયા ઉપાધિ છોડતાં, ચૈતન્ય માત્ર જણાય.

સંબંધ કે સત્તા થકી, વ્યકિત બદલે રૂપ,
ઉપાધિ જે તે લાગતાં, બની જાય તે તદરૂપ.
બરફ ને વરાળ એ, જળનો જ છે વિકાર,
ઉપાધિ એ નામો થયા, પણ જળ નિરાકાર.

ઈશ્વર એ જીવ એ, ઉપાધિએ જુદા જાણ,
અવિદ્યા માયા મુકતા, ચેતન આત્મા પ્રમાણ.
વિના ઉપાધિ કોઈના, કરો વિવેક વિચાર,
રૂપ તેમજ નામની, ઉપાધિ એ જ સંસાર.

વિશ્વના વહેવાર સૌ, નામ રૂપથી જ થાય,
ઉપાધિ આ બંને વિના, વહેવાર થંભી જાય.
ઉપાધિ વ્યાધિરૂપ છે, પણ એની સૌને ભૂખ,
પદવી જો કોઈ મળે, તો માનવ માને સુખ.

જુઓ સૌના જીવનમાં, તેમજ ગૃહ સંસાર,
ઉપાધિ એજ ચાલતો, જીવનનો વહેવાર.
ઈશ્વર તથા જીવને, જીવાત્મા પરમાત્મા જે,
ઉપાધિ રહિત એ બધાં, કેવળ બ્રહ્મ જ છે એ.

ઉપાધિ રહિત આત્માનું, વર્ણન કદી ન થાય,
સદ્ગુરૂના શરણથી અવધ પરમપદ પમાય.

::------------:: ॥ ::------------::

:: અસંગ આત્મા ::

દરેક નિશ્ચિત કાર્ય જે, કરે છે ઈન્દ્રિયો તમામ,
આત્માનો એ ધર્મ નહીં, ઈન્દ્રિયોનું છે એ કામ.
ઈન્દ્રિયો થકી દેહનો, થયા કરે વહેવાર,
સારાં-નઠારાં કાર્યથી, આત્માને હાની ન લગાર.

જીવ ઈન્દ્રિયો રોકીને, કરાવે ઈષ્ટનો સંગ,
કર્તા બનતો જીવને, લગાડે વિષયમાં રંગ.
ઈન્દ્રિયો પણ એ બધી, શરીરના એ છે અંગ,
ધર્મ એના બજાવતી, આત્મા સદાય અસંગ.

દૃષ્ટા બનતો એમનો, ડખલ કરે ન જરાય,
સંતજનો એ જાણતાં, ને અજ્ઞાની કર્તા થાય.
શુભ અશુભના ભાવથી, અવધ તો અકળાય,
આત્માને સ્પર્શે નહી, નિસંગ આત્મા સદાય.

આકાશે આંધી ઉજાસ, જે પણ એથી એ અસંગ,
ગરમી ઠંડી કોઈનો, નહીં આકાશને સંગ.
એમ જ હર્ષ-શોક ને, હાનિ લાભ કંઈ થાય,
ભોગવે જીવાત્મા સહુ, આત્મા ઉદાસ સદાય.

લેવું દેવું વેપાર જે, આપ-લે નો વહેવાર,
ધણીને લાભ ખોટ, ને દલાલ એનાથી પાર.
તેમજ દ્વંદ્વો જીવ ને, હરખાય ને પીડાય,
સાક્ષી રહીને દેખતો, અળગો એથી સદાય.

પ્રપંચ દૃષ્ટા બની, કરો બધો વહેવાર,
દૃષ્ટિ અવધ આત્મામા, જાઓ નહી યમ દ્વાર.

::------------:: ॥ ::------------::

:: અધિષ્ઠાન આત્મા ::

જ્ઞાતા જ્ઞેય એક જ છે, ઉપાધિ એ જુદા જણાય,
જ્ઞાનરૂપી આત્મા થકી, ત્રણે એક સમજાય.
પાંચ અંશો છે સર્વના, મુખ્ય છે નામ ને રૂપ,
કલ્પિત બે આ ત્યાગતા, બાકીના માનો સ્વરૂપ.

આત્મામાં ત્રિપુટી નહીં, ત્રિપુટી વિણ નહીં કામ,
આત્માના અધિષ્ઠાનથી, જીવ જગત તમામ.
અધિષ્ઠાન રજુ થકી, સર્પનો થાય છે ભાસ,
સર્પના આભાસ થકી, રજુનો થાય છે નાશ.

ઘડો ગોળા ને તાવડી, વિવિધ રૂપ અનેક,
માટીના જ આધારથી, ઉપજયાં એ પ્રત્યેક.
તરંગ મોજા ફીણનો, હોય છે જળ આધાર,
એમ આત્માના આધારથી, ઉપજયો છે સંસાર.

અધિષ્ઠાન સુવર્ણ થકી, અલંકાર બધાં સર્જાય,
અલંકારના ભાસથી, સુવર્ણ મટી ન જાય.
નામ રૂપ અલંકારના, જાણતા અજ્ઞાની સત્ય,
નાના મોટા રૂપો બધાં, જણાય અજ્ઞાનીને સત્ય.

જ્ઞાનીઓ અધિષ્ઠાનથી, અજાણ નહી જરાય,
અધિષ્ઠાન વિના કદી, કંઈ પ્રતીત નહીં થાય.
સંત જ્ઞાની જ જાણતાં, આત્મા છે સદા અતીત,
પણ અજ્ઞાની આંધળાને, ભાસે છે જગત કલ્પિત.

અધિષ્ઠાનથી કલ્પાય છે, નામ રૂપ જે અનેક,
કલ્પિત આ જગતનું, અવધ અધિષ્ઠાન એક.

::------------:: ॥ ::------------::

:: કલ્પિત જગત ::

સ્વપ્ન સૃષ્ટિ વિચારતાં, આશ્ચર્યજનક જણાય,
સાધન વસ્તુ એકેય નહી, કલ્પનામાત્રથી રચાય.
એમ જ જાણવું વિશ્વનું, કલ્પના બ્રહ્મની ગણાય,
પદાર્થો ને સાધન વિના, સમુદ્ર ભૂમિ નભ રચાય.

માનવતણા જગતમાં, કાર્યથી રચના જણાય,
કરતા સાધન વસ્તુને, ક્રિયા દૈવ પંચથી થાય.
સંયોગ અને બીજ થકી, પાણી અને વૃક્ષ આદિ થાય,
બ્રહ્મતણાં સર્જન વિશે, કારણ કાર્ય ન જરાય.

સ્વપ્ન માત્ર ભાસમાન છે, જાગૃતે નિર્ણય થાય,
જગત એવું જ જાણવું, જ્ઞાન થયે જ સમજાય.
મનતણી સ્ફુરણા વડે, ઉંઘમાં સ્વપ્ન રચાય,
સ્ફુરણ એનું બંધ થતાં, સ્વપ્ન સૃષ્ટિમાં જ સમાય.

સક્રિય બ્રહ્મ સ્ફુરણે, વિશ્વ સઘળું રચાય,
સ્વપ્નો ક્ષણિકનું જ, વિશ્વ વિશિષ્ટ જણાય.
સ્વપ્ન કોઈના એક નહીં, વિશ્વ સૌને સમ દેખાય,
વ્યક્તિ ને વિરાટ એ, કલ્પિત માત્ર ગણાય.

બંને સ્વપ્ન કલ્પિત છે, ભાસમાન માત્ર જણાય,
જીવ ઈશ્વર સાચા માનતા, વહેવારે સત્ય મનાય.
કોઈક આપણાં ઉપરે, કલ્પે પહાડનો જો બોજ,
ભાર એમનો જો કલ્પીશું, તો ગણાય પોતે રોજ.

અજાત વાદ વિચારતાં, વિશ્વ કલ્પિત ગણાય,
અવધ આત્મભાવ થતાં, જીવન બંધન છુટાય.

::------------:: ।। ::------------::

:: અનિત્ય જગત ::

અહંકારના એક ત્યાગથી, દૂર થાય છે દેહભાવ,
જીવભાવને જાણતાં, ઉપજે આત્મભાવ.
અહંકાર માત્ર એકથી, ઉપજે સુખ-દુઃખ ભાવ,
જીવ (ચેતન) ભાવથી, જીવતા ટળશે ભાવ-અભાવ.

બંધન થાય છે ભાવથી, અભાવે મુક્ત થવાય,
દેહભાવના કારણે, અહમભાવ ઉભો થાય.
વાસના માત્ર અહમ થકી, વાસના ભૂલાવે ભાન,
વાસનાનું મૂળ શોધતાં, અહમરૂપે છે અજ્ઞાન.

કામના કારણે ઉપજે, મોહ લોભ તેમજ ક્રોધ,
આંખ કાન તેના દ્વાર છે, કરવો જોઈએ નિરોધ.
બહીર દૃષ્ટિના કારણે, વિકારો ઉપજે અનેક,
અણસમજ અજ્ઞાનથી, ગ્રહણ કરે છે પ્રત્યેક.

આંતર દૃષ્ટિ થાય તો, જણાય જગતનું રૂપ,
હું અને જગત વિચારતાં, સમજાશે બંને સ્વરૂપ.
બાહ્યરૂપો ઓળખતાં, જણાશે અનિત્ય કલ્પિત,
રાગ એમાં થશે નહીં, કેમકે માયા સર્જીત.

માયા તો કલ્પિત ને, અનિત્ય વિનાશી હોય,
અજ્ઞાની એમાં રાચતા, રાગ કરે ન જ્ઞાની કોય.
વિનાશી અનિત્ય હોય જે, કરાવે સુખ આભાસ,
આભાસી સુખ અલ્પના, જ્ઞાની બને નહી દાસ.

સુખ-દુઃખ એ જગતનાં, બંને ય સમજો કલ્પિત,
અવધ સુખ સૌ અસત ને, જગત માયા સર્જીત.

::------------:: ।। ::------------::

:: અભેદ આત્મા ::

નામ રૂપના ભેદથી, સત્ય મનાય સંસાર,
બાદ કરતાં બેયને, દેખાઈ સર્જનહાર.
ઘટ આદિ પદાર્થ જે, નામ રૂપે ઓળખાય,
મૃતિકા બુદ્દિધ નિર્ણયે, કેવળ માટી જણાય.

નાશ કરવા રૂપનો, ચૂર્ણ એનું ન કરાય,
અધિષ્ઠાન એનું જાણતા, ઘટનો વિલય થાય.
પ્રપંચ દૃશ્યો બધાં, આત્માને જ આધાર,
ભેદ દૃષ્ટિથી ભાસતું, પણ એ બધું અસાર.

સંસાર ચાહ છુટતાં, આત્મ ચાહના થાય,
દેખાતું જગત બધું, એક રસ થઈ જાય.
દૃશ્યમાનને પ્રીતિ કરે, અવિચારી એ ગણાય,
મૂળ સ્વરૂપે માનતા, વિવેકી એ કહેવાય.

ભેદ બધાયે નામનો, તેમજ રૂપથી ભેદ,
સંસારીને વહેવારોમાં, એથી ઉપજતો ખેદ.
વાણી દૃષ્ટિમાં આવતું, ગણાય માયાનું રૂપ,
મન વાણી દૃષ્ટિ રહિત, એ ગણવું ગોવિંદ રૂપ.

જડ જડના ભેદ એ, જડ ચેતનના ભેદ,
પણ જડનું કારણ ચેતન, એ તો છે અભેદ.
વૃત્તિ ક્રિયાના ભેદથી, ગોટાળા થાય અનેક,
જ્ઞાનમાં પણ ભેદથી, ગુંચવાયા જ્ઞાની છેક.

અભેદ આત્મા પામવાં, સત્સંગ થાય સહાય,
અવધ પદ આત્માનું, ગુરૂ વિણ ન પમાય.

::------------:: ॥ ::------------::

:: મનની મલિનતા ::

અગ્નિના સંયોગથી, કાષ્ટ કોલસા થાય,
કાળાશ એ કોલસા તણી, સાબુ કે દુધથી ન જાય.
કાળાશ એની કાઢવા, અગ્નિ જ સાધન એક,
જેના વડે કાળાશ એ, એ જ ઉપાય છે છેક.

ચિત્ત-મનની મલિનતા, આત્માના વિયોગે થાય,
મલિનતા જે એમની, જપે-તપે નહીં જાય.
આત્મ વિચાર વિવેકથી, એ મલિનતા થશે દૂર,
મન-ચિત્ત શુધ્ધ બની, અજ્ઞાનતા જશે જરૂર.

મન-બુધ્ધિતો દૃશ્ય છે, દૃષ્ટા એથી છે અલિપ્ત,
આત્મ દૃષ્ટા તો સ્વયં છે, દૃશ્ય પદાર્થ છે કલ્પિત.
આત્મ થકી મન-બુધ્ધિ છે, આત્મ વિણ જડ ગણાય,
વિષય સાથે રાચતાં, મલિન એ થઈ જાય.

દૃશ્ય રૂપના વિષય જે, તેમાં થાય મન તલ્લીન,
દૃષ્ટા પોતે સ્વયં ભૂલીને, દૃશ્યને થાય આધિન.
સાપેક્ષ છે એ દૃશ્ય થકી, મન દૃષ્ટારૂપ મનાય,
આત્માના જ આધારથી, સ્ફુરણા કરતું જણાય.

સત્વ ગુણે મન થયું, એથી જ જ્ઞાનનું સ્થાન,
વાસનાનાં સંગ થકી, જીવરૂપ થયું અજ્ઞાન.
મૂળ મનનું વિચારીને, શોધવો એમનો ઉપાય,
અવધ આત્માને જાણતાં, મન સમૂળું જાય.

પંચ વિષયના ભોગમાં, બન્યું છે મન મલિન,
આત્મ તત્વને જાણતાં, પ્રપંચ થાશે વિલીન.

::------------:: ॥ ::------------::

:: દેહાભિમાન ::

દેહના ભાવને કારણે, સત્ય જ ભાસે સંસાર,
હું પણાના ભાવથી, છે જગત વહેવાર.
દેહ ભાવના ત્યાગ વિણ, આત્મા ન જ ઓળખાય,
સ્વરૂપના જ્ઞાન વિના, દેહનો ભાવ જ થાય.

કારણ જે દુઃખ તણું, દેહને જ મનાયો આપ,
મિથ્યાજ્ઞાનના કારણે, છેવટ સુધી સંતાપ.
સ્વરૂપના અજ્ઞાનથી, સત્યથી આપણે દૂર,
અહમપણાનાં ભાવથી, વિષયે રહયાં આતુર.

વિષયજન્ય સુખ સૌ, ભોગવે જીવ તમામ,
દેહ હું છું ના ખ્યાલમાં, સત્ય માને રૂપ નામ.
નામ રૂપ અનિત્ય ને, કલ્પિત ને નાશવાન,
પંચભૂતના સંઘાતથી, દેહ થાય ભાસમાન.

આચાર નીતિ ધર્મ જે, શરીરના જ ગણાય,
ધર્મ ન કોઈ આત્માને, ક્રિયા રહિત મનાય.
સ્વરૂપને જાણે નહીં, પશુ તુલ્ય ભોગવે ભોગ,
દેવ દુર્લભ દેહનો, કર્યો નહીં સદુપયોગ.

રાય જેવડો જે અહમ એ, પદ-માનથી મોટો થાય,
ક્ષણે ક્ષણે બદલાતો, જયાં ત્યાં રહેતો ફસાય.
અહમ બિલાડું કાઢતાં, ઘુસશે મોટપનો ઉંટ,
જ્ઞાન ીવણ વેપારથી, ઉલટી મુડીની લૂટ.

મિથ્યા દેહાભિમાનમાં, જીવન સારું એ જાય,
અવધ આત્મા જાણતા, જીવન સાફલ્ય થાય.

::------------:: ॥ ::------------::

:: અહમનો ભ્રમ ::

ઈન્દ્રિયો અગિયાર એ, દેહના સ્થૂળ સૂક્ષ્મ અંગ,
દેહભાવ દૂર થયે, છુટશે એમનો સંગ.
સ્ત્રી-પુત્ર તથા સંપત્તિ, એથી અહમતો થાય,
દેહ ભાવના અહમથી, હું ને મારું જ મનાય.

સ્વાભાવિક જીવનમાં, હું થી થાય વહેવાર,
હું પણાના ભાવથી, સુખ-દુઃખ છે સંસાર.
જાણો રૂપ સંસારનું, વિકારી અને અસ્થિર,
આસકત જે થાય નહી, ગણાય જ્ઞાની ને ધીર.

સ્થૂળ સૂક્ષ્મ શરીરથી, સ્વાભાવિક કર્મો થાય,
ચાહના વિણ કર્મ એ, અહમ રહિત ગણાય.
દેહનો અહમ કાઢતાં, પ્રગટતો જીવ ભાવ,
ભેદ જશે આ ભાવથી, સૌમાં થશે સમભાવ.

સમભાવથી ઊપજે, આત્મ તણો સદ્ભાવ,
આત્મભાવથી જીવતાં, થશે અહમનો અભાવ.
અહમ જતાં અજ્ઞાનનું, ઉપજે જ્ઞાનનો અહમ,
ઉંટ-બિલાડાં સમ એ, ઉલટો ગણાશે ભ્રમ.

આત્મભાવ વિચારતાં, ભ્રમ ટળશે તમામ,
માયારૂપ પ્રપંચના, ખોટા સૌ રૂપ નામ.
માયાનું રૂપ જાણવાં, યજ્ઞ કર્મ નહીં કોય,
વિવેક ને વિચાર એ, સાધન એક જ હોય.

સંત સતશાસ્ત્રના, સંગથી ટળશે અહમનો ભ્રમ,
અવધ આત્મજ્ઞાનથી, સ્વયં સમજાશે બ્રહ્મ.

::------------:: ॥ ::------------::

:: ભૂતજન્ય ગુણ (પાંચ વિષય) ::

શ્રોત જન્ય જે શબ્દ છે, આકાશનો જ એ ગુણ,
શબ્દ ગુણથી પર જો, એ આત્મા સત્ય નિર્ગુણ.
ત્વચા જન્ય સ્પર્શ છે, વાયુતણો એ વિષય,
આત્માને સ્પર્શ નહીં, આત્મા જાણો અવિષય.

અગ્નિ તેજ પ્રકાશથી, દેખાતા સર્વ જ રૂપ,
અરૂપ તત્વ આત્મા તો, છે સ્વયં પ્રકાશી રૂપ.
રસ ગુણ વિષય જે, જળ જન્ય એ ગણાય,
આત્માતણા આધારથી, સર્વ રસો પરખાય.

ગંધ ગુણ પૃથ્વી તણો, પૃથ્વી થકી જ જણાય,
આત્માના આધાર વિણ, ગંધ ન જ પરખાય.
પંચભૂતના વિષયો, સૌનો એક આધાર,
તત્વથી એ ઉપજ્યા, આત્મા સ્વયં સર્વ આધાર.

મનથી કલ્પાય નહીં, કરે ન બુદ્ધિ નિશ્ચય,
મન બુદ્ધિ એ બેયનો, આત્મા એ જ આશ્રય.
ચિંતવન છે ચિત્તથી, ચિંતનથી ન કળાય,
જેના વડે એ થાય છે, આધાર આત્મા જણાય.

અહંકાર એના વડે, આત્માને એ જાણે કેમ ?
સર્વને એ પ્રકાશતો, સૂરજ વિશ્વને જેમ.
ભૂતજન્ય ગુણો બધાં, ભૂત તો બ્રહ્મ આધાર,
ગુણ રહિત તત્વ એ, સ્વતંત્ર સર્વથી પાર.

ઈન્દ્રિયો તંત્ર છે, પ્રકાશતો એમને જે,
અવધ તત્વ એકને, સદ્‌ગુરૂ ઓળખી લે.

::------------:: ॥ ::------------::

:: જ્ઞાન સાધન ::

જ્ઞાન ઈન્દ્રિયો પાંચ ને, અંતઃકરણે જે ચાર,
સાધન આ નવ થકી, સાધ્યનો થાય વિચાર.
કર્મેન્દ્રિયો પાંચ જે, તેનાથી કાર્ય કરાય,
આત્મતત્વ જ સાધ્ય, જે કર્તવ્યથી નહીં પમાય.

જ્ઞાન થાય નવ થકી, જ્ઞાન યોગી એ ગણાય,
ભાગવતે કથનમાં, યોગેશ્વર એ મનાય.
ઈન્દ્રિયો થકી ઉપજે, અંતર બ્રહ્મનું જ્ઞાન,
વ્યષ્ઠિ, સમષ્ઠિ જ્ઞાન, તે પણ આત્માથી અભાન.

યોગના અભ્યાસ વડે, પ્રાણ કસરત થાય,
વૃત્તિ કોઈક એકથી, માનેલું કંઈક કલ્પાય.
વૃત્તિના કોઈ જ્ઞાનથી, આત્મા ન જ ઓળખાય,
જ્ઞાનવૃત્તિ અભ્યાસથી, આત્મતત્વ સમજાય.

સત્વગુણથી ઉપજે, જ્ઞાનેન્દ્રિયો ને અંતઃકરણ,
જ્ઞાન રૂપે એ આત્માને, પામે કેમ અંતઃકરણ.
સાધક સાધ્ય સાધના, ત્રિપુટીએ વહેવાર,
ત્રિપુટી એ ટળી જતાં, થઈ જાય એકાકાર.

આત્માને ઓળખ્યું, કહેનારો રહે ન કોઈ,
લવણ પૂતળી સમ, મળશે સમુદ્ર સોઈ.
આત્મ તત્વને શોધતાં, આત્મરૂપે હોય,
આત્માને દૃશ્ય માનતા, પામે ન કદીયે કોઈ.

પ્રપંચ માત્ર જાણવાં, ગણાય સાધન જ્ઞાન,
જ્ઞાનને જે પ્રકાશતું, અવધ બ્રહ્મ મહાન.

::------------:: ॥ ::------------::

:: સર્વ આધાર ::

દૃશ્ય જાણે નહીં આપને, પરસ્પરની નહીં જાણ,
જડ જડને ન ઓળખે, આત્માથી હોય અજાણ.
મન બુદ્ધિ છે જડ સમાન, આત્માથી જ સચેતન,
વાયુ અગ્નિ મહાન છતાં, બ્રહ્મ વિણ અચેતન.

કાર્ય રૂપ ભૂતો બધાં, કારણ કેમ ગણાય ?
કાર્ય દૃષ્ટિમાં આવતાં, કારણ અદૃશ્ય જણાય.
કારણ વિણ કાર્ય નહી, સુવર્ણ કુંડળ સમાન,
દૃષ્ટાને ફકત જાણવાં, માત્ર માનો આ પ્રમાણ.

સુવર્ણ છે પંચભૂતનું, તેથી પ્રમાણ નહીં સિધ્ધ,
નામ રૂપ કે ભૂત વિના, સ્વયં આત્મા છે પ્રસિધ્ધ.
આત્મા સ્વયં પ્રકાશ એ, પ્રકાશતો પાંચયે ભૂત,
છતાં એથી અલગ છે, નિઃસંગ તેમજ અચ્યુત.

ક-ખ-ગ વગેરે વર્ણનો, નિર્વાહક સ્વર આકાર,
સ્વર વિણ સૌ વાણીનો, થાય નહીં જ ઉચ્ચાર.
ક-ખ-ગ એ વ્યંજનો, સ્વર અ માનો અભાવ,
પરસ્પર એક-મેકમાં, છે નહીં પરસ્પર ભાવ.

ઘટ ઘટને ન ઓળખે, સહુમાં મૃત્તિકા સમાન,
સમાન આકાશ સર્વમાં, ઘટને નહીં જ એ ભાન.
પંચભૂતના દૃશ્યો સહુ, આકાશ નામ અનેક,
આત્મ તત્વ સરખું છતાં, દેખાયે નહીં એ છેક.

સ્વતંત્ર કોઈ છે નહી, સર્વનો એક આધાર,
અવધ તત્વ એક એ, પિંડ બ્રહ્મ સર્વ આધાર.

::------------:: ॥ ::------------::

:: અમુર્ત આત્મા ::

ધ્વનિ કે વર્ણાત્મક રૂપ, શબ્દો સઘળા જણાય,
ધ્યાન એનું ધરાય તો, આત્મ દૃષ્ટા કહેવાય.
બદલે અર્થ રૂપ તો, શબ્દ વિકારી ગણાય,
(પ્રાણ) શ્વાસ થકી ઉપજે તો, ધ્યાન નિષ્ફળ મનાય.

શબ્દ રહિત આત્મા હરિ, ધ્યાનમાં આવે એ કેમ ?
દૃશ્યમાન જો એ બને, ગણાય ભૂતની જેમ.
મન બુદ્ધિના પ્રયત્નથી, કદીએ નહી જ પમાય,
ચિત્ત તણાં ચિન્તવને, આભાસ માત્ર જણાય.

સ્પર્શ રહિત તત્વને, અડકી કેમ શકાય,
અવ્યકતને અમુર્તનો, સ્પર્શ કેમ કરીને થાય.
રૂપ રહિત એ આત્માના, દર્શન કેમ જ થાય,
ચક્ષુ તો પર તંત્ર છે, કેવળ કલ્પી શકાય.
રસના વર્ણન કરે, વાણી ઉચ્ચારે અપાર,
વેદો નેતિ-નેતિ કહે, કેમ પમાયે પાર.

ઓહંગ સોહંગ બંને નહીં, ઉચ્ચાર ક્રિયાથી થાય,
અમૂર્ત આત્મ તત્વ તો, અક્રિય જ કહેવાય.
નામ રૂપ ગુણ વિણ, અમૂર્ત જે કહેવાય,
જપ સમરણ કે ધ્યાનથી, માત્ર સમાધાન થાય.

નકાર કોઈ પદાર્થનો, યોગ વિયોગ કરાય,
અમૂર્ત એ આત્મતણો, સંયોગ છે સદાય.
અમૂર્તને ઓળખવા, સદ્ગુરૂ થાય સહાય,
અવધ એને પામવા, અન્ય નહી ઉપાય.

::------------:: ॥ ::------------::

:: આત્મ સત્તા ::

આત્મ ક્રિયા રહિત ને, ઈન્દ્રિયોથી એ અતીત,
સત્તા માત્ર જ જાણજો, નહિં દૃશ્યથી પ્રતીત.
ચેતન અને સર્વત્ર જે, અસ્તિત્વ માત્ર ગણાય,
દૃષ્ટા દૃશ્ય બંને જ એ, સર્વમાં એ જ જણાય.

નાના મોટા સૌ પ્રાણીઓ, સૌમા રહે સમાન,
જીવન ચેષ્ટા એ થકી, એના વિણ સૌ અભાન.
પક્ષપાત ન કોઈમાં, પ્રકાશે સર્વ સમાન,
અંતઃકરણ માધ્યમમાં, પાત્ર પ્રમાણે ભાન.

ઘટે આકાશ એવડું, પરે હોય મહા આકાશ,
ઉપાધિ ભેદે ભિન્નતા, ઉપાધિ વિના આકાશ.
નાના મોટા લેમ્પમાં, એ પ્રમાણે જ ઉજાસ,
વાયરે સમ વીજળી, માધ્યમ એવો પ્રકાશ.

વીજળીમાં ન ભિન્નતા, માધ્યમમાં હોય ભેદ,
પાત્ર યોગે પ્રકાશતો, પાવર હોય એ ભેદ.
સત્તા તો સરખી બધે, પાત્ર પ્રમાણે પ્રભાવ,
પાત્રે તો સંબંધ નહીં, કેવળ એક જ ભાવ.

અવિકારી અસંગ ને, સ્વયં સત્તારૂપ રૂપ જ તે,
અજ્ઞાની ઓળખે નહીં, પામે જ્ઞાની સંત જ એ.
બ્રહ્માદિક દેવો અને, દેવ દેવીઓ પ્રત્યેક,
આત્મ સત્તા વિણ, કદી જણાય નહીં દરેક.

પંચ ભૂતો જળ બધાં, સક્રિય સત્તાએ થાય,
અવધ આત્મા એકથી, વિશ્વ સઘળું જણાય.

::------------:: ॥ ::------------::

:: આત્મ પ્રાપ્તિ ::

વિવેક ને સંયમ વિના, સાચો આનંદ ન થાય,
વાણીનું લુખ્ખું જ્ઞાન એ, વાણી વિલાસ ગણાય.
શાસ્ત્રોના અભ્યાસ થકી, પંડિત વિદ્વાન ગણાય,
આત્માનુભવ વગર, પ્રપંચમાં રહે ફસાય.

અનુભવને જાણમાં, સમાનતા નહીં છેક,
ઔષધિના જ નામથી, રોગ મટે નહીં એક.
જાણયું આત્મ તત્વને, જાય નહીં દેહાભિમાન,
હિસાબ જાણે લાખનો, ગણાય નહીં ધનવાન.

પ્રથમ હું ને ઓળખી, જીવ જગતને જાણ,
કેના આધારે ઉપજે, કરો એમની પીછાણ.
ઈન્દ્રિયો જે જે જાણતી, વિકારી વિનાશી હોય,
અવિનાશી તત્વ તણો, વિચાર કરે નહીં કોય.

સ્ત્રી-પુત્રાદિ ને સંપત્તિ, મેળવવા કરે પ્રયાસ,
સુખ-દુઃખ મિશ્રિત એ, અનુભવે થાય નિરાશ.
સંત શ્રુતિના સંગથી, સત્યમાં જીજ્ઞાસા થાય,
વિવેકથી વિચારતા, આત્મ તત્વ ઓળખાય.

આધાર છે એ સર્વનો, નિષ્ઠા એ એકમાં થાય,
સત્ય બુદ્ધિ પ્રપંચમાં, કદીયે થાય નહીં જરાય.
આત્મામાં પ્રેમ જાગતા, એમનું જ અનુસંધાન,
આત્મ પ્રાપ્તિ પામતા, છુટે સઘળા બંધન.

એષણા સર્વ છુટતા, કામના માત્રનો નાશ,
અવધ આત્મા પામતા, છુટી જાય ભવપાર.

::------------:: ॥ ::------------::

:: આત્મ વિવેક (કારણ-કાર્ય) ::

ભાસમાન આ વિશ્વનું, કારણ એક આધાર,
પિંડ અને બ્રહ્માંડમાં, કાર્યનો છે વિસ્તાર.
જડ ચેતન એ સર્વમાં, છે ઓત પ્રોત સમાન,
બન્યું કારણ કાર્ય એ, થયું અદૃશ્ય દૃશ્યવાન.
(કારણથી કાર્ય થયું, કારણ થયું અદૃશ્ય ને કાર્ય દૃશ્યમાન)

વિશ્વરૂપી આ કાર્યનું, કારણ એ જ ગણાય,
ઘટ મૃત્તિકા રૂપે નહીં, કલ્પના માત્ર ગણાય.
રૂપ એનું એકે નહીં, દ્રષ્ટા કે સાક્ષી મનાય,
છે છતાં સ્પષ્ટ નહીં, કોયડો મોટો ગણાય.

કારણ એવા તત્વનો, પ્રેમીઓ એવા હોય,
વિવેક વૈરાગ વિના, પામે કામી ન કોઈ.
પિતા કારણ પુત્રનું, મૃત્તિકા કારણ ઘટ,
સૂર્ય કારણ ઝાંઝવું, બીજ જ કારણ વટ.

કાર્ય એ કારણ બને, ને કારણ કાર્ય થાય,
પરસ્પરના યોગથી, જગત આખું રચાય.
કારણ વિના કાર્ય નહીં, કાર્યનું કારણ કોઈ,
કાર્ય કારણે જ તો, વહેવારો સૌ હોઈ.

વિશ્વને જે પ્રકાશતો, સાક્ષાત સૂર્ય ગણાય,
જીવન છે એના થકી, કારણ બ્રહ્મ મનાય.
સૂર્યને પણ પ્રકાશતો, બ્રહ્મ કારણ ગણાય,
પ્રકાશ્ય જગત બધું, કાર્ય જ તો કહેવાય.

કારણ તો પ્રપંચમાં, બ્રહ્મ તો સ્વયં હોય,
અવધ એવા તત્વનું, નહી જ કારણ કોઈ.

::------------:: ॥ ::------------::

:: આત્માનો ધર્મ ::

સ્વ ના અસ્તિત્વનો, કરે નહીં કોઈ વિચાર,
વિચારનું સ્ફૂરણ જ, એ આત્મા સ્વયં આધાર.
સત્ય બુધ્ધિ છે સંસારમાં, પરિણામે પ્રપંચ પ્રેમ,
સત્યની સમજણ વિના, આત્મા ઓળખશે કેમ.

જન્મ જરા મૃત્યુ અને શોક, શ્રુધા તૃષા સહિત,
એકેય ધર્મ એનાં નહીં, આત્મા તો એથી રહિત.
દેશ કાળ અને વસ્તુઓ, સદાયે હોયે પરિચ્છેદ,
આત્મા તો અખંડ સદા, પામે ન કદીયે વિચ્છેદ.

ત્રણેયે અવસ્થા દેહમાં, જેમનો તેમ જ જણાય,
દેહની ખામીઓ છતાં, આત્મા ખંડિત ન થાય.
ક્રિયા થાય એના થકી, છતાંય અક્રિય ગણાય,
આકાશ સમ અસંગ એ, કર્તા ભોગતા ન થાય.

કીડી થી કુંજર સુધી, નહીં મોટા છોટાનો ભેદ,
ઓછો વધુ જરાયે નહીં, ચૈતન્ય રૂપે અભેદ.
મંત્ર ક્રિયા કે કર્મથી, આત્મા નહી ઓળખાય,
ફકત આત્મ વિચારથી, આત્મા સ્વયં જણાય.

છું એ સંસય જ નહીં, આત્માતણું જ એ જ્ઞાન,
દેહધારી તો જીવનો, કેવળ કાર્યનું ભાન.
ચેતનરૂપે સૌ દેહમાં, રહેતો સદા સમાન,
મન બુધ્ધિ ને પ્રકાશતો, અણ છતો એ મહાન.

અવધ આત્મ તત્વનું, સમ્યક જ્ઞાન જો થાય,
ભેદ ભ્રાન્તિ દૂર થઈ, ટળશે દેહ અભિમાન.

::------------:: ॥ ::------------::

:: વહેવારિક સત્ય ::

જગત મિથ્યા છે અને, સત્ય બ્રહ્મ જ એક,
દૃશ્ય જે પ્રપંચ તણા, નાશવાન એ પ્રત્યેક.
જગત મિથ્યા છે છતાં, વહેવારે સત્ય જણાય,
પરિવર્તન પામે સદા, એથી અનિત્ય ગણાય.

જગત જો ન હોય તો, ઓળખશે બ્રહ્મ કોણ ?
બ્રહ્મ એકલું જ હોય તો, કોને ઉપજશે ભ્રમ ?
માનો જગતને સત્ય તો, વહેવારિક જાણો જ્ઞાન,
જ્ઞાન વિણ જીવનમાં, સહેવું પડે અપમાન.

વ્યકિત એક જ હોય છે, સંબંધ થાય અનેક,
વહેવારે સત્ય છતાં, સંબંધ રહિત એક.
ઉપાધિ કે અધિકારથી, અન્ય રૂપે ઓળખાય,
આ બંને પદ બાદથી, જેમનો તેમ કહેવાય.

દેખાયે છતાં નહીં, પ્રપંચ તણો ઠાઠ,
અનિત્ય જ એ જાણીને, ભજવતો પોતાનો પાઠ.
ઈશ્વર રચિત્ત સૃષ્ટિમાં, માનવ રચિત્ત સંસાર,
ઉત્તમ જીવન માણવા, કરવો ધર્મ વહેવાર.

પંચ ભૂતની માયા બધી, એનો જ બન્યો સંસાર,
સત્ય માનીને પકડતાં, સુખ-દુઃખ થતાં અપાર.
ઉપજે એ નાશ પામતું, ઈશ્વરી નિયમ છે નેક,
જ્ઞાન વિજ્ઞાન જાણીને, વહેવાર કરો પ્રત્યેક.

વર્ણાશ્રમના ધર્મનો, કરો વિવેક વિચાર,
અવધ તત્વ ઓળખી, સફળ કરો સંસાર.

::------------:: ॥ ::------------::

:: પ્રતિભાસિક સત્ય ::

સ્વપ્નના દ્રશ્ય બધાં, જાગતાં અસત્ય જણાય,
સુષુપ્તિના સમયમાં, જગત બધું ભૂલાય.
મૃગજળ દેખાય છતાં, પાણી ટીપું નહીં લેશ,
અનુભવ છે આપણો, શંકા નહીં લવ લેશ.

મંદ પ્રકાશમાં દોરડી, સર્પનો કરાવે ભાસ,
દુઃખમય સંસારમાં, સુખનો માત્ર આભાસ.
ભાસમાન છે જાણતાં, સત્ય બુદ્ધિ કેમ થાય,
સ્વપ્નના સર્પડંખનો, કરે નહીં કોઈ ઉપાય.

ચલચિત્ર જડ છતાં, પડદે જીવંત દેખાય,
આભાસ માત્ર છે છતાં, હર્ષ શોક તોયે થાય.
સ્વપ્નની ખોટી સુંદરી, પુરુષનો જગાડે કામ,
સ્વપ્નમાં લઈ જાય છે, જાગૃત જગત તમામ.

સૂર્યતણાં પ્રકાશમાં, છીપ ભાસતું રજત,
એમ જ અવકાશમાં, દેખાય આકાશનું છત.
મદારીઓ માયા વડે, આશ્ચર્ય કરે અનેક,
એથી વિશેષ ઈશની, આભાસી પદાર્થ પ્રત્યેક.

પ્રતિભાસિક સત્યની, સજજન કરે નહીં આશ,
અજ્ઞાની સત્ય માનીને, સર્વદા થાય નિરાશ.
ભાસમાન આ વિશ્વમાં, નિત્ય નથી કદી કોઈ,
અધિષ્ઠાન સૌનું એક જે, સત્યને નિત્ય હોય.

અવધ સત્ય એકથી, આભાસ બધાં પ્રતીત,
સ્વ-સ્વરૂપને ઓળખી, બનો દ્વંદ્વોથી રહિત.

::------------:: ॥ ::------------::

:: વાસ્તવિક સત્ય ::

દૃશ્યમાન આ વિશ્વમાં, વાસ્તવિક સત્ય એક,
સ્વપ્નવત ભાસિત અને, વહેવારિક તો અનેક.
આદિ મધ્ય ને અંતમાં, યથાવત રહે ત્રિકાળ,
પરમ સત્ય એ જ છે, અન્ય પ્રપંચની જાળ.

આત્મા ચૈતન્ય બ્રહ્મ એ, અનેક નામે ઓળખાય,
અનામી અદ્વૈત છતાં, દ્વૈતભાવે જ સમજાય.
ગુણ ધર્મ પદાર્થ ને, દેશ કાળથી અતીત,
નિર્વિકલ્પ નિરાકાર એ, અક્રિય રૂપ રહિત.

સર્વત્ર વ્યાપક અને, સક્રિય એથી સંસાર,
અસંગ અગાધ છતાં, સર્વનો એક જ આધાર.
બુધ્ધિ તેમ જ શરીરની, અવસ્થા ત્રણેયમાં સમાન,
જડ ચેતન સર્વમાં, પ્રકાશતું તત્વ મહાન.

યોગી શોધે શરીરમાં, જ્ઞાની આત્મ વિચાર,
વિજ્ઞાનીઓ પ્રયોગથી, અજ્ઞાનીઓ ગોતે બહાર.
વાસ્તવિક સત્ય કદિ, દૃશ્ય બને નહીં છેક,
અંતર બહાર વ્યાપીને, પ્રકાશે પદાર્થ પ્રત્યેક.

અજ્ઞાનતાના કારણે, જણાય જગત સુખાંત,
અનુભવે વિચારતાં, સંસાર લાગે દુઃખાંત.
વહેવારિક સત્ય થકી, રચાય સંસારી જાળ,
વાસ્તવિક સત્ય જાણતાં, તુટશે ભ્રમ તત્કાળ.

ભૂત માત્રને પ્રકાશતું, એને પ્રકાશે નહીં કોઈ,
બ્રહ્મ શબ્દ સત્ય એ, અવધ તત્વ એ સોઈ.

::------------:: ॥ ::------------::

:: વ્યકત બ્રહ્મ ::

શુધ્ધ ચૈતન્ય બ્રહ્મ જે, અવ્યકત અદૃશ્ય મનાય,
મન બુધ્ધિ પર છતાં, તેનાથી જ તે જણાય.
એક બ્રહ્મ ચૈતન્યથી, બન્યું આ વિશ્વ અનંત,
ઉપજે રહે ને છેવટે, થાય છે એમનો અંત.

વ્યાપક અક્રિય બ્રહ્મ તે, સક્રિય બન્યું એ કેમ ?
મન વચનથી પર જે, ચૈતન્ય જેમનું તેમ.
સ્વપ્નમાં દૃશ્ય બધાં, ક્ષણ માત્રમાં જ રચાય,
મન તણી એ કલ્પનાં, જાગૃત થતાં જ ભૂસાય.

જોયું જાણ્યું અનુભવ્યું, છતાંય સત્ય ન મનાય,
જ્ઞાન થયેથી જગત આ, સ્વપ્ન જેવું જ જણાય.
બ્રહ્મ કારણ માનીને, સર્જન જગતનું જાણ,
કેમ ? કયારે ? પ્રશ્નો છતાં, પ્રત્યેક વિશ્વ પ્રમાણ.

છે માટે એ હવે જાણવા, શ્રુતિ શાસ્ત્ર કરે નિર્દેશ,
એકમાંથી અનેક થયાં, થયાં બ્રહ્મા વિશ્નુ મહેશ.
ત્રણ ગુણના પ્રતિક એ, સર્જન સ્થિતિ વિનાશ,
વિવિધ રચના રચી, રહયો એમાં અવિનાશ.

પુરુષ પ્રકૃતિ બે થયાં, જડ ચેતન એમ જાણ,
આ બંનેના સંયોગથી, વ્યષ્ઠિ સમષ્ઠિ પ્રમાણ.
માયા વિશિષ્ઠ ઈશ્વર, અજ્ઞાન વિશિષ્ઠ જીવ,
પિંડ બ્રહ્માંડે સમ રહયો, ઓત પ્રોત થઈને શિવ.

વ્યકત રૂપે સંસાર આ, પણ સ્વપ્ન સમ છે ભ્રમ,
અવધ સર્વજ્ઞ ઉપરી, ચૈતન્ય વ્યાપક બ્રહ્મ.

::-------------:: ॥ ::-------------::

:: અભેદનુ ભાન ::

બ્રહ્મ ઈશ્વર જીવ તથા, પ્રમાતા પ્રમેય પ્રમાણ,
તત્વે એક જ હોવા છતાં, વહેવારે ભિન્ન જ જાણ.
માયા ઉપાધિ રહીત એ, શુદ્ધ ચૈતન્ય છે બ્રહ્મ,
અનેક ઉપાધિ લાગતાં, થયો જીવ ઈશ્વરે ભ્રમ.

માયા થકી ઈશ્વર અને, અવિદ્યા ઉપાધિએ જીવ,
નહી ઉપાધિ નામ રૂપ, એ જ છે અનાદિ શિવ.
પિતા-પુત્ર પતિ-પત્નીને, ભત્રીજા ભાણેજ ને ભાઈ,
માતા-પુત્રી કાકી-મામીને, સાસુ-નણંદ ભોજાઈ.

અપેક્ષાએ સંબંધ બધાં, સત્તા પદવી કે નામ,
વહેવારે સાચું ભલે, પણ સાપેક્ષ છે તમામ.
શ્રોતા વકતા જીજ્ઞાસુ ને, ભકત તથા ભગવાન,
નોકર કે માલિક તથા, અજ્ઞાની અને વિદ્વાન.

પંચભૂત ત્રિગુણના, પૂતળા એક સમાન,
ગુણ તેમજ જ્ઞાન થકી, ગણાય નીચ મહાન.
અંતઃકરણે તો એક છે, મન બુદ્દિધ ચિત્ત અહંકાર,
ક્રિયા થકી આ ભેદ છે, એમ જ સમજો સંસાર.

બરફ પાણી વરાળ જે, જળરૂપે એ અભેદ,
રૂપાંતરના કાર્યથી, થયો નામરૂપ ભેદ.
પ્રત્યેક પ્રાણીમાત્રમાં, ચૈતન્ય રહયું સમાય,
આકારે જુદુ ભાસતું, અજ્ઞાન આ જ ગણાય.

સમર્પિત ગુરૂને થતાં, અભેદનું આપે ભાન,
જીવન મુકત અવધ એ, કરે ન અવરનું ધ્યાન.

::------------:: ॥ ::------------::

:: બ્રહ્મ તત્વ ::

બ્રહ્મ તત્વને પામવાં, પ્રયત્ન કરતાં અનેક,
યુકિત દ્રવ્ય ને દેશ કાળ, એ ચારેય નકામા છેક.
પરમ ચૈતન્ય બ્રહ્મ જે, અખંડ ને અવિનાશ,
દેશ કાળમાં હોય એ, કેવળ માત્ર આભાસ.

કોઈક સ્થાને હોય તો, વ્યાપક કેમ કહેવાય,
પમાય નિશ્ચિત કાળમાં, તો એ નિત્ય ન થાય.
દ્રવ્યો એનાથી ઉપજે, આપણાં નહીં લગાર,
સેવા પૂજા ચેષ્ટા બધી, બાળક સમ વહેવાર.

સર્વત્ર સત્તા એમની, આધાર બધાનો બ્રહ્મ,
આપણું માની અર્પતા, ઉપજયો કેવો ભ્રમ.
દ્રવ્ય માત્ર એના થકી, અને યુકિત એનાથી થાય,
અક્રિય અને અવિનાશી એ, ક્રિયાથી કેમ પમાય.

જપ તપ ધ્યાન ધારણ, અને યાત્રા તીરથ ધામ,
ચૈતન્ય વિણ બને નહી, ક્રિયા માત્રમાં એ શ્યામ.
અષ્ટધા પ્રકૃતિ એમની, પરા પણ એમની જાણ,
પિંડ અને બ્રહ્માંડમાં, છતાંય અદૃશ્ય જાણ.

જડ ચેતને વ્યાપીને, અણુ સમ રહયો છુપાય,
મહાન સૂક્ષ્મ તત્વ એ, અહમથી કેમ પકડાય.
સત્તામાત્ર તત્વ તે, નહીં જ સ્થૂળ કોઈ રૂપ,
ઈન્દ્રિયો કયાંથી ઓળખે, સર્વમાં બન્યો તદરૂપ.

નહીં જ બ્રહ્મ દૂર એ, પોતામાં જ પરખાય,
અવધ ગુરૂ શરણથી, બ્રહ્મતત્વ ઓળખાય.

::------------:: || ::------------::

:: મહા વાકય ::

તત્વમસિ એ વેદમાં, પ્રથમનો છે ઉપદેશ,
બીજો અહમ બ્રહ્માસ્મિ, કર્યો પાછળથી નિર્દેશ.
ત્રીજામાં સર્વ ખલ્વિદમ બ્રહ્મ, એમ કર્યો ઉચ્ચાર,
પ્રજ્ઞાનમ બ્રહ્મ છે અંતમા, મહાવાકય આ ચાર.

તત ત્વમ ને અસી તણો, વાચ્યાર્થ કરો નહીં છેક,
લક્ષ્યાર્થ આ છે જ નહી, જીવ ને ઈશ્વર તે એક.
ત્વમ રૂપે ચૈતન્ય તું ને, તત રૂપે છે પરમેશ્વર (પરબ્રહ્મ),
તત્વમસિ મહાવાકયનો, સમજો અર્થ આ ઉત્તમ.

તત્વમસિ જાણયા પછી, અહમ બ્રહ્મ ઓળખાય,
ફકત લક્ષ્યાર્થ જાણવો, નહીં તો ઉલટું સમજાય.
હું બ્રહ્મ સમજયાં પછી, વિશ્વ બધું બ્રહ્મરૂપ,
સર્વમ બ્રહ્મ કહેનાર હું, બને નહી અદ્વૈત રૂપ.

પ્રજ્ઞાનમ બ્રહ્મ વાકય એ, છેલ્લું જ વાકય મનાય,
દૃષ્ટા દૃશ્ય એકેય નહીં, કેવળ જ્ઞાન ગણાય.
ક્રમિક વાકય છે વેદના, ક્રમિક આપતા ઉપદેશ,
ક્રમવાર તે સમજતા, ભેદ બુદ્ધિ રહે ન લેશ.

પ્રત્યેક મહાવાકયનો, શ્રુતિમાં કર્યો વિસ્તાર,
પરમ સત્યને પામવાં, કરો આ વાકય વિચાર.
શ્રુતિના મહાવાકયથી, અદ્વૈત સમજવું એક,
દ્વૈતપણું તો ટાળવા, વિચારો વાકય પ્રત્યેક.

દ્વૈતપણાના ભાવથી, સંસારે છે સુખ-દુઃખ,
અવધ અદ્વૈત પામવા, બનવું અંતરમુખ.

::-------------:: ॥ ::-------------::

:: ૐ ::

ૐ શબ્દ બ્રહ્મતણો, શ્રુતિમાં વર્ણન અનેક,
પ્રતિક રહસ્ય જાણવાં, મથતા વિજ્ઞાનીઓ છેક.
પરમતત્વને પામવા, ઉચ્ચારે સાધક પ્રથમ,
શ્વાસ ઉચ્છવાસે ઉપાસતા, તોયે રહયું તે અગમ.

યતિ જતિ ને તાંત્રિકો, સહાયક સૌના એક,
હેતુ સૌનો સારવા, ઉપાસી રહયાં જ અનેક.
ૐ પ્રતિક બ્રહ્મ શબ્દનો, વિવેકે કરતાં વિચાર,
બિંદુ ઉપરનું એક એ, પૂર્ણ શકિત ભંડાર.

બિંદુ સમાન બીજકથી, વિશ્વ સઘળું રચાય,
આધાર સમજ બીજમાં, બિંદુરૂપ શકિત સમાય.
માત્ર અ ઉ અને મ થકી, બન્યો ૐ રૂપ આકાર,
ગુણો સમ ત્રણ અંશથી, વક્ર ઉપજયો અહંકાર.

મળતા ત્રણેય ગુણથી, ઉપજી કૃતિ પંચભૂત,
બિંદુરૂપે પુરુષ ભળી, રચના કરી અદભૂત.
જડ કૃતિ માત્રા ત્રણની, સમજો બિંદુ પ્ર રૂપ,
કૃતિ અને પ્ર ભેગા મળી, પ્રકૃતિ બની અનુપ.

પ્ર બિંદુ પુરુષ મહા, રહેતો પ્રકૃતિ સાથ,
પુરુષ રહિત પ્રકૃતિ, અક્રિય તેમજ અનાથ.
ત્રણની પાછળ વક્રતા, અહંકારરૂપ જણાય,
સર્જન સર્જક બેયથી, પ્રતિક ૐ પૂર્ણ મનાય.

પ્રણવ મંત્ર ૐ એકમા, સમાયું તત્વ સ્વરૂપ,
અવધ ઉપાસી એમને, બનવું એકમાં તદરૂપ.

::------------:: ॥ ::------------::

:: ભૂમા (સત્ય, બ્રહ્મ, આત્મા, ચેતન) ને જાણવાનો ક્રમ ::

છાંદોગ્ય ઉપનિષદ કહે, ભૂમા કેમ સમજાય,
ઉત્તરોત્તર જાણીને, તત્વ કથન કરાય.
વેદ ઈતિહાસ શાસ્ત્ર એ, નામ વિણ નહીં એ એક,
વિચાર કરતાં નામનો, નામથી વહેવાર પ્રત્યેક.
વાણી અધિક છે નામથી, વર્ણન એનાથી થાય,
પણ મનનાં સાથ વિણ, વાણી નહિં જ બોલાય.

સંકલ્પ જયારે ઉઠતો, ત્યારે એ વૃત્તિ મનાય,
ચિત્ત વિણ જણાય નહી, સામર્થ્ય ચિત્તનું ગણાય.
એથી અધિક ધ્યાન છે, એકાગ્રતા એ જ વિશેષ,
વિજ્ઞાન એથી શ્રેષ્ઠ જ, શોધતાં આપે નિર્દેશ.

શરીર મનના બળથી, વિજ્ઞાન નહિં અધિક,
બળના જ સામર્થ્યથી, ઈન્દ્રિયો ગ્રહે શબ્દાદિક.
બળથી અધિક અન્ન ને, એથીય જળ ઉચિત્ત,
જળથી અધિક તેજ છે, આકાશ વાયુ રહિત.

શ્રવણ ને મનન વડે, સ્મરણ સૌનું થાય,
સ્મરણ જાણ્યા પછી, આશા કંઈક ઉભરાય.
પ્રાણ જ આધાર સર્વનો, પણ સત્ય એથી અધિક,
પછી મનન શ્રધ્ધા અને, નિષ્ઠા કૃતિ સુખાદિક.

અંતિમ સુખ એક છે, તૃષ્ણા દુષ્ણા દુઃખ રહિત,
કૃતિ નિષ્ઠા ક્રમિક છે, શ્રુતિ એ કર્યા વિહિત.
બુધ્ધિ ગુંચવાય વેદથી, અવધ સરળ ઉપાય,
સદ્‌ગુરૂ સહાય થાય તો, બ્રહ્મતત્વ ઓળખાય.

::------------:: || ::------------::

:: પ્રભુ પાસે જ છે ::

અંતરઘટમાં રહેલાં ઈશને, બહાર ગોતવા જાય,
મુકીને હસ્તના ગોળને, કોણીએ ચાંટવા જાય.
શિવ દેહમાં સ્થિત છે, વિચાર કરે નહિં કોઈ,
અન્ય સ્થળે સૌ શોધવા, પ્રયત્ન કરતાં હોઈ.

યજ્ઞ દાન તપ ત્યાગ ને, જપ વ્રત આદિ ધર્મ,
અનેક ઉપાયો આચરે, તેઓ નહિં પામે મર્મ.
વહેવારે નહિં શુદ્ધતા, નહિં વિવેક વિચાર,
જીજ્ઞાસા જાગ્યા વિના, પામે કેમ કિરતાર.

વહેવાર ને ભકિતમાં, ભેદ જ રાખતા છેક,
વહેવારે અસત્ય આચરે, તે ધર્મનો છે અવિવેક.
અટકળે સૌ આથળે, મળે નહીં સાચો ભેદ,
શુદ્ધિ વિના ન સાંપડે, ભલેને પઢતાં વેદ.

સ્વાર્થ કપટ છોડે સદા, કરે ન કદીયે હુંકાર,
રાગ-દ્વેષ અળગા કરી, સત્યથી કરે વહેવાર.
આચાર જીવન માત્રમાં, સત્યને છોડે ન લેશ,
અખંડ ધર્મ પાળતાં, પ્રસન્ન થાય પરમેશ.

કરતાં પ્રયત્ન ભાવથી, પણ શોધે પ્રભુને દૂર,
શ્રુતિ સંત સહુ જ કહે, અંતરયામી વસે છે ઉર.
સુખ દુઃખ સંસારના, ક્ષણિક આવે ને જાય,
ધૈર્ય ને શાંતિ ત્યાગે નહીં, શ્રદ્ધાળું એ જ ગણાય.

સદ્‌ગુરૂના સંગથી, પ્રભુ પોતામાં પરખાય,
અવધ અન્ય ના આથડો, અનુભવો અંતરમાય.

::------------:: || ::------------::

:: ભગવાનની શોધ ::

નામ ધામ અપાર છે, ક્રિયા સાધન અનેક,
કેમ પ્રભુને પામવા, મુંજવણ મોટી આ એક.
કોઈ શોધે પહાડમાં, અનુમાને કોઈ આકાશ,
નદી સમુદ્ર કુંડમાં, શોધે સૌ અવિનાશ.

મંદિર મસ્જિદ દેવળો, શોધે સમાધિ કબર,
પંથ સંપ્રદાયે શોધતાં, ભટકતાં વિણ ખબર.
કોઈ શોધે રામાયણે, વેદ ભાગવત પૂરાણ,
ગીતાજીએ ગોતે ઘણાં, બાઈબલ કોઈ કુરાન.

કોઈ માનતા મૂર્તિમાં, પૂજતા ચરણ પ્રતિક,
કોઈ ગ્રંથને પૂજતાં, તો પૂજે કોઈ પ્રેત આદિક.
કોઈ સગુણ સાકારમાં, કોઈ નિર્ગુણ નિરાકાર,
માન્યતાં કે શ્રધ્ધા છતાં, પામે નહી એનો પાર.

કોઈ કર્મ કે યજ્ઞ કરે, કોઈ તપ ધ્યાન કે દાન,
કોઈ ત્યાગ કે વેશથી, શોધી રહયાં છે ભગવાન.
શ્વાસ ઉચ્છવાસે જાપથી, કોઈક રટતાં નામ,
કોઈક નવધા ભકિતથી, ઉપાસતા હોય છે રામ.

કોઈ પ્રગટમાં માનતા, કોઈ પ્રસાદી પાઠ,
ભસ્મ ચંદનની આડકે, તિલક લેપના ઠાઠ.
યાદવોમાં શ્રી કૃષ્ણ, ને શાસ્ત્રધારીઓમાં રામ,
ગીતામાં કહયું છે હું એ નથી, વિભૂતિઓ મારી તમામ.

સદ્‌ગુરૂના ચરણે જતાં, ઓળખાવે ભગવાન,
અવધ આધાર સર્વનો, સર્વત્ર એક સમાન.

::-------------:: ॥ ::-------------::

:: અનુમાન જ્ઞાન ::

પુસ્તક પોથીના જ્ઞાનથી, વધતો વાણી વિલાસ,
અંતરસુખ આપી નહી, મૃગજળ જેવા આભાસ.
શ્રવણ કે વાંચન વડે, થાય જ્ઞાન અનુમાન,
પ્રત્યક્ષ પ્રમાણ વિના, નિષ્ફળ જતું એ જ્ઞાન.

નકશા પોથીએ નક્કી કરી, શોધવા નીકળે સ્થાન,
અંતરિયાળ ભૂલો પડી, પ્રવાસી થાય હેરાન.
પાક શાસ્ત્ર કોઈ વાંચીને, આદરે કોઈ રસોઈ,
શ્રમ નિષ્ફળ થાય ને, વાની બને ન કોઈ.

ચર્ચા કરે સાકરતણી, સ્વાદનું કરે અનુમાન,
મુખમાં મૂક્યા વિના, સ્વાદનું થાય નહી ભાન.
સ્વાનુભવ જ્ઞાન વિણ, મળે ન મુદ્દ્લ સુખ,
વાતના પકવાનથી, મટે ન કદીયે ભૂખ.

ફકત ધનની વાતથી, ધનિક બને ન કોઈ,
તેમજ જ્ઞાનની વાતથી, જ્ઞાન અનુભવ ન હોઈ.
અધ્યાત્મની વાતો ઘણી, અટકળ કરે અનેક,
પોતાના અભુભવ વિના, સત્ય મળે નહી છેક.

સૌંદર્ય ને સુવાસથી, ઉપજે ગુલાબે માન,
જ્ઞાન સાથે વહેવારથી, માનવ પ્રેમ સન્માન.
અનુભવ થયા પછી, જ્ઞાને થાય વહેવાર,
રહે જો જ્ઞાન સ્થિતિએ, તો નડે નહીં સંસાર.

જ્ઞાનમય વર્તન વડે, જીવન સાફલ્ય થાય,
અવધ નિજ આનંદનો, સ્વાનુભવ જ એ જ ઉપાય.

::------------:: ।। ::------------::

:: અજ્ઞાની ::

જીવ ગતિ જાણે નહી ને, ઓળખાણ કરાવે ઈશ,
સટોડીયા સમ જ્ઞાની એ, ભટકતાં ચારેય દીશ.
રતિ એક રજત નહીં, આપ-લે કરે દરરોજ,
જ્ઞાની હોય આવા ઘણાં, નહીં પોતાની ખોજ.

કથતા જ્ઞાન અજ્ઞાનનું, અંતર શુદ્ધિ નહીં લેશ,
રજોગુણમાં જ રાચતાં, આપે આત્માનો ઉપદેશ.
માયા તણી નિંદા કરે, કહે સ્વપ્ન સમ સંસાર,
દેહભાવમાં જ જીવતાં, તિતિક્ષા સહે ન લગાર.

રાગ દ્વેષ રાખે છતાંય, કરે સમભાવની વાત,
ચાહના ઘણી સંસારની, આત્માથી હોય અજ્ઞાત.
વાણીનો વિવેક નહીં, વૈખરીયે કરે વહેવાર,
અનુભવ તો એકે નહીં, અટકળો કરે અપાર.

મોહ અને આસક્તિને, માનતા હોય છે પ્રેમ,
પ્રેમ તો વિશુદ્ધ ભાવ છે, એ જાણે અજ્ઞાની કેમ.
અન્યનો લે છે આશરો, નિરર્થક કરતાં ઉપકાર,
આપ્ત ધર્મે અળગા રહે, અધિક હોય હુંકાર.

કરતાં વાત અભેદની, વાણી વર્તને નહીં એક,
ધર્મ અને વહેવારમાં, સમ વર્તન નહીં છેક.
રાજી રહે અનુકૂળમાં, ને પ્રતિકુળે કરતા રોષ,
જુએ ન ભૂલો આપની, અન્યોના દેખાતા દોષ.

ભલે જ્ઞાન ન પમાય તો, સમજીને તજો અજ્ઞાન,
અવધ આનંદ પામવા, જાણો જીવનનું વિજ્ઞાન.

::------------:: ॥ ::------------::

:: ત્રિદોષ ::

અંતઃકરણે ચૈતન્યનું, પડતું પ્રતિબિંબ જે,
એ જ પ્રતિબિંબ તણો, જીવ ભાવ બનતો તે.
ત્રિદોષ નડતા જીવને, મળ વિક્ષેપ આવરણ,
સમજણ એની થાય તો, મટતુ ભવ સંસરણ.

ચિત્તે સંગઠિત વાસના, મળ સમ એ કહેવાય,
નિત્ય વધતાં ચિત્તને, મલિન કરતો સદાય.
મળ રૂપ વિષયો બધાં, કરતા જીવને હેરાન,
આસકિત ઘાટી થાય તો, જીવનને કરે વેરાન.

બીજો દોષ વિક્ષેપ છે, રજોગુણનું જ છે રૂપ,
ભ્રમિત કરીને ચિત્તને, ભૂલાવે સ્વ-સ્વરૂપ.
કલ્પના કરી અનેક ને, રાખતો જીવને અસ્થીર,
કરી વિક્ષેપ જીવનમાં, બેસવા દે નહીં સ્થિર.

અનેક વૃત્તિઓ ઉઠતાં, મનની વધારે ભ્રાન્ત,
વિક્ષેપ ને ઓળખાય તો, બનશે જીવન શાંત.
આવરણ છે અજ્ઞાનનું, દેહને જ મનાવે આપ,
શરીરને જ હું માનીને, ભોગવે અનેક સંતાપ.

હું ને મારું સમજતાં, આસકિત મમતા થાય,
નિત્ય એમાય રાચતાં, આવરણે બંધાય જાય.
બનતું વાદળ સૂર્યથી, ને સૂર્યને ઢાંકતું એ જ,
એમ જ ઢાંકી ચૈતન્યને, મનાવે દેહને ખરે જ.

સત્સંગ ને અભ્યાસથી, અંતઃકરણ સમજાય,
અવધ ગુરૂ સહાયથી, દોષ ત્રણે દૂર થાય.

::------------:: ॥ ::------------::

:: ચાર સાધન ::

મોક્ષગતિને પામવાં, બતાવ્યાં શાસ્ત્રમાં ઉપાય,
સાધન ચાર મહત્વનાં, વિવેક પ્રથમ ગણાય.
પછી વૈરાગ્ય ષટસંપત્તિ, મુમુક્ષતા મળીને ચાર,
આચરણ એનું થાય તો, સહેજે જ છુટે સંસાર.

સત્ય તેમજ અસત્યનો, વિવેકથી કરો વિચાર,
પરમ સત્ય તો એજ છે, નહીં જ વિનાશ વિકાર
બધું જ વિનાશી જાણતાં, વિવેકી કરે નહીં રાગ,
એથી સુજ્ઞાજનને, ઉપજે સંસાર વૈરાગ
સમ દમ ને ઉપરતિ, શ્રદ્ધા તેમજ સમાધાન,
છઠી તિતિક્ષા સુજ્ઞ જે, છ એ સંપત્તિ સમાન

કામના માત્ર પ્રવેશથી, ઈન્દ્રિયો દ્વારા જ ખાસ,
દુઃખ માત્રનું મૂળ એ, રોકવા કરવો પ્રયાસ
સ્પર્શ જુએ કે સાંભળે, જાગતી કામના અનેક,
ઈચ્છા પૂર્ણ ન થાય તો, ઉપજે ક્રોધાદિક પ્રત્યેક

સત્યમાં શ્રદ્ધા થાય તો, પામતું મન વિરામ,
કરે તિતિક્ષા દ્વંદ્વો તણી, સમાધાન સહેજે તમામ
સાધન ત્રણના સાધ્યથી, મુમુક્ષતા સહેજે થાય,
માયા તણાં બંધન થકી, મુકત જરૂર થવાય

દુર્લભ દેહ મનુષ્યનો, સમજે સૂજ્ઞાજન કોઈ,
પાર્થિવ સુખ વિશેષથી, શાશ્વત સૂખ એક હોઈ
ભોગવે વૈભવ વિલાસથી, મટે નહીં કદીયે ભૂખ,
અવધ ગુરૂના જ્ઞાનથી, ટળશે ત્રિવિધ દુઃખ

::------------:: ॥ ::------------::

:: પાંચ કલેશ ::

આપતા સંકટ સર્વને, જીવના પાંચ કલેશ,
અવિદ્યા અસ્મિતા અને, રાગ દ્વેષ અભિનિવેશ
અવિદ્યા વિશિષ્ટ જીવ છે, એથી ભૂલાયું સ્વ-સ્વરૂપ,
ચૈતન્ય તત્વ હોવા છતાં, પોતે જ બન્યો જીવરૂપ.

સત્ય બુધ્ધિ દેહાદિકમાં, અને તેમાં માને નિત્ય,
અવિદ્યા આને જ જાણવી, પ્રપંચને જ માને સત્ય.
પંચભૂતના દેહને જ, અવિદ્યાએ જ હું મનાય,
અહમભાવ થતાં દેહમાં, એ જ અસ્મિતા ગણાય.

છું અને રહેવું સદા, એવો જ રહેતો ભાવ,
અવિદ્યાના જ કારણે, અસત્યે થાય સદભાવ.
વસ્તુ વ્યકિત ને સ્થિતિમાં, ઉપજે રાગ અનુરાગ,
અનુકૂળ હોય આપને, એ જ કહેવાય છે રાગ.

એથી ઉલટું થાય તો, દ્વેષ નામે ઓળખાય,
અણગમતું જો હોય એ, પ્રતિકુળ માને સદાય.
રાગ દ્વેષના કારણે જ, અનુભવે સુખ કે દુઃખ,
મોટા કલેશ આ સર્વથી, થવા ન દે અંતરમુખ.

ચાર કલેશના કારણે, થાય એમાં અભિનિવેશ,
ચેતતી મધમાં મક્ષિકા, એમ જ જાણો આ કલેશ.
આત્મ બુધ્ધિ નહીં સત્યમાં, સત્યને જાણે નહીં છેક,
અજ્ઞાનના જ મૂળ સમ, સમજો કલેશ પ્રત્યેક.

દેહાધ્યાસ ને ભ્રાંતિ વડે, સ્વરૂપનું ભૂલાયું ભાન,
ચરણ ગુરૂના સેવતા, ટળતું અવધ અજ્ઞાન.

::------------:: ॥ ::------------::

:: છ શત્રુ ::

શત્રુતો માનવ તણાં, અવગુણો છ એ મહાન,
ધાડપાડું સમ માનવાં, જે લૂંટતા જીવનધન.
અંતર શત્રુ છુપા છતાં, બહીર શત્રુથી વિશેષ,
નિમિત્ત કોઈ ઊભુ થતાં, સુખ શાંતિ કરે નિશેષ.

કામશત્રુ મોટો અતિ, મહાત કરે મુનિરાય,
ક્ષણિક સુખને કારણે, જાય જ્ઞાન પદ ભૂલાય.
બીજું રૂપ તે કામ તણું, ઈચ્છા કે કામના ગણાય,
ઈચ્છા પૂર્ણ ન થાય તો, ક્રોધ પ્રજ્વલિત થાય.

કામથી જ એ ઉપજતો, અન્ય રૂપે બનતો લોભ,
પાપ બધાનું મૂળ એ, પામે કદી નહીં ક્ષોભ.
મોહ થાય ઈન્દ્રિયો થકી, નિમિત્ત શબ્દ કે રૂપ,
અન્ય વિષયે ઉપજી, બનતો તરત તદરૂપ.
મદ યાતો અહંકાર જે, ભૂલાવે માનવને ભાન,
સૂત્રધાર બધાં શત્રુનો, ગણાય રાવણ સમાન.

અન્યની ચડતી જોઈને, અંતરે ઉપજતી આગ,
ઈર્ષા નામની રાક્ષસી, ઉજાળે બીજાનો બાગ.
છ એ શત્રુ છે આપણા, જીવનભર આપે દુઃખ,
દિશા એની બદલતા, એ જ પણ આપશે સુખ.

કામના કરવી સત્યની, અવગણે કરવો ક્રોધ,
લોભ કરવો જ ક્રોધનો, મદનો કરવો નિરોધ.
ઈર્ષા સ્વ અવગુણની, મનુષ્યત્વનો રાખવો મોહ,
અવધ ગુરૂમાં સૂરતા, કરવો નહીં કોઈનો દ્રોહ.

::------------:: ॥ ::------------::

:: સાત વાર ::

સમય જેવું નામ છે, વહેવાર માત્ર કલ્પિત,
સૂર્યદિવને પૂછતાં જ, પ્રકાશ તત્વ નિશ્ચિત.
ઘુમતી પૃથ્વી સૂર્યને, એથી જ દિવસ ને રાત,
કલ્પઋતુ વર્ષ માસની, આરોપી સમયમાં ભાત.

તેમજ સમય નામના, મિનિટ કલાક ને વાર,
વિભાગે કરી આરોપને, વિધ વિધ નામ અપાર.
વારમાં આરોપ નામનો, રવિ સોમ ક્રમિકે સાત,
હેતુપૂર્વકના નામ એ, જગત બધે જ પ્રખ્યાત.

માનવ જીવનમાં બહુ, મહત્વ વારનું ગણાય (મનાય),
આકાશી ગ્રહો સાતની, અસર માનવને થાય.
રવિ સમ જે પ્રકાશતું, જીવન ઉતમ ગણાય,
ચંદ્ર જેવું શીતળ અને, શાંત મન શ્રેષ્ઠ મનાય.

મંગળ દૃષ્ટિ જે જેમની, એને બંધુ કહેવાય,
બુધ્ધિ ડહાપણ જેમનું, સત્કાર સમાજે થાય.
સદ્ગુણો જેમાં હોય એ, ગુરૂ સમ જ ગણાય,
સાર્થક જીવન એમનું, એ જ શુક્રવાર મનાય.

સુજ્ઞજનને નડે નહીં, નડતો શનિ જે ગમાર,
શનિ અનુકૂળ હોય તો, સરળ થાય વહેવાર.
આરોપણ કર્યાં પછી, અધ્યાસ નિત્યનો થાય,
પોતે જ કલ્પે જે ભોગવે, નિમિત્ત બીજાને કરાય.

અપવાદ કરતાં આવડે તો, વહેવારે નહી દુઃખ,
નામ રૂપના બાદથી, અવધ ગુરૂ સન્મુખ.

::------------:: ।। ::------------::

:: અષ્ટાંગ યોગ ::

આઠ અંગ જે યોગ તણા, પતંજલિ નો છે આદેશ,
હેતુ એમનો વિચારતા, છે સ્વરૂપનો જ નિર્દેશ.
સત્ય અહિંસા અસ્તેય, ને બ્રહ્મચર્ય ચોથો ક્રમ,
અપરિગૃહ એ પાંચમો, આ પાંચેય મળીને યમ.

શૌચ સંતોષ તપ તથા, ઉપાસના અને સ્વાધ્યાય,
અષ્ટાંગનું આ અંગ બીજું, નિયમ નામે મનાય.
યમ નિયમના હાર્દને, સમજી જ કરે પાલન,
મળ રહિત દેહો થઈ, નિર્મળ બનતું જીવન.

આસન ત્રીજુ અંગ ને, ગણાય ચોથું પ્રાણાયામ,
આસને બેસી શકાય તો, બળતા દોષ તમામ.
પ્રત્યાહાર અંગ પાંચમું, ચિત્તનું નિયમન થાય,
બહિર્મુખતા છોડીને, અંતર્મુખ બનાય.

છઠુ અંગ છે ધારણા, સ્થિર કરવાનું સ્થાન,
ચિત્ત એમાં સ્થિર થતાં, સાતમુ એ જ છે ધ્યાન.
ધ્યાન નિયમિત થાય, તો સમાધિ નહી મુશ્કેલ,
ચિત્ત તણી એકાગ્રતા, તો થશે સમાધિ સહેલ.

આઠ અંગો આ યોગના, આચરવા કરો પ્રયાસ,
સ્વ-સ્વરૂપને સમજવા, પ્રથમ બે છે ખાસ.
સંસાર બધો છે ચિત્તમાં, માટે કરો ચિત્ત નિરોધ,
તદાકાર બનતાં ચિત્તમાં, ટળશે બધાં અવરોધ.

પ્રપંચ મળથી છુટવા, અષ્ટાંગનો કરો વિચાર,
અવધ ગુરૂના યોગથી, સ્પર્શે નહી સંસાર.

::------------:: ॥ ::------------::

:: નવ અંક ::

એકથી બધુંય ઉપજે, કલ્પના માત્રથી તરત,
પુરુષ પ્રકૃતિ બે થતાં, સર્જાય વિશ્વ અનંત.
ત્રણ ગુણ પ્રગટ થયાં, સત્વ રજ ને તમ,
ચાર ખાણી જીવની, માનવ યોનિ ઉત્તમ.

પંચભૂત તન્માત્રાથી, શરીર સઘળા રચાય,
છ ઉર્મિઓ તો જીવની, પંચીકરણે સમજાય.
સાત ધાતુ બને અન્નથી, શરીરનું પોષણ થાય,
આઠ અંગો જે યોગના, પરમાત્મા એથી પમાય.

અંકમાં છે નવ આંકડા, ગ્રહો પણ જે છે નવ,
ઈન્દ્રિયો નવ થકી, વહેવાર કરે માનવ.
સૌ કહે સો એકડાં, પણ ફકત છે નવ અંક,
દસ થાય છે શૂન્યથી, શૂન્ય છે સમૃધ્ધ ને રંક.

સ્થાન બદલતાં એકનું, વધ-ઘટ સંખ્યામાં થાય,
થાય કિંમત સ્થાનની, વહેવારે એવું મનાય.
શુન્ય આગળ રંક છે, ને અંક પાછળ મહાન,
સ્થાન વિણ સંસારમાં, માનવ પશુ સમાન.

એક પછીના શૂન્યથી, કિંમત વધતી જાય,
આગળ અંકને છેદતાં, શૂન્ય નકામું થાય.
નવડો સંપૂર્ણ અંકમાં, દેહમાં શકિત છે નવ,
સંખ્યા બને નવ અંકથી, શકિત નવથી માનવ.

અંક રૂપ માનવ અને, સદ્‌ગુરૂ રૂપે શૂન્ય,
વિવેક જીવનમાં થતાં, અવધ બનશે ધન્ય.

::------------:: ॥ ::------------::

:: ધર્મ ::

સ્વાભાવિક જે ગુણ એ, સામાન્ય ધર્મ મનાય,
જડ ચેતન સર્વમાં, સ્વયંપણે જ પળાય.
આકાશ વાયુ અગ્નિના, તેમજ પૃથ્વી ને જળ,
પ્રત્યેકનો ધર્મ હોય તે, પળાતો નિત્ય અચળ.

પશુ પક્ષી કીટ પતંગ, ને પ્રાણીમાત્ર જ દરેક,
સહેજે ધર્મ ભૂલે નહીં, નિયમમાં રહે પ્રત્યેક.
માનવ સર્વમાં શ્રેષ્ઠ, ને વળી બુદ્ધિમાન ગણાય,
છતાંય ધર્મને ભૂલતો, આશ્ચર્ય મોટું ગણાય.

એથી જ ધર્મ સ્થાપવા, ઈશ્વર ધરે અવતાર,
તો યે અનાચાર આદરે, અવગણીને કિરતાર.
શાસ્ત્ર પૂરાણો શીખવે, ધર્મજ્ઞો પળાવે આચાર,
સ્વાર્થ સૌનો હોય ત્યાં, કરે નહિં ધર્મ વિચાર.

પ્રતિક્ષણે બદલતો, સામાન્ય અને વિશેષ,
સમ્યક ધર્મ ચૂકતાં, એથી ઉપજે કલેશ.
સૂર્ય સર્વત્ર પ્રકાશતો, કરે નહિં કદીયે ભેદ,
સ્વધર્મ સમજી પાળતાં, પામવો કદી ન ખેદ.

બે ફરજ સાથે આવતાં, યોગ્ય કરો વિચાર,
પક્ષપાત કર્યાં વિના, યોગ્ય કરો આચાર.
સાપેક્ષિત ધર્મ ઘણાં, જીવન વહેવાર હોઈ,
વિવેકપૂર્વક આચરે, એ જ સમ્યક ધર્મ સોઈ.

સંતજનના સંગથી, ધર્મ બધાં સમજાય,
અવધ સ્વરૂપ જાણવું, એ ધર્મનો ધર્મ ગણાય.

::------------:: ॥ ::------------::

:: માયાની પ્રબળતા ::

તપસ્વી ત્યાગી યોગી, ને નારદ તેમજ શિવ,
ફસાતા માયાજાળમાં, તો ક્યાં બિચારા જીવ.
અનેક રૂપે આવતી, ધરતીરૂપ અનંત,
પ્રસંશા પૂજા માનથી, નચાવે જ્ઞાની મહંત.

ઈશ્વર પણ એથી થયો, બ્રહ્મ તો માયાથી પાર,
જકડી રાખી જીવને, બાંધે ધરાર સંસાર.
અવિદ્યા વિશિષ્ટ જીવને, નહિં વિદ્યાનું ભાન,
અસદભાવ ઉપજાવીને, વધારે હંમેશ અજ્ઞાન.

કોઈ ભકિત કર્મજ્ઞાનમાં, વ્રત નિયમ ઉપવાસ,
માયા તણાં એ ખેલમાં, થાય બધાં જ નિરાસ.
સ્ત્રી પુત્ર તેમજ સંપત્તિ, પદ પ્રતિષ્ઠા અધિકાર,
વિવિધ રૂપે આવીને, માયા જ મારે માર.

માર મીઠો એ માનીને, બને સૌ એમના દાસ,
માયા એવી છે મોહિની, પ્રબળ ઘણો છે પાશ.
કોઈને પૂરે પુસ્તકે, કથા શ્રવણ કે ગાન,
પાઠ પૂજા કે ધ્યાનમાં, રાખે સદાય ગુલતાન.

સ્નાન સંધ્યા કે યજ્ઞ ને, યાત્રા ઉત્સવ કે વેશ,
અહમ પોષક કર્મથી, સત્ય મળશે નહીં લેશ.
માયા પતિને ઓળખી, એથી ઉપર છે કોઈ,
જીજ્ઞાસા એવી જાગતા, મુકત જરૂર તે હોઈ.

સદ્ગુરૂના શરણમાં, થાય અવધ સદભાવ,
અહમ મમ ને મૂકતા, માયાનો ટળે પ્રભાવ.

::-------------:: ।। ::-------------::

:: વાંચન શ્રવણનું જ્ઞાન ::

વાંચન કે શ્રવણ થકી, સમજાય વાત અનેક,
સત્ય કદી પામે નહીં, ભલે શાસ્ત્રો વાંચે પ્રત્યેક.
શાસ્ત્રતણા અભ્યાસથી, વાણીનું જ્ઞાન જ થાય,
મતિ ગુંચવાય જ્ઞાનમાં, અનુભવે નહિં જરાય.

અનેક કથા પૂરાણથી, બને જ્ઞાન વાતની ભેળ,
કઈ વાત સાચી હશે, મળે નહીં એમનો મેળ.
ભલે શબ્દાર્થ જાણતાં, છતાંય એ સત્યથી દૂર,
અનેક કલ્પના ઉઠતી, પ્રગટે સત્ય નહીં ઉર.

વાણી વિલાસે રાચતાં, ખરી જ માનતા વાત,
પુસ્તકિયા એ જ્ઞાનથી, આત્મ તત્વ અજ્ઞાત.
શાસ્ત્રથી સત્ય શોધતાં, અટકળો ઈશની થાય,
અનુમાનો અનેક છતાં, સત્ય નહી જ સમજાય.

પંચીકરણ જાણે ભલે, નિર્ણય કરે નહી એક,
દેહભાવ છુટે નહીં, નહીં સદવિચાર વિવેક.
અહમ મમ મૂકે નહીં, છુટે મોહ ન લેશ,
જીવનભર ચોંટી રહે, એથી જ પામે કલેશ.

પરિવર્તનશીલ બધું, નાશવાન જુએ રોજ,
છતાંય સત્ય એ માનતા, કરે નહીં ખરાની ખોજ.
આજ સુધીના શ્રવણનો, સરવાળો માંડવો ને છેક,
સાર્થક એ કેટલું થયું, એમનો કરવો વિવેક.

સદ્‌ગુરૂની કૃપા વિના, સાચું થાય નહીં જ્ઞાન,
અવધ સત્ય જાણતાં, ટળે અવિદ્યા અજ્ઞાન.

::------------:: ॥ ::------------::

:: હું ને જાણો ::

પ્રથમ જાણો પિંડને, રચના એની અપાર,
દૃષ્ટા એમનો કોણ છે ?, કરવો એમનો વિચાર.
પંચભૂતનો દેહ આ, મારો પણ નહિં એ હું,
અચેતન જડ શરીરનો, ચૈતન્ય સાક્ષી હું છું.

માયા સહિત મૂર્ત જો, સગુણ અને સાકાર,
બનતો આધાર એમનો, નિર્ગુણ નિરાકાર.
હર્ષ-શોક છે મન તણાં, ભૂખ-તરસ છે પ્રાણ,
ભય નિંદા છે દેહની, ઉર્મિ આ જીવની જાણ.

સ્થૂળ સૂક્ષ્મ દેહને, જાણનારો છુ હું ભીન,
દ્વંદ્વ બધાંના ભાવથી, બનતો નથી હું ખીન.
ક્રિયા રહીત છે ઈન્દ્રિયો, શરીર ચેતન હીન,
મન તેમજ બુદ્ધિએ, આત્મા વિણ જ છે દીન.

નામ રૂપ વિણ હેમના, ઝવેરી આપતાં દામ,
એમ જ દૃશ્યો બ્રહ્મમાં, કરવા બાદ તમામ.
સજાતી વિજાતી ભેદને, વધ-ઘટના વિકાર,
ધર્મ ક્રિયા ને કામથી, નહીં હું ને વહેવાર.

સુખ દુઃખ છે પ્રપંચમાં, આત્મામાં છે આનંદ,
અસ્તિ ભાતિ પ્રિય એ, છે આ જ સચ્ચિદાનંદ.
હોય છતાં દેખાય નહી, જગત સુષુપ્તિ એ જેમ,
એમ માયા આવરણે, જણાય કયાંથી એ કેમ.

જેના થકી જણાય છે, એ જ પોતે પરમેશ,
અવધ ગુરૂના જ્ઞાનથી, અવિદ્યા થાય નિઃશેષ.

::------------:: ॥ ::------------::

:: પોતાને ઓળખો ::

પ્રથમ ઓળખો આપને, અન્યની નથી જરૂર,
જશો ઓળખવા અન્યને, તો સ્વરૂપથી રહેશો દૂર.
અસંખ્ય વસ્તુ જગતમાં, પમાશે કદી નહીં પાર,
આસક્ત એમા થઈશ તો, થશે જીવનની હાર.

પંચભૂતનો દેહ આ, નથી સાચું તારું સ્વરૂપ,
નાશવંત રૂપ નામ ને, જાણનારો તું છે ભૂપ.
જાતિ-જ્ઞાતિ ને નામ જે, તેમજ સંબંધો અનેક,
અપેક્ષિત છે એ બધું, સત્ય નહીં જ એ છેક.

પંચ ભૌતિક દેહ તો, પળે પળે જ પલટાય,
સૂક્ષ્મ પણ વિકારી એ, સાક્ષી એનો તું સદાય.
નાશવાન આ દેહનો, કરો વિવેક વિચાર,
પ્રતિદિન ક્ષીણ અને, સુખરૂપ નહીં લગાર.

વિષય જન્ય સુખ બધાં, ક્ષણિક લાગે સુખરૂપ,
ખરૂ જો એને માનશો, ભૂલાશે તો નિજરૂપ.
સુખ દુઃખ પ્રપંચમાં, સ્વરૂપે છે નહી લેશ,
સચ્ચિદાનંદ રૂપ તું, સ્પર્શે નહીં કાળ કે દેશ.

હું તું ને જગત બધું, જે નામરૂપ આધાર,
અપેક્ષાએ કલ્પિત એ, છે જગતનો વહેવાર.
પોતાને પોતામાં જ ને, પોતા થકી જ પમાય,
વાત છે આ અટપટી, ગુરૂ વિણ ન સમજાય.

શુધ્ધ આત્મ સ્વરૂપનું, કલ્પિત રૂપ ને નામ,
અવધ સ્વને જાણતા, અન્ય છે ભ્રમ તમામ.

::-------------:: ॥ ::-------------::

:: પ્રપંચનો ભ્રમ ::

પ્રથમ જે હોતું નથી, હોવા પછી પણ નાશ,
દૃશ્યમાન હોવા છતાં, કેવળ માત્ર આભાસ.
પ્રથમ વિવેક બુધ્દિથી, વિચારો અસત્ય અનેક,
દેહ જ હું ની માન્યતા, મોટું અસત્ય આ એક.

સ્વજન સંપત્તિ વિશે, મારા પણાનો જે ભાવ,
અહમ બુધ્દિ એથી થતાં, થાય સ્વરૂપનો અભાવ.
નામ રૂપ પદાર્થ બધાં, ઉપજે પામતાં વિનાશ,
છતાં નિત્યના માનીને, બનતાં એમના દાસ.

વિકારી વિનાશી અને, દૃશ્યમાન સૌ આકાર,
માયાના પ્રપંચ બધાં, બુધ્દિથી કરો વિચાર.
સત્તારૂપ આત્મા એ, સત્ય અને અવિનાશ,
દૃશ્ય માત્ર જગત બધું, પ્રપંચ તણો છે પાશ.

આંતર બાહ્ય જુદુ નહી, વિભાગથી એ રહિત,
બ્રહ્મ દૃષ્ટિએ અભીન્ન, છે જડ ચેતન સહિત.
અહમના પરિચ્છેદથી, બંધન થાય અનેક,
અનિત્ય એ જણાય તો, મમત્વ છુટે પ્રત્યેક.

સત્યભાવના કારણે, સમજાય સઘડા દુઃખ,
હું ને મારાના ભાવથી, જાગે ભૌતિક ભૂખ.
બાહ્ય દૃષ્ટિએ દેખાય, તે અસત્યને આભાસ,
વિવેકીજન તો જાણતા, છે માયા તણો વિલાસ.

અહમ મોટા અસત્યથી, અસત્ય સત્ય મનાય,
અન્યોન્ય ઉપાધિ એ, અવઘ ભ્રમ સર્જાય.

::------------:: ॥ ::------------::

:: મનોમય જગત ::

સત્ય ભલે જગત ભાસતું, પણ સત્ય નહીં એ લેશ,
માનો માત્ર જગત આ, વિવિધ ધરે મન વેશ.
મન થકી જ સંસાર ને, મન વડે જ વહેવાર,
મનથી જ બંધન અને, મનથી જ થાય છુટકાર.

કયારેક બનીને તામસી, કરાવે મોહ ને ક્રોધ,
બનતા રાજસી લોભ ને, સાત્વિક કરતું પ્રબોધ.
સાધન બને શાંતિ તણું, કયારેક કરે અશાંત,
અજ્ઞાને સુનમુન અને, જ્ઞાનથી કરે પ્રશાંત.

ખેલ બધાં છે મન તણાં, પણ બુધ્ધિ છે મહાન,
બનાય દૃષ્ટા બેચના, ટળે બધું અજ્ઞાન.
પશુ પક્ષી આદી જીવને, મન તણું નહીં ભાન,
મન થકી મન ઓળખે, એથી જ માનવ મહાન.

મન બુધ્ધિ ને ચિત્તના, જીવ આદિ નામ અનેક,
અજ્ઞાનતાના કારણે, માનીએ ભિન્ન પ્રત્યેક.
બહુરૂપી મન જ આ, કરાવે અસત્યે રાગ,
બની જાય વિશુધ્ધ તો, સત્યે થાય અનુરાગ.

વિજ્ઞાન કલા કે કાર્યની, કલ્પના જ મનથી થાય,
મન રૂપી શકિત બહ્મની, સદ્‌ગુરૂથી સમજાય.
મનથી સ્વપ્ન ઉપજે, દૃષ્ટા દૃશ્ય પણ મન,
જાગૃત જેવું જ ભાસતું, પણ પડયું બીજાને તન.

સ્વપ્ન અનુભવ સર્વને, એ મન તણો વિલાસ,
અવધ જાગૃતે માનવું, મનોમય સર્વ આભાસ.

::-------------:: ॥ ::-------------::

:: ષટ ચક્ર ::

ષટ ચક્રની જે કલ્પના, માત્ર જ છે અનુમાન,
ક્રિયા ગણીને યોગની, ધરતા યોગીઓ ધ્યાન.
મૂળાધાર સ્વધિષ્ઠાનને, મણીપુર અનાહત જે,
વિશુદ્ધ આજ્ઞાચક્રને, સહસ્ત્રદળ સાતમું એ.

ગુદા સ્થાન મૂળાધારનું, લિંગ સ્થાને સ્વાધિષ્ઠાન,
નાભીમાં મણીપુરને, હૃદયે અનાહત સ્થાન.
ચક્ર વિશુદ્ધ કંઠમા, ભ્રુમધ્યે આજ્ઞાનું ધામ,
સહસ્ત્રદળ તાલુ વિશે, પણ કલ્પિત છે તમામ.

દરેક ચક્રમાં દેવતા, અનુક્રમે જાણો ખાસ,
ગણપતિ બ્રહ્મા અને, વિષ્ણું મહેશનો વાસ.
જીવાત્મા આત્મા અને, સાતમે સદ્ગુરૂ નામ,
ચક્રો સ્થાન ને દેવતા, અનુક્રમે ઓળખો આપ.

મૂળાધાર સ્વાધિષ્ઠાન, બંનેમાં વાયુ અપાન,
આજ્ઞા અનાહતમાં પ્રાણ છે, મણિપુરે વાયુ સમાન.
વિશુધ્ધમાં ઉદાન એ, સહસ્ત્રદળમાં છે વ્યાન,
પ્રત્યેક આ ચક્રો વિશે, વાયુના બતાવ્યાં સ્થાન.

દરેક ચક્રમાં પાખંડી, તેમાંયે અક્ષરો અનેક,
ચાર છ દશ બાર ને, સોળ બે પણ ૐ છે છેક.
પ્રત્યેક ચક્રમાં નામને, પ્રાણ દેવતા ને સ્થાન,
પાખંડી અને એના વિષે, અક્ષરો કર્યા અનુમાન.

પરમ તત્વને પામવા, રહેવું આનાથી દૂર,
અવધ સંતને સેવતા, પ્રભુ પ્રગટશે ઉર.

::------------:: ॥ ::------------::

:: પાખંડ ::

અવિવેકી ને આળસુ, સર્જે વહેમ પાખંડ,
સત્યથી તો એ વેગળા, રાખતાં ધર્મનો ઘમંડ.
ધર્મને નામે માન્યતા, સર્વત્ર જુઓ જણાય,
કલ્પના એ મન તણી, ફસાતો જન સમુદાય.

વારસાગત કે રૂઢિની, પકડી રાખતાં વાત,
સ્વયં દુઃખ ઉભુ કરે, ગણાય મુરખની વાત.
દેશ અને વિદેશમાં, માન્યતાં વહેમ સમાન,
સદવિચારના અભાવથી, મટે નહી એ અજ્ઞાન.

નાડું પકડીને ધર્મનું, ધાંધલ કરતાં અનેક,
હેતુ જોઈએ જાણયા વિના, અનુસરે સૌ પ્રત્યેક.
જોષી ભુવા ને જાદુમાં, રાખતાં જન વિશ્વાસ,
કરી શકે દુઃખ દૂર તો, સ્વનું કરે નહી ખાસ.

કથા વ્રત ઉપવાસ એ, હેતુ સમજી ને થાય,
લોમમલોલ જો થાય તો, પ્રયત્ન નકામા જાય.
ભક્તિ ને વહેવારમાં, દંભ ઘણો જ દેખાય,
સમજી ને જો થાય તો, યત્ન નકામો ન જાય.

સુખ દુઃખ સંસારના, સમયે આવે ને જાય,
પ્રવાહ જીવન તણો, વહેતો રહેશે સદાય.
સત્ય કદી ન છોડવું, દંભિકતા કરવી દૂર,
સદ વર્તન ને વિવેકથી, સત્ય પ્રગટશે ઉર.

અવધ સત્યને ઓળખી, કરો સજજનનો સંગ,
પાખંડ ને તો પારખી, અવિદ્યાથી રહો અસંગ.

::------------:: ॥ ::------------::

:: પરતંત્રતા ::

મન તણા સૌ દાસ તો, સ્વતંત્રતા કેમ કહેવાય ?
મનના હુકમે ચાલતાં, પરતંત્ર જ ગણાય.
ઈન્દ્રિયોને આધિન થતાં, સ્વતંત્રતા જાય હણાય,
સૂક્ષ્મ રીતે વિચારતાં, સૌ પરતંત્ર જણાય.

વિવેકના અભાવથી, સ્વભાવને વશ થાય,
વિષયો સામે આવતાં, તરત જ ભાન ભૂલાય.
મનમાં વૃત્તિઓ ઊઠતાં, બનતા મન ગુલામ,
વૃત્તિ તરત સંતોષવા, કરતાં પ્રયત્ન તમામ.

જોયું કે કંઈક સાંભળ્યું, તરત બને લાચાર,
બનતાં ગુલામ કામના, સ્વતંત્ર નહી લગાર.
રાગ-દ્વેષના ભાવથી, થતું જ મન પરવશ,
ઈન્દ્રિયોને વશ બની, પામતાં ઘણાં અપયશ.

અવસ્થા ત્રણે દેહની, નહિં જ સ્વતંત્ર છેક,
અપેક્ષા અન્યની રાખતાં, પરાધીન બને પ્રત્યેક.
વહેવારે પણ એમ છે, વિચારો પ્રસંગ,
અન્યના સહાયથી, જીવનના સર્વે ઢંગ.

બુધ્ધિમાન કે ધનપતિ, સત્તાવાન કે સમ્રાટ,
અગર રહેવા ચાહતા, તો યે પહોંચે યમઘાટ.
ઈશ્વરી માયા અટપટી, નહીં જ કોઈ સ્વાધિન,
દેવ દાનવ જીવો અને, માનવ ઈશ્વર આધિન.

સ્વરૂપની ઓળખાણ વિના, પરતંત્રતા નહીં જાય,
અવધ આત્મબોધથી, સ્વતંત્ર બનો સદાય.

::------------:: ॥ ::------------::

:: મન અને એનું કાર્ય ::

વિદ્વાનો અને ચિંતકો, કરતાં મનની શોધ,
વિજ્ઞાન પણ આજનું, પામ્યું નહીં એ બોધ.
કાર્ય બધાના મૂળનું, ઉદ્ભવ સ્થાન છે મન,
અંતઃકરણ એ રહ્યું, એ વિણ નહી કોઈ તન.

ગતિ એની અપાર છતાં, જડ ને ચેતન હીન,
સ્વતંત્ર એ તો છે નહી, ઈશ્વરને એ અધિન.
કલ્પના ધર્મ એમનો, અન્ય નહી કોઈ કામ,
બુદ્ધિતણા તો સાથથી, કરતું કાર્ય તમામ.

મન બુદ્ધિ ચિત્ત અહમ, અંતઃકરણમાં એ ચાર,
પ્રથમ સ્થાન એમનું, જીવન એને આધાર.
સત્વ ગુણે એ ઉપજ્યું, ચંદ્ર છે એમના દેવ,
એથી ચંદ્રના ગુણની, મનને પડી છે ટેવ.

ચંદ્રકળાની જેમ તો, વધ-ઘટ મનની થાય,
શુભ અશુભ કાર્ય તે, મનની સ્થિતિ ગણાય.
પ્રભાતે મન જાગતા, સ્ફુરે મન વિચાર,
એથી આરંભ કર્યાનો, થાય સર્વ વહેવાર.

પશુ પંખી પ્રાણી સૌ, મન વિના નહીં કોઈ,
જીવનકાર્ય એમનું, મન થકી જ એ હોઈ.
મન ઉપર બુદ્ધિ જે, કરે નિર્ણય વિચાર,
મન બુદ્ધિથી માનવી, પામે પણ કિરતાર.

બની દૃષ્ટા મન તણો, થાય નહી મનનો દાસ,
અવધ ગુરૂ જ્ઞાનથી, જાણ જગત આભાસ.

::------------:: ॥ ::------------::

:: વાણી વિવેક ::

વાણીથી વહેવાર છે, સમજીને કરજો ઉચ્ચાર,
વિચારહિન વાણીથી, બગડે છે વહેવાર.
વાણીથી વહેવાર ને, જીવન કાર્ય તમામ,
વિવેકના અભાવથી, સરે નહી કોઈ કામ.

વિના વિચાર બોલથી, ઉપજે બધા સંતાપ,
વાણીથી તો થાય છે, માનવી તણું તો માપ.
વાણી વિવેક એક થી, સમાજે મળતું સ્થાન,
કલ્પતરું સમાન એ, મહિમા એનો મહાન.

અર્થહીન જે બોલવું, નહીં સમય ઉચિત્ત,
બનતો હાસ્ય પાત્ર તે, ગણાય વિવેક રહિત.
સત્ય ફકત કથનમાં, વહેવારે વિસરાય,
કોરો વિવેક શા કામનો, વર્તન નહી જરાય.

વચન આપી કોઈને, કદી આપો નહી કોલ,
આવરણ ઊભું થતાં, વિશ્વાસ ગુમાવે બોલ.
વિચારી વચન કહો, બોલ્યાં પછી અડોલ,
વૈખરી વાણી વાપરી, કરો ન તમારો તોલ.

વાણી પાણી છે કિંમતી, બગાડો નહી જરાય,
બંનેના સદુપયોગથી, જીવન મંગલ થાય.
અગ્નિ વાણીના દેવ છે, બાળે તેમજ પ્રકાશ,
વાણીના જ તો કારણે, કરે કોઈ દેહનો નાશ.

અવધ ગુરૂ સંગથી, સમજો વાણી વિવેક,
અન્ય જ્ઞાન હોવા છતાં, પ્રથમ જ્ઞાન આ એક.

::------------:: ।। ::------------::

:: ભય અને ભૂખ ::

ભય તેમજ ભૂખથી, જીવ માત્ર અકડાય,
મુખ્ય વૃત્તિ બંને થકી, અશાંત સહુ સદાય.
ભય ઘણાં પ્રકારના, ભૂખ પણ છે અપાર,
મુકત એથી કોઈ નહી, દુઃખી સઘળો સંસાર.

જન્મથી મરણ સુધી, આવે ન એનો પાર,
સત્તાવાન કે વિદ્વતા, ભલે સંપત્તિ અપાર.
માનવીના જીવનમાં, છેવટ સુધી આ ત્રાસ,
વૈજ્ઞાનિક બુદ્ધિ છતાં, કરી શકે ન નિઃઆસ.

મરણ અને ભૂખ એ, સ્વાભાવિક બંને હોઈ,
કલ્પનાથી આ બેયને, વધારતા સૌ કોઈ.
અતૃપ્તિ અસંતોષથી, વધતી જાય છે ભૂખ,
હોય છે તેના નાશના, વિચારે પ્રગટે દુઃખ.

મોટી ભૂખ સંગ્રહની, કામના પણ અનેક,
મેળવેલું જાય નહીં, મોટો ભય આ એક.
માન ધન ને સંપતિ, એ ભૂખ સૌને જણાય,
સુરક્ષિત સદા રહે, ઓછું એમાં ન જ થાય.

પ્રાણીમાત્ર સર્વને, હોય છે ભય ને ભૂખ,
ભય મોટો મરણ તણો, ને પેટ તણું છે દુઃખ.
નાના ને તો મોટા તણો, મોટાને અન્યથી હોય,
પશુ પંખી સૌ પ્રાણીઓ, ભય રહિત ન કોઈ.

પ્રાણીને ભૂખ પેટની, માનવને તો અનેક,
સાધન ધન સંપતિ, ભૂખ જ ઘણી પ્રત્યેક.
સાધુ કે શ્રીમંત ને, માન કે પદની ભૂખ,
અજ્ઞાનતાના કારણે, થયા સૌ સુખ વિમુખ.

વર્તમાને સુખ છતાં, ભવિષ્યનો કલ્પે ભય,
છુટે ભાવ જો દેહનો, તો જ બનાય નિર્ભય.

જીવ વહેવારમાં, પરસ્પર પણ ભય,
સંત તેમજ જ્ઞાનીઓ, રહેતાં સદા નિર્ભય.
સત્ય એકને ઓળખી, પામવા કરો પ્રયાસ,
ભૂખ ભય છે કલ્પના, બનો નહીં એના દાસ.

નાના મોટા સૌ રાષ્ટ્રને, નડતાં બંને આ ગ્રહ,
વિનાશક શસ્ત્રો તણો, એથી જ કરે સંગ્રહ.
રાષ્ટ્ર તણી તો સંપત્તિ, ભય માટે ખર્ચાય,
હેતુ આનો વિચારતાં, ભય ને ભૂખ જણાય.

જગતના સમ્રાટનો, અવધ જુઓ અંજામ,
ખાલી હાથે એ ગયા, પુરી થઈ નહીં હામ.
હું તેમજ જગત આ, ખોટું જ અને સદાય,
મારા તારાનાં ભાવથી, ભય ભૂખ બંને થાય.

સૂક્ષ્મ રીતે વિચારતાં, સ્વપ્ન જેવો જ આભાસ,
ઉપજે એ તો જાય છે, ઈશ નિયમ છે ખાસ.
ભય ને બદલે પ્રેમ, ને ભૂખને બદલે ત્યાગ,
વિવેક ને વિચારથી, માણો જીવન નો બાગ.

શ્રુતિ સંતના સંગથી, પ્રપંચ થાયે ભાન,
ભય ભૂખ બંને ટળે, અવધ જાય અજ્ઞાન.

સૂરતા-શબ્દના યોગ વડે બુદ્દિધ પ્રકાશિત (પ્રજ્ઞાવાન) થવાથી મૂળ આત્મ સ્વરૂપનું ભાન થતાં અજ્ઞાનનો સંપૂર્ણપણે અને કાયમના માટે નાશ થાય છે. તેથી કરીને અવિદ્યાના કારણે ઉપજેલ ભય, ભ્રાંતિ, ભૂખ, ભવોભવની ભાવઠ, આશા, તૃષ્ણા વગેરેમાંથી મુકિત મળે છે. અને કૈવલ્ય પરમપદને પામે છે.

બસ એ જ...
દિલસુખના સત રામ રામ
જય ભગવાન, અલખ નિરંજન

::------------:: || ::------------::

:: સુખ - દુઃખ ::

સુખ સઘડા સંસારના, વિષય પાંચમા સમાય,
ઈન્દ્રિય જન્ય એ સુખથી, શાંતિ કદીયે ન થાય.
જ્ઞાનેન્દ્રિયના અભાવમાં, પદાર્થો આપે નહી સુખ,
એમ જ પણ વસ્તુ વિના, ઈન્દ્રિયો માનતી દુઃખ.

વ્યકિત કે કોઈ વસ્તુથી, નહીં જ સુખ દુઃખ કોઈ,
અનુકૂળે સુખ ઉપજે, પ્રતિકૂળે દુઃખ હોઈ.
સંયોગથી સુખ માનતા, વિયોગથી પામતા દુઃખ,
અનુકૂળ હોય આપને, એ પ્રમાણે જ સુખ દુઃખ.

વ્યકિત અને વસ્તુ બધી, છે રાગ દ્રેષથી રહિત,
ભાવ અભાવ એમાં નથી, સુખ દુઃખ મન કલ્પિત.
સંતતિ તેમજ સંપત્તિ, માનતા જ સૌ સુખ રૂપ,
કોઈક કાળે જીવનમાં, એ જ બને છે દુઃખ રૂપ.

રાગથી સુખ ઉપજતું, દ્રેષમાં જ દુઃખ જણાય,
મન તણા આ તરંગમા, માનવ બધા અથડાય.
ઈશ્વર સૃષ્ટિથી કોઈનો, સુખ દુઃખ નહીં લગાર,
માનવ રચિત્ત સૃષ્ટિથી, મનાતું દુઃખ અપાર.

કસ્તુરી મૃગ નાભીમાં, ને શોધે સુગંધ બહાર,
સુખ માત્ર આત્મામાં, વિષયમાં ગોતે ગમાર.
ભાવી સુખની શોધમાં, આજનું સુખ ભૂલાય,
વિષય સુખમાં રાચતાં, અમૂલ્ય જીવન કપાય.

કહેવાતા સુખો બધાં, નિજ સ્વરૂપે સમાય,
શાશ્વત અવધ સુખ જે, સદ્ગુરૂથી સમજાય.

::------------:: ॥ ::------------::

:: બંધન ::

બંધનથી તો છુટવા, પ્રયત્ન કરે અનેક,
કારણ એનું જાણયા વિના, બંધન છુટે નહીં એક.
વ્યસન અને વહેમ એ, બંધનના જ પ્રકાર,
વાસના કોઈ જાગતા, બંધને થાય લાચાર.

ઈન્દ્રિયોના વ્યાપારથી, તરત મન લલચાય,
સહેજે બંધન પામતાં, પ્રતિક્ષણ વધતાં જાય.
સ્ત્રી પુત્ર ધન સંપત્તિ, બંધન મોટા મનાય,
સુખ મળવાની લાલચે, ઓત પ્રોત એમાં થાય.

રાગ તેમજ દ્વેષ પણ, સૂક્ષ્મ બંધનો છે જાણ,
સ્નેહ શત્રુના ભાવથી, બંધન થતું અજાણ.
મમતા એમાં મુખ્ય છે, લોકચાહના પણ છેક,
સૂક્ષ્મ બંધનો બેય, એ સ્થૂળ બંધન અનેક.

અજ્ઞાન અને અધ્યાસથી, લાગે બંધન સુખરૂપ,
વિયોગ એમનો થાય તો, એ જ બનતા દુઃખરૂપ.
નાના મોટા બંધન ઘણાં, ગણતા આવે ન પાર,
જેના થકી તે ઉપજતા, એનો જ કરવો વિચાર.

મનથી સ્વયં બંધાય છે, મનથી જ પણ છુટાય,
મનનો દૃષ્ટા બનાય તો, બંધન કદી ન થાય.
દેહ જ હું બંધન મહા, વિચાર કરે ન કોઈ,
આત્મભાવે જીવતા, બંધન મુકત એ હોઈ.

વિવેકથી વિચારતા, જીવ ભાવ એ જ વિબંધ,
સદ્ગુરૂના સંગથી અવધ થાય નિરબંધ.

::------------:: ।। ::------------::

:: ગીતાજી ::

સર્વ માન્ય તો ગીતા, જેમાં જીવનનો બોધ,
માનવ ધર્મ મુખ્ય એ, નહીં કોઈ ધર્મ વિરોધ.
કરી નિમિત્ત અર્જુનને, જીવને આપવા જ્ઞાન,
શાસ્ત્ર શ્રુતિ સારરૂપ, ગીતા કહી ભગવાન.

પરા અપરા પ્રકૃતિ એ, જગત ઉપજયું જાણ,
એક જ અંશ એ એમનો, ગીતા આપતી પ્રમાણ.
ઈન્દ્રિયો વિષયો દેખતા, ભોગવવા બને આતુર,
વિષ સમ જો જાણતાં, વશ નહી થાય ચતુર.

વિષયમાં પ્રવૃત્ત બની, પ્રયત્ન કરતાં અનેક,
અંત જ એનો આવે નહીં, જીવન છુટતા છેક.
સફળતાએ રાજી રહે, ને નિષ્ફળતાએ પામે કલેશ,
રાગ દ્વેષના વમળમાં, વિવેક ભૂલતા હંમેશ.

સુખ શાંતિને પામવા, સાધનો શોધે અપાર,
સાધન સુખ આપે નહીં, એ સમજે નહિં ગમાર.
સામાન્ય કે સંપત્તિ, છતાં કોણે ભોગવ્યું સુખ,
સ્વરૂપના જ્ઞાન વિણ, ટળે નહીં ભવના દુઃખ.

ક્ષણિક છે એમ જાણતાં, ઉપજે નહી કોઈ કામ,
સંયમે રહે જે સર્વદા, આસકિત છુટે તમામ.
યુદ્ધવીર અર્જુન પણ, થયો આસકિત અધિન,
પંડિત શાસ્ત્રી જીવ બધાં, સ્વધર્મે બનતાં દીન.

આસકિત રહિત અને, સ્વધર્મે થતાં જે કામ,
કર્મ યોગ એ જાણવો, બંધન કરાવે સકામ.
ૐ તત્ સત્ ભાવથી, કર્મ સઘળા જે કરાય,
કર્તાપણાના અભાવથી, અનાસકત રહે સદાય.

ત્રણે ગુણને ઓળખી, કરે જે કંઈ વહેવાર,
દ્વંદ્વોથી જે દુર રહે, તો નડે નહીં સંસાર.

પીડા આપે નહી કોઈને, કોઈથી પીડાય નહીં આપ,
સંતોષી નિત્ય સંયમી, પામે નહીં હર્ષ સંતાપ.
શુભ અશુભમાં સમાનતા, નહીં મિત્ર કે શત્રુ કોઈ,
ભકિતયોગ એ જાણવો, સદા હરિને વશ હોઈ.

ઉપજે બધું એના થકી, છતાંયે સૌથી અસંગ,
સત્તા માત્ર ચૈતન્ય એ, જ્ઞાની ને રહેતો સંગ.
કામના વાળા પામે નહી, પામતો જ્ઞાની એક,
ઓળખતાં એ ઈશને, દેખે આત્મરૂપ પ્રત્યેક.

દેહ દેહીને સમજતો, જ્ઞાની એ જ કહેવાય,
પ્રપંચમાં રાચે નહીં, ત્રિગુણે ન અટવાય.
શરણે જાય જો શ્યામને, ટળે અહમ સૌ સંતાપ,
ગુણો ગુણોથી વર્તતા, અળગો એનાથી આપ.

પાંડવો એ દેવ વૃત્તિ, કૌરવો આસુરી ગણાય,
માનવ માત્રના અંતરે, વૃત્તિ યુધ્ધ થાય સદાય.
સ્થાન પાત્રોના નામનો, અધ્યાત્મ અર્થ કરાય,
તો ગીતા રહસ્ય બધું, સત્ય સ્વરૂપે સમજાય.

વિભૂતિ રૂપે જાણો પ્રભુ, અવ્યકત અને અમૂર્ત,
અવધ બ્રહ્મને પામવા, તજો પ્રપંચનું તુત.

::------------:: ।। ::------------::

:: દેહ દર્શન ::

પંચભૂતનો દેહ આ, સરખો નહીં સદાય,
વિકારો પ્રતિદિન થતાં, નજરે પણ દેખાય.
બાલ્ય કિશોર યુવાન ને, પછી આવે ઘડપણ,
અવસ્થા રહે બદલતી, અને અંતે થાય મરણ.

શરીર ચાલે ત્યાં સુધી, ખબર પૂછે સૌ કોઈ,
સ્વજનો પણ દૂર રહે, તન મન શિથિલ જોઈ.
નર નારીને દેખતાં, ઉપજે મન વિકાર,
હાડ માંસ રૂધીરમાં, કામી બનતાં લાચાર.

અંગે ભોગ સુખ માણતા, તૃપ્તિ કદી ન થાય,
શરીર બુધ્ધિ ક્ષિણ થતાં, છેવટ સૌ પસ્તાય.
દાંત વિણ મુખ બોખલું, અવયવો સૌ શિથિલ,
જીવ બને લાચાર ને, અસ્થિર બનતું દિલ.

ઉપાર્જન કર્તા સુધી, સ્ત્રી પુત્ર બતાવે ભાવ,
સ્વાર્થ જયારે સરે નહીં, ત્યારે થાય જ કુભાવ.
સંસાર આવો સ્વાર્થી, કર્યો કદી નહીં વિચાર,
હું ને મારું માનીને, ફોગટ કર્યો વહેવાર.

દિન પછી રાત આવતી, ઋતુ ગ્રીષ્મ પછી વસંત,
પર્વ ને વર્ષ જાય વહી, એમ જ જીવનનો અંત.
પ્રાણ જાતા શરીરના, શબથી સહુ અભડાય,
ભય સ્વજન પામતાં, સંબંધ તરત ભૂલાય.

સત્ય બુધ્ધિ સંસારમાં, અંત સુધી હું નું અજ્ઞાન,
અવધ સત્ય પામવા, જાણો જીવન વિજ્ઞાન.

::------------:: ॥ ::------------::

:: વૃધ્ધત્વ ::

વય જેમ વધતી જાય, એમ અંગો શિથિલ થાય,
કોઈ શરીર રોગી થાય, કોઈ અંગ નિત્ય પીડાય.
કોઈ બનતા મંદ મતિ, કોઈની વૃત્તિ વધે અતિ,
સ્વભાવે જે ચીડીયા હોઈ, ભાવ ન પૂછે એનો કોઈ.

ચડેલું મો રહે સદાય, નિઃકારણ જીજ્ઞાસા થાય,
ભુતકાળને યાદ કરી, તાજો કરતાં એને ફરી.
આપ અજ્ઞાને દુઃખી થાય, શીખ ન માને જરાય,
પોતે ભોગવે નિત્ય દુઃખ, આપ્તજનનું હરે સુખ.

ના સાંભળે કોઈની વાત, ડાહી ગણે આપની વાત,
સાચો માને સૌ વહેવાર, ન જ કરે આત્મ વિચાર.
હું ને મારું માને એમ, અંત સુધી એ વર્તે તેમ,
દેહ જ હું માન્યતા એક, આ અજ્ઞાન જીવને છેક.

સહુ માને એમને સુખી, સ્વયં માને ખૂબ દુઃખી,
શરીર તો સુકાતું જાય, જીવન નિત્ય ઓછું થાય.
શારીરિક તો ચિંતા નહીં, ભૌતિક સુખ હોય સહી,
તોય એનો નહી વિચાર, ગણાય આ જીવન હાર.

કાયમ રહે એ અશાંત, મટે નહીં મનની ભ્રાંત,
દેહ માનવ તો મહાન, કર્યો એ તો ધુળ સમાન.
પીછ વયે જો બને શાંત, પ્રસન્ન રહી કરે પ્રશાંત,
ચાહે સદાય સૌનું હીત, સહેજે સૌની પામે પ્રીત.

સૌને દેખી રાજી થાય, કોઈ સાથે ન અંતરાય,
વૃધ્ધપણુ શોભાવતા જે, અવધ સાચું જીવન તે

::------------:: ॥ ::------------::

:: જીવન મુકત ::

દેહ જ હું અજ્ઞાન એ, બંધન બધાનું મૂળ,
સંબંધ અને આસકિતએ, કરતાં જીવનને ધૂળ.
પદ વિષય ને વ્યકિતથી, સંબંધો બાંધે અનેક,
મોહ માયાના પાશથી, બંધાયા માનવી પ્રત્યેક.

પશુ પંખી જીવો બધાં, ભોગવે વિષય ભોગ,
એમ જ માનવી જો કરે, તો ગુમાવે આ સુયોગ.
અન્ય જીવો ન ઓળખે, ઈશ્વર જગત કે જીવ,
સાત્વીક બુદ્ધિએ આપણે, પામીએ તત્વ જે શિવ.

વિવેક બુદ્ધિ વાપરી, કરો સ્વરૂપ વિચાર,
દુઃખમય બંધન બધાં, સુખરૂપ માત્ર લગાર.
માયા પ્રેરિત જગત આ, અસત્ય અને આભાસ,
આત્મ વિણ અન્ય તો, માયા તણો જ વિલાસ.

સત્યને જાણ્યાં વિના, મટે નહીં મનની ભ્રાંત,
પરમ તત્વની જાણથી, જીવન બનતું શાંત.
સદ્‌ગુરૂના ઉપદેશથી, ટળે દેહ અભિમાન,
સર્વાધાર ચેતનનું, અભેદ મળશે જ્ઞાન.

સગુણ રૂપે જ પામશે, નિર્ગુણ થઈને શાન,
પર થતાં નામ રૂપથી, પામશે આત્માનું ભાન.
ઓળખતાં જ સ્વરૂપને, અવર ન ચોંટે ચિત્ત,
રાગ દ્વેષ ઉપજે નહી, અહમ મમ થી એ રહિત.

મુકત થતાં સંબંધથી, બને સત ચિત્ત આનંદ,
અવધ જીવન મુકત એ, પામે ન દુઃખ કોઈ દ્વંદ્વ.

::------------:: ॥ ::------------::

:: જીવન ધર્મ ::

ધર્મને ઓળખાય તો, આપતો ઈચ્છિત ફળ,
પાળે ઉપાસે એમનું, જીવન બને સફળ.
સદાચાર એ ધર્મ છે, સ્વ ફરજ પણ ગણાય,
ચારે વર્ણાશ્રમ તણાં, ધર્મ જરૂરી મનાય.

સાંપ્રદાયીક ધર્મને, પાળતો સર્વ સમાજ,
સાંસારીક કાર્ય બધાં, એ પણ ધર્મ રિવાજ.
દશ ઈન્દ્રિયો દેહની, કરતી પોતાનું કામ,
ધર્મ પાલન એ સહુ, નિત્ય કરે જ તમામ.

કૌટુંબિક સબંધ સૌ, યોગ્ય રીતે જળવાય,
રાગ-દ્વેષ એમાં નહી, ઉત્તમ ધર્મ જણાય.
સદ્‌ગુણો પ્રમાણિકતા, અહિંસા શુધ્ધ વહેવાર,
સ્વાર્થ રહિત કાર્યને, સદાચાર સત વિચાર.

ધર્મ રૂપે આ પાળતાં, સુખે જીવન જીવાય,
આથી ઉલટું વર્તતા, દુઃખી જીવન ગણાય.
અહિત ઈચ્છી કોઈનું, કરે કંઈ વહેવાર,
અધર્મી એને જાણવો, અસત એનો આચાર.

સામાન્ય આ ધર્મનો, મધ્યમ માનો વિચાર,
હું કોણ એ જાણવું, ઉત્તમ ધર્મનો સાર.
સંત શ્રુતિના સંગથી, જીવ જગત સમજાય,
સ્વ-સ્વરૂપને જાણવું, મહાધર્મ એ ગણાય.

અવધ એકને જાણીને, અનુભવ એનો થાય,
આ સિવાયના ધર્મ સૌ, વહેવારીક ગણાય.

::------------:: ॥ ::------------::

:: જીવન કલા ::

મધુર વાણી વાપરી, મળે તો કોઈ કરો સ્મિત,
ચિંતાઓ છોડી સર્વદા, માણો જીવન સંગીત.
મન અને શરીરની, સ્વચ્છતા જાળવો ખાસ,
વિલાસે રાચો નહી; વ્યસને બનો નહી દાસ.

ગમે તેવી સ્થિતિમાં, અસ્વસ્થ થવું નહી છેક,
જીવનતણા સંગ્રામમા, હિંમત સાધન એક.
સંઘર્ષો છે જીવનમાં, તેમજ સમસ્યા અનેક,
વિવેક ને વિચારથી, ઉકેલે પ્રશ્નો પ્રત્યેક.

પરસ્પરના સ્વાર્થથી, સબંધ રહે જળવાય,
એકપક્ષીય વહેવારથી, કામ નહીં કોઈનું થાય.
અન્યની જેમ ઈચ્છીએ, વર્તીએ એમ પ્રત્યેક,
આપો એવું મળતું રહે, સમજ નિયમ છે એક.

જરૂરિયાતો જે આપણી, એ સ્વજનની પણ વિચાર,
વિવેક આ નહીં હોય તો, વણસે ગૃહ સંસાર.
પ્રસંશા ગમતી સર્વને, ટીકા કરો નહી કોઈ,
ખોટી ખુશામત ન કરો, સ્વમાન પોતાનું ખોઈ.

છોડો ભ્રમ ને માન્યતા, ભુલનો કરો એકરાર,
સહાનુભૂતિ સુલક્ષણા, સરળ એથી વહેવાર.
સાધન કે સંપત્તિ વડે, વધતો પ્રપંચ રાગ,
જીવન કલાના સાધને, ખીલે જીવનનો બાગ.

સ્વપ્ન સમ સંસારમા, વિજ્ઞાન વિદ્યા અનેક,
અવધ દેહ હું નહી, જાણો બ્રહ્મ કલા એ એક.

::------------:: ॥ ::------------::

:: જીવન નાટક ::

નાટ્યકારના ખેલમાં, માનવ જીવન ચિત્તાર,
એથી આપણાં જીવનમાં, પાત્રનો કરવો વિચાર.
વર્ણાશ્રમ ચારેયના, સમાજે કર્મ વિધાન,
વહેવાર એ સંસારના, કેવળ નાટક સમાન.

જ્યાં જનમ્યાં આપણે, નહીં એ આપણે હાથ,
એમ જ મળ્યું છે પાત્ર, જે સહર્ષે ભજવતો પાઠ.
પતિ પિતા કે પુત્રના, સંસારી સંબંધ અનેક,
સંબંધ પ્રમાણે પાત્રનો, હોવો જોઈએ વિવેક.

વેપાર ખેતી કે નોકરી, વ્યવસાયે જ્યાં સ્થાન,
સ્થાન ભાન ભૂલે નહીં, એ જ ગણાય મહાન.
સૌ સહુના સ્થાન કે, પ્રત્યેક પાત્ર મહાન,
સૈનિક કે સેનાપતિ, નાટકે ગણાય સમાન.

પ્રત્યેક માનવમાત્રનું, જીવન નાટક સમાન,
ભજવે પાત્ર યોગ્ય તો, શોભતું એમનું સ્થાન.
બને પ્રમાદી આળસુ, કરે ન પાઠનો વિચાર,
બનતો હાસ્યપાત્ર એ, પામતો જીવન હાર.

પરસ્પર સૌના પાત્રથી, સઘળો થાય વહેવાર,
પ્રીવણ હોય જે પાઠમાં, સફળ એનો જ સંસાર.
નાટક આ સંસારનું, સ્વપ્ન સમ અજ્ઞાન,
હું કોણના વિવેકથી, થશે પ્રપંચનું ભાન.

સત્ય સમ જગત ભાસતું, પણ છે ચિત્ત વિલાસ,
અવધ ચેતન બ્રહ્મમાં, દૃશ્ય પ્રપંચ આભાસ.

::------------:: ॥ ::------------::

:: સૃષ્ટિ રચના ::

પરબ્રહ્મ જે તત્વ એક, પ્રશાંત ને સ્થિર જ છેક,
સોહંગ સૂરતા બે થયાં, ને એમાંથી ત્રણ ભયા.
શિવ બ્રહ્મા વિષ્ણુ નામ, ત્રણે મળીને કરે કામ,
દેવો તો કહેવાયા એ, સર્જન પોષણ લય કરે.

પિંડ કે બ્રહ્માંડ કોઈ નહી, પ્રવૃત્તિ રહિત એ સહી,
શારદા શ્રી ને કાળી જે, બ્રહ્મની શકિત દેવી એ.
પોત પોતાનું કામ કરે, ડખલથી તો પાર રહે,
જડ ચેતન બે વિભાગ, પમાય નહી એનો તાગ.

જુદા જુદા નામ આકાર, રૂપે રંગે થયા સાકાર,
પ્રથમ હતાં અવ્યકત જે, થયાં રૂપથી વ્યકત એ.
પહેલાં ગુણો ત્રણ કરી, દીધું માયા નામ ધરી,
અવિદ્યારૂપે જીવ થયો, માયા પતિ ઈશ્વર રહયો.

ઈશ્વર જીવ થયાં આમ, ઓળખવા એ પાડયાં નામ,
પ્રથમ તત્વ પાંચ જ જે, થયાં એમાં બ્યાંસી એ.
એ બ્યાંસી ભેગા થયાં, હું ને મારું એમાં ભળ્યાં,
જીવો માત્ર આમ થયાં, જુદા જુદા દેહો ધર્યાં.

સાકાર બની કરે કામ, નિરાકાર એમાં શ્યામ,
ઈશ્વરે સૃષ્ટિ કરી મહાન, એમાં જીવો રચી સમાન.
દેશ કાળ ને વસ્તુ કરી, વિવિધ રૂપો નામ ધરી,
સંસાર આમ ઊભો કરી, પોતે જુએ અળગો રહી.

રચના આ ઉપાધિ ભરી, ઉગરવાને બારી કરી,
અવધ તત્વે ખ્યાલ કરી, આસકત બનશો ના જરી.

::------------:: ॥ ::------------::

:: મુર્તિ પૂજાનું મૂળ ::

પરબ્રહ્મ પ્રથમ મૂળ, સંખ્યા કે નામથી દુર,
અપેક્ષાઓમાનો એક, જયાં જુઓ ત્યાં એક જ છેક.
પછી એમાંથી બે કર્યા, પુરુષ પ્રકૃતિ નામ ધર્યા,
પ્રકૃતિથી થયા પાંચ, પુરુષ રહયો ચારે પાસ.

પ્રકૃતિએથી ત્રણે ગુણ, કોઈ નહીં એના વિણ,
સત્ય રજ અને તમ, એમાં સત્વ ગુણ ઉત્તમ.
એ ગુણોના દેવ થયાં, દૃષ્ટિથી તો એ પર રહયાં,
કલ્પનાએ તો મૂર્ત કર્યા, સંસારે એ પૂજતા થયાં.

ત્રણે દેવોની વૃત્તિ જે, મુખ્ય બની દેવીઓ તે,
એમાંથી તો અનેક સહી, લોકોમાં પૂજાતી રહી.
દેવો તણી સ્ત્રી ગણી, એથી એમાં શકિત ઘણી,
પૂજવા લાગ્યાં આશા કરી, ફળ મળશે માની સહી.

દેવોનું પણ બન્યું એમ, પૂજતાં ફળશે માન્યું તેમ,
મૂર્તિ પૂજા બની આમ, ગોખ મંદિર કર્યા ધામ.
સૌને હોવે ઈચ્છા ઘણી, પૂરી કરવા માનયો ધણી,
દેવ દેવી પસંદ કરી, મનથી માન્યા સર્વોપરી.

મૂર્તિ પૂજા આમ જ થઈ, અનેક રીતો એની સઈ,
પોતે કલ્પ્યું ને પોતે જોયું, માન્યું આમ સૌનું ગાડું ચાલ્યું.
આશા માટે આ વહેવાર, અંત સુધી એ મારે માર,
અજ્ઞાની રહે અટવાય, સુજ્ઞ હોય તે છુટી જાય.

અદ્વૈત છે એકની વાત, ઠાકોર ગુરૂ છે સાક્ષાત
અવધ ને તો શંકા નહીં, બ્રહ્મ એક જ છે સહી.

::-------------:: ॥ ::-------------::

:: સત નામ ::

પ્રથમ નામ કોઈ નહી, હતો એનો આધાર સહી,
આધાર વિણ નાહી કશુ, માનવ પંખી કીટ પશુ.
દેશ કાળ ને વસ્તુ માય, એમાં રહયું નામ સમાય,
પ્રપંચ બધો નામે જ હોય, નામમાં કદી નહીં કોઈ.

ચારે અવસ્થા ચારે દેહ, રહેતો એમાં નિઃસંદેહ,
જયાં જુઓ ત્યાં છે એ, દિવ્ય દૃષ્ટિએ દેખાય તે.
જડ ચેતન જુઓ કોઈ, નામ વિણ એ નહીં હોઈ,
ઓળખવાને પાડયાં નામ, એથી થાય કામ તમામ.

એકનો એ બને અનેક, વ્યાપક એને માનો છેક,
તત્વતો એ છે મહાન, સર્વત્ર રહયો એ સમાન.
નાશ નામનો તો મનાય, એ તો ઉલટી વાત જણાય,
નામ ધરે એમનો નાશ, કદી નહીં નામ વિનાશ.

ઉચ્ચાર માત્ર શબ્દો જે, તમામ બનતા નામો તે,
ચાલે એથી તો વહેવાર, સર્વ એનો છે પરિવાર.
નામ વચન મોટી વાત, જે જાણે તે થાય પ્રશાંત,
સદ્‌ગુરૂ જો થાય સહાય, તો જ તત્વ એ સમજાય.

બાદ કરો નામ ને રૂપ, તો સમજાય સ્વ-સ્વરૂપ,
સતત સૂરતા જો રહી, નિજ આનંદ થાય સહી.
આપે ગુરૂ નામનું જ્ઞાન, એ જ માનો મુખ્ય વિધાન,
નામ જાણ્યે જણાય દરેક, નહીં જ એમા શંકા છેક.

વિશ્વ બધામાં રહયો એક, નામ માત્રે છુપો છેક,
સદ્‌ગુરૂ એની સાન કરે, અવધ સત્ય એ જ ખરે.

::------------:: ।। ::------------::

:: શુભ વિચાર ::

કલ્પાનાથી જગત ઉપજ્યું, ચિત્તમાં જ થયો સંસાર,
ભ્રાંતિ છતાં સત્ય માનીને, કરતાં સહુ વહેવાર.
ખબર નથી ઘડીકની, મનોરથ કરે અપાર,
હું - હું સતત વિચારતાં, હું નો કરે નહી વિચાર.

ગણના કરી જે કાળની, સાપેક્ષ માત્ર ગણાય,
અવિનાશ એક આત્મા, જેમનો તેમ જ જણાય.
ઘટ ઘટ વ્યાપી રહી, ક્રિયાશીલ કરે તમામ,
ચેતન વિણ જડ બધાં, એ વિના થશે નહી કામ.

ચમત્કાર કોઈ દેખીને, ભૂલશો કદી નહીં ભાન,
કલ્પનાએ વિશ્વ રચ્યું, મદારી કેવો મહાન.
છ શત્રુ છે મનુષ્યના, આપતા નીત્ય કલેશ,
દિશા બદલતાં આવડે, તો દે નહીં દુઃખ લેશ.

જશ વ્યાધી કાળ જે, એ ટાળી નહીં શકાય,
આત્માભાવે જીવતાં, સઘળા દુઃખો ભૂલાય.
ઝડપે કાળ શરીરને, આત્માને અડે નહીં લેશ,
દેહથી પર થવાય તો, પામે નહીં કોઈ કલેશ.

ટાણું આવે મરવા તણું, તોય સત્ય ન સમજાય,
પશુ તુલ્ય એ માનવી, વિષયમાં રહે ફસાય.
ઠાઠમાઠ ને વિલાસમાં, જીવન તો થાય પસાર,
ક્ષણિકના સુખો તજી, પરમ સુખનો વિચાર.

ડર છે બધાંને મોતનો, એનાથી નહીં જ બચાય,
ઉપજે એ નાશ પામતું, ઈશ્વરી નિયમ જણાય.
ઢાલ ધરો સતધર્મની, થાઓ દેહભાવથી દૂર,
નિજ રૂપમાં સ્થિર થયે, આનંદ પ્રગટશે ઉર.

ણ શબ્દે પહેલો નહીં, અવિવેકીનું પણ એમ,
ક્રિયા કે ભકિતમાર્ગમાં, ગણાય જ્ઞાની પ્રથમ.
તને તારનારો તું જ છે, અવર સમજ ન કોઈ,
આત્મ તત્વ લે ઓળખી, મરણ તારું ન હોઈ.

થા ને સ્થિર તું આપમાં, અન્યનું ધ્યાન ન ધર,
પાંચ ભૂતની કૃતિ બધી, થઈ જા પ્રપંચ થી પર.
દેહ હું એ અજ્ઞાનતા, એથી જ સંસાર રચાય,
આત્મા છું એમ જાણતાં, જીવનના દુઃખ ભૂલાય.

ધર્મને સંપ્રદાય નહીં, વ્રત કર્મ કે કોઈ નીમ,
યથા કાળે યથા વર્તવું, ઉત્તમ સમજ એ જ ધર્મ.
નહીં કપટ કે કુટીલતા, અને શુધ્ધ હોય આચાર,
રાગ દ્વેષથી દૂર રહે, સમજો ધર્મનો એ સાર.

પરમ તત્વને પામવા, પરમ જીવન જીવાય,
રાગ રહે ન વિષયમાં, હર્ષ શોકથી પર થાય.
ફસાવે ન કોઈ લાલસા, નહીં માન કે અપમાન,
કામના માત્ર કોઈ નહીં, સુખ દુઃખ બેય સમાન.

બનવું થવું કંઈ નથી, છે તેમની કરો પીછાણ,
બનવા જશો કંઈક તો, થશે સ્વરૂપની હાણ.
ભ્રમમાં સૌ ભૂલા પડી, સત્યથી રહયાં અજાણ,
માયા તણી ભ્રમજાળમાં, દૂર રહે સંત સુજાણ.

મનથી સંસાર ઉપજે, કરાવે સર્વ વહેવાર,
સ્વરૂપે જો જોડાય તો, પામે નહીં ફરી સંસાર.

યજ્ઞથી દેવતા રીઝતા, સતકર્મે ચિત્ત શુધ્ધ થાય,
આત્મ તત્વને જાણતાં, ભય મરણનો જાય.

રચના બધી મન તણી, સુખ દુઃખ ભોગવે મન,
વાત આ સમજાય તો, સંતાપનું થશે હનન.
લક્ષ બનાવો બ્રહ્મને, ઉપાસના રૂપે બાણ,
ૐ ધનુષ્ય ચિત્ત દોરીથી, પમાય પદ નિર્વાણ.
વિશુદ્ધ ચિત્તે ન ઉપજે, વિષયોમાં અનુરાગ,
એમ નિજ ને ચાહતાં, જાગશે વૈભવ વૈરાગ.

શબ્દ આદિ પાંચ વિષય, જે પ્રપંચના છે એ અંગ,
પ્રેમ ગણીને ભોગવતાં, આત્માથી કરશે અસંગ.
સગુણ નિર્ગુણ જે ગણો, સાકાર કે નિરાકાર,
બંને રૂપોને સમજવા, સાધવો પડે સહકાર.

ષટ રિપુ રહે અંતરે, દિશા એની જો ફેરવાય,
બને મિત્ર શત્રુ મટી, સુખમય થાશે સદાય.
હદ બે હદની વાત જો, અનહદે ઓળખાય,
ભેદ દૃષ્ટિ દૂર થતાં, અભેદ ભાવ સમજાય.

ળ ને બદલે લ આવતા, ભાષામાં પડેના ફેર,
આત્મજ્ઞાની ને કોઈથી, ઉપજે કદી ન વેર.
ક્ષય પામે દૃશ્ય બધું, અક્ષય આત્મા છે એક,
અવધ પદને પામવાં, અહંકાર છોડો છેક.

જ્ઞાન વિષય કે વૃત્તિનું, વહેવારિક કહેવાય,
કેવળ સમવીત જ્ઞાપ્તિ, એ અનુપમ જ્ઞાન ગણાય.

::------------:: ॥ ::------------::

:: કકકાના ૩૪ અક્ષરોના ૩૪ વિચાર ::

(સ્કૂલમાં ભણતાં બાળકોને ભણાવવા જોઈએ. જેથી બાળકોમાં સદ્બુધ્ધિ ખીલે)

ક : કા. કોણ હું છું તેમનો, કરો વિવેકથી વિચાર,
શરીર નથી હું આત્મા, છું મન-બુધ્ધિથી પર.

ખ : ખા. ખોજ કરો અંતર, બહાર નથી એ કયાંય,
રહે છે સૌના હૃદયમાં, અનુભવ કર્યે જણાય.

ગ : ગા. ગુરૂગમ હોય તો, નામ વચન સમજાય,
સૂરતા શબ્દમાં રાખતાં, પરમ પદમાં રહેવાય.

ઘ : ઘા. ઘડો માટી એક જ છે, આકારો એમના અનેક,
ભેદ જણાય રૂપો થકી, મૃત્તિકા બધામાં એક.

ચ : ચા. ચર્ચા કે વિવાદથી, સત્ય નહીં સમજાય,
સત્ય તત્વને પામવા, સત્સંગ એ ઉપાય.

છ : છા. છુટે જો અહમપણું, રહે મનપણાથી દૂર,
એક તત્વ ભાવે પામતા, આનંદ ઉપજે ઉર.

જ : જા. ની જાણ છે માયા તણી, ભરમાય સહુ જન,
માયા પતિને ઓળખતાં, છુટશે બધાં જ બંધન.

ઝ : ઝા. ઝંખે છે કોઈ જન, કરવા ઈશ્વર દર્શન,
ચિત્ત શુધ્ધ થયા વિના, થાય નહી ઈશ દર્શન.

ટ : ટા. ટળે કુબુધ્ધિ અને, સુબુધ્ધિ ઉપજે ઉર,
સુખમય જીવન બને, કુસંગથી રહેતા દૂર.

ઠ : ઠા. ઠગ રહે અંતરે, ધુતતા જીવન ધન,
જીતતાં છ એ શત્રુને, શાંતિ પામે ચિત્ત મન.

ડ : ડા. ડગે નહીં સૂરતા, અખંડ એક નિર્ધાર,
આપતિએ અડગ રહે, જીત્યો એમણે સંસાર.

ઢ : ઢા. ઢોલ પીટે ધર્મનો, ધર્મનો કરે વેપાર,
આચરણ કરે અસત્યનું, પામે ફરી ફરી સંસાર.

ણ : ણા. ણ નથી કોઈનો, પદમાં પાછળ લખાય,
પારકી બુદ્દિધએ ચાલતાં, ગાડર જેમ ગણાય.

ત : તા. તુજ થકી સર્વ છે, અધ્યતમ જ્ઞાન વિચાર,
પોતાથી પોતાને ઓળખો, શ્રુતિ કરતી ઉચ્ચાર.

થ : થા. સ્થિર થા આપમાં, બહાર તો માયાવી જાળ,
પંચ વિષયે રાચીશ તો, વહેલો ઝડપશે કાળ.

દ : દા. દેહ એ જ આપણે, હું ને મારું માને સદાય,
અંત સુધી અજ્ઞાનતા, માયામાં રહે અટવાય.

ધ : ધા. ધર્મને નામે છેતરી, ભગવાન થઈ પૂજાય,
નિજ રૂપના જ્ઞાન વિણ, પ્રપંચે રહેતા ફસાય.

ન : ના. નામને રૂપથી સ્વયં, સમજયો નહી વાત,
માન્યતાએ મસ્ત રહી, સત્યથી રહયો અજ્ઞાત.

પ : પા. પ્રભુતો પાસે છે, શોધવો પડે નહીં દૂર,
સંગ સત્યનો થાય તો, પરમાત્મા દેખાયે ઉર.

ફ : ફા. ફોગટ સંસાર છે, અજ્ઞાનીને સત્ય જણાય,
વિકાર થતો ભાળે છતાં, માને કાયમી સદાય.

બ : બા. બીક છે વિનાશની, શોધતા નહી ઉપાય,
અસતના ઉપાસકો, માયામાં જ ગુંચવાય.

ભ : ભા. ભય અને ભૂખથી, પીડાય સઘડો સંસાર,
અસંતોષ ને અજ્ઞાનથી, સોહંગમાં જ માને સાર.

મ : મા. મૃગજળ દેખીને, હરણ મન હરખાય,
તરસ એથી છીપે નહીં, એમ જ આપણું જણાય.

ય : યા. યત્ન પ્રયત્નથી, સંપત્તિ મેળવી અપાર,
મરણ સુધી ના વાપરી, અંતે પસ્તાય ગમાર.

ર : રા. રાગ ને દ્રેષ એ, બંને ડાકુ સમ જાણ,
શાંતિરૂપી ધન લૂંટતા, અશાંત રાખતા પ્રાણ.

લ : લા. લક્ષ એક રાખતાં, જીવન બનતુ શાંત,
પ્રપંચનો તો પાર નહીં, એ તો કરતાં અશાંત.

વ : વા. વાદ ને વિવાદથી, સંશય થાય અનેક,
સત અસતની જાણથી, ઉકલશે પ્રશ્ન પ્રત્યેક.

શ : શા. શાંતિ સુખ પામવા, છોડવી કામના તમામ,
અહંતા મમતા મૂકતા, અંતરે થાશે વિશ્રામ.

ષ : ષા. ષટ ચક્રની માન્યતા, કુંડલીની વિશે વાત,
દેહ સાડા ત્રણ હાથનો, એમાં જ શકિત થાય જાગૃત.

સ : સા. સમુદ્રમાં ઉઠતાં, વિવિધ તરંગ અનેક,
ચેતના સાગર મહીં, ઉપજે આકાર પ્રત્યેક.

હ : હા. હર્ષ કે શોક નહીં, પ્રિય અપ્રિય સમાન,
સોનું માટી સરખા ગણે, એ જ જગતમાં મહાન.

ળ : ળા. મળ વિષયની તૃપ્તિ, કદીયે નહી થાય,
ભોગવ્યાં એમ માનતાં, પણ પોતે જ ભોગવાય.

ક્ષ : ક્ષા. ક્ષણે ક્ષણે દૃશ્ય બધું, ક્ષીણતા પામતું જાય,
જગત અક્ષય ભામતું, દૃષ્ટિની ભ્રાંતિ ગણાય.

જ્ઞ : જ્ઞા. જ્ઞાન કથે અજ્ઞાનનું, કદી સત્ય ન સમજાય,
અવધ સદ્‌ગુરૂ વિના, જ્ઞાનનું જ્ઞાન ન થાય.

::------------:: ॥ ::------------::

:: ધર્મ ભકિત ::

ભકિત તેમજ ધર્મમાં, સર્વને હોય છે માન,
અનુસરતા અન્યને, એથી બને અનુમાન.
જાતિ કુળની માન્યતા, કે અનુકરણે જ થાય,
વિવેકના અભાવથી, બને નહીં સુખદાય.

રૂઢિ કે અંધ ભકિતમાં, સમય ધન ખર્ચાય,
નિર અક્ષરના ભેદનો, વિવેક કદી ન થાય.
ભકિત નહીં ક્રિયા કાંડમાં, ધર્મ નહી બાહ્યાચાર,
વેશ માળાને વાળથી, વધતો શરીરે ભાર.

મરે ન મનની કલ્પના, વધે અહ્મ મિથ્યાચાર,
સત્ય કહે જો કોઈ તો, વિચારે ન મુઢ ગમાર.
ગ્રંથ મંદિરે શોધતાં, ગુમાવ્યું જીવન ધન,
આજ સુધી શું મેળવ્યું, કર્યુ નહીં કદી ચિંતન.

અવગુણ જોયા અન્યના, દૃષ્ટિ કરી નહીં નિજ,
પર ભાવના રાચતાં, બળ્યું ન અહમનું બીજ.
નફો કરવા નીકળ્યાં, ઉલટું થયું નુકસાન,
અજ્ઞાન બિલાડું કાઢતાં, ઊંટ સમ વધ્યું ગુમાન.

સત્ય ને શાંતિ પામવા, તેમ જ પ્રભુનો પ્યાર,
લેતાં ધર્મનો આશરો, વધ્યો કર્મ વહેવાર.
સદ્દગુરૂના સંગ વિણ, સત્યનું થશે નહી ભાન,
આપ બુધ્ધિએ ચાલતાં, અંત સુધી રહે અજ્ઞાન.

સાકાર નિરાકારની, અવધ વાત અનેક,
શ્રી સદ્દગુરૂની સાન થી, કલ્પના ટળે પ્રત્યેક.

::------------:: ॥ ::------------::

:: અસીમ તત્વ ::

સદાચાર ને સત્યથી, જીવન થશે પુનિત,
ત્યાગે વિષય વાસના, નિર્મળ બને તો ચિત્ત.
ગુરૂ સંતના સંગથી, નિષ્ઠા બ્રહ્મમાં થાય,
રૂપ એમનું જાણતાં, રાગ પ્રપંચનો જાય.

હામ નામ વસ્તું બધી, એક ને આધાર હોય,
કર્મકાંડ ને ક્રિયા થકી, સત્ય પામે નહીં કોઈ.
રહસ્ય અસીમનું જાણવા, મથી રહયાં સહુ પંથ,
સીમા રહિત તત્વ એ, મળશે નહી કોઈ ગ્રંથ.

ભોગ ત્યાગ વિણ લક્ષણા, સત્ય ન જ સમજાય,
ઈશ જગતને જીવ એ, સાપેક્ષ માત્ર ગણાય.
અવિવેકી માનતા, જીવ ઈશ્વરના ભેદ,
વચન વિવેકી હોય એ, અખંડ કરે ન છેદ.

ધર્મ સનાતન એક છે, માન્યતા હોય અનેક,
અવધ આત્માને જાણતા, ટળતા ભેદ પ્રત્યેક.
જે વધઘટ વ્યાપી રહયો, અને સૌનો છે અધાર,
રાગ દ્વેષે જે રાચતાં, સૂઝે નહી સદ્ વિચાર.

મન વાણીની એકતા, સરળ શુધ્ધ વહેવાર,
ભાસ માન પ્રપંચમાં, કદી કે નહી પ્યાર.
એષણા નહીં અન્યની, નિષ્ઠા ભાવ નિશ્ચિત,
અવધ અસીમ તત્વમાં, સતત રાખવું ચિત્ત.

જ્ઞાન એ અનુમાન છે, અનુભવ આપનો હોય,
સિધ્ધ અનુભવ શ્રેષ્ઠ જે, અવધ સ્વયં એ સોઈ.

::------------:: ॥ ::------------::

:: સત સંગ ::

સજજન તણા તો સંગથી, દુર્જન સજજન થાય,
પાણીના જેમ યોગથી, મલીનતા મટી જાય.
પારસના તો સંગથી, કંચન બનતું લોહ,
સંત ગુરૂના સંગથી, છુટે પ્રપંચનો મોહ.

પારસ રૂપે સંત છે, લોહ સમ દુરીજન,
દૂર કરી દુર્ગુણોને, નિર્મલ બનાવે મન.
અગ્નિના સંયોગથી, કોલસા ઉજળા થાય,
જ્ઞાનીના સહવાસથી, અજ્ઞાન અંધારું જાય.

સત્સંગ તો દુર્લભ ને, મળે નહીં સંતો વિણ,
અજ્ઞાની ન ઓળખે, પિછાણે સંતને પ્રીવણ.
સંતના સતસંગથી, જીવ જીવન ઓળખાય,
મળ વિક્ષેપ આવરણ, સર્વે દૂર થઈ જાય.

સબરસના (સોલ્ટ) અભાવથી, ભોજન તો રસહીન,
સંત ગુરૂના સંગ વિણ, જીવન રહેતું ખીન.
ધન પરિવાર સંપત્તિ, પ્રતિકુળ જીવ અશાંત,
નિત્યના સતસંગથી, જીવન બને પ્રશાંત.

સતસંગના પ્રભાવથી, માનવ બનતો મહાન,
ચલિત થાય ન સત્યથી, દ્વંદ્વો સર્વમાં સમાન.
સતસંગને સસ્તો કરી, મન મુખી વધ્યા અપાર,
ઉછીનું ધન વાપરે, ગુરૂ વિમુખ ગમાર.

શાસ્ત્રજ્ઞાન કે વિદ્યતા, કરાવે નહીં નિજ જ્ઞાન,
અવધ સદ્‌ગુરૂ સંત તો, સ્વરૂપનું કરાવે ભાન.

::------------:: ॥ ::------------::

:: સત્યનારાયણની કથા ::

પ્રચલીત કથા છે સત્યની, સત્યનું વ્રત એ એક,
કેવળ કથા જ એ નહી, કઠિન સત્યની છે ટેક.
જાણે સત્ય જો અંતરે, જે જાય દુર્ગુણ ને દોષ,
મન બુદ્ધિ નિર્મળ થઈ, જીવન બને નિર્દોષ.

કરે આચરણ સત્યનું, સત્ય કરે વહેવાર,
સત્ય કદી ન છોડવું, કથાનો જાણો આ સાર.
વ્રત માટે ઉપવાસ ને, સ્થાપન પ્રતિષ્ઠા પ્રતિક,
પૂજન કરતાં એમનું, સદભાવ વધે અધિક.

સત્ય એ જ ઈશ્વર, અને સત્ય સર્વથી મહાન,
અન્યને સમજે સત્ય, તો પામર મુઢ નાદાન.
કથા ફકત દૃષ્ટાંત એ, જાણવા સત્યનો સિધ્ધાંત,
કેવળ ક્રિયા કથન તો, વધારે અહમ ને ભ્રાંત.

પ્રતિકનું સ્થાપન કરી, કરતાં પછી ઉથાપન,
લીધા પછી સત્ય વ્રત, એ બનતો સ્વયં વિધાન.
પૂર્ણાહુતિ ક્રિયાકાંડની, પણ વ્રતની ન જ હોય,
વિવેકના અભાવથી, કર્તવ્ય ભૂલ્યા સૌ કોઈ.

માન્યતા કે સદ્‌ભાવનાથી, ધાર્મિક ક્રિયાઓ થાય,
યથાર્થ એનો ન જાણતા, પ્રયત્ન નિષ્ફળ જાય.
યજ્ઞ કથા કે જપ તપ, તીરથ દાન ને સ્નાન,
અનુસરે કે અટકળે, અવધ વધે અભિમાન.

ધાર્મિક પ્રસંગો આપણાં, હેતુ વિણ નહી કોઈ,
સદ્‌ગુરૂના જ્ઞાન વિણ, જીવન મુકત ન હોઈ.

::------------:: ।। ::------------::

:: અગિયારસ ::

તિથી અગિયારસનું, મહત્વ મોટું ગણાય,
અધ્યત્મ ને આરોગ્યની, દૃષ્ટિએ ઉત્તમ ગણાય.
પ્રપંચના વહેવારમાં, ધર્માચરણ ભૂલાય,
ઉપવાસના આ યોગથી, સ્મરણ તાજું એ થાય.

અન્ન આહાર ત્યાગથી, હોજરીને મળે આરામ,
નિરોગી રહે શરીર ને, અનુચિત્ત થાય ન કામ.
ભકિત ધર્મના ભાવથી, ઈશ્વર આરાધના થાય,
ઈશ સમીપ બેસવું, એ જ ઉપ-વાસ ગણાય.

ઈન્દ્રિયો અગિયારના, તજવા વિષય ભોગ,
કામ ક્રોધ આદિ શત્રુનો, થાય નહીં આજે યોગ.
તૃષા ભૂખ જે પ્રાણના, ભલે અલ્પ શુધ્ધ આહાર,
ઈન્દ્રિયો જ્ઞાન કર્માદિના, વિષય તજો વહેવાર.

રાગ દ્રેષ ને કુટીલતા, તન મન કરે અશાંત,
કરો અપવાસ એમનો, જીવન શુધ્ધ પ્રશાંત.
વ્રત તથા ઉપવાસને, ધાર્મિક પ્રસંગ પ્રત્યેક,
વિકૃત ને વિષયમાં થતાં, ભૂલ્યા ધર્મ વિવેક.

કરે સૌ ધર્મ ભાવથી, ખર્ચે તન મન ધન,
વિવેકના અભાવથી, ઉલટું જ કરે વર્તન.
સંત ગુરૂ કે શાસ્ત્રથી, સમજાય ધર્મ વિવેક,
અનુમાન ને અજ્ઞાનથી, સત્યાર્થ મળે ન છેક.

ધાર્મિક પર્વને વ્રત એ, સમજપૂવર્ક કરાય,
સદ્દગુરૂના બોધ વિણ, અવધ નિષ્ફળ જાય.

::------------:: ॥ ::------------::

:: વિવેક ::

ધર્મ ને વહેવારમાં, મુખ્ય અંગ છે વિવેક,
વિવેક વિણ કાર્ય બધાં, નિષ્ફળ જાય પ્રત્યેક.
જીવનને અધ્યાત્મમાં, વિવેક વિચાર ન હોઈ,
એથી નિષ્ફળતા સાંપડે, નિરાશ બને સૌ કોઈ.

સત્ય તથા અસત્યને, અયોગ્ય-યોગ્યનો વિચાર,
પ્રથમ આ વિવેકથી, કાર્ય ઉતરશે પાર.
મોક્ષગતિને પામવા, સાધન ચાર ઉત્તમ,
શાસ્ત્રોકત આ વાતમાં, બતાવ્યો વિવેક પ્રથમ.

સંસારિક વહેવારમાં, વિવેક વિનય ખાસ,
સ્નેહ સબંધ તૂટે નહીં, વધે ભાવ ને સુવાસ.
વેપાર ધંધા કે નોકરી, સર્વ જીવન વ્યવસાય,
કરતાં વિવેક બુદ્ધિથી, સુખદાયી બને સદાય.

ધર્મ સંબંધી માન્યતા, શ્રદ્ધાના નામે જ થાય,
વિવેકના અભાવથી, બનશે એ દુઃખદાય.
પુસ્તક પુરાણે વાત જે, વિવેક વિણ જો વંચાય,
લક્ષ્યાર્થ જ જાણતાં, વાચ્યાર્થ જ ગુંચવાય.

સદ્‌ગુરૂની શોધમા, વિવેક બુદ્ધિ જો હોય,
તો જ સદ્‌ગુરૂ સાંપડે, નહીં તો મળે દંભી કોઈ.
વસ્તુ માલ ખરીદતા, કરતા વિચાર વિવેક,
વિચાર કરે ન ધર્મમાં, આશ્ચર્ય કેવું આ એક.

જીવનના હર ક્ષેત્રમાં, વિવેકની શ્રેષ્ઠતા છેક,
સદ્‌ગુરૂ સંતના સંગથી, જણાય અવધ વિવેક.

::------------:: ॥ ::------------::

:: ચેતવણી ::

ધર્મના નામે છેતરે, ગુરૂ વા બાવા અનેક,
પરસ્પરની લાલચે, ફસાય ગમાર પ્રત્યેક.
વેશધારી સાધુ સંતથી, છેતરાય બુધ્ધિમાન,
વાણી ને ચમત્કારથી, ભણેલા ભૂલતા ભાન.

સન્યાસી બનીને છેતરે, ધર્મનો કરતાં હાસ,
બાનાને તો લજાવતા, ચેતવું વેશથી ખાસ.
પ્રભુ માનીને પૂજતાં, જીજ્ઞાસુ મન હરખાય,
સેવા કરે સદભાવથી, રાખે ન કોઈ અંતરાય.

શ્યામ મનાવે આપને, અંદર રાક્ષસ સમાન,
માયાજાળ તો પાથરે, વાતોથી કરે ગુલતાન.
શ્રધ્ધા ને પ્રભુભાવથી, સેવે કંઈક અરમાન,
પોત પ્રકાશે શ્યામ તો, ખોવાઈ પ્રતિષ્ઠા માન.

દેહ જ હું મનાવીને, રાખે વિષય તદરૂપ,
માયાએ જીવને છેતર્યો, ભૂલાયું સ્વ-સ્વરૂપ.
ત્રણે અવસ્થા છેતરે, સ્વપ્ન છેતરે છેક,
જ્ઞાન ઈન્દ્રિયો છેતરે, છેતરે પ્રપંચ પ્રત્યેક.

લાલસા ન શુભ હેતુથી, ધર્મમાં સહુ જોડાઈ,
વિવેકના અભાવથી, શ્રધ્ધા છતાં છેતરાય.
વહેવારે તો સૌ કોઈ, વિચારે અપરંપાર,
ધર્મ કે ભકિતમાં, કરે ન વિવેક વિચાર.

સદ્ભાગ્યે સદ્ગુરૂ મળે, જે માયા પ્રપંચથી પાર,
અવધ ગુરૂ સંત તો, સૌ પર કરે ઉપકાર.

::------------:: ॥ ::------------::

:: યજ્ઞ ::

યજ્ઞની પ્રાચીન માન્યતા, વર્તમાને પણ હોઈ,
અનુમાને કરતાં રહે, યથાર્થ કરે નહી કોઈ.
દ્રવ્યો અને ઘી હોમતાં, મંત્રોનો ધ્વનિ ઉચ્ચાર,
સકામ આવા યજ્ઞથી, કર્મનો વધે અહંકાર.

ગીતામાં તો યજ્ઞની, ઉત્તમ કહી છે વાત,
અનાસકત જ કર્મ એ, નિત્યના યજ્ઞ સાક્ષાત.
પાલન થાય સ્વધર્મનું, સ્વાર્થ રહિતના કામ,
આસકિત અને અહમ વિણ, કાર્ય એ યજ્ઞ તમામ.

જ્ઞાન રૂપી અગ્નિમાં, અહમની આહુતિ થાય,
અશુભ વૃત્તિઓ હોમતાં, જીવન બને સુખદાય.
સંતોષે હોમો લોભને, શાંતિમાં હોમો ક્રોધ,
હોમતાં કામ વૈરાગ્યમાં, થશે મોહનો નિરોધ.

ત્યાગની શુભ ભાવના, સંપત્તિનો સદ ઉપયોગ,
શુભ વૃત્તિ એ યજ્ઞ છે, તજે સંગ્રહ ને ભોગ.
વહેવાર ને પરમાર્થ, કરતા સઘળા કામ,
અહમપણાથી થાય તો, અયજ્ઞ અને સકામ.

લોક હીતાર્થે કામ જે, કરે સંત સજજન કોઈ,
નહી માનની ચાહના, મહાન યજ્ઞ એ હોઈ.
સ્વાર્થવૃત્તિને હોમવી, ઈન્દ્રિયો કરે સતકામ,
હું ને તું માં હોમવો, જુએ પ્રત્યેકમાં રામ.

સર્વસ્વ ગુરૂને અર્પતા, અધિક યજ્ઞ નહીં કોઈ,
સળંગ સૂરતા રાખતાં, અવધ શાંતિ સુખ હોઈ.

::------------:: ।। ::------------::

:: બ્રહ્મ નિરૂપણ નિર્દેશ ::

પરમ તત્વ બ્રહ્મ જે, નહીં જ રૂપ કે કંઈ નામ,
એ બ્રહ્મને ઓળખવા, મથતા મુમુક્ષુ તમામ.
વ્યષ્ઠી અને સમષ્ઠિમાં, સત્તારૂપ જ છે બ્રહ્મ,
માયાના મોહ પાશમાં, થયો છે જીવ ભ્રમ.

પ્રથમ પંચીકરણ ને, પછી જ બ્રહ્મની વાત,
સદ્‌ગુરૂના જ્ઞાનથી, જણાય જીવની જાત.
મળ આદિ દોષ છે જીવના, તેમજ પાંચ કલેશ,
જન્મ મરણ એ દેહના, બ્રહ્મને નહીં જ એ લેશ.

બ્રહ્મ તો અક્રિય અને, દેહનો જડ સ્વભાવ,
દેહ વિણ કોણ ઓળખે, અદ્વૈત બ્રહ્મ પ્રભાવ.
પંચભૂત ત્રણ ગુણથી, પિંડ બ્રહ્માંડ સર્જાય,
સર્વ સત્તા છે બ્રહ્મની, ગુરૂ વિણ ન સમજાય.

દેહની રચના જાણવા, પંચીકરણ પ્રમાણ,
અનિત્ય માયા જાણતાં, ઈચ્છે સૌ પદ નિર્વાણ.
ભેદ ભ્રમણા જાય ને, રહે ન રાગ ને દ્વેષ,
નિષ્ઠા થતાં બ્રહ્મમાં, અહંકાર રહે ન શેષ.

માત્ર કોષ જ્ઞાનથી, વધતું અહમ અજ્ઞાન,
લાલચુ લક્ષ ભૂલતાં, મુમુક્ષુ રહે સભાન.
બને ઉત્તમ જીવન ને, શુદ્ધ થાય વહેવાર,
સાર્થક બ્રહ્મ જ્ઞાન તો, નડે નહીં જ સંસાર.

નિરૂપણ આ બ્રહ્મનું, ગુરૂ કૃપાથી જ સોઈ,
સમર્પિત એનું એમને, અવધ કૃપાર્થ હોઈ.

::------------:: ॥ ::------------::

:: વહેમ ::

વહેમ નામે વળગ્યું, સમજો એ છે મોટુ તુત,
અસ્થિર મન જેમનું એ, વળગે ભૂત તેમનું તે.
રોગ અજંપો અશાંતિ જે, એ પણ માનો કારણ એ,
માનસિક આ મોટો રોગ, ઘણાં બનતા એનો ભોગ.

માનવ મન સર્વ એક, માન્યતા આ દેશ પ્રત્યેક,
માની લીધેલી હોય છે વાત, એથી થાય છે જીવ ને ભ્રાંત.
કલ્પના પોતે ઊભી કરે, એનાથી જ એ પોતે ડરે,
આશ્ચર્ય આ તો મોટું એક, મંદ બુદ્ધિ આ માનો છેક.

વિજ્ઞાન યુગ આ ગણાય, છતાં વહેમ માને ઘણાંય,
અજ્ઞાનનો આ મોટો આંક, જુની પેઢીનો કાઢે વાંક.
બધી બાબતે થાય વહેમ, અગ્નિ બાળે સૌને જેમ,
માયા સર્જીત પાંચે ભૂત, જીવે સર્જ્યું વહેમનું તુત.

પતિ પત્નીને થતાં વહેમ, જશે જ અંતરનો પ્રેમ,
જીવન એનું થાય ધુળ, કારણ એમનું વહેમ છે મૂળ.
મિત્ર મિત્રે પડતાં વહેમ, સંબંધ ઘટે તેમનો એમ,
અન્યોન્ય ઉપજે ભેદ, એથી પામતાં બંને ખેદ.

વહેમ એતો મોટો રોગ, એ જ કરાવે યોગ વિયોગ,
આપ્તજનમાં પાડે ભ્રાંત, વિના કારણે કરે અશાંત.
ભાવિનું તો કલ્પી દુઃખ, ને ગુમાવે આજનું સુખ,
સુજ્ઞજન કરો વિચાર, વહેમ તો છુપા શત્રુ ગમાર.

ધર્મ નામે વહેમ અનેક, નહીં જેને આત્મ વિવેક,
અવધ આત્મા જાણો એક, તેના ટળે વહેમ પ્રત્યેક.

::------------:: ।। ::------------::

:: શિવરાત્રિ ::

શિવરાત્રિ પર્વ વિશે, વર્ણનો ઘણાં કરાય,
સૂક્ષ્મ રીતે વિચારતાં, યથાર્થ એનો સમજાય.
ચૌદશ અંધારી માહની, શિવરાત્રિ જ મનાય,
ચંદ્રકળા વધી ઘટી, લય બીજમાં થઈ જાય.

સર્જન લયનો ક્રમ આ, કાયમી નહી છે કોઈ,
ભાસીત આ સંસારનું, સર્જન વિસર્જન હોઈ.
સંકેત જે આ પર્વનો, માનવો એ ઉપદેશ,
બ્રહ્મ જ સત્ય માનતા, જગત રહે ન લેશ.

જગત પિતા શિવ એ, જાણો કલ્યાણ સ્વરૂપ,
સ્મરણ એ આજે કરી, ઓળખો બ્રહ્મનું રૂપ.
વિનાશક જગતનું, મહાદેવ છે પ્રતિક,
સ્થાન વેશ ને રૂપ જે, વિવેકે વિચારો ઠીક.

મસાણ સર્પને ભસ્મ તો, મનાય એ કાળના રૂપ,
ભાલ ચંદ્ર ને ગંગ જટા, શીતળ જ્ઞાન સ્વરૂપ.
ધ્યાન આસન ધરીને, એકાંત શાંત ગંભીર,
સૂક્ષ્મ રીતે વિચારતાં, પ્રકાશ થશે હૃદય.

શિવ રૂપ તત્વ તો, કેવળ ચૈતન્ય ગણાય,
તેનો અંશ જ જીવ એ, અચેત આભાસ જણાય.
પ્રતિક રૂપે એ શિવજી, અદ્વૈત મૂળ સ્વરૂપ,
આત્મભાવે ઉપાસતા, થાશે જીવન સુખરૂપ.

કાળ ભય અજ્ઞાનતા, તજવા તણો છે દીન,
અવધ શિવને જાણવા, થાઓ સદ્‌ગુરૂ અધિન

::------------:: ॥ ::------------::

:: ગણેશ પૂજા ::

સર્વત્ર પૂજા ગણેશની, પંચ દેવોમાં એ અધિક,
વિવેકથી વિચારતાં, ગુણોનું છે પ્રતિક.
માન્યતાં કે શ્રદ્ધા થકી, ઉચ્ચારે ગણેશનું નામ,
પહેલાં સ્થાપન એમનું, પછી જ આરંભતા કામ.

કાર્ય ગમે તે પ્રકારનું, સ્થાપન એમનું થાય,
ગુણના પતિ ગણેશ એ, ઘરો ઘર રોજ પૂજાય.
સજજન ગણાય એ ગુણથી, મળતું સમાજે માન,
ગુણ રહિત વ્યકિતની, વાત ધરે નહી કાન.

સમજ વિનાનું થાય જે, થાય પૂજા કે પાઠ,
અનુકરણે કરાય તો, માત્ર ગણાય એ ઠાઠ.
પ્રાણી કે પદાર્થની, કિંમત ગુણથી અંકાય,
વિદ્યા અભ્યાસના ગુણથી, મધ્યમ શ્રેષ્ઠ મનાય.

ગુણ અથવા જ્ઞાન વિણ, કાર્ય સફળ ન થાય,
મહત્વ એનું ગુણથી, એથી જ ગણેશ પૂજાય.
સન્મુખ પ્રગટી દીપ ને, પ્રસન્ન કરે ગુણ સૂર,
કરતાં સંકેત દીપ એ, અંતરે પ્રકાશવો નૂર.

અંગોની જે વિચિત્રતા, રહસ્યમય છે વાત,
સૂક્ષ્મ દૃષ્ટિએ વિચારતાં, ભેદ ખુલશે સાક્ષાત.
જીવન દૃષ્ટિએ આપશે, પ્રતીકનો કરો વિચાર,
ચાહો જીવન સાફલ્ય, તો શુદ્ધ કરે વહેવાર.

ભૌગોલીક સંપત્તિ છતાં, મટે નહિં કલ્પિત દુઃખ,
અવધ દૈવી ગુણથી, ટળશે ભૌતિક ભૂખ.

::------------:: ।। ::------------::

:: શ્રીફળ ::

શુભ ફળ શ્રીફળ જે, બધે જ એમનું નામ,
શુભ અશુભ કાર્યમાં, પ્રથમ એમનું સ્થાન.
પ્રતિક છે એ શીશનું, એથી જ દેવને ધરાય,
અહંકારી જે હોય છે, આદર પામે ન કયાંય.

સુકાતા જળે ગોટો બને, ઉગાવો એથી ન થાય,
સુકાય અંતર આપણું, તો જન્મ અટકી જાય.
જળ રૂપે જે વાસના, બનતું જન્મનું બીજ,
સુકુ શ્રીફળ એ સૂચવે, સ્વરૂપ પામવું નિજ.
છોતરાં કર્મજાળ છે, ટોપરું વિષયો રૂપ,
અજ્ઞાન રૂપી કાચલી, ચોંટીને થાય તદરૂપ.

એમ જ સૌ આપણે, આસકિતએ ભૂલ્યા ભાન,
સ્વરૂપના જ્ઞાન વિણ, પ્રપંચે રહયાં ગુલતાન.
વૈદિક ક્રિયાકાંડમાં, શ્રીફળ મુખ્ય મનાય,
જન્મ-મરણ ને લગ્નમાં, પ્રતિષ્ઠા એની ગણાય.

ચોટી વિણ નહીં કામનું, ધાર્મિકે ત્યાજય મનાય,
સંસારના વહેવારથી, સન્યાસી જેમ જણાય.
યજ્ઞમાં આહુતિ એમની, વિવેકથી કરો વિચાર,
અહમ રહીત કાર્યથી, કર્મ ફળે નહી લગાર.

વાસના ભરેલું ચિત્ત એ, ગણાય અજ્ઞાની જન,
એમ જ ત્રોફો જાણવો, નહીં જ પ્રતિષ્ઠા સ્થાપન.
ગોટો સમાન આત્માનું, શરીરમાં હોય છે સ્થાન,
અવધ સંતના સંગથી, પામો સ્વરૂપનું જ્ઞાન.

::------------:: ॥ ::------------::

:: એકડાનો યથાર્થ ::

પ્રથમ એકડો અંકમાં, શૂન્યથી ઉભો થાય,
અપેક્ષિત એક બ્રહ્મ એ, પ્રપંચનું મૂળ ગણાય.
એકમા વત્તા એક થી, બગડો આંક રચાય,
પુરુષ પ્રકૃતિ બેયમાં, એકડો રહયો છુપાય.

બે માં એક ઉમેરતાં, આંક સંખ્યા ત્રણ થાય,
ત્રણ ગુણો છે સર્વમાં, પણ એકે નહી કળાય.
ત્રણ વત્તા એક થી, સંખ્યા ચારનો આકાર,
ચાર અવસ્થા ચિત્તની, સાક્ષી એકડો જે બહાર.

ચાર વત્તા એક થી, સંખ્યા પાંચડો પંચરૂપ,
પાંચ ભૂતના પ્રપંચમાં, એકડો રહયો અરૂપ.
પાંચ વત્તા એક થી, સંખ્યા છ નો એ અંક,
છ શત્રુ ઊર્મિ જીવને, પણ એકડો નિઃકલંક.

છ માં એક ઉમેરતા, સાતડો સંખ્યાનું રૂપ,
સપ્તપદી વિચારતા, એકમાં બંને તદરૂપ.
સાત વત્તા એક થી, સંખ્યા બને છે આઠ,
અષ્ટાંગ ક્રિયા યોગની, એક નો કે છે પાઠ.

આઠ વત્તા એક થી, નવડો છેલ્લો છે અંક,
મુખ્ય ઈન્દ્રિયો નવમાં, અદૃશ્ય એક નિઃશંક.
નવમાં એક ઉમેરતા, સંખ્યા પામે વિસ્તાર,
સક્રિય દશે ઈન્દ્રિયો, માત્ર બ્રહ્મ એક આધાર.

સંખ્યા તેમજ અંકની, સદગુરૂ આપે જ્ઞાન,
અવધ એક ને જાણતા, પ્રપંચનું ટળે અજ્ઞાન.

::------------:: ।। ::------------::

:: અધ્યારોપ ::

દેહ હું ના અધ્યારોપથી, ચેતન જાય ઢંકાય,
અપવાદ કરતાં દેહનો, તત્વ તરત ઓળખાય.
અધ્યાસે અધ્યારોપથી, દેહભાવ જ દ્રઢ થાય,
અપવાદ કરતાં આવડે, તો સાચો હું સમજાય.

વારે અધ્યારોપ સોમનો, સમયમાં છે નહી વાર,
પ્રતીક કર્યો છે દેવનો, એમ જ બધો વહેવાર.
અધ્યારોપ પ્રેરિત છે, પદ સંબંધ તમામ,
અપવાદ કરતાં સર્વનો, એક જ વ્યાપક રામ.

સુષુપ્તિ દશા અજ્ઞાનની, ભૌતિક પ્રપંચ ભૂલાય,
એથી આનંદ ઊંઘનો, સૌને અનુભવ થાય.
જાગૃત એ સત્ય ભાસતું, સ્વપ્ને જગત ભૂલાય,
વિવેકથી વિચારતાં, સત્ય કોને કહેવાય ?

ત્રણે અવસ્થા નિત્યની, સૌને અનુભવ રોજ,
કોને પ્રમાણ માનવી, કરતાં નહીં કોઈ ખોજ.
જગત સાચું હોય જો, સ્વપ્ને ભૂલાયે કેમ ?
સુષુપ્તિમાં બંને છે જ નહી, અસત્ય ત્રણેય છે એમ.

સાક્ષી ત્રણેયનો એક જ જે, નિત્ય અખંડ અવિનાશ,
પરમ તત્વને પામવાં, છોડો દેહનો અધ્યાસ.
જુઓ આપણાં જીવનમાં, અધ્યારોપ એ જ વહેવાર,
અધ્યાસ અધ્યારોપથી, ચાલતો જીવન સંસાર.

અવધ તત્વ ઓળખી, આરોપણ કરવું દૂર,
સદ્ગુરૂની સહાયથી, પુરુષોત્તમ પ્રગટે ઉર.

::------------:: ॥ ::------------::

:: વિશેષ ધર્મ ::

સત્ય એ જ સ્વયં ધર્મ છે, અન્ય ગણાય કલ્પિત,
સાંપ્રદાયિક ધર્મ બધાં, માનવ અહમ સર્જીત.
સેવા પૂજા ને પાઠ કે, દર્શન ભજન ને ધ્યાન,
ભલે ધર્મ આ માનતા, ધર્મની માત્ર છે શાન.

બા બા વાકય પ્રમાણે, આચાર્ય કહેતાં એમ,
પ્રેય ગણાતા પંથનું, સત્યાર્થ જાણે એ કેમ.
ભિન્ન મતો માન્યતા, ગ્રંથિએ ભેદ રચાય,
સત્ય ધર્મથી વેગળા, ઉલટો અહમ પોષાય.

કેવળ તત્વજ્ઞાનની, કોરી જ કરતાં વાત,
રાગ દ્વેષમાં રાચતાં, જાણે નહી જીવની જાત.
પિંડ અને બ્રહ્માંડમાં, જુઓ ધર્મનું શાસન,
ઈન્દ્રિયો ગુણો ને પ્રકૃતિ, સ્વયં જ કરે પાલન.

પશુ તેમજ પક્ષીઓ, કરતા નિઃસ્વાર્થે કામ,
માત્ર નાદાન માનવી, સ્વાર્થે ભૂલતો શ્યામ.
ધર્મ કેવળ વાતમાં, વર્તન વાણી નહીં એક,
વાણી વિલાસે રાચતાં, ધર્મ ઘેલછા એ છેક.

નિજ મતની માન્યતાં, નિજ ગ્રંથે અનુરાગ,
પડી ગ્રંથિઓ ધર્મમા, પડયા અખંડના ભાગ.
ધર્મ શીખવે એકતા, તોડે અહમ મમના તાર,
ભેદ બુધ્ધિ પાખંડ તજે, સમ્યક ધર્મ ઉપકાર.

અવધ આત્મા જાણવો, વિષેશ ધર્મ જો એક,
સદગુરૂના સંગથી, ગ્રંથીઓ તુટે પ્રત્યેક.

::------------:: ।। ::------------::

:: પરમ દેવ ::

પિંડ તેમજ બ્રહ્માંડમાં, રહયાં છે દેવ સમાન,
સર્વ દેવોને જાણતો, આત્મા દેવ મહાન.
બ્રહ્મા વિષ્ણુ મહેશ ને, અન્ય દેવો દેવી અનેક,
અન્યોન્ય ન જાણતાં, આત્મા ઓળખે પ્રત્યેક.

હંસી પાત્ર બાલ સમ, કરતો માનવ ખેલ,
વિવેકના અભાવથી, ચણતો હવામાં મહેલ.
જડમાં ચેતન કલ્પીને, કરતાં એમની આશ,
અવળી માનવ બુદ્ધિએ, કર્યો ચેતનને દાસ.

અગ્નિ દીપક વીજળી, પ્રકાશમાન એ જાણ,
સૂર્ય પ્રકાશે સર્વને, પણ આત્માથી છે પ્રમાણ.
આત્મ ચૈતન્ય દેવથી, પિંડ બ્રહ્માંડ ઓળખાય,
સ્વયં પ્રકાશી દેવ એ, ગુરૂ વિણ નહીં પમાય.

જ્ઞાન સ્વરૂપ આત્માથી, દેવ બધાં જ ભાસીત,
અક્રિય પરમ દેવથી, પ્રપંચ સઘળો ઉદિત.
જીવ અંશ છે શિવનો, અવિદ્યા ઉપાધિ રૂપ,
સદ્દગુરૂના બોધ વિણ, જાણે ન આત્મ સ્વરૂપ.

એક જ દેવને જાણતાં, વિશ્વ સઘળું જણાય,
જાણ્યો નહીં જો આત્માને, સાધન સૌ નિષ્ફળ જાય.
સ્વયં આત્મ તત્વને, જીવ પામે નહીં કોઈ,
ટળે હું પણું જેમનું, આત્માની ઓળખ તો હોઈ.

આત્મા દેવાધિક દેવ એ, નથી અવઘ એ દૂર,
અહંતા મમતા જાય તો, સદ્દગુરૂ બતાવે ઉર.

::------------:: ॥ ::------------::

:: નવધા ભકિત ::

પ્રભુ ચરિત્રો સાંભળી, પ્રગટે પ્રભુમાં પ્યાર,
જીવન વર્તન સુધરે, એ શ્રવણ ભકિતનો સાર.
કિર્તન પ્રિય નામનું, ચૈતન્ય પ્રભુ સમાન,
ચાહે ન પ્રશંસા કોઈની, નિષ્ઠાભાવે ગુલતાન.

પ્રથમ નામીને જાણીએ, જાપ સમરણ તો થાય,
જાણયા વિના જો થાય તો, સમરણ નિરર્થક જાય.
ઈશ્વર કે સદ્ગુરૂના, ચરણ સેવામાં ભાવ,
આજ્ઞા એમની પાળતા, પ્રગટે વિવેક સદભાવ.

અર્ચન કે પૂજા દેવની, સગુણ સાકારે થાય,
કરતાં ભાવ ને પ્રેમથી, પ્રસંન્નતા એની પમાય.
વંદન ભકિત સરળ છે, અષ્ટાંગ પંચાગે સમાન,
શિર પર ઉચા હાથથી, નમસ્કાર ગણાય નાદાન.

પ્રભુ સ્વામી ને દાસ હું, મારુતિ સમજે દાસ,
કેવળ પ્રભુની પ્રસંન્નતા, માયાની નહી આસ.
સખાભાવ પ્રત્ત્યક્ષમાં, સુદામા તેમજ અર્જુન,
અનુચિત્ત વર્તન છતાં, શ્રી કૃષ્ણ સદા પ્રસન્ન.

સ્વામિત્વ છોડી આપનું, સમર્પણ સર્વનું થાય,
અહંતા મમતા છોડીને, પ્રભુ પ્રિતીચાર્થે જીવાય.
ભકિત છે દ્વૈત ભાવમાં, તન મન ધનથી થાય,
અહમ વિણ એ થાય તો, જરૂર બને સુખદાય.

અદ્વૈત આત્મ દેવોની, પરા ભકિત કહેવાય,
અવધ ગુરૂના સંગથી, સ્વરૂપ સ્થિતિ પમાય.

::------------:: ॥ ::------------::

:: હું ::

હું એ સર્વ નામનો, નહીં જ ઘડો કે ઢંગ,
હસ્તી એની નહીં છતાં, કરતો જીવને તંગ.
કઢંગી બેઠક એમની, વિચિત્ર રૂપ આકાર,
જયાં ને ત્યાં એ જોડાઈને, કરતો એમને પ્યાર.

રૂપ હું ને ઓળખતાં, સત્તા વિણ ને અરૂપ,
પળે પળે એ બદલતો, અનેક ધરતો રૂપ.
પ્રેત કે પિશાચ સમ, વળગી કરાવે ભ્રમ,
ભ્રમિત કરતો ચિત્તને, માયાવી માત્ર જ અહમ.

તું વિણ હું છે નહીં, તું થી જ ઊભો એ થાય,
તું-હું ના જ ભાવમાં, સ્વરૂપ જાય ભૂલાય.
દ્વૈતપણાના ભાવનો, સર્જક પોષક અહમ,
અદ્વૈત આત્મજ્ઞાનથી, ટળે હું પણાનો ભ્રમ.

કાર્ય રૂપ ત્રિપુટીઓ, હું પણાથી સર્જાય,
હું પણાના ભાવ વિણ, વહેવાર કદી ન થાય.
દેહ ને હું ના યોગથી, સર્જાય ગ્રંથિ જે એક,
ચિત્ત અહંકાર જીવ એ, હું ના જ નામ પ્રત્યેક.

હું ના સ્થાનને જાણીને, થાય જીવન વહેવાર,
નિષ્ઠા સ્વરૂપે રાખતાં, નડશે નહીં સંસાર.
જ્ઞાનથી હું નીકળે તેને, સત્યનું થાય ભાન,
પણ જ્ઞાનનો હું થાય તો, ગણાય મોટું અજ્ઞાન.

સદ્‌ગુરૂની સહાયથી, નિષ્ઠા આત્મામાં થાય,
અવધ તત્વ એકમાં, લય હું નો થઈ જાય.

::------------:: ॥ ::------------::

:: વિવેક વિચાર યુકત સદ્‌ભાવ ::

(મુમુક્ષુને ઉપયોગી થાય તેવી સમજણો)

સૂક્ષ્મ કોણ હું તેમનો, કરો વિવેકથી વિચાર,
દેહ નહીં પણ આત્મા, શ્રુતિ કરે છે પુકાર.
ભાઈ ખ્યાલ કર પિંડનો, વિકારી વિનાશી હોઈ,
સત્ય બુધ્ધિ એમાં રાખતાં, સુખ પામીશ નહી કોઈ.

વિચાર કરજે નિજનો, અન્યની કર નહીં વાત,
દેહભાવ અળગ થયે, આત્મા થશે સાક્ષાત.
રાગ દ્વેષ અળગા કરી, રહે વાસનાથી દૂર,
ચિત્ત એથી નિર્મળ થયે, સદ્‌ભાવ પ્રગટશે ઉર.

વિવેક સત-અસતનો, સદા સત્સંગથી થાય,
બનીએ પ્યાસી સત્યના, તો પ્રપંચે ન ફસાય.
સત્સંગમાં પ્રીતિ થતાં, માયામાં ન લપટાય,
રહે અનાસકત અન્યથી, તો સ્થિર આપમાં થાય.

દેહભાવ એ અજ્ઞાનતા, જે અનર્થ બધાનું મૂળ,
જીવભાવ સમજાય તો, ટળે વિકારનું શૂળ.
વાસના છુટે વિષયની, અળખો એમનો થાય,
રૂપ એમનું વિચારતાં, મોહ નષ્ટ થઈ જાય.

દૃષ્ટિ વડે દેખાય જે, થાય છે એમનો નાશ,
સુજ્ઞ એમાં રાચે નહીં, કેમકે માત્ર છે આભાસ.
સંસાર ઉપજે ચિત્તમાં, કલ્પનાએ ઊભો થાય,
વિકાર નિત્ય પામતો, અને અસ્થિર એ સદાય.

આકાશે માત્ર ઉપજે, ને અંતે એમનો લય,
એવી રમત આ ઈશની, સર્જન અને પ્રલય.

રૂપથી નામ ઉપજે, નામમાં જ રૂપ સમાય,
દૃષ્ટા બને જો એમનાં, તો અનાસકત થવાય.
મન બુધ્ધિને ઈન્દ્રિયો, કરે બધો વહેવાર,
તે બધાતો જડ દિસે, ચૈતન્ય છે આધાર.

આકાર નામ દેખાય છે, અનેક પ્રકારે છેક,
સંચાલન સૌનું કરી, સર્વમાં રહયો છે એક.
જડ ચેતન ભાસે જુદા, એ છે આપણું અજ્ઞાન,
અણુ-અણુમાં વસી રહયો, ગીતા કહે ભવગાન.

અસ્તિ ભાતિ પ્રિયનો, ઉંડેથી કરો વિચાર,
મૂળ તત્વના આધારથી, બનતો બધો વહેવાર.
ઈશ જગત આપે નહીં, દુઃખ કલેશ તલભાર,
જીવે રચેલ જગતથી, ઉપજે દુઃખ અપાર.

ઉપજે એ નાશ પામતું, એતો સૌને સમજાય,
જેનાથી સર્વ ઉપજે, તે નજરે ન દેખાય.
એકમાંથી અનેક થયું, એમ વદે વેદ પુરાણ,
સ્વપ્નથી સમજાય તો, સહેજે જ સત્યની જાણ.

જાગૃત સ્વપ્ન ઉંઘમાં, અનુભવ જે જે થાય,
અવસ્થા એ જુઠા કરે, એથી અસત્ય ગણાય.
સ્થાને કાળે હોય જે, સત્ય કેમ જ કહેવાય,
દેશ કાળથી રહિત તો, સર્વત્ર અને સદાય.

કાળ અંતર એમાં નથી, સઘળે રહયો સમાય,
જ્યાં જુઓ ત્યાં એ જ છે, બ્રહ્મ દૃષ્ટિએ દેખાય.
સત્ય તત્વ પામવાં, સાધન વિચાર જ એક,
મંત્ર યોગ નહીં કામનો, ક્રિયા નિષ્ફળ પ્રત્યેક.

ગીતા જ્ઞાન ઉપર ધરી, શબ્દનો કરો વિચાર,
અનાસકત બનાય તો, નડે નહીં વહેવાર.
અંગ ઉપાઅંગ શરીરના, રગે રગે તેમનો વાસ,
નખ તેમજ શિખ સુધી, વ્યાપિ રહયો અવિનાશ.

નામ રૂપ ગુણથી, અનેક ધરે આકાર,
જગતને બોધ આપવા, બનતાં પ્રભુ સાકાર.
વિભૂતિ બધી છે એમની, અલગ અલગ છે રૂપ,
અકળ કળા એ એકની, તત્વે એક જ સ્વરૂપ.

ઓર વાત અનેક છે, શાસ્ત્ર પુરાણોનો સાર,
એકની જાણ પૂરી થયે, આવે પ્રપંચનો પાર.
ઐરાવત છે કલ્પના, અવની પર ન કયાંય,
એમ જ અહમ પણ, દૃશ્યે જ ઊભો એ થાય.

ઓળખ કરોને મૂળની, ઝંઝટ બધીએ જાય,
જાવું પડે નહીં ગોતવા, પોતામાં જ એ જણાય.
ઈયળ ભયે ભમરી બને, કરતાં ઘણાં એ વાત,
એમજ આત્મધ્યાનથી, પમાશે આત્મ સાક્ષાત.

જયાં સુધી દેહ ભાવના, અહમ થશે નહીં દૂર,
અહમ ને મમ જાય તો, પ્રકાશે અંતરે નૂર.
ઓળખ કરો ને અંતરે, સતત એમનું ધ્યાન,
કામના માત્ર દૂર થયે, થશે સ્વરૂપનું ભાન.

કાર્ય કારણની શોધમાં, મતિ સહુની મુંજાય,
વૃક્ષ પહેલું કે બીજ, નિર્ણય કદી નહિં થાય.
શા માટે અને કયારે, જગત રચ્યું અપાર,
ઉત્તર નથી જ એમનો, એક નો કરો નિર્ધાર.

જ્યાં જ્યાં દૃષ્ટિ પડે, ત્યાં ત્યાં પોતાનું રૂપ,
ભાવ બીજો ઉપજે નહીં, તો જ પમાય સ્વરૂપ.
આત્મરૂપની ભાવના, સર્વમાં એક જ દેખાય,
આકાર તેમજ નામ તો, બાદ કર્યે જ સમજાય.

ભાવ બીજો થાય તો, કરવો આત્મવિચાર,
પ્રપંચ પદાર્થ તો, નાશવાન ને નિઃસાર.
ચાહો જીવનમાં સુખ તો, બનો રાગ-દ્વેષથી રહિત,
વાસના છુટે વિષયની, થાય સ્વરૂપમાં પ્રીત.

કામ ક્રોધ લોભ મોહ ને, અંતરથી કરજો દૂર,
ચિત્ત એથી નિર્મળ થાયે, આત્મા પ્રકાશે ઉર.
પીડા આપે ન કોઈને, કોઈથી પોતે ન પિડાય,
સમભાવ રાખે સર્વમાં, ભેદભાવ કયાંયે ન થાય.

દર્પણ મેલ હોય તો, મુખ સ્પષ્ટ ન દેખાય,
વાસના હોય જો ઉરમાં, અંતર અશુધ્ધ ગણાય.
રાગ ન રહે કયાંય તો, સત્યમાં જાગશે પ્રેમ,
અસત્યે અળગા થતાં, જશે પ્રપંચના વહેમ.

વિલાસી ને વૈરાગહિન, બન્યાં ઘણાં ભગવાન,
અવધ આપણે ચેતવું, ભલે માને ધનવાન.
જ્યાં સુધી દેહભાવના, ત્યાં સુધી રહે અહમ,
અવિચાર ને અજ્ઞાનથી, અહમનો થયો છે ભ્રમ.

સંત શ્રુતિના સંગથી, જાય અહમનું અજ્ઞાન,
સાત્વિક અહમ એકથી, થશે સ્વરૂપનું ભાન.
મન બુધ્ધિ હું ને ચિત્ત નહીં, નહીં અહંકાર પંચભૂત,
જ્ઞાન કર્મ ઈન્દ્રિયો નહીં, સૌથી અસંગ અચ્યુત.
પંચ પ્રાણ પંચ કોષને, સુપ્ત ધાતુ નહીં છેક,
સ્થૂળ સૂક્ષ્મ દેહ નહીં, નહીં પ્રપંચ પ્રત્યેક.

પાપ પૂણ્ય મારે નહીં, નહીં પુરુષાર્થ ચાર,
સ્નાન આદિ ક્રિયા બધી, દેહના જ આચાર.

ત્રણ ગુણ ને પ્રકૃતિઓ, તેમજ પાંચે ભૂત,
સર્વ એ તો દેહ તણા, હું તો એનાથી અચ્યુત.
તત્વોની સમજ આવતા, દેહ રચના સમજાય,
દેહાધ્યાસની માન્યતા, ચિંતનથી છુટી જાય.

જીવ દેહના ભાવ જતાં, ઈશ્વર જગત આભાસ,
આત્મભાવને જાણતા, આત્મા દેખાય ચોપાર.

આત્માની સત્તા વડે, દેખાય છે રૂપ ને નામ,
ચેતન માત્ર જે એક છે, જડ છે દૃશ્યો તમામ.
અવિવેકી સૌ કોઈને, આત્મા તણું નહીં ભાન,
વિવેકીને વિચારવંત, પામતા પોતાનું જ્ઞાન.

એક પોતાને જાણતાં, જણાય જગત ને ઈશ,
આત્માના જ્ઞાન વિણ, ભટકતા જ ચારે દિશ.
અખંડ ને અવિનાશી, એ નિરંજન નિરાકાર,
નામ રહિત તત્વ એ, બાવન અક્ષર બહાર.

અવસ્થા એકેય નહિં, ત્રિગુણ કે કોઈ રૂપ,
પરિપૂર્ણ તત્વ એ, કેવળ અદ્વૈત રૂપ.
દૃષ્ટા દૃશ્ય ને દર્શન, જ્ઞાતા જ્ઞેય ને જ્ઞાન,
ધ્યાતા ધ્યેય ને ધ્યાન, બધું દ્વૈત ભાવનું ભાન.

અદ્વૈતભાવમાં જાય તો, હું-તું તે બધાનો લય,
વૃત્તિ વિચાર શૂન્ય બને, બ્રહ્મરૂપમાં તન્મય.
સ્થિતિ આ છે છેવટની, કહેતાં આવે નહીં પાર,
ચર્ચા વાદ વિવાદ બધાં, ફકત વાણીનો વિકાર.
નથી કહેતો મટે નહીં, છે કહોતો નહીં દેખાય,

જેમનું તેમજ છે સદા, તન્મય થયે પમાય.
વાત આ છે મૂળની, માન્યતા છે નહીં છેક,
બહાર અંદર તત્વ એ, વિલસી રહયું છે એક.

નામ રૂપની ભ્રાંતિમાં, જગત બધું અથડાય,
બાદ કરતા બેયને, સ્વરૂપ તો ઓળખાય.
વાસ બધે જ એમનો, ખાલી નથી કોઈ સ્થાન,
સર્વના હૃદયે રહી, કરાવે બધું એ ભાન.

હર્ષ-શોક સુખ-દુખના, દ્વંદ્વોના ભાવથી દૂર,
શાંત રહે ચિત્ત એમનું, ત્યારે ઉપજે આનંદ ઉર.
ઉધામા મટતા બધા, ધરે ન માયાનું ધ્યાન,
અંતઃકરણ ચોખ્ખું થયે, દર્શન દીયે ભગવાન.

રમત કરતો અવનવી, ધરતો ઘણાંએ વેશ,
રમતે મુગ્ધ બનાય તો, ભૂલાય એ પરમેશ.
અમૂર્ત છતાં મૂર્ત બને, અનામી પણ બને નામ,
ભકતજનોની ભાવના, આકાર પામે તમામ.

શ્રીરામ ને કૃષ્ણજી, વિભૂતિ મહાન ગણાય,
જીવનના સંઘર્ષમાં, સૌને સહાયક થાય.
અધિકાર જેવો જેમનો, પામવા કરે પ્રયાસ,
ભાવ પ્રમાણે ભકતને, આપે ફળ અવિનાશ.

દેનાર લેનાર કોઈ નથી, કેવળ ભાવેથી થાય,
શ્રદ્ધા ને વિશ્વાસથી, સ્વયં પોતાથી થાય.
અનેક રૂપો એમનાથી, કરે સૌ કોઈક ઈષ્ટ,
આરાધના કરીએ એમની, અંતરે દેખાય સ્પષ્ટ.

અનુભવ કોઈ એકનો, આવે ન બીજાને કામ,
આપે અનુભવ જો કરે, એ જ પામે વિશ્રામ.
જાવું થાવું કાંઈ નથી, છે મટી જવાની વાત,
જો બનવા જશો કંઈક તો, ભૂલાશે પોતાની જાત.

અજ્ઞાનીજન ભય દુઃખથી, કંટાળી કરે દેહઘાત,
કહેવાતા જ્ઞાની ઘણાં, કરે ચિંતા દિન રાત.
આત્મા તો અવાચ્ય છે, શ્રુતિઓ કહે છે એમ,
જાતથી તો વાચ્ય થયો, વાચ્ય બને એ કેમ ?

ઓહંગ સોહંગ શબ્દનો, કોઈ જપતા જાપ,
શ્વાસ-ઉચ્છવાસ એમનો, પ્રયત્ન કરે અમાપ.
કદીક કયારેક કોઈને, વિચાર ભ્રમણા થાય,
પામવા જતાં ઈશને, ઊલટા એ ગુંચવાય.

ઓહંગ સોહંગ તો બ્રહ્મનું, જરૂર કરાવે ભાન,
પણ એ સમજયા વિના, ઉલટું વધે અજ્ઞાન.
જાપ અજંપા કહેવાય ને, કરતાં જપવાની વાત,
આશ્ચર્ય આ તો ઘણું, ભૂલની ભૂલ સાક્ષાત.

સદ્‌ગુરૂ જ્ઞાન આપતાં, નહીં મંત્રયોગ કે જાપ,
ઓળખ આપે સ્વરૂપની, ટાળે સંસારી તાપ.
અનુભવ સ્વયંને નહીં, અન્યને આપે બોધ,
ફકત ભાષા જ્ઞાનથી, ઉપદેશી કરે પ્રબોધ.

વાણીને ન ઓળખે, વૈખરી કે જીવ મુખ ?
પરા - પશ્યંતિ જો ઓળખે, તો જ મળે બ્રહ્મસુખ.
તન-મનની આપ-લે, ઉત્તમ એમની રીત,
સમર્પણ થયાં વિના, પરસ્પર થાય નહીં પ્રીત.

જીવ ઈશ્વર જાણ્યા વિના, કેમ મટે કોઈ ભ્રમ,
અધિકારી થયાં વિના, ઓળખાશે નહીં બ્રહ્મ.
ત્યાગી જ્ઞાની સદ્ગુરૂ, કોઈક વીરલા સંત,
સદ્ભાગ્યે જો સાંપડે, પ્રપંચનો લાવે અંત.

બર્હિમુખતા છોડીને, અંતર્મુખતા જો થાય,
સંસાર તાપ ટળે સૌ, ભ્રાંતિ પ્રપંચની જાય.
અસત્યથી ઉગરવું, સત્યની કરવી ખોજ,
મટે જગતની ચાહના, પ્રશાંત થવાશે તો જ.

મનનો અર્થ માયા છે, માયાથી બધો વહેવાર,
માનવ વસ્તું માયામાં, પણ બ્રહ્મ માયાથી પાર.
દેહ જ હું ના ભાવથી, ઉપજ્યો સંસારે સ્નેહ,
હું-તું બધામાં રાચતાં, ગુમાવ્યો માનવદેહ.

બ્રહ્મ આધારે દેહ છે, છીએ એથી અજાણ,
વાણી મનને બુધ્ધિમાં, કરો અનુભવ પ્રમાણ.

ભૂત માત્ર જીવ બધાં, બનતા બ્રહ્મથી સક્રિય,
કર્તા ભોકતા તો જીવ છે, આત્મા અસંગ અક્રિય.
પાવર અક્રિયનો વાપરે, હોવા છતાં ન દેખાય,
લેમ્પ આદિ માધ્યમે, પ્રકાશ શકિત જણાય.
પંચભૂતનો દેહ તો, જન્મે અને મરી જાય,
આધાર એનો આત્મા તો, જેમનો તેમ સદાય.

અભાવ વિવેક બુધ્ધિનો, સત્ય કેમ સમજાય,
સંત શાસ્ત્રને સેવતાં, આત્મ તત્વ ઓળખાય.
ધર્મના પાયા ચાર જે, સત્ય શૌર્ય તપ ને દાન,
સમજીને આચરણ કરે, પ્રસન્ન રહે ભગવાન.

ધર્મ ઐશ્વર્ય યશ તથા, શ્રી વૈરાગ્ય અને જ્ઞાન,
છ એ લક્ષણો હોય એ, કહેવાય એ ભગવાન.
વિશ્વતણો આધાર જે, અખંડ આનંદ રૂપ,
અવધ તત્વ ઓળખી, બનવું એમાં તદરૂપ.

બસ એ જ... ફૂરસદના સમયે વાંચશો અને વિચારશો તથા વિવેકપૂર્વક યથા ઘટિત જીવનમાં ઉતારવાં શુભ પ્રયાસ કરશો. અને જીવનને ધન્ય બનાવશો એ જ શુભેચ્છા સાથે...

લી...
દાસાનુદાસ દિલસુખના
સત રામ રામ
જય ભગવાન, અલખ નિરંજન

::------------:: ॥ ::------------::

(૧૬) ઉત્તરોત્તર ગુરૂ શિષ્ય પરંપરા નામાવલી

શ્રી સદ્‌ગુરૂ રામાનંદ - કબીર સંત પરંપરા

શ્રી રામાનંદ સ્વામી (કાશી) (ગુરૂ રાઘવાનંદ)
શ્રી કબીર સાહેબ (કાશી)
શ્રી પદ્મનાભ સાહેબ (પાટણ)
શ્રી નીલકંઠદાસ સાહેબ (દુધરેજ)
શ્રી રઘુનાથદાસ સાહેબ (દુધરેજ)
શ્રી યાદવદાસ સાહેબ (દુધરેજ)
શ્રી ભાણ સાહેબ (વારાહી)

શ્રી ખીમ સાહેબ (રાપર)	શ્રી રવિ સાહેબ (શેરખી)
શ્રી ત્રિકમ સાહેબ (ચિત્રોડ)	શ્રી મોરાટ સાહેબ (ખંભાલીડા)
શ્રી ભીમ સાહેબ (આમરણ)	શ્રી હોથી સાહેબ (નેકનામ)
શ્રી દાસી જીવણ (ઘોઘાવદર)	શ્રી આણંદરામબાપા (કુતીયાણા)
શ્રી વિશ્રામ સાહેબ (કોટડા સાંગાણી)	શ્રી કરમશીબાપા (રાજકોટ)
શ્રી માધવ સાહેબ (કોટડા સાંગાણી)	શ્રી હીરસાગરબાપા (રાજકોટ)
શ્રી ગુરૂચરણ દાસજી (કોટડા સાંગાણી)	શ્રી ઉગારામબાપા (બાન્દ્રા)

હરજીવનબાપા (નરઘરી)	લાભુબાપા (ગોંડલ)	શ્રી પુંજારામબાપા (અમરનગર)
દેવરામબાપા (ભેદા પીપલીયા)		શ્રી હરિબાપા (જામજોધપુર)
જયંતીરામ (ભેદા પીપળિયા)		શ્રી છગનરામબાપા (જામજોધપુર)
		શ્રી હરિરામબાપા (જામનગર - ધુનડા)

::------------:: ॥ ::------------::

(૧૭) સમાપન

પહેલું પુસ્તક ''આત્મસાક્ષાત્કાર - સ્વાનુભવ'' ૩૦ જુલાઈ ૨૦૨૨ ના રોજ પ્રકાશિત થયું હતું. તે પુસ્તકનો અભ્યાસ કરવા માટે મારા મોટા પુત્ર ડો.પારસે એક સપ્તાહ માટેનો જગન્નાથપુરીનો પ્રવાસ ગોઠવ્યો. તે મુજબ અમે બંનેએ પ્રવાસ દરમીયાન તે પુસ્તકમાંથી જ્ઞાન ચર્ચા કરતાં હતાં. ત્યારે તેમાંથી અમુક પ્રશ્નો મને લખીને આપતો અને કહેતો કે તે પ્રશ્નોના ઉત્તરો નિરાંતે લખીને આપો. કારણ કે ચાલુ ટ્રેનનો અવાજ તથા બીજા ઉતારૂઓને તકલીફ પણ ન પડે અને તમને બોલવાનો થાક પણ ન લાગે. તે રીતે નિરાંતે વિચારીને લખીને જવાબ આપો.

આમ, અમારા બંને વચ્ચે પ્રશ્નોતર લખાણથી થવા લાગ્યા. ત્યારે પારસે તારણ કાઢયું અને કહયું કે, ''બાબા (ઉપનામથી બોલાવે છે) તમે જો પ્રશ્નોનો ખુલાસો મૌખિક રીતે કરો છો તેમાં તમારે જોરથી બોલવું પડે છે. અને એક જ વાતને ઘણી વખત દોહરાવો છો. તેથી સમજવામાં પણ તકલીફ પડે છે. પરંતુ એ જ વાતનો ખુલાસો તમારા લખાણ મારફતે વ્યવસ્થિત રીતે થઈ જાય છે અને તમને બોલવાનો થાક પણ નહીં લાગે.'' એ સૂચન મને ગમી ગયું અને એનો સ્વીકાર કરીને પુરા પ્રવાસ દરમિયાન અમારા બંને વચ્ચે લખાણ દ્વારા જ પ્રશ્નોતર થયેલા અને તેની મજા માણેલી.

ત્યારથી મને અનુભવાણું કે પ્રશ્નોતર લખીને કરવાથી મને તથા પ્રશ્ન કરનાર બંનેને ખૂબ જ અનુકૂળતા ભરેલું રહે છે. પ્રશ્ન કરનારને જયારે પ્રશ્ન ઉદ્‌ભવે ત્યારે મોબાઈલના માધ્યમ દ્વારા મને કરે છે. અને હું નિરાંતે મારી અનુકૂળતાએ એ પ્રશ્ન ઉપર ઉંડાણ પૂર્વક વિચાર કરીને જવાબ તૈયાર કરીને ''અલખ નિરંજન'' ગ્રુપમાં મોકલતો રહયો. આ કાર્ય ઓકટોબર ૨૦૨૪ થી ચાલુ છે.

તદુપરાંત મને સદગુરૂનો બોધ મલ્યા બાદ હું ગુરૂના જ્ઞાન-વિજ્ઞાન પ્રમાણે સતત અભ્યાસ કરતો રહેતો. તથા જયારે સમય મળે ત્યારે ગુરૂ દ્વારે જતો ને ગુરૂના શ્રીમુખના સત્સંગનો લાભ લેતો. તથા જુના સત્સંગી ભાઈઓ પાસેથી મારે જે જાણવી હોય તે બાબતની જાણકારી મેળવી લેતો અને વધુ જાણકારી માટે સંતોની વાણી તથા સતશાસ્ત્રો દ્વારા પણ એ સમજવાની કોશિશ કરતો કે હું કોણ છું ? મારું સાચું સ્વરૂપ શું છે ? આ અજ્ઞાનતા ને અવિદ્યાના કારણે થતાં કલેશોમાંથી કેમ છુટકારો મળે ? મારે સુખ, શાંતિ, સંતોષ ને આનંદપૂર્વક જીવન વિતાવવા માટે શું કરવું જોઈએ ? વગેરે આવા પ્રશ્નોને કેન્દ્રસ્થાને રાખીને, જયાંથી માહિતી મળતી તે એકઠી કરીને મારી નોંધપોથીમાં લખી લેતો. તથા સમરણ, ભજન, ધ્યાન દ્વારા વિકાસ પામેલી મારી

બુધ્ધિથી તેની ખરાઈ પણ કરી લેતો. તથા જરૂર જણાય ત્યારે ગુરૂનું માર્ગદર્શન પણ મેળવી લેતો. તે જ્ઞાનનો જીવનમાં અમલ કરતો (વિચાર, વાણી ને વર્તન દ્વારા) અને તેથી કરીને થયેલા આંતરિક કે બાહય જે કાંઈ અનુભવો થયા છે, અને હું જે કાંઈ સમજયો છું તથા મારા જીવનમાં સ્વીકારેલા છે તેમાંથી જ આ પુસ્તક **''ગુરૂ શિષ્ય પરંપરાનું જ્ઞાન-વિજ્ઞાન''** પ્રકાશિત કરેલ છે.

આ પુસ્તકનો ઉપયોગ જે કોઈ મનુષ્ય સુખ-શાંતિથી આનંદપૂર્વક જીવન વિતાવવા માટેના પ્રયત્ન કરતો હોય તેને તથા જે કોઈ આધ્યાત્મિક ક્ષેત્રે સાધના કરતાં સાધકોને પણ ઉપયોગી થાય તેવા હેતુઓને ધ્યાનમાં રાખીને લેખન-સંકલન કરવામાં આવેલ છે. તેમાં ભાષાની દૃષ્ટિએ વાકયરચના કે વ્યાકરણની દૃષ્ટિએ ભૂલો થયેલી હોય તો તે સુધારી લેવા નમ્ર વિનંતી. તથા જ્ઞાન દૃષ્ટિએ ખરો અર્થ સમજવાની કોશિષ કરશો એ જ મારી શુભ ભાવના છે.

સાચું સમાપન તો ત્યારે જ થાય છે કે જયારે ચિત્તમાં ભરાય પડેલો અહંકાર દૂર કરીને તે સ્થાને કાયમ રહેલા ચિદાકાશ રૂપી નિજ સ્વરૂપ એવા પોતાના મૂળ આત્મ સ્વરૂપમાં સ્થિત થવું. તો આ એક જ વાતને જુદી જુદી અનેક રીતે સમજાવવાની મારી બુધ્ધિની મર્યાદામાં રહીને કોશિષ કરેલ છે. અને આધ્યાત્મિક ભાષામાં વપરાતા જુદા જુદા શબ્દોનું અર્થઘટન પંચીકરણ દ્વારા શબ્દાર્થ, ભાવાર્થ, લક્ષ્યાર્થ તથા ગુઢાર્થ સમજાવવાની કોશિશ કરેલ છે.

બાકી તો જયારે લોટમાંથી બનાવેલ કાચી પુરીને ગરમ કરેલા તેલની કડાઈમાં મુકવામાં આવે ત્યારે તેલમાં બળબળિયા બોલવા લાગે અને પુરી તેલમાં ધુબાકા (ઠેકડાં) મારવા લાગે છે. પણ જયારે પુરી પાકી જાય ત્યારે તેલની ગરમી ઓછી કરવામાં આવે છે. ત્યારે તેલના બળબળિયા પણ બંધ થઈ જાય છે. અને પુરીના કુદકા મારવાનું પણ બંધ થઈ જાય છે. અને પાકેલી પુરીને તેલમાંથી બહાર કાઢી લેવામાં આવે છે. તેવી જ રીતે પુરા બ્રહ્મજ્ઞાની ગુરૂ યોગ્ય શિષ્યને પ્રબોધે છે ત્યારે બ્રહ્મજ્ઞાન રૂપી ગરમ તેલ વડે તન-મનથી પૂરી રીતે શરણે આવેલા શિષ્યને પોતાના શ્રીમુખેથી વાણી દ્વારા જરૂરી જ્ઞાન શ્રવણ કરાવીને શિષ્યની બુધ્ધિને પકવે છે અને પ્રજ્ઞાવાન બનાવે છે. અને મનન ચિંતન તથા નિદિધ્યાસન માટે જરૂરી માર્ગદર્શન આપીને અભ્યાસ પુરો કરાવે છે. ને શિષ્યને પૂર્ણ રીતે પકાવે છે. આમ છતાં હજુ પણ પૂર્ણ સમાપન થયું નથી. કારણ કે જેમ પુરી અને તેલના ગુણધર્મો જુદા જુદા છે તેમ જ ગુરૂ અને શિષ્યના ધર્મોમાં પણ ભેદ રહેલો હોય છે. કારણ કે બંનેના સ્થૂળ દેહની પ્રકૃતિ જુદી જુદી હોવાથી વિચાર, વાણી, વર્તન અલગ અલગ જ રહે છે.

પરંતુ નદીમાં વહેતું પાણી જયારે દરિયાના પાણીમાં ભળે છે ત્યારે નદીના પાણીમાં નદીપણું રહેતું નથી. પણ દરિયાના પાણી સાથે વિલીન થઈને દરિયારૂપે બની જાય છે. તેનું અલગ અસ્તિત્વ રહેતું જ નથી. એવી જ રીતે ગુરૂ શિષ્યના ભેદરૂપી ગાંઠ તુટીને ગુરૂધર્મનું અભેદ જ્ઞાન જયારે શિષ્યના હૃદયમાં પ્રગટ થાય છે ત્યારે તે પણ ગુરૂધર્મનું રૂપ બને છે. આ ગુરૂ શિષ્યની પરંપરાનું જ્ઞાન-વિજ્ઞાન આદિકાળથી ચાલ્યું આવે છે. આ ગુરૂધર્મને સનાતન ધર્મ પણ કહેવાય છે. આ ગુરૂધર્મ અત્યારે હાલના સંજોગોમાં નહિંવત થઈ ગયેલ છે. તેથી વિશ્વમાં બધે અરાજકતા, અશાંતિ અને ભ્રષ્ટાચાર તથા આતંકવાદનું પ્રમાણ ખૂબ જ વધી ગયું છે. એ જાણ માટે.

આ ગુરૂધર્મ જયારે વિચાર, વાણી, વર્તનમાં રોજ-બરોજના આચરણમાં આવે ત્યારે પૂર્ણ સમાપન થયું કહેવાય.


આ ગુરૂ શિષ્યની એકતાની વાતને પાવર સ્ટેશનના ઉદાહરણથી પણ સમજી શકાય એમ છે. જેમ કે જુદી જુદી કંપનીના પાવર જનરેટરની ડિઝાઈન અલગ અલગ હોવા છતાં બંને જનરેટરમાંથી ઉત્પન્ન થતાં પાવરના ગુણધર્મો જેવા કે વૉલ્ટેજ, ફ્રિકવન્સી, ઈમ્પેન્ડેન્સ, રેઝિસ્ટેન્સ, કેપેસિટેન્સ વગેરે (પાવર કવૉલીટી) જયારે એકરૂપ કરવામાં આવે છે ત્યારે બંને જનરેટરના પાવરનું જોડાણ (સિંક્રોનાઈઝીંગ) કરીને એકરૂપ કરવામાં આવે છે ત્યારે પાવરની ભિન્નતા રહેતી નથી અને અભિન્ન રીતે પાવર કંડકટરમાં વહેવા લાગે છે. તેવી જ રીતે ગુરૂ-શિષ્યના દેહની પ્રકૃતિ જુદી જુદી હોવા છતાં બંનેના અંતઃકરણ (મન, બુધ્ધિ, ચિત્ત, અહંકાર) માં વહેતી આંતરિક ચૈતન્ય શકિતનું જોડાણ એક જ પરાશકિત સાથે થયેલું હોવાથી વિચાર, વાણી કે વર્તન મારફતે ગુરૂધર્મ કે સનાતન ધર્મનું પાલન થતું જ હોય છે. ત્યારે બાહિક ક્રિયાઓ કે આંતરિક પ્રક્રિયાઓ કોઈપણ જાતના પ્રયાસો વગર અનાયાસે થતી રહે છે. તેને પ્રકૃતિનો સહજ સ્વભાવ પણ કહે છે. અને ચેતન આત્મા તેના મૂળ અકર્તાના સ્વભાવમાં સાક્ષીરૂપે સ્થિત રહે છે. આ અવસ્થાને પૂર્ણ સમાપનની સ્થિતિને પામ્યા કહેવાય.


તો હું પણ મારી લેખનની ક્રિયાને વિરામ આપીને હાલ પૂરતું અત્યારે સમાપન કરું છું.


બોલો, સર્વદાતા સદ્ગુરૂદેવનો જય હો... જય હો... જય જયકાર હો. ત્રિકાળ નમસ્કાર હો.


લી. દાસાનુદાસ દિલસુખના
સત રામ રામ
જય ભગવાન, અલખ નિરંજન

::------------:: ॥ ::------------::


મેરા મુજ મેં કછુ નાહિં, જો કછુ હૈ સો તેરા ;
તેરા તુજકો સોંપતે, ક્યા લાગે ગો મેરા ।
જો કછુ કીયા તુને કીયા, મેં કછુ કીયા નાહિં ;
અગર કહું મૈને કીયા, તુમ હી થે મુજ માહિં ।।






ૐ (પ્રણવ-વચન)
આસમાની મૌન હી ધ્વનિ હૈ
ધ્વનિમેં ગતિ હી શબ્દ હૈ
શબ્દમેં રતિ હી સ્વર હૈ
સ્વરમેં યુતિ હી ભાસ્વર હૈ
ભાસ્વર કી પ્રતીતિ હી ઈશ્વર પ્રતીતિ હૈ
ઈશ્વર પ્રતીતિ હી આત્મ સાક્ષાત્કાર હૈ